FRIDAY
14 02 2025
શુક્રવારની પૂર્તિ
CiNE સંદેશ

# સંદેશ

સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર અને ભુજથી પ્રસિદ્ધ થતું દૈનિક
સંવર્ધક તંત્રી સ્વ. શ્રી ચીમનભાઇ એસ. પટેલ ● REG. NO. : SRT-154/2023-2025 ● Vol : 36 No. : 162 SURAT વિ.સં. ૨૦૮૧, મહા વદ-૨ પાના : ૧૪+૪+૨ www.sandesh.com @sandeshnews /sandeshnewspaper કિંમત - રૂ. ૫-૦૦



# પતિને બંધક બનાવી પરિણીતા પર લૂંટારુઓનો ગેંગરેપ

**અધમતા** નિકુલ ઉર્ફે બુલેટ અને છોટુ યાદવ રીઢા ગુનેગાર, ૫૯ હજારની મતા પણ લૂંટી ગયા




### ઇન્ડસ્ટ્રિયલ વિસ્તારનાં ઘોંઘાટમાં પતિની ચિત્કાર પણ શમી ગઇ

જ્યાં બનાવ બન્યો તે ઇન્ડસ્ટ્રીયલ વિસ્તાર છે. અહીં કારખાના સાથે ઉપર મકાનો ચાલે છે. ગ્રાઉન્ડ ફ્લોર પર કારખાના આવેલાં છે. જ્યારે ઉપરના માળે ચાલી સ્વરૂપે મકાન ભાડે અપાય છે. કારખાનાઓમાં કામ કરવાની સાથે કેટલાંક તત્વો ગેંગ બનાવીને છાશવારે ગુનાહિત પ્રવૃતિ કરતા રહે છે. બનાવ બન્યો ત્યારે આસપાસના કારખાનાઓને કારણે આ દંપતિની ચીસો પણ લોકો સુધી પહોંચી ન હતી.

### પતિને મારી નાંખવાની ધમકી આપી ચપ્પુની અણીએ અગાસી પર ઘસડી ગયા

આ દંપતિએ દરવાજો ખોલ્યો તે સાથે જ બંને લૂંટારૂઓએ વેપારીને પત્નીના દુપટ્ટાથી હાથ પગ બાંધી દીધા હતા. ઘરમાં પડેલી રોકડ તથા મોબાઇલ ફોન અને બ્રેસલેટ લૂંટી લીધા બાદ લૂંટારૂઓએ ચપ્પુની અણીએ વેપારીની ૩૩ વર્ષીય પત્નીને પોતાની સાથે અગાસી પર ઘસડી ગયા હતા. અવાજ કરશે તે રૂમમાં બંધ કરાયેલાં પતિને મારી નાંખવાની ધમકી આપી બંનેએ પરિણીતા સાથે દુષ્કર્મ કર્યું હતું. ડરને કારણે પરિણીતા અવાજ પણ કરી શકી ન હતી.

### રોડ પરના સીસીટીવી ચેક કરતા ચોરી કરવા આવતાં ત્રણ શખ્સો દેખાયા

ગેંગ રેપ કરનાર બંને રીઢા ગુનેગારો તેના ત્રીજા સાગરિત સાથે લૂંટ કરવા માટે આ વિસ્તારમાં આવ્યા ત્યારે રોડ પર આવેલાં સીસીટીવીમાં કેદ થઇ ગયા હતા. ગુનો કરવામાં જોકે માત્ર નિકુલ ભીંગરાડીયા અને છોટુ યાદવ જ ગયા હતા. ત્રીજો સાગરિત ઉપર ગયો ન હતો. પોલીસે ૨૫ જેટલાં સીસીટીવી ફૂટેજને આધારે પોલીસે ત્રણેયની ઓળખ કરી લીધી હતી અને તેમને પકડવા ટીમ પણ રવાના કરી હતી.

| સુરત |

પૂણાના ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં બે રીઢા ગુનેગારોએ મળસ્કે ત્રણથી ચાર વાગ્યાના અરસામાં પતિને બંધક બનાવી તેની ૩૩ વર્ષીય પત્ની પર ગેંગરેપ કરતાં ચકચાર મચી ગઈ છે. ગેંગરેપ બાદ ડરાવી ધમકાવી રોકડાં ૩૭ હજાર, બે મોબાઈલ ફોન અને બ્રેસલેટ સહિત ૫૯ હજારની મતાની લૂંટ પણ કરી હતી. લૂંટ કરવા આવતાં ત્રણ શકમંદોના સીસીટીવી પણ વાયરલ થયા હતા.

ગુરૂવારે સવારે ઘટના પ્રકાશમાં આવતાં જ પૂણા પોલીસ ઈન્સપેક્ટર વી. એમ. દેસાઈ ઉપરાંત ડી.સી.પી. આલોક કુમાર તથા ક્રાઈમ બ્રાન્ચના ડી.સી.પી. ભાવેશ રોઝિયા તેમની ટીમ સાથે ત્યાં દોડી ગયા હતા. પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે કતારગામમાં લેસપટ્ટીનું કારખાનું ધરાવતાં યુવક તેની ૩૩ વર્ષીય પત્ની સાથે પૂણાનાં ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં પહેલાં માળે ભાડેથી રહે છે. રાત્રે સાડા ત્રણ વાગ્યાના અરસામાં દરવાજો ખટખટાવવામાં આવ્યો હતો. ચપ્પુ સાથે ધસી આવેલાં બે શખ્સોએ દંપતિ પૈકી પતિને ચપ્પુની અણીએ ધમકાવી દુપટ્ટાથી બાંધી દીધો હતો. પરિણીતાને બીજાં માળે અગાસી પર લઈ જઈ બંને લૂંટારૂઓએ તેની સાથે ગેંગરેપ કર્યો હતો. ગેંગરેપ કરવાની સાથે રોકડાં ૩૭ હજાર રૂપિયા, ૩૦૦૦ની કિંમતનું ચાંદીનું બ્રેસલેટ અને બે મોબાઈલ ફોન સહિત ૫૯ હજારની મતાની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. પોલીસે સીસીટીવી ચેક કરતાં બંને લૂંટારૂઓની ઓળખ રીઢા ગુનેગાર તરીકે થઈ હતી. નિકુલ ઉર્ફે બુલેટ વિરૂદ્ધ સુરત, વડોદરા અને ભાવનગરમાં સંખ્યાબંધ ગુના નોંધાયા છે. બીજો રેપિસ્ટ છોટુ યાદવ પણ ક્રાઈમ હિસ્ટ્રી ધરાવતો હોવાનું પોલીસે જણાવ્યું હતું. જ્યારે ત્રીજો આરોપી અમીત ઉર્ફે રઘુ રોકડા નામથી ઓળખાયો હોવાનું જાણવા મળ્યું છે જે ઘરની નીચે વોચમાં ઊભો હતો.







# ST-SCની સ્કોલરશિપ બંધ કરવાના મામલે ABVPનો સુરતમાં પણ વિરોધ

## શિષ્યવૃત્તિ અને લૉ કોલેજોમાં ફરી પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવા માંગ મૂકી

| સુરત |

સરકાર દ્વારા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ બંધ કરવાનો નિર્ણય લીધો છે. જેને પગલે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ગુરુવારે સુરત સહિત રાજ્યભરમાં વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. જોકે યુનિવર્સિટીની બહાર યોજાયેલા વિરોધ પ્રદર્શનને પગલે ચક્કા જામ થતાં પોલીસ ૫૦ જેટલા કાર્યકર્તાઓને ટીંગાટોળી કરીને લઈ ગઈ હતી.

અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ બંધ કરવા ગુજરાત સરકારે નિર્ણય લીધો છે. જેનો સમગ્ર રાજ્યમાં વિરોધ થઈ રહ્યો છે. આ ઉપરાંત રાજ્યની લૉ કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા ફરીથી ચાલુ કરાવવાની માંગ સાથે એબીવીપી દ્વારા સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. એબીવીપીએ માંગ કરી હતી કે ગ્રાન્ટેડ કોલેજોમાં અધ્યાપકોની ધારાધોરણો પ્રમાણે ભરતી કરવામાં આવે અને આ તમામ કોલેજોને મળતી ગ્રાન્ટમાં પણ સરકાર વધારો કરે તેમજ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ પ્રવેશ કાર્યવાહી ફરી શરૂ કરવામાં આવે. આ મામલે ગુરુવારે એબીવીપી દ્વારા રાજ્યવ્યાપી આંદોલન કરવામાં આવ્યું હતું.

### સરકારને સદબુદ્ધિ મળે તે માટે હવન કરાયો

આ અંગે નર્મદ યુનિવર્સિટીમાં એબીવીપીના કેમ્પસ પ્રેસિડન્ટ શુભમ રાજપૂતે જણાવ્યું હતું કે સરકારને સદબુદ્ધિ મળે તે માટે વિદ્યાર્થીઓને સાથે રાખીને હવન યોજવામાં આવ્યો હતો. તેમજ નિર્ણય પાછો ખેંચવા માટે ચક્કા જામ કરી સરકાર સુધી વિદ્યાર્થીઓની વાત પહોંચે તે માટે ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. આગામી સમયમાં જો સરકાર દ્વારા એબીવીપીની બંને માંગ નહીં સ્વીકારવામાં આવે તો હજુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

### વિદ્યાર્થીઓ સાથે સીધું ઘર્ષણ ટાળવા હેલ્મેટનો સહારો

ચક્કાજામને પગલે પોલીસે રસ્તા પર સૂઈ ગયેલા કાર્યકર્તાઓને ટીંગાટોળી કરી પોલીસની વાનમાં બેસાડ્યા હતા. જોકે આ દરમિયાન પોલીસે વિદ્યાર્થીઓ સાથે સીધું ઘર્ષણ ન થાય તે વાતનું ધ્યાન રાખ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓનો ગુસ્સો જોતા પોલીસે પણ સ્વરક્ષણ માટે હેલ્મેટનો સહારો લીધો હતો.

કાપડ માર્કેટમાં ચીટર દલાલોનો પણ ભારે ત્રાસ

# STMમાં દલાલોથી સાવધાન રહેવા ગેટ ઉપર પાટિયા મૂકવાની નોબત

## STMની આજુબાજુમાં ચીટર દલાલોનું ચોક્કસ ગ્રૂપ સક્રિય હોવાનો મેસેજ

| સુરત |

વિશ્વભરમાં સિલ્ક સિટી તરીકે ઓળખાતા સુરતના કાપડ માર્કેટમાં વધી રહેલા ચીટિંગના બનાવો વેપારીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે. એક અંદાજ પ્રમાણે કાપડ માર્કેટમાં દર મહિને એક હજારથી વધુ વેપારી છેતરપિંડીનો ભોગ બને છે. આ વેપારીઓને ઠગનારા લોકોમાં સ્થાનિક તેમજ બહારની મંડીના વેપારીઓ સાથે ચીટર દલાલોની પણ ભૂમિકા મહત્ત્વની હોય છે. કાપડ બજારમાં ચીટર દલાલોનો પણ ભારે ત્રાસ હોવાની બૂમ છે. જેની સાબિતી સુરત ટેક્સ્ટાઈલ માર્કેટના ગેટ ઉપર 'હરતા-ફરતા દલાલોથી સાવધાન રહેવા' માટે મુકાયેલા પાટિયા આપી જાય છે.




હિન્દી ભાષામાં મુકાયેલા આ પાટિયા પર મોટા અક્ષરમાં દલાલોથી સાવધાન રહેવા માટે લખાયું છે. તેની સાથે હરતા-ફરતા કોઈપણ અજાણ્યા વ્યક્તિ સાથે જઈ ખરીદી નહીં કરવા સાવચેત કરવામાં આવ્યાં છે. અન્યથા તમારી સાથે ચીટિંગ થઈ શકે છે, એમ મેનેજમેન્ટ દ્વારા લખવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ આ પ્રકારના પાટિયા સુરત ટેક્સ્ટાઈલ માર્કેટમાં લાંબા સમયથી મૂકવામાં આવ્યા છે, પરંતુ બહારથી આવનારા વેપારી કે ગ્રાહકોની પાટિયા પર નજર નહીં પડે તે માટે ચીટર દલાલો દ્વારા તેને ફેરવી દેવામાં આવે છે અથવા તો તેઓ પાટિયાની સામે જ ઊભા થઈ જાય છે. જેને લીધે ઘણી વખત બહારથી આવનારા વેપારી કે ગ્રાહકો છેતરપિંડીનો ભોગ બની જાય છે.

સૂત્રોએ વધુમાં કહ્યું હતું કે, ફક્ત સુરત ટેક્સ્ટાઈલ માર્કેટની આજુબાજુમાં જ ૧૦૦થી વધુ આવા હરતા-ફરતા ચીટર દલાલોનો રાફડો છે. જેને લીધે બહારથી આવતા વેપારી અને ગ્રાહકોની સેફ્ટી માટે સુરત ટેક્સ્ટાઈલ માર્કેટમાં દલાલોથી સાવધાન રહેવા માટેના પાટિયા મૂકવાની નોબત આવી છે. આ પ્રકારની પરિસ્થિતિ શહેરની બીજી માર્કેટોમાં પણ છે. સુરતના કાપડ બજારમાં છેતરપિંડીના બનાવો એ હદે વધી ગયા છે કે, કાપડ માર્કેટના વિવિધ સંગઠનો દ્વારા વેપારીઓના ફસાયેલા નાણા પરત કઢાવવા માટે કાયદાકીય પગલાં લેવામાં આવી રહ્યા છે. ઠગ વેપારી કે દલાલને પ્રતિબંધિત કરવા સુધીની કાર્યવાહી પણ કરવામાં આવે છે.

મધુ લાખાણી હાઈકોર્ટમાંથી આગોતરા સાથે હાજર

# વીવર સાથે ૨.૧૮ કરોડની ઠગાઈમાં પુત્ર બાદ પિતાની પણ ધરપકડ થઈ

| સુરત |

અલથાણના વીવરે સાથે રૂ. ૨.૧૮ કરોડની છેતરપિંડીના કેસમાં પુત્ર બાદ પિતાની પણ ધરપકડ કરાઈ હતી. મધુ લાખાણી હાઈકોર્ટમાંથી આગોતરા જામીન લઈ હાજર થયા હતા.

અલથાણમાં રહેતા રાજ જયંતિભાઈ ભગત (૨૭) ઉધનામાં સોનલ ઈન્ડસ્ટ્રિયલ સોસાયટી ખાતે રાજ સિન્થેટિક્સ અને મોનાલિસા ફેબ્રિકેશનના નામે ગ્રે કાપડનો વેપાર કરે છે. વર્ષ ૨૦૨૧માં હર્ષદ મધુ લાખાણી તેમના ખાતા પર આવ્યા હતા. હર્ષદે રાજ ભગતને કહ્યું કે, મારા પિતા મધુ લાખાણી રિંગરોડ પર ગૌતમ ટેક્સ્ટાઈલ માર્કેટમાં શ્રી રામ રેયોનના નામથી ગ્રે કાપડનો ધંધો કરે છે. અમારી સાથે વેપાર કરશો તો સમયસર પેમેન્ટ ચૂકવી આપીશું, સારો એવો ફાયદો થશે એવી સ્કીમ આપી હતી.

અલગ-અલગ બિલ અને ચલણથી ટુકડે-ટુકડે મળી કુલ રૂ. ૨.૧૮ કરોડનો માલ મંગાવ્યો હતો. જે પેટે આપેલા ચેક રિટર્ન થયા હતા. ત્યારબાદ લાખાણી પિતા-પુત્ર દુકાન અને ઘરને તાળાં મારી રફુચક્કર થઈ ગયા હતા. રાજ ભગતે ફરિયાદ આપતા ક્રાઈમ બ્રાંચે શ્રી રામ રેયોનના પ્રોપરાઈટર હર્ષદ મધુભાઈ લાખાણી અને મધુભાઈ લાખાણી સામે રૂ. ૨.૧૮ કરોડની ઠગાઈનો ગુનો નોંધ્યો હતો. આ કેસમાં પુત્ર બાદ મધુભાઈ બાબુભાઈ લાખાણી (ઉ.વ. ૬૩, રહે. આશાનગર, હરિનગર-૨ની પાછળ, ઉધના- મૂળ રાવણી (કુબા), વિસાવદર, જૂનાગઢ) હાઈકોર્ટમાંથી આગોતરા જામીન લઈ ગતરોજ હાજર થતા ઈકો સેલે ધરપકડની પ્રોસિજર પૂર્ણ કરી હતી.

સંવેદનશીલ મતદાન મથકો પર બંદોબસ્ત ગોઠવાશે

# વોર્ડ નંબર ૧૮ની પેટાચૂંટણીમાં ૯૩ મથકમાંથી ૪૫ સંવેદનશીલ

| સુરત |

સુરત મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૮ની પેટાચૂંટણીમાં કુલ ૯૩ બૂથમાંથી ૪૫ બુથ સંવેદનશીલ જાહેર કરાયા છે. આ સંવેદનશીલ મતદાન મથકો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. લિંબાયત, પરવટ અને કુંભારિયાના આ વોર્ડમાં ૫૦ ટકા બુથ સંવેદનશીન છે. આગામી ૧૬મી ફેબ્રુઆરીને રવિવારે મતદાન પાલિકાના વોર્ડ નંબર ૧૮ની પેટાચૂંટણી યોજાશે. (લિંબાયત-પરવટ-કુંભારિયા) ના વોર્ડ નંબર ૧૮માં ૬ ઉમેદવાર મેદાનમાં છે. જેમાં ભાજપ, કોંગ્રેસ, ઓલ ઈન્ડિયા મજલીસ અને બે અપક્ષ ઉમેદવાર વચ્ચે જંગ ખેલાશે. મતદાન પ્રક્રિયા માટે ૬૧૦ સ્ટાફની નિમણૂંક કરવામાં આવી છે. મતદાન પૂર્ણ થયા બાદ ઈવીએમ સ્ટ્રોંગરૂમમાં મૂકી દેવાશે. ત્યારબાદ ૧૮મીએ ગોડાદરા ખાતે આવેલી મહર્ષિ આસ્તિક હાઈસ્કૂલમાં મતગણતરી થશે. ૧૬મીએ પરવટ, લિંબાયત અને કુંભારિયા વિસ્તારના ૯૩ બુથ પરથી મતદાન થશે. આ મતદાન શાંતિપૂર્ણ માહોલ વચ્ચે થાય તે માટે પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવશે. આ સાથે જ બુથ પર સીસીટીવી કેમેરા પણ મૂકાશે. જોકે, ૯૩ બુથમાંથી ૪૫ બુથ સંવેદનશીન હોવાથી અહીંયા અન્ય બુથ કરતા વધુ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

**૧૮મીએ મહર્ષિ આસ્તિક હાઈસ્કૂલમાં મતગણતરી થશે**

# ૧૪ વર્ષીય પુત્રી ઉપર બળાત્કાર ગુજારનાર સગા પિતાને અંતિમ શ્વાસ સુધીની કેદ

## પુત્રી પર બળાત્કાર કરતો હતો ત્યારે માતા પોલીસ સાથે પહોંચી પતિને પકડાવ્યો

| સુરત |

પિતા-પુત્રીના પવિત્ર સંબંધને કલંકીત કરતા પિતાને બળાત્કારના કેસમાં તકસીરવાર ઠેરવીને જીવનના અંતિમ શ્વાસ સુધીની સજા કરાઈ હતી.

યુપીના સુરલતાનપુરનો વતની અને સુરતમાં ડિંડોલી વિસ્તારમાં રહેતો આરોપી સત્યદેવએ પોતાની જ ૧૪ વર્ષિય સગી પુત્રીની સાથે રેપ કર્યો હતો. બાળકી જ્યારે ઘરે હોય ત્યારે એકલતાનો લાભ લઈને નરાધમ પિતા પુત્રીની સાથે બળજબરી કરતો હતો. આ ઉપરાંત જો કોઈને કહેશે તો મારી નાંખવાની ધમકી આપીને બ્લેકમેઈલ કરતો હતો. ઘટનાના દિવસે પણ સત્યદેવએ પત્ની સાથે ઝઘડો કર્યો હતો અને બાળકીને રૂમમાં લઈ ગયો હતો તેમજ ઘરનો દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો. ઘટનાને જાણી જોઈને માતા તાત્કાલીક પોલીસ સ્ટેશન પહોંચી હતી અને પોલીસને લઈને જ ઘરે આવી હતી. પોલીસે દરવાજો ખખડાવતા સત્યદેવે થોડા સમય બાદ દરવાજો ખોલ્યો હતો અને માત્ર રૂમાલ લપેટેલી હાલતમાં જ હતો. આ દરમિયાન ત્યાં બાળા બહાર આવી હતી અને રડતા રડતા પોલીસ તેમજ માતાને સમગ્ર હકીકત કહેતા તેઓ ચોંકી ઉઠ્યા હતા. બનાવ અંગે પોલીસે સત્યદેવની સામે પોક્સો એક્ટ મુજબ ગુનો નોંધીને તેની ધરપકડ કરી જેલમાં મોકલી આપ્યો હતો. આ કેસ સુરતની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ ઉમેશ પાટીલે દલીલો કરી હતી અને આરોપીને કાયદામાં દર્શાવેલી વધુને વધુ સજા થાય તેવી દલીલો કરી હતી. કોર્ટે બંને પક્ષોની દલીલો બાદ આરોપી સત્યદેવને જીવનના અંતિમ શ્વાસ સુધીની સજા કરી હતી. તેમજ પીડિત બાળાને રૂા.૭ લાખનું વળતર આપવા માટે જિલ્લા કાનુની સેવા સત્તા મંડળને આદેશ કર્યો હતો.

### પિતા-પુત્રીના પવિત્ર સંબંધને લાંછન લગાડ્યું છે : કોર્ટ

પોક્સોની સ્પેશ્યલ કોર્ટના જજે ચૂકાદો આપતા નોંધ્યું હતું કે, આરોપી ૩૫ વર્ષનો છે અને ભોગબનનારનો સગો પિતા છે. આરોપીએ પુત્રીને જાનથી મારી નાંખવાની ધમકી આપી એકથી વધુ વાર બળાત્કાર ગુજાર્યો છે. આરોપીએ પિતા-પુત્રીના સંબંધોને કલંકીત થાય તેવું ઘૃણાસ્પદ કૃત્ય કર્યું છે. આવા ગંભીર ગુનાને હળવાશથી લઇ શકાય નહીં.

# બોર્ડની પરીક્ષામાં સ્થળ સંચાલકોને પણ ફોટોવાળું આઈડી કાર્ડ અપાશે

## પરીક્ષા દરમિયાન ગેરરીતિ રોકવા સ્થળ સંચાલકો માટે ગાઈડલાઈન જાહેર

| સુરત |

આગામી ૨૭ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલી બોર્ડની પરીક્ષામાં સ્થળ સંચાલકો તેમજ ખંડ નિરીક્ષકોને ફોટોવાળું આઈડી કાર્ડ આપવામાં આવશે. પરીક્ષાની તૈયારી માટે આગામી ૧૮ ફેબ્રુઆરીના રોજ યોજાનારી બેઠકમાં હાજર સ્થળ સંચાલકોને જ આઈડી કાર્ડ ઝોનલ અધિકારી દ્વારા આપવામાં આવશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ ૨૭ ફેબ્રુઆરીથી ૧૭ માર્ચ દરમિયાન યોજાવાની છે. પરીક્ષા દરમિયાન ગેરરીતિ રોકવા માટે બોર્ડ દ્વારા સ્થળ સંચાલકો માટે ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. જેમાં પરીક્ષા કેન્દ્ર પર હાજર સ્થળ સંચાલકોને ફોટોવાળું આઈડી કાર્ડ આપવામાં આવશે. જેથી જે વ્યક્તિની જવાબદારી હોય તે સિવાયની વ્યક્તિ હાજર ન થઈ શકે.

### આઈકાર્ડ પર જે તે શિક્ષકનો વિષય પણ લખાયેલો રહેશે

સ્થળ સંચાલકોની સાથે ખંડ નિરીક્ષકોને પણ આઇડી કાર્ડ આપવામાં આવશે. આ આઇડી કાર્ડ પર જે તે શિક્ષકનો વિષય લખાયેલો હશે. તેમજ તે શિક્ષકના વિષયની પરીક્ષા હશે તે દિવસે આ શિક્ષકને જવાબદારી સોંપવામાં આવશે નહીં. એટલે કે જો ગણિત વિષયની પરીક્ષા હશે તો ગણિતના શિક્ષકોને તે દિવસે પરીક્ષાની જવાબદારી સોંપવામાં નહીં આવે.

### ગાઈડલાઈન

- શિક્ષકો, ખંડ નિરીક્ષકો તેમજ પરીક્ષા સાથે સંકળાયેલા કર્મચારીઓ માટે મોબાઈલ ફોન, ડિજિટલ ઘડિયાળ, બ્લુટુથ કે અન્ય ડિજિટલ ઉપકરણ શાળામાં લઈ જઈ શકશે નહીં.
- ગેરરીતિ જણાઈ આવે તો ખંડ નિરીક્ષકે જાતે ગેરરીતિનો કેસ કરવાનો રહેશે.
- પરીક્ષાની કામગીરીમાં રોકાયેલા કર્મચારીઓના સગા-સંબંધીઓ પરીક્ષામાં બેઠેલા ન હોવા જોઈએ
- પરીક્ષા દરમિયાન શાળાની આસપાસ ઝેરોક્ષના મશીનો ચાલતા ન હોવા જોઈએ અને શાળાનું ઝેરોક્ષ મશીન પણ સીલ કરવાનું રહેશે.
- પરીક્ષા દરમિયાન શાળા સંચાલકો તેમજ વાલીઓ સહિતની કોઈ પણ વ્યક્તિ કેમ્પસમાં હાજર રહી શકશે નહીં.




NECC
તા.૧૪/૦૨/૨૦૨૫
ને.એ.કો.ક.દ્વારા સૂચવેલ ઈંડાનો જથ્થાબંધ ભાવ
સુરત ઝોન રૂા.૪૮૦/-

**વેલેન્ટાઇન-ડે..** પ્રેમી પાર્ટનરના રાશિને અનુસાર ચોક્કસ પ્રકારની અને કલરની ગિફ્ટ આપવાથી સંબંધ મધૂર તેમજ ગાઢ બનશે

# રાશિ પ્રમાણે પ્રેમીને ગિફ્ટ આપશો તો પ્રેમ વધશે

## હિન્દુ પરંપરા ન હોવા છતાં પંચાગ પ્રમાણે ૧૧.૧૬થી બપોરે ૧૨.૪૦ સુધી રાહુકાળમાં પ્રેમીઓ મળવાનું ટાળશે

| સુરત |

આજે વેલેન્ટાઈન દિવસ અને આ દિવસની ઉજવણી તો છેલ્લા અઠવાડિયાથી ડેના માધ્યમથી પ્રેમીઓને ઈમ્પ્રેસ કરવામાં લાગી ગયા હોય છે. ત્યારે પ્રેમીઓના આ તહેવારમાં સૌથી મોટો ભાગ ગીફટનો જ રહે છે. રોઝ-ડેથી લઈને વેલેન્ટાઈન દિવસ સુધી બોયફ્રેન્ડ અથવા ગર્લફ્રેન્ડ, પતિ-પત્ની એકબીજાને કેવા પ્રકારની ખાસ ગિફ્ટ આપીને પાર્ટનરને ઈમ્પ્રેસ કરે તેનો જ પ્રયાસ કરતા હોય છે. પતિ-પત્ની હોય કે પ્રેમીઓ પોતાનું પ્રેમજીવન સારૂ રહે તે માટેની ઈશ્વરને પ્રાર્થના હંમેશના માટે કરતા રહે છે. કંઈક ઉતાર ચડાવ આવે એટલે ઈશ્વરનું સ્મરણ ચાલું પડી જ જાય છે. ત્યારે વેલેન્ટાઈન-ડેના દિવસે રાશી પ્રમાણે કેવા પ્રકારના ગીફટ આપવાથી લગ્નજીવન અને પ્રેમીજીવન મંગલમય રહે તે જ્યોતિશાસ્ત્રમાં ઉલ્લેખયું છે. ૧૨ રાશીઓ પ્રમાણે દંપતી અને યુગલોએ કેવા રંગના કપડાઓ અને કેવા પ્રકારની ગીફટ આપવી જેના આધારે જે-તે રાશીઓના સંબંધો પહેલા કરતા વધુ મજબૂત અને મધુર બને છે. આજે વેલેન્ટાઈન-ડે પર મોટાભાગના પ્રેમીઓ પોતાનો સંબંધ આ જન્મ નહી પણ જન્મો જન્મ ચાલે તેવી કામના કરીને પોતાના પ્રેમીએ એવી ગીફટ આપવા ઈચ્છે કે પોતે સ્પેશિયલ ફીલ કરે અને રાશીઓ પ્રમાણેની ગીફટ આપીને પ્રેમીઓ પ્રેમને એકમેકના તાંતણામાં બાંધવાનો પ્રયાસ કરશે.

### રાશિઓ પ્રમાણે પ્રેમીઓને કેવા અને કયા કલરના કેવા ગિફ્ટ આપવા

- **મેષ** : આ રાશીના પાર્ટનરને લાલ રંગની વસ્તુઓ જેમ કે, ગુલાબ, પર્સ અથવા કપડાઓ ગીફ્ટમાં આપવાથી કપલ્સ એકબીજા સાથે સારો સમય પસાર કરી શકશે.
- **વૃષભ** : સફેદ અથવા બ્રાઉન રંગની યુનિક ગીફ્ટ જેમ કે, પ્રેમનું પ્રતિક સમી મૂર્તિની ભેટ પ્રેમીને આપવાથી પ્રેમ વધુ ગાઢ બની રહેશે.
- **મિથુન** : લીલા રંગની વસ્તુઓમાં શોલ કે દુપટ્ટો સાથે ચોક્કસ પ્રેમભાવ પ્રકટ કરતો લેટર આપવાથી બંને લાગણીથી જોડાયેલા હોય તેવા પ્રેમનો અહેસાસ થશે.
- **કર્ક** : સફેદ રંગની વસ્તુઓ, ટેડિબિયર અથવા કપડાઓ આપવાથી જીવનભર સાથે રહેવાનો અહેસાસ કરાવશે.
- **સિંહ** : જીવનસાથીઓ તેમનાથી નારાજ છે, તેમને મનાવવા માટે પીળા અને લાલ ફૂલોની પ્રેમીને સરપ્રાઇઝ આપવા માટે ખાસ દિવસ બની રહેશે.
- **કન્યા** : દિવસને યાદગાર બનાવવા માટે પોતાના પાર્ટનરને વાદળી વસ્તુઓ અને રાધાકૃષ્ણનું ચિત્ર ગીફ્ટમાં આપવાથી પ્રેમભાવ વધારે પ્રખર બનશે.
- **તુલા** : વેલેન્ટાઇનના પ્રેમના દિવસે પાર્ટનરને કમળના ફૂલો આપવાનું શુભ તથા ચોકલેટ બોક્સ આપવાથી પ્રેમીઓમાં નવો ઉત્સાહ ઉમેરાઇ શકે છે.
- **વૃશ્ચિક** : પ્રેમ સંબંધને વૈવાહિક જોડાણમાં પરિવર્તિત કરવા માંગતા પ્રેમીઓને લાલ અથવા મરૂન રંગના કપડા અને વસ્તુઓની ગીફ્ટ આપી શકે છે. સાથે જ દંપતીઓનો પ્રેમ વધે છે.
- **ધન** : પાર્ટનર સાથે ક્વોલિટી ટાઈમ પસાર કરવા સોનાની વીંટી અથવા લેબગ્રોન ડાયમંડનું નેકલેસ આપવું લાભમય બની રહેશે.
- **મકર** : આ રાશીના પાર્ટનરને ખરીદી જાતે જ કરવા દેવાથી પ્રેમમાં નવી ઉર્જા અને નવો ઉત્સાહ એકમેકમાં જોવા મળશે.
- **કુંભ** : ડ્રેસ અથવા રોમેન્ટિક શાયરી વાળું કાર્ડ તથા રોમેન્ટિક લવબર્ડનું સ્ટેચ્યું પાર્ટનરને આપવા અને પ્રેમ વ્યક્ત કરવા માટે આજના દિવસથી સારો કોઈ દિવસ હોઈ શકે નહીં.
- **મીન** : પીળા કલરના કપડા અથવા પર્સ અને ચોકલેટ બોક્સ પ્રેમીને આપવાથી બંને રોમેન્ટિક અને ઇમોશનલ સમય સાથે વિતાવી શકશે.

Published by Dhaval Pandya for the owner The Sandesh Limited & Printed by him at Satyesh Bhavan, Dakoriya Mill Compound, Near Gurudev Petrol Pump, Khatodara GIDC, Bamroli Road, Surat (Gujarat) Phone : 4089000, Editorial Fax : 4089022
Editor : Mr. Krishnkant Unadkat - Responsible for selection of news under PRB Act. Sandesh (Estd 1923) RNI Reg No.: 48484/1989 Vol: 35, No: 162

FRIDAY
14•02•2025
શુક્રવારની પૂર્તિ
CiNE સંદેશ
# સંદેશ
સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર અને ભુજથી પ્રસિદ્ધ થતું દૈનિક
સંવર્ધક તંત્રી સ્વ. શ્રી ચીમનભાઇ એસ. પટેલ ● REG. NO. : SRT-154/2023-2025 ● Vol : 36 No. : 162 SURAT વિ.સં. ૨૦૮૧, મહા વદ-૨ www.sandesh.com @sandeshnews /sandeshnewspaper

નવા વિધેયકમાં ૬૨૨ પાનાં, ૫૩૬ કલમ, ૧૬ અનુસૂચિ, ૨૩ ચેપ્ટર અને ૨.૬૦ લાખ શબ્દો, હવે 'કરવર્ષ' શબ્દ વપરાશે

# લોકસભામાં નવું ઈન્કમટેક્સ બિલ ૨૦૨૫ રજૂ

## નવું બિલ સંસદની નાણાકીય બાબતોની સમિતિને ચર્ચા માટે મોકલવામાં આવ્યું, નવું બિલ પસાર થયા પછી તેનો ૧ એપ્રિલ ૨૦૨૬થી અમલ કરાશે જે ૧૯૬૧નાં જૂના આવકવેરા કાયદાનું સ્થાન લેશે

। નવી દિલ્હી ।

કેન્દ્રના નાણાપ્રધાન નિર્મલા સીતારામન દ્વારા ગુરુવારે લોકસભામાં નવું ઈન્કમટેક્સ બિલ ૨૦૨૫ રજૂ કરવામાં આવ્યું હતું. આ બિલ ૧૯૬૧નાં જૂના આવકવેરા કાયદાનું સ્થાન લેશે. નવા બિલમાં ટેક્સ ચૂકવવામાં તેમજ રિટર્ન ફાઈલ કરવામાં પડતી મુશ્કેલીઓને દૂર કરવામાં આવી છે. બિલને ગૃહમાં રજૂ કરતા નિર્મલા સીતારામને કહ્યું હતું કે નવા બિલમાં શબ્દો અને પાનાની સંખ્યા ઘટાડવામાં આવી છે. કાયદામાં મહત્ત્વનાં સુધારા કરાયા છે. ઈન્કમટેક્સ એક્ટ ૨૦૨૫ને વધારે સરળ, પારદર્શક અને કરદાતાઓ માટે વધારે અનુકૂળ બનાવવામાં આવ્યો છે. બજેટ રજૂ કરતી વખતે નાણા પ્રધાને નવા આવકવેરા બિલને રજૂ કરાશે તેવો ઉલ્લેખ કર્યો હતો. નવા બિલનો અમલ ૧ એપ્રિલ ૨૦૨૬થી કરવામાં આવશે. નવું બિલ લોકોને ભાષાકીય રીતે સમજવામાં સરળ અને અમલમાં વધુ આસાન રહેશે. વિપક્ષો દ્વારા બિલને ગૃહમાં રજૂ કરવાનો વિરોધ કરાયો હતો તે પછી તેને ધ્વનિ મત સાથે ગૃહમાં રજૂ કરાયું હતું. નવું બિલ સંસદની નાણાકીય સમિતિને ચર્ચા માટે મોકલવામાં આવશે જેનો રિપોર્ટ હવે પછીના સંસદ સત્રનાં પહેલા દિવસે રજૂ કરવાનું નક્કી કરાયું છે અને ચર્ચા સાથે તેને પસાર કરવામાં આવશે.

### નવા બિલમાં અનેક નવીનતાઓ

નવું ટેક્સ બિલ પસાર કરવામાં આવ્યા પછી તેમાં કેટલાક જૂના શબ્દોને બદલે નવા શબ્દોનો ઉપયોગ વધી જશે

» અગાઉ ફાઇનાન્શિયલ યર, પ્રિવિયસ યર, એસેસમેન્ટ યર જેવા શબ્દોનો ઉપયોગ કરાતો હતો તેને બદલે હવે ટેક્સ યર એવો શબ્દ ઉપયોગમાં લેવાશે.
» નવા બિલમાં ટેક્સમાં છૂટથી લઈને નવા નિયમોને અલગ અલગ સેક્શનમાં વિસ્તારથી દર્શાવવામાં આવ્યા છે.
» નવા બિલમાં કુલ ૫૩૬ સેક્શન , ૧૬ અનુસૂચિ અને ૨૩ ચેપ્ટર્સ તેમજ ૬૨૨ પાના રાખવામાં આવ્યા છે. હાલનાં કાયદામાં ૧૪ અનુસૂચિ છે. જેની સંખ્યા વધારીને ૧૬ કરાઈ છે.
» નવા કાયદામાં કુલ આવકની ગણતરી માટે હોમ પ્રોપર્ટી અને કેપિટલ ગેઈન્સથી થતી આવક સહિત કેટલીક કલમે અને અનુસૂચિ હેઠળ કોઈ છૂટ કે કપાત આપવામાં આવી નથી.
» નવા કાયદામાં ડિફેન્સ સર્વિસ, જેમ કે આર્મી, અર્ધ લશ્કરી દળો અને અન્ય કર્મચારીઓને મળનાર ગ્રેજ્યુઈટીને ટેક્સમાં છૂટ અપાઈ છે. તે જ રીતે મેડિકલ, હોમ લોન, પીએફ, ઉચ્ચ શિક્ષણ માટેની લોન પર ટેક્સમાં છૂટ ચાલુ રખાઈ છે.
» નવા બિલમાં ટીડીએસથી લઈને વ્યક્તિની પગારની આવક અંગે અલગથી સ્પષ્ટતા કરવામાં આવી છે.
» નવા બિલમાં કરદાતાઓની જુદીજુદી કેટેગરી નક્કી કરાઈ છે જેમાં વ્યક્તિઓ, બિઝનેસ અને નોન પ્રોફિટ ઓર્ગેનાઈઝેશન માટે અલગ વર્ગીકરણ કરાયું છે.
» બિલમાં ડિડક્શન્સ અને એક્ઝેમ્પશન્સમાં ફેરફાર કરાયા છે. અગાઉ કલમ ૧૦ અને ૮૦C થી ૮૦U સુધી રોકાણો, ડોનેશન અને કેટલાક નક્કી કરેલા ખર્ચા પર ડિડક્શન અપાતું હતું તેની જોગવાઈ બદલવામાં આવી છે.
» અપડેટ કરાયેલા રિટર્ન ફાઈલ કરવાનો સમય ૨ વર્ષથી વધારીને ૪ વર્ષનો કરાયો છે.
» સ્ટાર્ટ અપ્સ, ડિજિટલ બિઝનેસ અને રિન્યુએબલ ઊર્જામાં રોકાણ માટે નવી જોગવાઈઓ કરાઈ છે.
» કેપિટલ ગેઈન ટેક્સ માટે નવી વ્યાખ્યા સાથે નવી જોગવાઈ ઉમેરાઈ છે.

### આવકવેરાના નવા સુધારેલા સ્લેબ : ૨૦૨૫

| | |
|---|---|
| » રૂ. ૪,૦૦,૦૦૦ સુધી | કોઈ ટેક્સ નહીં |
| » રૂ. ૪,૦૦,૦૦૧ થી રૂ. ૮,૦૦,૦૦૦ સુધી | ૫ ટકા |
| » રૂ. ૮,૦૦,૦૦૧થી રૂ. ૧૨,૦૦, ૦૦૦ સુધી | ૧૦ ટકા |
| » રૂ. ૧૨,૦૦,૦૦૧ થી રૂ. ૧૬,૦૦,૦૦૦ સુધી | ૧૫ ટકા |
| » રૂ. ૧૬,૦૦,૦૦૦૧થી રૂ. ૨૦,૦૦,૦૦૦ સુધી | ૨૦ ટકા |
| » રૂ. ૨૦,૦૦,૦૦૧ થી રૂ. ૨૪,૦૦,૦૦૦ સુધી | ૨૫ ટકા |
| » રૂ. ૨૪,૦૦,૦૦૦થી વધુ આવક પર | ૩૦ ટકા |

### જૂના ૧૯૬૧નાં આવકવેરા કાયદામાં ટેક્સનાં સૌથી ઊંચા દર હતા, ૧૯૬૧નાં આવકવેરાના સ્લેબ

વાર્ષિક આવક કરનો સ્લેબ

| | | | |
|---|---|---|---|
| » રૂ. ૫,૦૦૦ સુધી | કોઈ ટેક્સ નહીં | » રૂ. ૨૦,૦૦૦૧થી રૂ. ૨૫,૦૦૦ સુધી | ૪૦ ટકા |
| » રૂ. ૫,૦૦૧થી રૂ. ૧૦,૦૦૦ સુધી | ૧૦ ટકા | » રૂ. ૨૫,૦૦૧થી રૂ. ૫૦,૦૦૦ સુધી | ૫૦ ટકા |
| » રૂ. ૧૦,૦૦૧થી રૂ. ૧૫,૦૦૦ સુધી | ૨૦ ટકા | » રૂ. ૫૦,૦૦૧થી રૂ. ૧,૦૦,૦૦૦ સુધી | ૬૦ ટકા |
| » રૂ. ૧૫,૦૦૧થી રૂ. ૨૦,૦૦૦ સુધી | ૩૦ ટકા | » રૂ. ૧,૦૦,૦૦૦થી વધુ માટે | ૭૦ ટકા |

**સુપર રિચ સરચાર્જ** : જે વ્યક્તિની વાર્ષિક આવક રૂ. ૨ લાખથી વધુ હોય તેમણે વધારાનો સુપર રિચ સરચાર્જ ૧૦થી ૧૫ ટકા ચૂકવવો પડતો હતો આમ વધુ ઊંચી આવક ધરાવતી વ્યક્તિએ ૭૫ ટકા જેટલા ઊંચો દરે ટેક્સ ચૂકવવો પડતો હતો.

**કેપિટલ ગેઈન ટેક્સ**
» શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ : સામાન્ય આવક પર નોર્મલ સ્લેબ મુજબ ટેક્સ
» લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ : ફ્લેટ ૩૦ ટકા (ઇન્ડેક્સેશનના લાભ વિના)

---

ભારતના વળતા ગોળીબારમાં પાક.ના ચારથી પાંચ જવાન માર્યા ગયા

# LoC પર પાક.ના શસ્ત્રવિરામભંગ, ભારતીય સૈન્યનો જડબાતોડ જવાબ

## જોકે ભારતીય સૈન્ય દ્વારા શસ્ત્રવિરામભંગની વાત ફગાવી દેવાઈ, પાકિસ્તાન અઠવાડિયાથી LoC પર આતંકવાદીઓની ઘૂસણખોરી કરાવવાની ફિરાકમાં

। જમ્મુ ।

પાકિસ્તાની સૈનિકોએ બુધવારે રાત્રે જમ્મુ-કાશ્મીરના પુંછ જિલ્લામાં અંકુશરેખા (એલઓસી) પરની ભારતીય ચોકીઓ પર કોઈ ઉશ્કેરણી વિના ગોળીબાર કર્યો હતો, જેનો ભારતીય જવાનોએ જડબાતોડ જવાબ આપ્યો હતો. સૈન્ય અધિકારીઓના જણાવ્યા મુજબ ભારતીય જવાનોના વળતા ગોળીબારમાં પાકિસ્તાનને ભારે નુકસાન થયું છે અને તેના ચારથી પાંચ જવાનો માર્યા ગયા છે. પાકિસ્તાન છેલ્લા અઠવાડિયાથી એલઓસી પર આતંકવાદીઓની ઘૂસણખોરી કરાવવાની ફિરાકમાં છે પરંતુ ભારતીય જવાનો અત્યંત વધારે એલર્ટ હોવાના કારણે પાકિસ્તાનના દરેક ષડ્યંત્રનો ભારતીય જવાનો સજ્જડ જવાબ આપી રહ્યા છે.

અન્ય એક સંબંધિત ઘટનાક્રમમાં એલઓસી પરના તરકુંડી ક્ષેત્રમાં ભારતીય સૈન્યના એક અધિકારીને એક સુરંગ પર પગ પડી જવાથી ઈજા પહોંચતાં તેમને હોસ્પિટલમાં ખસેડાયા હતા. પાકિસ્તાન દ્વારા વારંવારના ષડ્યંત્રોને ધ્યાનમાં રાખીને ગુરુવારે જમ્મુમાં ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ ઉચ્ચ સ્તરીય સુરક્ષા સમીક્ષા બેઠક યોજી હતી. બેઠકમાં જમ્મુ-કાશ્મીરના ડીજીપી અને આઈજીપી સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સિઝફાયર અકબંધ છે

આર્મીએ ગુરુવારે ભારત-પાક. સરહદે અસ્થિરતા અને એલઓસી ઉપર સિઝફાયર ભંગની વાત ફગાવી દીધી હતી. એલઓસી ઉપર સિઝફાયર અકબંધ હોવાનું જણાવ્યું હતું. મોટાપાયે ગોળીબાર થયો હોવાની વાતનો પણ ઇનકાર કરાયો હતો.

નોંધનીય છે કે જમ્મુ-કાશ્મીરના અખનૂર સેક્ટરમાં મંગળવારે એલઓસી નજીક સૈન્યના જવાનો પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે થયેલા આઈઈડી બ્લાસ્ટમાં કેપ્ટન કરમજીત સિંહ અને નાયક મુકેશ સિંહ શહીદ થયા હતા જ્યારે એક જવાન ઘવાયો હતો. તે પહેલાં સોમવારે રાજૌરીના નૌશેરા સેક્ટરના કાલાલ ક્ષેત્રમાં એક જવાનને એક સરહદી ચોકી પર પેટ્રોલિંગ દરમિયાન સરહદ પારથી છૂટેલી ગોળી વાગતાં ઈજા પહોંચી હતી. ૮ ફેબ્રુઆરીએ રાજૌરીના કેરી સેક્ટરમાં પણ પેટ્રોલિંગ કરી રહેલા જવાનો પર આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો. નોંધનીય છે કે ફેબ્રુઆરી, ૨૦૨૧માં ભારત-પાકિસ્તાન વચ્ચે ફરી શસ્ત્રવિરામ સમજૂતી થયા બાદથી એલઓસી પર શાંતિ હતી.

---

વકફ બિલ અંગે જેપીસીની રિપોર્ટ રાજ્યસભામાં રજૂ કરાયો : વિપક્ષોનો હંગામો

# વિપક્ષનો વકફ રિપોર્ટમાંથી તેમનાં સૂચવેલા સુધારાને ડિલીટ કર્યાનો આક્ષેપ, ગૃહમાંથી વૉકઆઉટ કર્યો

## ૬૫૫ પાનાંનો રિપોર્ટ વાંચવા માટે માત્ર એક રાત આપવામાં આવી, ૧૦મી માર્ચ સુધી રાજ્યસભા મોકૂફ

। નવી દિલ્હી ।

વકફ સુધારા બિલ અંગે સંયુક્ત સંસદીય સમિતિ (JPC) નો રિપોર્ટ ગુરુવારે રાજ્યસભામાં રજૂ કરવામાં આવ્યો હતો. વિપક્ષોએ તેનો વિરોધ કરીને ગૃહમાં ભારે હંગામો મચાવ્યો હતો. વિપક્ષોએ તેમનાં કેટલાક સૂચવેલા સુધારાને રિપોર્ટમાંથી ડિલીટ કરાયા હોવાનો આક્ષેપ કર્યો હતો. નારાબાજી કરીને સરકાર પર વકફ બોર્ડને નબળા પાડવાનો આરોપ લગાવાયો હતો. શોરબકોર વધતા રાજ્યસભાનાં અધ્યક્ષ ધનખડને આખરે ગૃહને ૧૦મી માર્ચ સુધી મુલતવી રાખવાની ફરજ પડી હતી. અગાઉ સરકારે ૩૧મી જાન્યુઆરીએ રિપોર્ટને લોકસભામાં રજૂ કર્યું હતો. લોકસભામાં સમિતિનાં અધ્યક્ષ જગદંબિકા પાલ દ્વારા તેને રજૂ કરાયો હતો.

### રિપોર્ટમાંથી કેટલાક મુદ્દા ડિલીટ : ખડગે

કોંગ્રેસનાં ખડગેએ આક્ષેપ કર્યો હતો કે રિપોર્ટમાંથી કેટલાક મુદ્દા ડિલીટ કરવામાં આવ્યા છે. વિપક્ષોની ડીસેન્ટ નોટને પણ ગૃહમાં રજૂ કરવામાં આવી નથી. અમે આવા બનાવટી રિપોર્ટને માનવા તૈયાર નથી. કેટલાક સભ્યોએ અસંમતિ દર્શાવી છે તેમ છતાં નોટિસને ધ્યાનમાં લીધા વિના તેને ગૃહની કાર્યવાહીમાંથી બહાર કરાયો છે.

### તમારે મેનર્સ શીખવી જોઈએ : ધનખડ

રાજ્યસભા અધ્યક્ષ ધનખડે વિપક્ષી સાંસદોને ચેતવણી આપીને કહ્યું હતું કે તમારે સૌએ બેઝિક મેનર્સ શીખવાની જરૂર છે. કમિટિનાં ચેરમેનને જો કોઈ વાત અનુચિત લાગતી હોય તો તેઓ ડીસેન્ટસમા તેને હટાવી શકે છે. ખડગેએ અધ્યક્ષને કહ્યું હતું કે અમને વારંવાર ધમકાવવામાં આવે છે. ત્યારે અધ્યક્ષે ખડગેને કહ્યું કે આપ ગુસ્સો ન કરો.

### વિપક્ષોની નારાજગી અને વિરોધ

સમિતિએ પોતાનો રિપોર્ટ ૧૫ વિરૂદ્ધ ૧૧ મતથી પસાર કરીને સંસદમાં રજૂ કર્યો હતો જેમાં શાસક પક્ષનાં સાંસદોએ સૂચવેલા સુધારા સામેલ કરાયા હતા પણ વિપક્ષોનાં સુધારાને સ્થાન અપાયું ન હતું, આથી વિપક્ષોએ નારાજગી અને વિરોધ વ્યક્ત કર્યો હતો. સરકાર પર વકફ બોર્ડની સ્વાયત્તતા પર તરાપ મારવાનો આરોપ લગાવાયો હતો. સરકાર એકપક્ષીય રીતે બિલને પાસ કરાવવા પ્રયાસ કરતી હોવાનો આક્ષેપ વિપક્ષોએ કર્યો હતો.

**ભાજપે આક્ષેપ ફગાવ્યા** : ભાજપ દ્વારા વિપક્ષોનાં આક્ષેપોને ફગાવાયા હતા અને કહેવાયું હતું કે આ બિલ વકફ બોર્ડની મિલકતોનાં વહીવટમાં પારદર્શકતા લાવશે અને કોણ જવાબદાર છે તે નક્કી કરશે. સરકારનો ઈરાદો કોઈનાં અધિકારો પર તરાપ મારવાનો નથી.

---

# જર્મનીના મ્યૂનિકમાં હુમલો, હુમલાખોર ડ્રાઈવરે પોતાની કાર ભીડ પર ચડાવી, ૨૮ ઘવાયા

## શુક્રવારથી શરૂ થનારા મ્યૂનિક સુરક્ષા સંમેલન પહેલા સર્જાયેલી ભયાવહ ઘટનાથી ચકચાર



। મ્યૂનિક ।

જર્મીના મ્યૂનિકમાં એક શખ્સે પોતાની કાર ભીડ પર ચડાવી દીધી હતી. આ હુમલામાં ઓછામાં ઓછા ૨૮ લોકો ઘવાયા હતા. ઘટના શહેરના સેન્ટ્રલ રેલવે સ્ટેશન પાસે સર્જાઈ હતી. ઘટના બાદ વિસ્તારમાં હાઈએલર્ટ જાહેર કરાયું છે. પોલીસ અને સુરક્ષાદળોએ એક્શન લેતા આરોપીની ધરપકડ કરી હતી. આ ઘટના એવા સમયે થઈ છે જ્યારે આગામી શુક્રવારથી મ્યૂનિક સુરક્ષા સંમેલન શરૂ થનારું છે. આ સંમેલનમાં અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ અને યૂક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કી પણ હાજર રહેવાના છે. પોલીસ પ્રવક્તાના અનુસાર અધિકારીઓ હાલ આ તપાસ કરી રહ્યા છે કે ઘટના કઈ રીતે સર્જાઈ હતી. જોકે, તેમણે આના કરતા વધારે માહિતી આપવાનો ઈનકાર કર્યો હતો.

---

શનિવારે વધુ એક વિમાન અમૃતસર એરપોર્ટ પર પહોંચશે

# યુએસ ભારતના વધુ ૧૭૦થી ૧૮૦ ગેરકાયદે વસાહતીઓને ડિપોર્ટ કરશે

## 'ડંકી રૂટ્સ'થી કે અન્ય ગેરકાયદે રીતે અમેરિકામાં પ્રવેશ્યા બાદ એકથી ત્રણ વર્ષથી ત્યાં રહેતા લોકોને હાંકી કઢાશે

**વૉશિંગ્ટન ।** અમેરિકા ભારતના વધુ ૧૭૦થી ૧૮૦ ગેરકાયદે વસાહતીઓને સ્વદેશ પરત મોકલશે. અમેરિકી સરકાર દ્વારા ડિપોર્ટ થનારા ભારતના ગેરકાયદે વસાહતીઓનો આ બીજો જથ્થો હશે. આવા લોકોને લઈને વધુ એક વિમાન શનિવારે અમૃતસર એરપોર્ટ પર પહોંચશે. આ વિમાનમાં એવા લોકો હશે કે જેઓ લાખો રૂપિયા ખર્ચીને 'ડંકી રૂટ્સ'થી કે અન્ય ગેરકાયદે રીતે અમેરિકામાં પ્રવેશ્યા હતા અને છેલ્લા એકથી ત્રણ વર્ષથી અમેરિકામાં રહેતા હતા. અમેરિકાથી ભારત પરત મોકલવામાં આવનારા ગેરકાયદે વસાહતીઓના બીજા જથ્થા અંગે ભારતીય અધિકારીઓની સત્તાવાર પુષ્ટિની હજુ રાહ જોવાઈ રહી છે પરંતુ અમેરિકી સરકારના સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ ડિપોર્ટેશન ચાલુ અઠવાડિયે જ થઈ શકે છે. આ અગાઉ અમેરિકામાં ગેરકાયદે વસેલા ૧૦૪ ભારતીયો સાથેનું અમેરિકી સૈન્યનું સી-૧૭ ગ્લોબમાસ્ટર વિમાન ગત પાંચ ફેબ્રુઆરીએ બપોરે અમૃતસરના શ્રી ગુરુ રામદાસજી ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ઊતર્યું હતું.




---

કલમ ૩૭૦નો ચૂકાદો અને પીએમને ગણેશ પૂજા આમંત્રણનો બચાવ

# બંધારણમાં ક્યાંય એવું નથી કે જજ હોવાનાં નાતે નાસ્તિક રહેવું : પૂર્વ CJI

## જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડે બીબીસીના ઈન્ટરવ્યૂમાં વિવિધ મુદ્દે વાતો કરી

। નવી દિલ્હી ।

ભારતનાં પૂર્વ CJI ડી વાય ચંદ્રચૂડ દ્વારા કાશ્મીરમાં કલમ ૩૭૦ હટાવતા તેમનાં ચૂકાદાનો અને પોતાનાં ઘરે ગણેશ પૂજા વખતે પીએમ મોદીને આમંત્રણ આપવાના મુદ્દાનો બચાવ કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે કાશ્મીરમાં કલમ ૩૭૦ હટાવવાનો નિર્ણય યોગ્ય હતો. આ કલમ વહેલી મોડી હટાવીને



પરિવર્તનનાં પગલાંરૂપે તેને રદ કરાઈ હતી. બંધારણમાં તેને પહેલા કાયમી અને પછી હંગામી ધોરણે સામેલ કરાઈ હતી. બીબીસીનાં એક પત્રકાર સ્ટીફન સૈકર સાથેની વાતચીતમાં ચંદ્રચૂડે કહ્યું કે જમ્મુ અને કાશ્મીરનાં વિશેષ દરજ્જાને રદ કરવાનાં કેન્દ્રનાં નિર્ણયને યથાવત રાખવાનાં કોર્ટનાં ચૂકાદાની ટીકાનાં સંદર્ભમાં તેમણે ટીકાકારોને જવાબ આપ્યો હતો. કલમ ૩૭૦ એ હંગામી વ્યવસ્થા હતા. તેને ક્યારેય કાયમી ગણવામાં આવી ન હતી. બંધારણ ઘડતી વખતે તેને બંધારણીય માળખામાં સમાવી લેવાઈ હતી પણ ૭૫ વર્ષ કરતા વધુ સમય તેને ચાલુ રાખવામાં આવી હતી.

### ગણેશ પૂજામાં પીએમને આમંત્રણ એ શિષ્ટાચારનો ભાગ

જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યું કે ગણેશ પૂજામાં પીએમ મોદીને આમંત્રણ એ શિષ્ટાચારનો ભાગ હતો. ઉચ્ચ પદ ધરાવતા લોકો વચ્ચે આ પ્રકારનો એક શિષ્ટાચાર હોય છે. જેને અન્ય મુદ્દાઓ સાથે કોઈ લેવા દેવા નથી. પીએમ આવ્યા તે પહેલા સુપ્રીમ કોર્ટે ઈલેક્ટોરલ બોન્ડ રદ કર્યા હતા અને તે પછી પણ કેટલાક મહત્વનાં કડક ચૂકાદા આપ્યા હતા.

---

ઈન્ફોસિસે નોકરીમાંથી કાઢી મૂકેલા કર્મચારીઓ સાથે અમાનવીય વર્તન કરતા વિવાદ

# ઈન્ફોસિસે બાઉન્સર્સને બોલાવીને કર્મચારીઓને છ પહેલાં કેમ્પસ ખાલી કરવા કહ્યું હતું

## ટ્રેઈની કર્મચારીઓ એસેસમેન્ટના મોરચે ત્રણ વાર નિષ્ફળ ગયાં બાદ આ પગલું ભરવામાં આવ્યું હોવાની કંપનીની દલીલ

। બેંગ્લુરુ ।

આઈટી ક્ષેત્રની દિગ્ગજ કંપની ઈન્ફોસિસ દ્વારા લગભગ ૪૦૦ ટ્રેઈની કર્મચારીઓને નોકરી પરથી કાઢી મૂકવામાં આવ્યા તેને લઈને વિવાદ ઘેરો થઈ રહ્યો છે. ઈન્ફોસિસે પોતાના પગલાંનો બચાવ કરતાં દલીલ કરી છે કે ટ્રેઈની કર્મચારીઓ એસેસમેન્ટના મોરચે ત્રણ વાર નિષ્ફળ ગયા બાદ આ પગલું ભરવામાં આવ્યું હતું. કંપનીએ એમ પણ સ્પષ્ટ કર્યું છે કે આ પ્રક્રિયા પાછલા બે દાયકાથી લાગું છે અને તેના અંતર્ગત તમામ ટ્રેઈની કર્મચારીઓએ ફરજિયાતપણે ત્રણ પ્રયાસમાં એસેસમેન્ટ પાસ કરવાના હોય છે. જો કર્મચારી ત્રણ પ્રયાસોમાં પણ નિષ્ફળ રહે છે તો તે કંપની સાથે રહી શકતો નથી. કંપનીના એ પગલાંની પણ ટીકા કરવામાં આવે છે કે તેમણે કાઢી મૂકેલા કર્મચારીઓને કેમ્પસ છોડવા માટે પણ ઘણો ઓછો સમય આપ્યો હતો. એક મહિલા કર્મચારીએ મેનેજમેન્ટ સમક્ષ રાત રોકાવાની મંજૂરી આપવા વિનંતી કરી હતી પણ તેમને સાંજના છ કલાક સુધીમાં કેમ્પસ ખાલી કરી દેવા આદેશ કરવામાં આવ્યો હતો. કર્મચારીએ દલીલ કરી હતી કે હું કાલે જઈશ, અત્યારે ક્યાં જાઉં? ત્યારે મેનેજમેન્ટનો એક જ જવાબ હતો કે અમને તેની ખબર નથી પણ હવે તમે કંપનીનો હિસ્સો નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે આ મામલો મૈસૂર કેમ્પસનો હતો. આ ટ્રેઈનીઝે સપ્ટેમ્બર ૨૦૨૪માં કંપની જોઈન્ટ કરી હતી. તેમને કંપનીમાંથી કાઢવાની પ્રક્રિયા ખૂબ જ વ્યવસ્થિત રીતે કરવામાં આવી હતી. તેમને ૫૦-૫૦ની બેચમાં સવારના ૯-૩૦ કલાકથી લેપટોપ સાથે બોલાવવામાં આવ્યા હતા. આ દરમિયાન તે સ્થાન પર સુરક્ષા કર્મચારીઓ અને બાઉન્સર્સ પણ હાજર હતા.



### અંકલેશ્વર અને વાપીથી કેમિકલ લાવીને ઉનની ખાડી પાસે ઠાલવવાનો ગોરખધંધો

# ઉનમાં કેમિકલ ઠાલવવાને કારણે આગ ભભૂકી

**ગંદા ધંધા** | એક મહિનામાં નાના-મોટા આગના બનાવો બનતા હોવા છતાં કાર્યવાહીના નામે મીંડું

। સુરત ।

વાપી અને અંકલેશ્વરમાં આવેલા કેમિકલ યુનિટના માલિકો દ્વારા નિયમો અનુસાર ટ્રીટ કરીને પાણી છોડવાના બદલે બારોબાર ખાડીમાં છોડી દેવાનો ગોરખધંધો વર્ષોથી ચાલતો આવે છે. આ રીતે જ કેમિકલ ઠાલવવાના કારણે ઉન ભીંડી બજાર પાસે આવેલી બંગાળી બસ્તીમાં વહેલી સવારે કેમિકલનું ટેન્કર ખાલી કરવામાં આવ્યા બાદ અચાનક આગ લાગી હતી. જોકે ફાયરબ્રિગેડના જવાનોની સાથે સાથે સ્થાનિક લોકોએ પણ આગ કાબૂમાં લેવા ભારે જહેમત ઉઠાવી હતી.

સચિન જીઆઈડીસી વિસ્તારમાં આવેલા કેટલાક કેમિકલ યુનિટો દ્વારા ટ્રીટ કર્યા વિના કેમિકલયુક્ત પાણી બારોબાર ડ્રેનેજ અથવા તો વરસાદી લાઈનમાં છોડી દેવામાં આવતું હોય છે, કારણ કે કેમિકલયુક્ત પાણી ટ્રીટ કરીને છોડવામાં આવે તો પ્રતિ લિટર ત્રણ રૂપિયાથી લઈને ૧૭ રૂપિયા સુધીનો ખર્ચ થાય છે. તેના બદલે બારોબાર કેમિકલયુક્ત ટેન્કર ખાડીમાં છોડી દેવામાં આવે તો ૫૦ હજાર રૂપિયાથી લઈને ૧૦ લાખ રૂપિયા સુધીની બચત થતી હોય છે.

આ જ રીતે વાપી અને અંકલેશ્વરના કેમિકલ માફિયાઓ દ્વારા વહેલી સવારે અથવા તો રાત્રિના સમયે કેમિકલ ભરેલું ટેન્કર સુરત, પલસાણા સહિતના વિસ્તારમાં લાવીને ત્યાંથી પસાર થતી ખાડીમાં પાણી છોડી દેવામાં આવે છે. તેના લીધે ભૂતકાળમાં લોકોએ જીવ પણ ગુમાવ્યા છે. જોકે આ વેપલો થોડા સમય માટે બંધ થયા બાદ ફરીથી ચાલુ થઈ ગયો છે, કારણ કે આજે વહેલી સવારે ઉનમાં આવેલા ભીંડી બજારની બંગાળી બસ્તી પાસે કેમિકલ ભરેલું ટેન્કર ખાલી કરવાના કારણે આગ લાગી હતી. જેની જાણ ફાયર વિભાગને કરવામાં આવતા સ્થળ પર દોડી જઈ આગ પર કાબૂ મેળવ્યો હતો.



**કેમિકલ ઠાલવ્યું હોવાના લીધે માટી નાંખી આગ પર કાબૂ મેળવાયો**

પાણીનો મારો ચલાવવામાં આવ્યો હોવા છતાં આગ પર કાબૂ આવ્યો નહોતો. તેના કારણે જેસીબી લાવીને જે જગ્યા પર કેમિકલ ઠાલવવામાં આવ્યું હતું તે જગ્યા પર માટી નાંખવામાં આવી હતી. જો કચરો કે અન્ય વસ્તું બળી હોય તો પાણીનો મારો ચલાવવામાં આવ્યા બાદ આગ બુઝી ગઇ હોત, પરંતુ કેમિકલના રિએક્શનના કારણે આગ લાગી હોવાના લીધે કાબૂ મેળવવા માટે માટી નાંખવાની નોબત આવી હતી.

**સ્થાનિકો વિરોધ કરે તો જાનથી મારી નાખવાની ધમકી**

ઉન વિસ્તારમાં આવેલી ખાડીમાં કેમિકલ ઠાલવતી કેટલીક ટોળકી સક્રિય છે. તેમાં ઉન વિસ્તારના કેટલાક લોકોની મિલીભગત પણ હોવાની હકીકતો બહાર આવી છે, કારણ કે આસપાસના લોકો આ માટેનો વિરોધ કરે અથવા તો પોલીસ, જીપીસીબી કે અન્ય કોઇ જગ્યાએ ફરિયાદ કરે તો તેઓને મારવાની ધમકી આપવામાં આવે છે. તેમજ કેટલીક વખત તો તેઓને મારવામાં પણ આવ્યા હોવાની ચોંકાવનારી કબૂલાત કરી છે.

### ઈન્દોર સુપરફાસ્ટ ટ્રેનમાં ચઢવા જતાં સંતુલન ગુમાવતા પડી ગયા

# સુરત સ્ટેશન પર ચાલુ ટ્રેન-પ્લેટફોર્મ વચ્ચે ફસાયેલા યાત્રીને રેલવે પોલીસે બચાવ્યો

### રેલવે કર્મચારી ગુલાબસિંહ બામણિયાએ સતર્કતા દાખવી યાત્રીને બહાર કાઢ્યો

। સુરત ।

સુરત રેલવે સ્ટેશન પર ચાલુ ટ્રેનમાં બેસવાનો પ્રયાસ કરી રહેલા મુસાફરે સંતુલન ગુમાવતા ચાલુ ટ્રેન અને પ્લેટફોર્મના ગેપ વચ્ચે ફસાઈને ઘસડાયા હતા. આ સમયે નજીકમાં જ ઊભેલા રેલવે પોલીસના ગુલાબસિંહ બામણિયા નામના કર્મચારીએ સતર્કતા દાખવી તાત્કાલિક મુસાફરને પકડી બહાર ખેંચી લીધો હતો. રેલવે કર્મચારીની સતર્કતાને કારણે મુસાફરનો જીવ બચી ગયો હતો.

ગતરોજ સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર એક ઉપર ૨૨૯૪૩-દોન્દ-ઈન્દોર સુપરફાસ્ટ ટ્રેન તેના નિયત સમય મુજબ રાત્રે આવી હતી. ત્યારબાદ રાત્રે ૧૦.૪૫ કલાકે સ્ટેશન પરથી રવાના થઈ ત્યારે એક મુસાફરે ચાલુ ટ્રેનમાં બેસવાનો પ્રયાસ કર્યો હતો. ટ્રેન ચાલુ થઈ ગઈ હોવાથી મુસાફરે દરવાજાના હેન્ડલને પકડીને ચાલુ ટ્રેન સાથે ધીમે ધીમે દોડવાનું શરૂ કરી દીધું હતું. આ દરમિયાન મુસાફરે સંતુલન ગુમાવતા ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચેના ગેપમાં ફસાઈ ગયો હતો. મુસાફર ગેપ વચ્ચે ફસાઈ જતાં નજીકમાં જ હાજર સુરત રેલવે પોલીસના ગુલાબસિંહ બામણિયા નજીકમાં ઊભા હતા. નાઈટ ડ્યૂટી પર હાજર ગુલાબસિંહે તાત્કાલિક સતર્કતા વાપરી મુસાફરને પકડી બહાર ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. ટ્રેન ચાલુ હોવાથી તેઓએ પણ ટ્રેન સાથે દોડી મુસાફરને બહાર ખેંચી કાઢ્યા હતા. આ સાથે જ રેલવે પોલીસના કર્મચારીની સતર્કતાને કારણે મુસાફરનો જીવ બચી ગયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ચાલુ ટ્રેનમાં બેસવા જતાં સંતુલન ગુમાવનારા મુસાફરનો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં મુસાફરને દોડવામાં પણ મુશ્કેલી પડી રહી હોવાનું જણાઈ રહ્યું છે. ત્યારે પોલીસની સતર્કતાથી વધુ એક વખત મુસાફરનો જીવ બચી ગયો હતો. સુરત રેલવે સ્ટેશન પર જ નહીં દરેક રેલવે સ્ટેશન પર ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે ગેપ હોવાથી ઘણી વખત આવી દુર્ઘટના બને છે.

# રિટર્ન થયેલો માલ રાત્રે ચોરીને વેચી દેતાં કર્મચારીઓને માલિકે વોચ ગોઠવી પકડ્યા

### પાંચ કર્મચારીએ બે સાગરીતો સાથે ત્રણ મહિનામાં ૧૫.૮૪ લાખના પાર્સલ ચોર્યા

। સુરત ।

પૂણાગામ રાજ ટેક્સ્ટાઈલ ટાવરમાં આવેલા જય ગોગા લોજિસ્ટિકમાં કામ કરતા પાંચ કર્મચારીઓએ બે સાગરીતો સાથે ભેગા મળી ત્રણ મહિનાની અંદર રિટર્ન થયેલા પાર્સલો પૈકી ૧૫.૮૪ લાખના પાર્સલ ચોરી કરી માર્કેટમાં વેચી માર્યા હતા.

પાંડેસરા ગંગોત્રીનગરમાં રહેતા ક્રિષ્ણકાંત જરબંધન યાદવ પૂણાગામ રાજ ટેક્સ્ટાઈલ ટાવરમાં જય ગોગા લોજિસ્ટિકના નામે કુરિયર એજન્સી ચલાવે છે. ઓનલાઈન શોપિંગ ચેઈ મિશો કંપની સાથે તેમની કંપનીનો ડિલિવરી કોન્ટ્રાક્ટ છે. આ કંપનીમાં ઓફિસમાં ૨૦ તથા બહાર મળીને કુલ ૩૦૦ જેટલા કર્મચારીઓ નોકરી કરે છે. થોડાક દિવસ પહેલાં મેનેજર હરિઓમ દૂબે શેઠને મળ્યા હતા અને રિટર્ન થયેલો માલ ઓફિસમાંથી ચોરી કરવામાં આવતો હોવાની શંકા જાહેર કરતાં ૧૦મીએ રાત્રે આ બંને રાજ ટેક્સ્ટાઈલ ટાવરના બેઝમેન્ટમાં વોચ રાખીને બેઠા હતા. મોડી રાત્રે એક ટેમ્પો ત્યાં આવ્યો હતો. ટેમ્પોમાંથી અહીં કામ કરતો બંટી મુન્ના યાદવ તેના મિત્ર રાજકમલ સિંહ સાથે ઉતર્યો હતો અને ઓફિસમાંથી પાર્સલ ચોરી કરી ટેમ્પોમાં મૂકી રહ્યો હતો ત્યારે જ આ બંને તથા ટેમ્પો ડ્રાઈવર ગણેશ રામદાસ ઉમરાળેને ઝડપી લેવાયા હતા. ત્રણેયને ઝડપી પૂણા પોલીસને હવાલે કરાયા હતા. તપાસમાં આ કંપનીમાં જ બીજા ચાર કર્મચારીઓ અદર્શ સંતોષસિંહ, દીપાંશુ ઉર્ફે શિવમ સંતોષસિંહ, સાહિલ ઉર્ફે અનુરાગસિંહ અને બિપીનસિંહ પણ કાવતરામાં સામેલ હતા. ત્રણ મહિનામાં તેઓ રિટર્ન થયેલા માલ પૈકી ૧૫.૮૪ લાખના પાર્સલ ચોરી કડોદરાની શિવધારા રેસી.,ના મકાનમાં લઈ જતા હતા અને બારોબાર વેચી મારતા હતા. સબ ઈન્સ્પેક્ટર ડી.કે. બોરાણા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

### ફાઉન્ટેન સ્કૂલના નબીરાઓએ ફેરવેલ પાર્ટીમાં જવા જોખમી દેખાડો કર્યો હતો

# પાલમાં મોંઘીદાટ કારનો રોડ શો યોજનારા છ વિદ્યાર્થીઓના વાલી-ડ્રાઈવર સામે ગુનો

### અમિત અગ્રવાલ, જિગ્નેશ દલાલ અને અજય ભટ્ટર સહિત ત્રણ ડ્રાઈવરોની ધરપકડ

। સુરત ।

શહેરના સીમાડે કુંકણી ગામ સ્થિત ફાઉન્ટન હેડ સ્કૂલના ધો. ૧૨ના વિદ્યાર્થીઓએ ફેરવેલ પાર્ટીના આયોજન અગાઉ લક્ઝુરિયસ કારના કાફલા સાથે રોડ શો કર્યો હતો. નબીરાઓએ સીનસપાટા સાથેની રેલીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પોલીસે લાલ આંખ કરીને ૩૦ કરતાં વધુ કાર કબજે કરી હતી. કાર ચલાવનારા સુપુત્રોની કાર ડ્રાઈવિંગ લાઈસન્સ ન હોવા છતાં ચલાવવા આપીને રાહદારીઓની જિંદગી જોખમમાં મૂકી હોવાના આરોપસર આ બાબતે પાલ પોલીસે ૬ વાલી-ડ્રાઈવરોની ધરપકડ કરી હતી.

પાલ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ઓલપાડ તાલુકાના કુંકણી ગામે ફાઉન્ટન હેડ સ્કૂલમાં અભ્યાસ કરતા ધો. ૧૨ના વિદ્યાર્થીએ ફેરવેલનું આયોજન કર્યુ હતું. સ્કૂલમાં યોજાનારા ફેરવેલમાં જવા વિદ્યાર્થીઓ પૈકીના અમુક માલેતુજાર પરિવારના નબીરાઓએ પાલ ગૌરવપથથી બીએમડબ્લ્યુ, મર્સિડીઝ, રેન્જ રોવર, ઓડી અને ફોર્ચ્યુનર જેવી ત્રીસેક કારમાં નીકળ્યા હતા. કારના સનરૂફમાંથી માથું બહાર કાઢી ફિલ્મી સ્ટાઈલમાં તમાશો કર્યો હતો. કારમાં મોટા અવાજે મ્યૂઝિક વગાડીને એર ગન હાથમાં લઈને સીનસપાટા માર્યા હતા. આ કાફલામાં જોડાનારા વિદ્યાર્થીઓએ ટ્રાફિકના નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરતાં સમગ્ર શહેરમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પાલ પોલીસે એક્શનમાં આવી વિદ્યાર્થીઓના વાલી અને કારચાલકોને બોલાવી કાર ડિટેઈન કરી હતી. કારના ચાલક વિદ્યાર્થીઓ પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ નહીં હોવાનું જણાતાં કારણે પાલ પોલીસે કાપડના વેપારી અમિત અર્જુનદાસ અગ્રવાલ (રહે. રત્નવિરાટ એપાર્ટમેન્ટ, સિટીલાઈટ)ની બીએમડબ્લ્યુ કાર (જીજે ૫ આરએન ૪૧૨૩) તેમજ કાપડ વેપારી જિજ્ઞેશ યોગેશભાઈ દલાલ (રહે. અવધ લિંક સિટી બાબેન)ને ફોર્ચ્યુનર (કાર જીજે ૫ આરક્યુ ૬૦૯૦) અને કાપડના વ્યવસાયી અજય દામોદરભાઈ ભટ્ટર (રહે. રઘુવીર બંગલો, સિટીલાઈટ)ની ઓડી કાર (જીજે ૫ જેબી ૫૨૯૧) તેમજ કાર ઓડી કારના માલિક ક્ષિતિજ વૈદપ્રકાશ સિંઘલ (રહે. રત્નકૃતિ એપાર્ટમેન્ટ, પીપલોદના ડ્રાઈવર દીપકસિંહ પટેલ, મર્સીડીઝ કારના માલિક વિમલ કાળુભાઈ ગોયાણી રહે. શ્રૃંગાર સોસાયટી, અઠવાલાઈન્સના ડ્રાઈવર દીનેશ લક્ષ્મણ અમૃતસ્કર તેમજ બીએમડબલ્યુ કારના માલિક જુનેદ બિલાલ મેમણ, રહે. શાલીમાર સોસાયટી, અડાજણ પાટિયાના ડ્રાઈવરો અબ્દુલ હમીદ પઠાણે કારના દરવાજા ખોલી તેમજ સનરૂફના દરવાજા ખોલીને બીજાની જિંદગી જોખમાઈ અને અકસ્માત સર્જાય તેવી રીતે ડ્રાઈવર કર્યું હતું સાથે ડ્રાઈવિંગ લાઈસન્સ નહીં હોવા છતાં કાર ચલાવવા આપી અન્ય વાહનચાલકો કે રાહદારીઓની જિંદગી જોખમમાં મૂકવા સબબ ગુનો દાખલ કરી પોલીસે આ ત્રણેય વાલીઓ અને ત્રણ ડ્રાઈવરોની પાલ પોલીસે ધરપકડ કરી હતી.



# નવી સિવિલની જૂની બિલ્ડિંગના ત્રીજા માળે સ્લેબનો પોપડો પડ્યો

। સુરત ।

નવિ સિવિલ હોસ્પિટલની જૂની બિલ્ડિંગના ત્રીજા માળ પરના કાનના વિભાગના વોર્ડ પાસેની લોબીમાં છતનો સ્લેબનો પોપડો પડતા દર્દીઓ સહિત હવે તો સ્ટાફમાં પણ ભયની વકી થઈ છે. સાથે જ વોર્ડના છત પરથી પાણી ટપકવુ અને પોપડાઓ ખરવા હવે તો સામાન્ય બાબત થઈ ગઈ છે.

**ખખડતી જૂની બિલ્ડિંગ દર્દીઓ અને સ્ટાફ માટે જોખમી, છત પરથી ટપટપ ટપકતું પાણી**

નવી સિવિલ હોસ્પિટલની જૂની બિલ્ડિંગમાંથી અમુક વોર્ડ સ્ટેમસેલ બિલ્ડિંગમાં ખસેડવામાં આવ્યા તો હજુ પણ અમુક વિભાગના વોર્ડ જૂની બિલ્ડિંગમાં જ કાર્યરત છે. વહેલા તે પહેલાના ધોરણે વિભાગનું સ્થળાંત તો થઈ રહ્યું છે. પણ જૂની બિલ્ડિંગમાં કાર્યરત વોર્ડના સારવાર લેવી જીવને જોખમમાં મુકવા જેવું થઈ ગયું છે. જૂની બિલ્ડિંગમાં કોઈપણ વિભાગના છતના ભાગે સ્લેબનો પોપડો પડવો હવે તો સામાન્ય બાબત બની ગઈ છે. જેમાં ભૂતકાળમાં દર્દીઓ અને કર્મચારીઓ પણ ઈજાગ્રસ્ત થયા છે. છતના ભાગેથી સ્લેબના પોપડા પડવાના બનાવમાં વધુ ઉમેરો થયો અને ગુરુવારે ત્રીજા માળ પર આવેલા કાનના વિભાગના વોર્ડ પાસેની લોબીમાં અચાનક જ ધડામ દઈને સ્લેબનો પોપડો પડ્યો હતો. જોકે બનાવ વખતે લોબીના આ જગ્યા પર કોઈ વ્યકિત ત્યાંથી પસાર થયો ન હોવાથી કોઈને ઈજા પહોંચી ન હતી. દર્દીઓ અને તબીબી સ્ટાફ તથા કર્મચારીઓ ભયનો માહોલ સર્જાયો હતો. હવે કાર્યરત કોઈ પણ વોર્ડમાં છતના ભાગે પાણી ટપકવું અને પોપડાઓ ખરવા સામાન્ય બનવા લાગ્યું છે. આવી ઘટના સાથે જ દર્દીઓ જીવના જોખમે સારવાર કરાવવા અને તબીબી સ્ટાફ તથા ચોથા વર્ગના કર્મચારીઓ ફરજ બજાવવા માટે મજબૂર બન્યા છે.

# ઉમરવાડાની આધેડનો બીમારીથી કંટાળી આપઘાત

। સુરત ।

ઉમરવાડામાં રહેતી આધેડ મહિલાએ ઘરમાં પ્રેશરની, લોહી પાતળું કરવાની તેમજ ઉંદર મારવાની ઝેરી દવાઓ પીને આત્મહત્યા કરી લીધી હતી. આધેડે થાઈરોઈડ તેમજ બ્લડપ્રેશર સહિતની બીમારીઓથી કંટાળીને જીવન ટૂંકાવી લીધું હતું.

પોલીસ દ્વારા મળતી માહિતી મુજબ ઉમરવાડા વિસ્તારમાં આવેલ સલીમનગરમાં રહેતા ૫૫ વર્ષીય સાબેરાજી ફારુક શેખ ત્રણ સંતાન સહિતના પરિવાર સાથે રહીને નિવૃત જીવન જીવતા હતા. સાબેરાજી થાઈ રોઈડ તેમજ બ્લડપ્રેશર સહિતની બીમારીથી પીડાઈ રહ્યા હતા. તેણે બીમારીને લઈને સારવાર કરાવી પણ છતા બીમારીમાં કોઈ સુધાર આવતો ન હતો. અંતે સાબેરાજીએ બીમારીથી કંટાળીને મંગળવારે રાત્રે ઘરમાં પ્રેશરની, લોહી પાતળું કરવાની તેમજ ઉંદર મારવાની ઝેરી દવાઓ પી લઈને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. બનાવને લઈને તેણીને સારવાર માટે પરિવાર ખાનગી હોસ્પિટલ લઈને આવ્યો હતો. જ્યાં તેનું સારવારમાં મોત થયું હતું. બનાવને લઈને પોલીસેને જાણ કરાતા સલાબતપુરા પોલીસે મૃતકે બીમારીથી કંટાળીને પગલું ભરી લીધું હોવાનું પ્રાથમિક તપાસ બહાર આવ્યું હતું. પોલીસે વધુની તપાસ શરૂ કરી છે.

## બાળકો સાથે રમ્યા બાદ અડાજણના એન્જિનિયરનો બાલ્કનીમાંથી મોતનો કૂદકો

સુરત : અડાજણમાં રહેતા એન્જિનિયરે બાળકો સાથે રમતાં-રમતાં એકાએક જ ઘરની બાલ્કનીમાંથી નીચે પડતું મૂકી આપઘાત કરી લીધો હતો. બનાવને લઇ અડાજણ પોલીસે કારણ જાણવા માટેની તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા મળતી માહિતી મુજબ મૂળ ઉત્તરપ્રદેશ પ્રતાપગઢના વતની અને હાલ અડાજણ એલ.પી. સવાણી રોડ મધુવન સર્કલ પાસે શિવ કોમ્પ્લેક્સમાં રહેતો ૩૬ વર્ષીય અંકિતકુમાર બંસબહાદુર સિંગ વરાછા વિસ્તારમાં આવેલી ખાનગી કંપનીમાં એન્જિનિયર તરીકે નોકરી કરીને પત્ની, પુત્ર અને પુત્રીનું ગુજરાન ચલાવી રહ્યો હતો. અંકિતકુમારે બુધવારે રાત્રે અંકિતકુમાર નોકરી પરથી આવીને પરિવાર સાથે બેસીને જમ્યા બાદ રાત્રે ૧૨:૧૫ વાગ્યાના અસરામાં ઘરની બાલ્કનીમાંથી કૂદીને આત્મહત્યા કરી લીધી હતી. અંકિતકુમાર બાળકો સાથે રમતાં-રમતાં જ એકાએક જીવન ટૂંકાવી લેતાં પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. મોત પાછળનું કારણ જાણવા માટે અડાજણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**જાહેર નોટીસ**

**ગ્રામ પંચાયત પાલોદ, તાલુકો : માંગરોળ જિ : સુરત**

આથી, ગ્રામ પંચાયત પાલોદ હદવિસ્તારમાં સમાવિષ્ટ મકાનો, ફ્લેટ, દુકાનો અને ઔદ્યોગિક એકમો, ખુલ્લા પ્લોટ વગેરે તમામ પ્રકારની મિલકતોના માલિકો/ મિલકતધારકોને જાહેર નોટિસ આપી જણાવવામાં આપવામાં આવે છે કે, મિલકતોના બાકી રહેલ પંચાયત ના વેરા (સરકારી કર વેરા) દિન-૧૫ (પંદર) ગ્રામ પંચાયત કચેરી,પાલોદ ખાતે ભરી જવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં નિષ્ફળ જશો તો, બાકીવેરાની મિલક્તો પર બોજો લાદવા, મિલકત ટાંચમા લેવા, ગ્રામ પંચાયત દ્વારા પૂરી પાડવામાં આવતી સુવિધાઓ બંધ કરવા વગેરે સહિતની ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૨૫૫ (૧)(૨)(૩) અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે.

તા. ૧૨-૦૨-૨૦૨૫
સ્થળ : ગ્રા.પં. પાલોદ
ક્રમાંક : માહિતી-સુરત/૧૩૦૫/૨૦૨૫

તલાટી કમ મંત્રી, ગ્રામ પંચાયત પાલોદ, તા. માંગરોળ, જી. સુરત
સરપંચશ્રી, ગ્રામ પંચાયત પાલોદ, તા. માંગરોળ, જી. સુરત

**રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

" નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ(NMMS) પરીક્ષા-૨૦૨૪-૨૫"

ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (NMMS) પરીક્ષા માટે તા.૩૦/૧૨/૨૦૨૪ ના રોજ જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતુ. જેના અનુસંધાને જે વિદ્યાર્થીઓએ આવેદનપત્રો ભરેલ છે તે વિદ્યાર્થીઓ માટે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ(NMMS)પરીક્ષા તા:૨૨/૦૨/૨૦૨૫, શનિવારના રોજ દરેક જિલ્લાના પરીક્ષા કેન્દ્રો ખાતે ૧૨:૦૦ કલાકથી ૦૩:૦૦ કલાક દરમ્યાન સુધી યોજાનાર છે.

ઉક્ત પરીક્ષા માટેની હોલટીકીટ www.sebexam.org વેબસાઇટ પરથી તા: ૧૪/૦૨/૨૦૨૫ ના રોજ બપોરના ૧૪:૦૦ કલાકથી તા.૨૨/૦૨/૨૦૨૫ પરીક્ષા શરૂ થવાના સમય સુધી વિદ્યાર્થીનો કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ અથવા કન્ફર્મેશન નંબર અને આધાર ડાયસ નંબર નાખી ડાઉનલોડ કરવાની રહેશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવા વિનંતી છે.

તા.૧૩/૦૨/૨૦૨૫ — અધ્યક્ષ,રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર

(માહિતી/૨૧૪૪/૨૦૨૪-૨૫)

**ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ., અમદાવાદ**
**જાહેર નિવિદા નં. ૧૫ (૨૦૨૪-૨૦૨૫)**

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ, અમદાવાદ વિભાગીય કચેરી, શાહીબાગ પો.સ્ટેની બાજુમાં રાણીસતી મંદિરના ખાંચામાં,શાહીબાગ,, અમદાવાદ-૦૪ (ફોન નં. - (૦૭૯-૨૨૮૮૫૬૫૪) દ્વારા માન્ય ઈજારદારો પાસેથી નીચેના કામો માટેના ટેન્ડરો મંગાવવાનું નક્કી કરેલ છે. આ કામો ની વિગતવાર જાહેર નિવિદા કચેરીના નોટીસ બોર્ડ ઉપરાંત નિગમની વેબ સાઈટ http://www.gsphc.gujarat.gov.in https://tender.nprocure.com તથા રાજ્ય સરકારશ્રીની માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.gujarat.gov.inપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજ ના દિવસો દરમ્યાન ઉપરોક્ત કચેરીનો તથા વડી કચેરીનો (ફોન નં. - ૦૭૯ ૨૩૨૫૬૮૦૦ થી ૮૦૩) સંપર્ક સાધવાથી મળી શકશે. સદર કામો માટે ટેન્ડરો ઓનલાઈન શરૂ થવાની અને ટેન્ડર પરત સ્વીકારવાની તારીખ નીચે મુજબ છે.

| ક્રમ | ટેન્ડર ઓન લાઇન ઉપલબ્ધ થવાની તારીખ | ટેન્ડર ઓન લાઇન સબમીટ કરવાની છેલ્લી તારીખ અને સમય | ટેન્ડર ફી ,બાનાની રકમ અને એફીડેવીટ બૉન્ડ ફીઝીકલમા રજુ કરવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|
| ૧ થી ૫ | તા: ૧૪-૦૨-૨૫ | તા: ૨૭-૨-૨૫ ૧૮:૦૦ કલાક | તા: ૦૩-૦૩-૨૫ ૧૭:૦૦ કલાક |

રજિસ્ટર્ડ ઓફિસ : ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ., લોકાયુક્ત ભવનની પાછળ "છ" રોડ, સેક્ટર -૧૦/બી, ગાંધીનગર - ૩૮૨૦૧૦
CIN No. : U45201GJ1988SGC011453
વેબસાઈટ : www.gsphc.gujarat.gov.in
ઈ-મેઈલ : gsphcltd@gmail.com
(ક્રમાંક/સંમાનિ/અમદ/૧૫૮૩/૨૦૨૫)

**૧૮મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



સ્વ. સુશિલાબેન સુભાષચંદ્ર દેસાઈ
સ્વ.તા. ૧૩-૦૨-૨૦૨૫

નથી હયાત તમે પણ સાથે હોય એવું લાગ્યા કરે છે.
હર પલ હાજરીનો આભાસ લાગ્યા કરે છે.
ક્યારેક કહેવાયેલ વાતોના ભણકારા વાગ્યા કરે છે.
યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

◆ લિ. ◆

જિજ્ઞેશ સુભાષચંદ્ર દેસાઈ, લીના જિજ્ઞેશ દેસાઈ, ઋત્વિક જિજ્ઞેશ દેસાઈ, આકૃતિ જિજ્ઞેશ દેસાઈ
કૌશલ સુભાષચંદ્ર દેસાઈ, દુલારી કૌશલ દેસાઈ, જીયા કૌશલ દેસાઈ, રીયા કૌશલ દેસાઈ

**...ભાવભીની શ્રદ્ધાંજલિ...**



અંજલી આપતા શબ્દો ખૂટે છે,
પુષ્પાંજલી આપતા પુષ્પો ખૂટે છે, રડતાં રડતાં અશ્રુઓ ખૂટે છે,
કુદરતને જયારે ખજાનાની ખોટ પડે છે,
ત્યારે માયાળુ માનવીના ખજાના લૂંટે છે.
**શ્રેયા**, તારો લાગણીશીલ સ્વભાવ કયારેય ભુલાશે નહિ.
પ્રભુ તારા દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના...

સ્વ. શ્રેયા જીતેન્દ્ર સારંગ
જન્મ તા. ૦૭.૧૦.2003 - સ્વ. તા. ૧૨.૦૨.૨૦૨૫

ફ્રેન્ડ્સ પરિવાર
સાયન્સ ટીમ

**ત્રીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



સ્વ. અનાજીભાઈ કરમાભાઈ ચૌધરી
સ્વ.તા. ૧૪-૦૨-૨૦૨૨
તિથિ : મહાસુદ-૧૩ સોમવાર

સ્નેહથી સિંચેલા તમારા બાગમાં અમે પંખી બની કિલ્લોલ કરતા હતા, તમારી છત્રછાયામાં ઉડાઉડ કરતા હતાં, ના હતી ફિકર કે ન હતી ચિંતા તમે અમારી ઢાલ બની બેઠા હતા, જગતની દરેક સમૃદ્ધિ મળશે પણ "પિતા" જેવું કલ્પવૃક્ષ જેવી છત્રછાયા ક્યાંય નહી મળે.

પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના સહ ત્રીજી પુણ્યતિથિએ પરિવાર તરફથી શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

લિ.

ગં.સ્વ. નીલાબેન અનિલભાઈ ચૌધરી
કિશોરભાઈ એ. ચૌધરી | અંજનાબેન કે. ચૌધરી
બકુલભાઈ એ. ચૌધરી | સુધાબેન બી. ચૌધરી
ફાલ્ગુની - બકુલ | ડો. મનાલી - ડો. મુકેશ
શશાંક - ડો. નિપૂર્ણા | માલવિકા - ભાવિન
આકાશ, ઈશિતા, હેનીલ, કિથ્યા
ગામ : મોરીઠા, તા. માંડવી

**પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



સ્વ.દિનેશભાઈ એમ.રાઠોડ
સ્વ.તા. ૧૪-૦૨-૨૦૨૦

રડી પડે છે આંખો અમારી, દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી,
પળભરમાં છેતરી ગયા અમને,
કોઇ સુચના વગર સર્વત્ર સુવાસ ફેલાવી
સંભારણા સૌના દિલમાં રાખી ગયા,
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

◆ લિ. ◆

પુષ્પાબેન ડી.રાઠોડ (પત્ની)
ચિરાગ ડી.રાઠોડ(પુત્ર) - વિભૂતી બી.ગામીત (પુત્રવધુ)
ગૌરાંગ ડી.રાઠોડ(પુત્ર) - સોનુ જી.રાઠોડ (પુત્રવધુ)

**સંદેશ** સ્વજન ખોવાની દુખદ વેળાએ બેસણું આપવું
તદ્દન સરળ અને વ્યાજબી
બેસણું / શ્રદ્ધાંજલિ
ઉપરોક્ત સાઈઝ : 9 CM X 5 CM Rs. 1600/- *+5% GST
ઉપરોક્ત સાઈઝ : 9 CM X 10 CM Rs. 3200/- *+5% GST
હવે સંદેશ માં બેસણું આપવું તદ્દન સરળ:
- નીચે આપેલ નંબર ઉપર તમારું મેટર whatsapp કરો.
- whatsapp ઉપર બેસણા નો ફોટો તથા estimate મેળવો.
- નીચે આપેલ QR Code scan કરીને પેમેન્ટ કરો.
- ઘર બેઠા બેસણું કોઈ પણ એડીશન માં છપાવો.

WHATSAPP HERE TO SEND YOUR CONTENT
99099 85623
: સમય :
સોમ થી શનિ 10:30 થી સાંજે 6
રવિવારે ૧૨:૩૦ થી સાંજે ૫:૦૦
SCAN HERE TO PAY

# અડાજણની યુવતીઓને ધક્કો મારી મોબાઈલ લૂંટી લેનાર બે રીઢા આરોપીઓ ઝડપાઈ ગયા

## ૯૫ હજારના બે મોબાઈલ ખેંચી જનારા રીઢા જમીલ અને સઈદને અડાજણ પોલીસે દબોચી લીધા

। સુરત ।

અડાજણની યુવતીઓ સરદાર બ્રિજ પર મોપેડ લઈ પસાર થઈ રહી હતી ત્યારે બાઈક ઉપર ધસી આવેલા બે અજાણ્યાએ મોપેડ પાછળ બેસેલી યુવતીના હાથમાંથી બે મોબાઈલ ફોન તફડાવીને ફરાર થઈ ગયા હતા. અડાજણ પોલીસે હાથ ધરેલી તલસ્પર્શી તપાસમાં બે રીઢા સ્નેચરો ઝડપાઈ ગયા હતા.



પોલીસના જણાવ્યા મુજબ અડાજણ વિસ્તારમાં આવેલા વન ભવનની બાજુમાં રહેતી ખુશી નિલેશભાઈ વૈદ (ઉ.વ. ૧૯) હાલ બીસીએનો અભ્યાસ કરી રહી છે. ગત તા. ૮ ફેબ્રુઆરીના રોજ રાતે નવ કલાકે ખુશી તેની બહેન અને સંબંધીને મોપેડ પર લઈ હોસ્પિટલથી ઘરે સરદાર બ્રિજ પરથી જઈ રહી હતી ત્યારે બે યુવાનોએ મોપેડની પાછળ બેસેલી પ્રિયાંશીના હાથમાંથી મોબાઈલ ફોન નંગ-૨ (કિં. રૂ. ૯૫,૦૦૦)ને ખેંચી જઈને ભાગી છૂટ્યા હતા.

ઉપરોક્ત બનાવમાં અડાજણ પોલીસ મથકના ઈન્સ્પેક્ટર પી.જે. સોલંકીની સૂચના મુજબ સર્વેલન્સ સ્ટાફે તપાસ હાથ ધરી હતી. પોલીસે સીસી ટીવી કેમેરા સહિત કપડાં સહિતના વર્ણનના આધારે (૧) જમીલ મહંમદ હનીફ શા (ઉ.વ. ૩૦, રહે. દરગાહ પાસે, મોરાભાગળ), (૨) સઈદ હારૂન શેખ (ઉ.વ. ૨૮, રહે. રઝાનગર, ભાઠેના)ને નંબર પ્લેટ વિનાની પલ્સર બાઈક સાથે અડાજણ હનીપાર્ક પાસેથી ઝડપી પાડ્યા હતા. પોલીસે પૂછપરછ હાથ ધરતાં યુવતીઓના હાથમાંથી સ્નેચિંગ કરેલા મોબાઈલ ફોન મહંમદ હુસેન ઉર્ફે તૌફિક મહંમદ શબ્બીર સૈયદને રૂ. ૧૭,૦૦૦માં વેચી માર્યા હતા.

પકડાયેલો જમીલ મોબાઈલ ફોન, પર્સ અને ચેન સ્નેચિંગના કુલ ૪૦ ગુનામાં અને સઈદ ૧૯ જેટલા ગુનામાં સંડોવાયેલો હોવાનું પોલીસે જણાવ્યું હતું. ઉપરાંત અગાઉ બંનેની પાસા હેઠળ અટકાયત થઈ હતી.

# માબાપ વિહોણી ૧૪ વર્ષીય બાળકીને આપઘાત કરતાં પહેલાં પોલીસે બચાવી

। સુરત ।

પીપલોદ વિસ્તારમાં રહેતી ૧૪ વર્ષિય બાળકીને આપઘાત કરતા પહેલા જ પોલીસે બચાવી લીધી હતી. આ બાળકી રેલવે ચોકી પાસે આપઘાત કરવા પહોંચી હતી અને કોઈ જાગૃત વ્યક્તિએ પોલીસને મેસેજ આપતા આ બાળકીને બચાવાઈ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ પીપલોદમાં રહેતી ૧૪ વર્ષિય બાળકી ચાર દિવસ પહેલા પોતાના ઘરેથી કંઈપણ કહ્યા વગર નીકળી ગઈ હતી. આ અંગે ઉમરા પોલીસમાં મીસીંગની ફરિયાદ પણ નોંધાઈ હતી. દરમિયાન આજે આ બાળકી રેલવે સ્ટેશન આઉટગેટ પોલીસ ચોકી પાસે મળી આવી હતી. સ્થાનિક લોકોએ બાળકીને પકડી રાખી હતી અને પોલીસને જાણ કરતી હતી. બાળકીને લોકોએ પુછતાં તેને મરી જવાનું રટણ ગાયું હતું જેથી લોકોએ પોલીસને બોલાવી લીધી હતી અને સોંપી દીધી હતી. પોલીસના કહેવા પ્રમાણે આ બાળકીના માતા-પિતા ગુજરી ગયા છે અને તે મોટી બહેન સાથે પીપલોદમાં રહે છે. મોબાઈલ વાપરવા અંગે તેમજ ઘરના કામ અંગે વારંવાર ઠપકો મળતા બાળકી માનસિક રીતે તૂટી ગઈ હતી અને હેરાન થતી હતી. જેના કારણે કંટાળીને તે આપઘાત કરવા માટે ઘરેથી નીકળી ગયાનું પોલીસે કહ્યું હતું.







# લિંબાયતમાં બેકારીથી કંટાળીને ૩૬ વર્ષીય યુવકે આપઘાત કર્યો

સુરત : મહારાષ્ટ્ર જલગાંવના વતની અને હાલ લિંબાયત વિસ્તારમાં આવેલ શ્રીનાથ સોસાયટી વિભાગ-૩માં રહેતો ૩૬ વર્ષિય રાજેન્દ્ર ભગવાનભાઈ પાટીલ સંચા ખાતામાં નોકરી કરીને પરીવારનું ગુજરાન ચલાવતો હતો. પરંતુ છેલ્લા બે મહિનાથી તેની નોકરી છૂટી ગઈ હતી. પરિવારનું ભરણ-પોષણ કઈ રીતે કરવું તેવા વિચારોથી અને તણાવથી કંટાળીને તેણે બેકારીથી કંટાળીને બુધવારે બપોરે ઘરમાં પંખા સાથે સાડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પરિવારને જાણ થતા પોલીસે જાણ કરવામાં આવી હતી.




# પાંડેસરાના રાહુલનું શંકાસ્પદ મોત

સુરત : પાંડેસરા સ્થિત પ્રભુનગરમાં રહેતા રાહુલ વશિષ્ઠ પાંડે (ઉ.વ. ૨૩) મોબાઈલ ફોન કંપનીમાં કામ કરતો હતો. તેના પિતા કાપડના કારખાનામાં કામ કરે છે. દરમિયાન ગત તા. ૧૨ બુધવારે રાતે રાહુલના મિત્ર સાથે અન્યો મારામારી કરી રહ્યા હતા, જેઓને બચાવવા જતાં રાહુલને પણ માર મારવામાં આવ્યો હોવાનું તેના પરિવારે જણાવ્યું હતું. જેમાં ઈજા પહોંચતા તેને સારવાર અર્થે ખસેડાયો હતો. જ્યાં તેનું મોત નીપજ્યું હતું. શંકાસ્પદ મોત અંગે પીએમ રિપોર્ટ બાદ પોલીસ કાર્યવાહી હાથ ધરવામાં આવશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

# સગીરાને ગર્ભવતી કરનાર આરોપીના જામીન નામંજૂર

સુરત : બિહારના વતની અને સુરતમાં જહાંગીરપુરા વિસ્તારમાં રહેતો આલમગીર મીયા હનીફખાન પઠાણે જહાગીરપુરા વિસ્તારમાં જ રહેતા એક જ પરિવારની ત્રણ સગીરાને પોતાના ઘરે બોલાવી હતી. અહીં ઘરમાં પૈસા અને ચોકલેટ આપવાનું કહીને ત્રણેયની સાથે રેપનો પ્રયાસ કર્યો હતો. જેમાંથી એકની સાથે રેપ કરીને તેણીને ગર્ભવતી પણ કરી દેવાઈ હતી. ૧૩ વર્ષિય સગીરાને પેટમાં દુઃખાવો થતા હોસ્પિટલ લઈ ગયા બાદ સમગ્ર ઘટના બહાર આવતા આ આલમગીર પઠાણની સામે પોક્સો એક્ટ મુજબ ગુનો નોંધી તેની ધરપકડ કરાઈ હતી. જામીન મુક્ત થળા માટે આલમગીરે જામીન અરજી કરી હતી. જેની સામે સરકારી વકીલ નીતિન ચોડવડીયાએ દલીલો કરીને જામીન નામંજૂર કરવા રજૂઆત કરી હતી. કોર્ટે બંને પક્ષોની દલીલો બાદ આલમગીરના જામીન નામંજૂર કરતો હુકમ કર્યો હતો.






‘યે લાલ રંગ કબ મુજે છોડેગા’ : રોકાણકારોના માનસ પર છવાયેલું ગીત

# શેરબજાર સાવ છિન્નભિન્ન : નિફ્ટી ૫૦૦ ઈન્ડેક્સનાં ૮૧% શેરો ૨૦૦-DMAથી નીચે

ઘેરી મંદીના સંકેતો વચ્ચે મોદીની US મુલાકાતથી બજારને ટ્રિગર મળવાની આશા

| અમદાવાદ |

છેલ્લા કેટલાક સમયથી ભારતીય શેરબજારમાં મંદીનું સામ્રાજય જોવા મળી રહ્યું છે. માર્કેટમાં સતત ઓટને કારણે નિફ્ટી ૫૦૦ ઈન્ડેક્સમાં સામેલ ૫૦૦ સ્ટોક્સમાંથી ૪૦૪ અથવા ૮૧ ટકા શેરો પોતાની ૨૦૦ દિવસની મૂવિંગ એવરેજ (ડીએમએ)થી નીચે ટ્રેડ કરી રહ્યાં છે. ટેક્નિકલ રીતે ૨૦૦-ડીએમએએ બુલિશ અને બેરિશ વલણ નક્કી કરવા માટે મુખ્ય સૂચક તરીકે ધ્યાન પર લેવામાં આવે છે. એક શેર અથવા ઈન્ડેક્સ જો ૨૦૦ ડીએમએથી નીચે ટ્રેડ કરી રહ્યા હોય તો તેને મંદીમાં સપડાયેલ માનવામાં આવે છે. એનએસઈ નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ પણ તેના ૨૦૦-ડીએમએની નીચે ટ્રેડ કરી રહ્યો છે. ૧૧ ફેબ્રુઆરી સુધીમાં નિફ્ટી ૫૦માંથી ૩૫ સ્ટોક્સ લાંબા ગાળાની મૂવિંગ એવરેજથી નીચે ટ્રેડ થતાં જોવા મળ્યા હતા. જેમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ટીસીએસ, ટાટા સ્ટીલ, ટાટા મોટર્સ, આઈટીસી, હિન્દુસ્તાન યૂનિલિવર, લાર્સન એન્ડ ટુબ્રો તથા અદાણી જૂથના શેરોનો સમાવેશ થાય છે. ઉપરાંત નિફ્ટી મિડકેપ ૧૫૦ અને નિફ્ટી સ્મોલકેપ ૨૫૦ સૂચકાંકોમાં અનુક્રમે ૧૧૮ અને ૨૦૪ જેટલા સ્ટોક્સ તેમના સંબંધિત ૨૦૦-ડીએમએની નીચે ટ્રેડ કરી રહ્યાં છે, એમ એસીઈ ઈક્વિટી ડેટામાં જણાવવામાં આવ્યું હતું. બ્રોડર માર્કેટમાં વેચાણનું દબાણ એટલું ગંભીર રહ્યું છે કે, ૨૭મી સપ્ટેમ્બર ૨૦૨૪ પછી દર પાંચ નિફ્ટી ૫૦૦માંથી એક શેર ૩૦ ટકાથી વધુ તૂટયો છે. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, અમેરિકા દ્વારા શરૂ કરવામાં આવેલા વૈશ્વિક ટેરિફ યુદ્ધની પૃષ્ઠભૂમિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યુએસ મુલાકાત, બજાર માટે આગામી મુખ્ય ટ્રિગર તરીકે કામ કરશે.

નિફ્ટી ૫૦૦ પૈકની અંદર હોનાસા કન્ઝ્યૂમર, સ્ટર્લિંગ અને વિલ્સન રિન્યુએબલ એનર્જી, વ્હર્લપૂલ ઓફ ઈન્ડિયા અને અદાણી ગ્રીન એનર્જીમાં ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૪ બાદથી બાવન ટકાથી વધુનો ઘટાડો થયો છે. આ એ સમય છે જ્યારે બજારો ટોચ પર હતા. ચેન્નાઈ પેટ્રોલિયમ, સોભા, રાજેશ એક્સપોર્ટસ, થર્મેક્સ, એચએફસીએલ, જ્યુપિટર વેગન્સ, રાઈટ્સ, પીવીઆર આઈનોક્સ, શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, ગોદરેજ પ્રોપર્ટીઝ, સુઝલોન એનર્જી, એનસીસી, સ્ટાર હેલ્થ, શ્રી રેણુકા સુગર્સ અને જિયો ફાઈનાન્સિયલ સર્વિસિસમાં પણ આ સમયગાળા દરમિયાન ૩૦ ટકાથી ૫૦ ટકા સુધીનો ઘટાડો નોંધાયો છે. માર્કેટ રણનીતી અને મુખ્ય સ્તરના વિશ્લેષકોને આશા છે કે, વૈશ્વિક અને ઘરેલૂ કારણોસર હજુ ટૂંકા ગાળા સુધી માર્કેટમાં વોલેટિલિટી જોવા મળશે. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, જો નિફ્ટી ૨૩,૦૦૦ની નીચે ઘટવાનું ચાલુ રાખશે તો બજારમાં વેચવાલી વધુ તીવ્ર બની શકે છે અને નજીકના ગાળામાં ઈન્ડેક્સને ૨૨,૮૦૦-૨૨,૭૫૦ તરફ લઈ જઈ શકે છે. જેનાથી વિપરીત ૨૩,૨૫૦-૨૩,૩૫૦ તરફ કોઈપણ રિબાઉન્ડ મધ્યવર્તી પ્રતિકાર તરીકે કાર્ય કરે તેવી શકયતા છે. ત્યારબાદ ૨૩,૪૦૦ અને ૨૩,૫૦૦ની આસપાસ મહત્વપૂર્ણ અવરોધો આવી શકે છે. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ડિસેમ્બરમાં પૂરા થયેલા ત્રીજા કવાર્ટરની કમાણી અપ-ટુ-માર્ક ન હતી. શેરોના ભાવ પણ ખૂબ ઊંચા હતા. જેથી હવે અમે કેટલાક વેલ્યૂએશન આધારિત બજાર સુધારા જોઈ રહ્યાં છે. મિડકેપ અને સ્મોલકેપ સ્ટોક્સ હાઈ બીટા છે. લિક્વિડીમાં ઘટાડો થવાથી હવે વેચાણના દબાણની પણ સંભાવના છે. પરિણામે આ સ્ટોક્સ અન્ય શેરોની સરખામણીમાં ધીમા પડી ગયા છે. જો કે માર્ચ કવાર્ટરમાં કમાણી વધે તેવી અપેક્ષા છે. ૨૭મી સપ્ટેમ્બર ૨૦૨૪ બાદથી નિફ્ટીમાં ૧૨ ટકાનો ઘટાડો થયો છે. નિફ્ટી મિડકેપ ૧૫૦, નિફ્ટી સ્મોલકેપ ૨૫૦ અને બ્રોડર નિફ્ટી ૫૦૦ સૂચકાંકોમાં અનુક્રમે ૧૫.૮ ટકા, ૧૭.૬ ટકા અને ૧૪.૫ ટકાનો ઘટાડો થયો છે. સેક્ટોરલ રીતે નિફ્ટી એનર્જી અને સીપીએસઈ સૂચકાંકોને સૌથી વધુ ફટકો પડયો છે. જેમાં અગાઉના સૂચકાંકો ૨૯ ટકાથી વધુ ઘટયા છે અને ત્યારબાદ ૨૪ ટકા તૂટયા છે.

### દબાણ હેઠળ

| ઈન્ડેક્સ | ૨૦૦-ડીએમએથી નીચે ટ્રેડ કરતાં શેરોની સંખ્યા |
|---|---|
| નિફ્ટી ૫૦ | ૩૫ |
| નિફ્ટી મિડકેપ ૧૫૦ | ૧૧૮ |
| નિફ્ટી સ્મોલકેપ ૨૫૦ | ૨૦૪ |
| નિફ્ટી ૫૦૦ | ૪૦૪ |

### બજારની કફોડી હાલત

- બ્રોડર માર્કેટમાં વેચાણનું દબાણ એટલું ગંભીર રહ્યું છે કે, ૨૭મી સપ્ટેમ્બર ૨૦૨૪ પછી દર પાંચ નિફ્ટી ૫૦૦માંથી એક શેર ૩૦ ટકાથી વધુ તૂટયો છે
- ૧૧ ફેબ્રુઆરી સુધીમાં નિફ્ટી ૫૦માંથી ૩૫ સ્ટોક્સ લાંબા ગાળાની મૂવિંગ એવરેજથી નીચે ટ્રેડ થતાં જોવા મળ્યા હતા, જેમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ટીસીએસ, ટાટા સ્ટીલ, ટાટા મોટર્સ, આઈટીસી, હિન્દુસ્તાન યૂનિલિવર, લાર્સન એન્ડ ટુબ્રો તથા અદાણી જૂથના શેરોનો સમાવેશ થાય છે
- નિફ્ટી મિડકેપ ૧૫૦ અને નિફ્ટી સ્મોલકેપ ૨૫૦ સૂચકાંકોમાં અનુક્રમે ૧૧૮ અને ૨૦૪ જેટલા સ્ટોક્સ તેમના સંબંધિત ૨૦૦-ડીએમએની નીચે ટ્રેડ કરી રહ્યાં છે
- જો નિફ્ટી ૨૩,૦૦૦ની નીચે ઘટવાનું ચાલુ રાખશે તો બજારમાં વેચવાલી વધુ તીવ્ર બની શકે છે
- ૨૭મી સપ્ટેમ્બર ૨૦૨૪ બાદથી નિફ્ટીમાં ૧૨ ટકાનો ઘટાડો થયો છે
- નિફ્ટી મિડકેપ ૧૫૦, નિફ્ટી સ્મોલકેપ ૨૫૦ અને બ્રોડર નિફ્ટી ૫૦૦ સૂચકાંકોમાં અનુક્રમે ૧૫.૮ ટકા, ૧૭.૬ ટકા અને ૧૪.૫ ટકાનો ઘટાડો થયો છે
- સેક્ટોરલ રીતે નિફ્ટી એનર્જી અને સીપીએસઈ સૂચકાંકોને સૌથી વધુ ફટકો પડયો છે

ફુગાવાનો દર ઘટ્યો છતાં ટ્રેડ વોરની ચિંતા હાવિ જ રહેતાં પ્રારંભિક સુધારો ધોવાયો, સતત સાતમાં દિવસે મંદી

# ૫૯૩ પોઈન્ટ ઊંચકાયા પછી સેન્સેક્સ વધેલા મથાળેથી ૬૨૬ પોઈન્ટ ઘટીને બંધ

- નિફ્ટી પણ ૧૯૦ પોઈન્ટ ઊંચકાયા પછી વધ્યા મથાળેથી ૨૦૪ પોઈન્ટ ઘટ્યો
- સેન્સેક્સ પાછલા બંધથી ૩૨ પોઈન્ટ ઘટ્યો, નિફ્ટી ૨૩,૦૫૦થી નીચે બંધ
- મિડ કેપ ઈન્ડેક્સ ૨૭ પોઈન્ટ વધીને, સ્મોલ કેપ ૨૦૨ પોઈન્ટ ઘટીને બંધ
- રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૨૦,૦૦૦ કરોડનો ઘટાડો નોંધાયો હતો
- નિફ્ટી ફાર્મામાં ૧.૩૫ ટકાનો અને મેટલમાં ૦.૮૨ ટકાનો વધારો નોંધાયો
- નિફ્ટી આઈટીમાં ૧ ટકાનો અને પીએસયુ બેંકમાં ૦.૯૦ ટકાનો ઘટાડો થયો

| અમદાવાદ |

આજે નિફ્ટીના કોન્ટ્રાક્ટની વિક્લી એક્સપાઈયરી ડેટ હતી ત્યારે ભારે અફરાતફરીભર્યા સેશનના અંતે ભારતીય શેરબજારના સુચકાંકો નજીવા ઘટીને બંધ રહ્યા હતા. ભારતમાં ફુગાવાનો દર ઘટ્યો છે તેની રાહત વચ્ચે રોકાણકારોમાં યુએસમાં ફુગાવાના દરનો આંકડો કેટલો આવશે અને ટ્રેડ વોર કેવો આકાર લેશે તેની ચિંતા વધતા બજાર આજે ઉતારચઢાવ વચ્ચે ઝોલા ખાતું જોવા મળ્યું હતું અને સતત સાતમાં દિવસે બજારમાં મંદી હાવિ થઈ હતી.

પ્રારંભે ૩૧ પોઈન્ટ ઊંચામાં ખુલ્યા પછી સેન્સેક્સે ઈન્ટ્રા ડેમાં ૭૬,૭૬૪ની હાઈ અને ૭૬,૦૧૩ની લો સપાટી બનાવી હતી. આમ કુલ ૭૫૧ પોઈન્ટની વધઘટને અંતે સેન્સેક્સ ૩૨ પોઈન્ટ એટલે કે ૦.૦૪ ટકા ઘટીને ૭૬,૧૩૮ની સપાટીએ બંધ રહ્યો હતો. પ્રારંભે ઊંચામાં ખુલ્યા પછી સેન્સેક્સમાં તેજી તરફી ચાલ રહી હતી અને એક સમયે તે પાછલા બંધથી ૫૯૩ પોઈન્ટ ઊંચકાયો હતો. જોકે લગભગ ૧૨ વાગ્યા પછી બજારમાં ઘટાડાનો દૌર શરૂ થયો હતો જે સેશનના અંતે સુધી ચાલ્યો હતો અને વધેલા મથાળેથી સેન્સેક્સ ૬૨૬ પોઈન્ટ ઘટીને બંધ રહ્યો હતો. નિફ્ટીએ પણ પ્રારંભે ૧૦ પોઈન્ટ ઊંચામાં ખુલ્યા પછી ઈન્ટ્રા ડેમાં ૨૩,૨૩૫ની હાઈ અને ૨૨,૯૯૨ની લો સપાટી બનાવી હતી. આમ કુલ ૨૪૩ પોઈન્ટની વધઘટ પછી નિફ્ટી ૧૩ પોઈન્ટ એટલે કે ૦.૦૬ ટકા ઘટીને ૨૩,૦૩૧ની સપાટીએ બંધ રહ્યો હતો. નિફ્ટી પણ એક સમયે પાછલા બંધથી ૧૯૦ પોઈન્ટ ઊંચકાયો હતો, પરંતુ પછી વધ્યા મથાળેથી ૨૦૪ પોઈન્ટ ઘટીને બંધ રહ્યો હતો. બીએસઈ મિડ કેપ ઈન્ડેક્સ આજે ૨૭ પોઈન્ટ એટલે કે ૦.૦૭ ટકા વધીને ૪૦,૭૮૮ની સપાટીએ બંધ રહ્યો હતો, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ ૨૦૨ પોઈન્ટ એટલે કે ૦.૪૩ ટકા ઘટીને ૪૬,૯૩૩ની સપાટીએ બંધ રહ્યો હતો. બીએસઈ એસએમઈ આઈપીઓ ઈન્ડેક્સમાં આજે બીજા દિવસે પણ તેજી હતી અને આ ઈન્ડેક્સ ૯૧૯ પોઈન્ટ એટલે કે ૦.૯૮ ટકા વધીને ૯૫,૦૧૯ની સપાટીએ બંધ રહ્યો હતો.

બીએસઈ પર આજે ટ્રેડ થયેલા કુલ ૪,૦૭૪ શેર પૈકી ૧,૮૫૮ વધીને, ૨,૦૮૯ ઘટીને અને ૧૨૭ ફ્લેટ મથાળે બંધ રહ્યા હતા. બીએસઈનું એમ કેપ આજે રૂ. ૪૦૭.૨૬ લાખ કરોડ એટલે કે ૪.૬૯ ટ્રિલિયન ડોલર નોંધાયું હતું, જે ગઈ કાલના રૂ. ૪૦૭.૪૬ લાખ કરોડથી રૂ. ૨૦,૦૦૦ કરોડનો ઘટાડો દર્શાવે છે. સેન્સેક્સના ૩૦ પૈકી ૧૬ અને નિફ્ટીના ૫૦ પૈકી ૨૩ શેર વધીને બંધ રહ્યા હતા. અદાણી એન્ટરપ્રાઈસિસમાં આજે ૪.૯૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

વોલેટાલિટી ઈન્ડેક્સ આજે પણ ૦.૪૦ ટકા વધીને ૧૪.૯૬ની સપાટીએ પહોંચ્યો હતો. નિફ્ટી પરના ૧૪ સેક્ટોરલ ઈન્ડેક્સ પૈકી સાત વધીને અને સાત ઘટીને બંધ રહ્યા હતા. નિફ્ટી ફાર્મામાં ૧.૩૫ ટકાનો, હેલ્થકેરમાં ૧.૨૪ ટકાનો અને મેટલમાં ૦.૮૨ ટકાનો વધારો નોંધાયો હતો, જ્યારે નિફ્ટી આઈટીમાં ૧ ટકાનો, પીએસયુ બેંકમાં ૦.૯૦ ટકાનો અને એફએમસીજીમાં ૦.૭૯ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

### એફઆઇઆઇની રૂ. ૨,૭૮૯ કરોડની નેટ વેચવાલી

એફઆઇઆઇએ આજે ભારતીય શેરબજારમાં રૂ. ૨,૭૮૯ કરોડની નેટ વેચવાલી કરી હતી, જ્યારે ડીઆઇઆઇએ રૂ. ૨,૯૩૪ કરોડની નેટ લેવાલી કરી હતી. આ સાથે ફેબ્રુઆરીમાં એફઆઇઆઇએ કરેલી નેટ વેચવાલીનો આંકડો રૂ. ૨૪,૮૮૭ કરોડ થાય છે અને ડીઆઇઆઇએ કરેલી નેટ લેવાલીનો આંકડો રૂ. ૨૧,૬૫૪ કરોડ થાય છે.

### રૂપિયો ફ્લેટ મથાળે બંધ

યુએસ ડોલર સામે ભારતીય રૂપિયો આજે ૮૬.૮૭૫ના સ્તરે બંધ રહ્યો હતો, જે ગઇકાલના ૮૬.૮૯૨૫ના સ્તરથી સાવ નજીવો ઘટાડો દર્શાવે છે. આજે આયાતકારોમાં ડોલરની ડિમાન્ડ અને અન્ય એશિયન કરન્સિમાં મજબૂતાઇ વચ્ચે રૂપિયો ઉતારચઢાવ વચ્ચે ઝોલા ખાતો જોવા મળ્યો હતો. છેલ્લા બે દિવસમાં આરબીઆઇએ જંગી પ્રમાણમાં ડોલર વેચતા રૂપિયામાં મજબૂતાઇ જોવા મળી છે અને ચાલુ સપ્તાહમાં તે લગભગ ૮૮ની સપાટીથી ઘટીને ૮૬.૮૯ સુધી આવી ગયો છે.

## રશ્મિ સલુજાએ રેલિગેરના ડિરેક્ટર તરીકેનું પદ છોડ્યું

પુનઃનિયુક્તિની માગણીના ઠરાવની વિરુદ્ધ ૯૭ટકા મતો પડ્યા : REL

અમદાવાદ : ૧૩મી ફેબ્રુઆરીના રોજ એક્સચેન્જ ફાઈલિંગ મુજબ, રેલિગેર એન્ટરપ્રાઈઝિસના એક્ઝિક્યુટિવ ચેરપર્સન રશ્મિ સલુજાએ કંપનીના ડિરેક્ટર તરીકેનું પદ છોડી દીધું છે. રેલિગેર એન્ટરપ્રાઈઝે સ્ક્રુટિનાઈઝરના એક અહેવાલને ટાંકયો હતો. જેમાં કહેવામાં આવ્યું હતું કે, સાતમી ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ આરઈએલના બોર્ડમાં રશ્મિ સલુજાની પુનઃનિયુક્તિની માંગણીના ઠરાવની વિરૂદ્ધ ૯૭ ટકા મતો પડયા હતા.

એનબીએફસીએ સીઆઈસીના સંચાલનમાં કોઈપણ ફેરફાર માટે નિયમનકારની પૂર્વ લેખિત પરવાનગીની જરૂરિયાત જણાવવા માટે આરબીઆઈના નિયમનો પણ ઉલ્લેખ કર્યો હતો. જેના પરિણામે સ્વતંત્ર ડિરેક્ટરોને બાદ કરતાં ૩૦ ટકાથી વધુ ડિરેક્ટરોમાં ફેરફાર થાય છે. આરબીઆઈ દ્વારા ટાંકવામાં આવેલા રેગ્યુલેશનમાં જણાવવામાં આવ્યું છે કે, રોટેશન દ્વારા નિવૃત્તિના કિસ્સામાં ફરીથી ચૂંટાયેલા ડિરેક્ટર્સના મામલામાં પૂર્વ મંજૂરીની જરૂર રહેશે નહીં. રેલિગેર એન્ટરપ્રાઈઝિસે ઉપરોક્ત નિયમનના અમલ માટે માર્ગદર્શન મેળવવા ભારતીય રિઝર્વ બેંક પાસેથી સ્પષ્ટતા માંગી હતી. કંપનીએ એ વાત જાણવા માંગી કે, આ મામલામાં પૂર્વ મંજૂરીની જરૂર પડશે.

## અદાણી ગ્રીન એનર્જીની શ્રીલંકાના પવન ઊર્જા પ્રોજેક્ટમાંથી ખસી જવાની જાહેરાત

અમદાવાદ : અદાણી જૂથની અદાણી ગ્રીન એનર્જીએ જણાવ્યું હતું કે, તે શ્રીલંકામાં પવન ઉર્જા પ્રોજેક્ટ્સના બે પ્લાનમાંથી ખસી જશે. કંપનીએ શ્રીલંકાની સરકારની એજન્સીને સોંપેલા પત્રમાં આ બાબત જણાવવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અદાણી ગ્રીન એનર્જીએ આરઈ વિન્ડ એનર્જી પ્રોજેક્ટ અને શ્રીલંકામાં બે ટ્રાન્સમિશન પ્રોજેક્ટસમાં વધુ જોડાણમાંથી આદરપૂર્વક ખસી જવાના તેના બોર્ડના નિર્ણયની જાણ કરી છે. જો કે અદાણી ગ્રુપના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, અમે શ્રીલંકા માટે પ્રતિબદ્ધ છીએ અને જો શ્રીલંકાની સરકાર ઈચ્છે તો ભવિષ્યમાં સહયોગ માટે તૈયાર છીએ. ગત મહિને શ્રીલંકા સરકારે જણાવ્યું હતું કે, તેણે પ્રોજેક્ટ્સમાંથી વીજળીની કિંમત ઘટાડવા માટે અદાણી જૂથ સાથે વાટાઘાટો શરૂ કરી છે. જેનો કુલ ખર્ચ એક અબજ ડોલર થવાનો અંદાજ છે. નોંધનીય છે કે, આ સોદા હેઠળ અદાણી ગ્રીન શ્રીલંકાના ઉત્તરી પ્રાંતમાં મન્નાર ટાઉન અને પૂનરીન ગામમાં બે પવન ઉર્જા પ્રોજેક્ટ બનાવવાની હતી. અદાણી ગ્રુપ કોલંબોમાં શ્રીલંકાના સૌથી મોટા બંદર પર ૭૦૦ મિલિયન ડોલરના ટર્મિનલ પ્રોજેક્ટના નિર્માણમાં પણ સામેલ છે.

૨૦૨૨ બાદથી બીજી વખત નિયમનકાર દ્વારા કરાયેલી માંગ

# બિનસત્તાવાર રોકાણ સલાહકારોને દૂર રાખવા સોશિયલ મીડિયા સુધીની પહોંચ સહિત સેબીએ વધારાની સત્તા માંગી

યોગ્ય તપાસ માટે કોલ રેકોર્ડ તેમજ અન્ય માહિતી સુધી પહોંચ જરૂરી : બજાર નિયમનકાર

| અમદાવાદ |

વ્હોટ્સએપ, ટેલિગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી બિનસત્તાવાર રોકાણ સલાહકરોને દૂર કરવા તથા નિયમનકારી ઉલ્લંઘનની તપાસ માટે આવા તત્વોના કોલ રેકોર્ડ સુધી પહોંચ બનાવવા વધુ સત્તા આપવા બજાર નિયમનકાર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ સરકાર સમક્ષ માંગણી કરી છે, એમ સરકારી સૂત્રોએ જણાવ્યું હતું. વર્ષ ૨૦૨૨થી બીજી વખત એવું બન્યું છે કે, સેબીએ આવી વધારાની સત્તા માટે સરકાર પાસે માગણી કરી છે. જો કે આ માગણી હજુ સરકાર સમક્ષ પડતર છે. આવી સત્તાઓ હાલમાં અન્ય કાયદા અમલીકરણ એજન્સીઓ જેમ કે ટેક્સ વિભાગ, મહેસૂલ ગુપ્તચર વિભાગ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ પાસે છે પરંતુ બજાર નિયમનકાર પાસે આવી સત્તા નથી.

સેબી તરફથી આ માંગણી એવા સમયે કરવામાં આવી છે જ્યારે નિયમનકારે બજારના ઉલ્લંઘનની તપાસને વધુ તીવ્ર બનાવી છે અને સોશિયલ મીડિયા પર આવા બિનનોંધાયેલા રોકાણકારોને ડામવાની કાર્યવાહીને કડક બનાવી છે. સોશિયલ મીડિયા કંપનીઓએ નિયામક સાથે પહેલાં થયેલી બેઠક છતાં પોતાના કોલ ડેટા રેકોર્ડ, સમૂહો અને ચેનલો સુધી પહોંચ બનાવવા માટે સરકારના અનુરોધનું પાલન નથી કર્યુ. ગત સપ્તાહે સરકારને મોકલેલા પોતાના પત્રમાં સેબીએ જણાવ્યું હતું કે, મેટા પ્લેટફોર્મની વ્હોટ્સએપ જેવી કંપનીઓએ તેના સોશિયલ મીડિયા ગ્રુપ ચેટ્સ માટે નિયનકારની એક્સેસનો ઈનકાર કર્યો છે. કેમ કે, વર્તમાન માહિતી ટેકનોલોજી કાયદો મૂડી બજારોના નિરીક્ષકને અધિકૃત એજન્સી તરીકે ઓળખતો નથી. જો સામગ્રી સિક્યોરિટીઝ નિયમોનું ઉલ્લંઘન કરતી હોય તો સોશિયલ મીડિયા ચેનલો પરના કોઈપણ સંદેશાઓ, માહિતી, લિંક્સ અને જૂથોને દૂર કરવાની સત્તા માંગી હતી, એવું પત્રમાં દર્શાવવામાં આવ્યું હતું. સેબીએ ડિજિટલ અથવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ દ્વારા વાતચીત કરાયેલા કોલ્સ કે મેસેજ ડેટા રેકોર્ડસને એક્સેસ કરવાની સત્તા પણ માંગી હતી. સેબીએ પોતાના પત્રમાં જણાવ્યું હતું કે, તેને કોલ ડેટા રેકોર્ડની એક્સેસ નહીં હોવાથી બજાર નિયમોના ઉલ્લંઘનની સ્થિતિમાં તેના દ્વારા હાથ ધરવામાં આવતી તપાસ મર્યાદિત બની જાય છે. હાલ ફ્રન્ટ રનિંગ અને ઈનસાઈડર ટ્રેડિંગ જેવી ઘણી તપાસ સેબી દ્વારા ચાલુ છે.

સોના તથા ચાંદી બંનેની ચમક-દમકમાં થયેલો નોંધપાત્ર વધારો

# સોનામાં ૭૦૦ અને ચાંદીમાં ૧,૦૦૦ રૂપિયાનો વધારો

- છેલ્લા ૧૩ દિવસમાં સોનામાં ૩,૪૦૦ ચાંદીમાં ૨,૫૦૦ રૂપિયા વધ્યા
- ફેબ્રુઆરીમાં સોનાએ ત્રીજી વખત ૮૮ હજાર રૂપિયાની સપાટી વટાવી
- કૂદકે-ભૂસકે વધી રહેલા ભાવ છતાંય લગ્નગાળાને લઈને ધૂમ ખરીદી

| અમદાવાદ |

અમદાવાદના સોના-ચાંદી બજારમાં ગુરૂવારે સોના અને ચાંદી બંનેમાં અનુક્રમે ૭૦૦ અને ૧,૦૦૦ રૂપિયાનો ભાવ વધારો જોવાતા બંનેની ચમક વધી હતી. ફેબ્રુઆરી માસમાં આ ત્રીજી વખત બની રહ્યું છેકે જેમાં સોનાના ભાવ ૮૮ હજારને પાર પહોંચ્યા છે. ગત તા. ૧૦ ફેબ્રુઆરીએ ૨૪ કેરેટ સોનાનો ૧૦ ગ્રામનો ભાવ ૮૮,૬૦૦ રૂપિયાની ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યા બાદ આજે ગુરુવારે સોનાનો ભાવ ૮૮,૫૦૦ રૂપિયા પહોંચ્યો છે. ફેબ્રુઆરી માસના છેલ્લા ૧૩ દિવસમાં સોનામાં ૩,૪૦૦ રૂપિયાનો ભારે વધારો જોવા મળ્યો છે. બીજી તરફ ચાંદીની ચમક-દમક પણ નીખરી રહી છે. ગુરૂવારે એક કિલો ચાંદીની કિંમત ૯૫,૦૦૦ રૂપિયા થઇ હતી. ફેબ્રુઆરીમાં ચાંદીમાં ૨,૫૦૦ રૂપિયાનો ભાવ વધારો જોવા મળી રહ્યો છે.

વૈશ્વિક બજારમાં ગુરુવારે સોનું ૩૩ ડોલર વધીને ૨,૯૧૮ ડોલર પ્રતિ ઔંસ થયું હતું. જ્યારે ચાંદી પણ ૪૯ સેંન્ટ વધીને ૩૨.૩૨ ડોલર પ્રતિ ઔંસ થઈ હતી. કોમેક્સ સોનું ૧૫.૩૦ ડોલર વધીને ૨,૯૪૪ ડોલર પ્રતિ ઔંસ વેચાયું હતું. કોમેક્સ ચાંદી ૦.૧૫ સેંન્ટ વધીને ૩૨,૮૦૦ ડોલર પ્રતિ ઔંસ વેચાઈ હતી. MCX સોનામાં એપ્રિલ માસના વાયદામાં ૪૪૭ રૂપિયા વધ્યા હતા. આમ સોનું ૮૫,૯૨૮ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થયું હતું. જ્યારે MCX ચાંદીના માર્ચ માસના વાયદામાં ૧૧૪ રૂપિયા વધ્યા હતા. આમ એક કિલો ચાંદીનો ભાવ ૯૫,૬૧૬ રૂપિયા થયો હતો.

અમદાવાદીઓ સોના-ચાંદીમાં વાર-તહેવારે ભારે ખરીદી કરતા હોય છે. તેવામાં હાલ ચાલી રહેલા લગ્નગાળાને લઈને પણ બજારમાં ખરીદી જોવા મળી રહી છે. આ સહિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિબળોને કારણે હાલ સોના-ચાંદીના ભાવ કૂદકેને ભૂસકે વધી રહ્યા છે. સોનું તેની ઓલટાઈમ હાઈ સપાટી બનાવી રહ્યું છે.

**ફેબ્રુ.માં સોના-ચાંદીના ભાવમાં કેટલી વધઘટ રહી ?**

| તારીખ | સોનું | ચાંદી |
|---|---|---|
| ૧ | ૮૫,૧૦૦ | ૯૨,૫૦૦ |
| ૩ | ૮૫,૩૦૦ | ૯૩,૦૦૦ |
| ૪ | ૮૫,૮૦૦ | ૯૩,૫૦૦ |
| ૫ | ૮૭,૩૦૦ | ૯૫,૦૦૦ |
| ૬ | ૮૭,૫૦૦ | ૯૪,૫૦૦ |
| ૭ | ૮૭,૫૦૦ | ૯૪,૫૦૦ |
| ૮ | ૮૭,૫૦૦ | ૯૪,૦૦૦ |
| ૧૦ | ૮૮,૬૦૦ | ૯૪,૫૦૦ |
| ૧૧ | ૮૮,૩૦૦ | ૯૪,૦૦૦ |
| ૧૨ | ૮૭,૮૦૦ | ૯૪,૦૦૦ |
| ૧૩ | ૮૮,૫૦૦ | ૯૫,૦૦૦ |

(નોંધ: ૨૪ કેરેટ સોનાનો ૧૦ ગ્રામનો ભાવ, ચાંદીનો કિલોનો ભાવ છે)

## ગુજરાતના મુખ્ય ગંજબજારો

| | |
|---|---|
| **મહેસાણા** | |
| ઘઉં | ૫૭૦/૬૯૦ |
| બાજરી | ૫૩૦/૫૩૦ |
| વરીયાળી | ૧૩૫૨/૧૩૫૨ |
| એરંડા | ૧૨૩૫/૧૨૭૦ |
| રાઈ-રાયડો | ૮૦૦/૧૧૩૧ |
| ગવાર | ૮૭૦/૯૮૬ |
| અજમો | ૧૫૦૦/૧૫૦૦ |
| મહેસાણા | શાકભાજી |
| મરચાં | ૧૦૦/૮૦૦ |
| પપૈયા | ૬૦૦/૬૦૦ |
| બટાટા | ૬૦/૨૫૦ |
| લીંબુ | ૮૦૦/૧૧૦૦ |
| ભીંડા | ૪૦૦/૧૦૦૦ |
| ડુંગળી સુકી | ૧૪૦/૫૪૦ |
| દુધી | ૪૦/૨૦૦ |
| કાકડી | ૧૦૦/૮૦૦ |
| ભટ્ટા | ૧૦૦/૨૦૦ |
| રવૈયા | ૪૦/૩૦૦ |
| રીંગણ | ૪૦/૩૦૦ |
| કારેલા | ૪૦૦/૯૦૦ |
| લસણ સુકુ | ૧૦૦૦/૨૬૦૦ |
| કોબીજ | ૩૦/૧૨૦ |
| ફુલાવર | ૯૦/૪૪૦ |
| ગવાર | ૭૦૦/૧૫૦૦ |
| શકકરીયા | ૧૫૦/૩૬૦ |
| વટાણા | ૨૪૦/૪૫૦ |
| ગીલોડા | ૬૦૦/૯૦૦ |
| ટામેટા પાકા | ૮૦/૨૪૦ |
| આદુ | ૫૬૦/૭૦૦ |
| કોથમીર | ૧૨૦/૨૪૦ |
| કેળાં | ૪૦૦/૬૦૦ |

| | |
|---|---|
| ચીકું | ૫૦૦/૧૨૦૦ |
| તડબૂચ | ૧૦૦/૨૬૦ |
| સફરજન | ૧૫૦૦/૨૪૦૦ |
| દાડમ | ૩૪૦/૧૪૦૦ |
| **આંબલીયાસણ** | |
| બાજરી | ૩૯૧/૪૮૧ |
| એરંડા | ૧૨૨૦/૧૨૩૦ |
| રાઈ-રાયડો | ૯૩૧/૧૦૦૦ |
| ગવાર | ૯૦૦/૯૮૬ |
| કપાસ | ૧૩૮૧/૧૪૩૮ |
| **વિજાપુર** | |
| રાયડો | ૯૯૫/૧૦૪૧ |
| એરંડા | ૧૨૬૦/૧૨૮૦ |
| મગફળી | ૮૫૦/૧૨૫૫ |
| કપાસ | ૧૪૦૦/૧૫૧૮ |
| બાજરી | ૫૩૨/૫૪૨ |
| ઘઉં | ૫૨૦/૬૪૮ |
| જુવાર | ૯૧૮/૯૮૪ |
| ગવાર | ૯૪૦/૧૦૦૮ |
| જવ | ૩૫૦ |
| શણ | ૧૪૪૧/૧૫૫૧ |
| **વિજાપુર શાકભાજી** | |
| બટાટા | ૪૦/૨૦૦ |
| ફુલાવર | ૧૦૦/૨૪૦ |
| કોબીજ | ૨૦/૪૦ |
| રવૈયા | ૧૨૦/૨૪૦ |
| મરચાં | ૫૦૦/૬૦૦ |
| ટામેટા પાકાં | ૨૦/૧૨૦ |
| દુધી | ૨૪૦ |
| ચોળી | ૩૦૦ |
| વાલોર | ૩૦૦ |
| તુવેર | ૩૦૦ |

| | |
|---|---|
| ભટ્ટા | ૨૦/૨૦૦ |
| ગાજર | ૪૦/૨૦૦ |
| મેથી | ૪૦/૧૦૦ |
| ધાણા લીલા | ૮૦/૨૦૦ |
| લીલું લસણ | ૪૫૦ |
| બોર | ૪૦/૨૦૦ |
| સિમલા મરચાં | ૧૦૦/૧૬૦ |
| ડુંગળી લીલી | ૧૫૦/૨૬૦ |
| **ગોઝારીયા** | |
| રાયડો | ૧૦૦૯/૧૦૫૧ |
| કપાસ | ૧૦૫૦/૧૪૭૦ |
| બાજરી | ૪૭૦ |
| ઘઉં | ૫૬૧/૬૦૫ |
| ગવાર | ૯૯૪ |
| **કુકરવાડા** | |
| રાયડો | ૯૩૬/૧૦૪૧ |
| એરંડા | ૧૨૧૧/૧૨૬૨ |
| કપાસ | ૧૩૬૦/૧૪૭૮ |
| બાજરી | ૫૦૧/૫૧૨ |
| ઘઉં | ૫૫૦/૬૪૫ |
| જુવાર | ૭૫૧/૯૨૧ |
| ગવાર | ૯૫૦/૧૦૦૮ |
| **પાટણ** | |
| વરીયાળી | ૧૨૭૧/૧૪૧૭ |
| સુવા | ૧૨૫૧ |
| રાયડો | ૯૨૦/૧૧૩૦ |
| એરંડા | ૧૨૧૧/૧૨૭૯ |
| અજમો | ૧૫૬૬ |
| ઘઉં | ૫૮૦/૬૯૫ |
| જુવાર | ૧૦૬૦/૧૦૭૦ |
| બાજરી | ૪૮૦/૫૯૬ |
| બંટી | ૬૦૦ |
| રાજગરો | ૧૦૫૦/૧૨૪૦ |
| ર.બાજરી | ૬૦૪/૬૨૬ |

| | |
|---|---|
| અડદ | ૧૧૦૦/૧૧૮૫ |
| ગવાર | ૯૦૦/૯૮૫ |
| કપાસ | ૧૧૦૦/૧૪૮૯ |
| **હિંમતનગર** | |
| મગફળી | ૯૫૦/૧૪૫૬ |
| એરંડા | ૧૨૪૦/૧૨૬૩ |
| ઘઉં | ૬૧૬/૬૭૬ |
| બાજરી | ૪૯૦/૫૪૦ |
| મકાઈ | ૪૮૫/૫૩૫ |
| કપાસ | ૧૩૨૦/૧૪૯૫ |
| સોયાબીન | ૭૭૦/૮૦૦ |
| **ડીસા** | |
| એરંડા | ૧૨૪૫/૧૨૫૩ |
| રાયડો | ૧૦૪૧/૧૧૩૮ |
| મગફળી | ૯૦૦/૧૦૫૧ |
| ઘઉં | ૫૬૫/૬૩૫ |
| બાજરી | ૫૪૦/૬૨૧ |
| રાજગરો | ૧૧૩૧/૧૨૭૪ |
| ગવાર | ૮૯૧/૮૯૧ |
| તલ | ૧૬૭૬/૧૭૩૧ |
| રજકા બાજરી | ૫૭૧/૫૭૧ |
| **કડી** | |
| ઘઉં | ૬૦૩/૬૯૨ |
| બાજરી | ૫૦૧/૬૩૧ |
| ડાંગર | ૩૧૧/૪૮૦ |
| મગ | ૧૦૦૦/૧૪૧૬ |
| મઠ | ૧૨૪૦/૧૫૧૮ |
| ગવાર | ૮૫૦/૯૪૦ |
| તુવેર | ૧૧૯૫/૧૪૫૪ |
| એરંડા | ૧૨૪૦/૧૨૭૧ |
| રાયડો | ૮૨૦/૧૦૦૦ |
| જીરૂ | ૩૩૫૦/૩૩૫૦ |
| ચણા | ૯૦૨/૯૦૨ |
| કપાસ | ૧૩૨૪/૧૪૫૯ |

| | |
|---|---|
| **હારીજ** | |
| એરંડા | ૧૨૩૦/૧૨૭૬ |
| તલ | ૧૬૫૦/૧૬૫૦ |
| ઘઉં | ૫૮૦/૬૫૧ |
| અડદ | ૫૮૦/૬૫૧ |
| ચણા | ૧૦૫૦/૧૧૨૧ |
| તુવેર | ૧૨૮૦/૧૪૨૯ |
| સવા | ૧૧૦૦/૧૩૦૫ |
| જીરૂ | ૩૪૦૦/૩૮૧૨ |
| ઈસબગુલ | ૧૮૦૦/૧૯૫૦ |
| કપાસ | ૧૨૬૦/૧૩૫૦ |
| **સિધ્ધપુર** | |
| રાયડો | ૯૧૫/૧૧૨૨ |
| એરંડા | ૧૨૨૦/૧૨૭૪ |
| ગવાર | ૯૦૦/૧૦૦૨ |
| ઘઉં | ૫૭૫/૬૯૦ |
| બાજરી | ૪૮૫/૬૦૫ |
| જુવાર | ૧૦૫૧/૧૧૩૫ |
| કપાસ | ૧૨૪૦/૧૫૧૪ |
| **શિહોરી** | |
| એરંડા | ૧૨૬૦/૧૨૭૧ |
| ગવાર | ૯૫૧/૯૫૫ |
| બાજરી | ૫૨૦/૫૩૫ |
| રાજગરો | ૯૫૨/૧૨૦૦ |
| કપાસ | ૧૨૦૦/૧૪૧૧ |
| **થરા** | |
| જીરૂ | ૩૫૫૨/૪૦૫૦ |
| એરંડા | ૧૨૬૧/૧૨૮૫ |
| રાયડો | ૯૭૦/૧૦૦૦ |
| વરીયાળી | ૧૨૫૦/૧૩૬૦ |
| ઘઉં | ૫૫૬/૬૫૮ |
| બાજરી | ૫૩૯/૫૬૮ |
| જુવાર | ૭૦૨/૭૦૨ |
| તલ | ૧૭૦૦/૧૭૦૦ |

| | |
|---|---|
| કપાસ | ૧૩૦૦/૧૪૨૦ |
| રજકા બાજરી | ૫૫૦/૬૦૦ |
| **ચાણસ્મા** | |
| કપાસ | ૧૧૯૫/૧૪૩૭ |
| એરંડા | ૧૨૦૮/૧૨૬૮ |
| **પાલનપુર** | |
| ઘઉં | ૬૧૩/૭૦૦ |
| જુવાર | ૧૧૨૯/૧૧૩૭ |
| બાજરી | ૫૧૫/૫૫૦ |
| ગવાર | ૯૯૨/૯૯૨ |
| એરંડા | ૧૨૪૫/૧૨૬૨ |
| રાયડો | ૯૫૧/૧૧૦૯ |
| મગફળી | ૮૫૦/૧૩૧૧ |
| રાજગરો | ૧૧૨૦/૧૩૦૦ |
| **વિસનગર** | |
| વરીયાળી | ૧૦૦૦/૪૦૦૦ |
| ઘઉં | ૫૬૩/૭૧૨ |
| જુવાર | ૭૪૦/૧૧૦૦ |
| બાજરી | ૪૯૦/૫૭૩ |
| તુવેર | ૧૨૬૧/૧૨૬૧ |
| અડદ | ૧૧૦૦/૧૨૬૧ |
| સોયાબીન | ૭૫૧/૭૫૧ |
| ગવાર | ૭૫૦/૧૦૧૪ |
| રાયડો | ૯૫૧/૧૧૩૬ |
| એરંડા | ૧૨૨૧/૧૨૭૫ |
| કપાસ | ૧૧૫૦/૧૪૯૩ |
| **ઉનાવા** | |
| કપાસ | ૧૦૦૧/૧૫૨૧ |
| એરંડા | ૧૨૫૫/૧૨૭૫ |
| રાયડો | ૯૧૧/૧૦૬૨ |
| **દહેગામ** | |
| બાજરી | ૫૬૯/૫૭૮ |
| ઘઉં | ૫૭૦/૫૮૮ |
| ડાંગર | ૪૮૦/૫૩૫ |

| | |
|---|---|
| ગવાર | ૯૬૦/૯૮૮ |
| જુવાર | ૮૫૦/૯૪૪ |
| મઠ | ૧૧૫૦/૧૨૦૦ |
| એરંડા | ૧૨૨૦/૧૨૪૦ |
| **તલોદ** | |
| મગફળી-૨૪ | ૯૫૫/૧૩૧૦ |
| એરંડા | ૧૨૫૪/૧૨૬૮ |
| રાઈ | ૯૫૦/૧૦૩૧ |
| ઘઉં | ૫૭૫/૬૦૦ |
| બાજરી | ૫૫૦/૬૧૯ |
| ગવાર | ૮૫૦/૧૦૦૮ |
| ડાંગર(જયા) | ૪૭૦/૫૫૦ |
| **હસરોલ** | |
| કપાસ | ૧૪૦૦/૧૪૪૬ |
| **વિરમગામ** | |
| ડાંગર-ગુજરી | ૪૨૩ |
| એરંડા | ૧૨૩૪/૧૨૫૦ |
| ઘઉં | ૬૨૧ |
| કપાસ | ૧૨૦૦/૧૪૬૭ |
| તુવેર | ૧૨૩૮/૧૪૦૦ |
| સવા | /૧૧૬૫ |
| **પ્રાંતિજ** | |
| એરંડા | ૧૨૨૦/૧૨૫૦ |
| ઘઉં | ૫૦૦/૫૬૦ |
| બાજરી | ૫૦૦/૫૫૦ |
| ડાંગર-ગુજરી | ૪૮૦/૫૩૫ |
| **સલાલ** | |
| ઘઉં | ૫૧૦/૫૪૦ |
| બાજરી | ૪૮૦/૫૩૦ |
| ડાંગર-ગુજરી | ૪૯૦/૫૩૦ |
| **ધ્રાંગધ્રા એપીએમસી** | |
| કપાસ | ૧૧૦૦/૧૩૦૦ |
| એરંડા | ૧૨૩૬/૧૨૪૭ |
| સવા | ૧૧૫૦ |

| | |
|---|---|
| ધાણી | ૧૦૨૫/૧૧૦૦ |
| જીરૂ | ૩૧૩૦/૩૫૫૦ |
| રાઈ | ૧૦૭૫/૧૧૬૨ |
| ગવાર | ૮૫૦ |
| વરીયાળી | ૧૧૩૫ |
| **પાટડી એપીએમસી** | |
| એરંડા | ૧૨૨૦/૧૨૨૫ |
| જીરૂ | ૩૫૫૦/૩૭૧૦ |
| તુવેર | ૧૨૧૫/૧૪૭૯ |
| ગવાર | ૮૯૫/૯૦૫ |
| **રાજકોટ યાર્ડ** | |
| **અનાજના ભાવ** | |
| કપાસ બી.ટી | ૧૩૦૦/૧૪૮૦ |
| ઘઉં લોકવન | ૬૦૩/૬૩૯ |
| ઘઉં ટુકડા | ૬૧૨/૬૨૬ |
| જુવાર સફેદ | ૭૫૦/૯૯૦ |
| જુવાર લાલ | ૧૦૦૦/૧૧૦૦ |
| બાજરી | ૩૫૦/૪૯૦ |
| તુવેર | ૧૧૮૫/૧૫૧૫ |
| ચણા પીળા | ૯૬૦/૧૧૪૫ |
| ચણા સફેદ | ૧૧૮૦/૨૧૦૦ |
| અડદ | ૧૨૮૫/૧૫૭૮ |
| મગ | ૧૨૪૦/૧૭૪૦ |
| વાલ દેશી | ૮૨૦/૧૧૨૫ |
| ચોળી | ૧૩૦૦/૨૪૪૫ |
| મઠ | ૫૫૫/૯૫૦ |
| વટાણા | ૨૦૦૦/૨૮૭૫ |
| કળથી | ૭૫૦/૮૭૫ |
| મગફળી જાડી | ૯૧૦/૧૧૧૫ |
| મગફળી જીણી | ૯૩૦/૧૨૨૦ |
| તલી | ૧૮૭૫/૨૦૯૦ |
| એરંડા | ૧૧૫૦/૧૨૩૦ |
| અજમો | ૧૨૪૦/૧૭૫૦ |
| સોયાબીન | ૭૪૦/૭૮૨ |
| સીંગફાડા | ૧૦૭૦/૧૩૨૦ |

## અમદાવાદના વિવિધ બજારો

| | |
|---|---|
| **(સોના-ચાંદી બજાર)** | |
| ચાંદી ચોરસા | ૯૩,૦૦૦/૯૫,૦૦૦ |
| ચાંદી રૂપું | ૯૨,૮૦૦/૯૪,૮૦૦ |
| ચાંદી સિક્કા જૂના (૧ નંગ) | ૧૦૦૦/૧૨૦૦ |
| સોનું સ્ટાન્ડર્ડ (૯૯.૯) | ૮૭,૫૦૦/૮૮,૫૦૦ |
| સોનું તેજાબી (૯૯.૫) | ૮૭,૨૦૦/૮૮,૨૦૦ |
| સોનું હોલમાર્ક | ૮૬,૭૩૦ |
| **(તેલ બજાર)** | |
| સિંગતેલ જૂના ડબ્બા (૧૫ કિ.ગ્રા.) | ૨૨૫૦ |
| સિંગતેલ નવા ડબ્બા (૧૫ કિ.ગ્રા.) | ૨૪૦૦/૨૫૦૦ |
| સિંગતેલ નવો ડબ્બો (૧૫ લીટર) | ૨૩૦૦ |
| કપા. જૂનો ડબ્બા (૧૫ કિ.ગ્રા.) | ૨૧૨૦ |
| કપા. નવા ડબ્બા (૧૫ કિ.ગ્રા.) | ૨૨૨૦/૨૩૪૦ |
| રાઈસ બ્રાન્ડ તેલ (૧૫ લીટર) | ૨૩૦૦ |
| સોયાબીન નવા | ૨૦૫૦/૨૩૦૦ |
| દિવેલ | ૨૨૦૦ |
| પામોલીન જૂનો ડબ્બો (૧૫ કિ.) | ૨૧૫૦ |
| પામોલીન નવો ડબ્બો | ૨૨૩૦ |
| કોપરેલ | ૩૭૨૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૮૦/૨૪૮૦ |
| સરસિયું મોળું | ૨૨૩૦ |
| સરસિયું તીખુ | ૨૩૬૦ |
| સનફ્લાવર(૧૫લિટર) | ૨૨૨૦ |
| મકાઈ તેલ | ૨૧૨૭ |
| કપાસિયા (૫ લિટર) | ૬૯૦/૭૫૦ |
| સિંગતેલ (૫ લિટર) | ૭૬૦/૭૭૦ |
| **ચીમનભાઈ માર્કેટ** | |
| **(૨૦ કિલોના ભાવ)** | |
| બટાટા દેશી | ૧૪૦/૨૪૦ |
| બટાટા ડીસા | ૧૩૦/૨૬૦ |

| | |
|---|---|
| ડુંગળી સૌરાષ્ટ્ર | ૩૦૦/૬૦૦ |
| ડુંગળી મહારાષ્ટ્ર | ૬૦૦/૭૦૦ |
| **(સરદાર પટેલ માર્કેટ)** | |
| **(૨૦ કિલોના ભાવ)** | |
| રીંગણ | ૨૦૦/૪૦૦ |
| રવૈયા | ૨૦૦/૮૦૦ |
| કોબીજ | ૪૦/૧૦૦ |
| ફુલાવર | ૧૬૦/૨૬૦ |
| વાલોર | ૧૪૦/૪૦૦ |
| ટામેટા | ૬૦/૧૬૦ |
| દૂધી | ૧૩૦/૩૦૦ |
| તુવેર | ૫૦૦/૧૧૦૦ |
| વટાણા | ૩૦૦/૪૪૦ |
| સરગવો | ૮૦૦/૧૧૦૦ |
| ભીંડા | ૭૦૦/૧૦૦૦ |
| કાકડી | ૧૪૦/૨૬૦ |
| કારેલા | ૫૦૦/૭૦૦ |
| ગવાર | ૬૦૦/૧૬૦૦ |
| ચોળી | ૬૦૦/૧૪૦૦ |
| ગીલોડા | ૪૦૦/૧૨૦૦ |
| મરચાં દેશી | ૫૦૦/૭૦૦ |
| મરચાં ગોલર | ૧૨૦/૨૪૦ |
| લીંબુ | ૬૦૦/૧૦૦૦ |
| આદુ | ૬૦૦/૬૮૦ |
| બીટ | ૧૬૦/૨૪૦ |
| ગાજર | ૧૬૦/૨૨૦ |
| મેથી | ૨૦૦/૪૦૦ |
| કોથમીર | ૧૪૦/૩૦૦ |
| લીલા ચણા | ૬૦૦/૭૦૦ |
| **(જેતપુર માર્કેટ)** | |
| ડાંગર ગુજરી | --------/-------- |
| **(એપીએમસી ફૂલ બજાર)** | |

આગ લાગે ત્યારે કૂવો ખોદતું પાલિકા આ વખતે પણ દોડતું દેખાયું

# વરિયાવની ઘટના બાદ 'ગટરનાં ઢાંકણાં ચકાસો, મરામત કરો' અભિયાન જોરમાં

## એક જ દિવસમાં ત્રણ ઝોનમાં ૧૬ ગેરકાયદે ડ્રેનેજ જોડાણો કાપી નંખાયા

| સુરત |

વરિયાવમાં સ્ટ્રોમ લાઈનની ખુલ્લી ગટરમાં બે વર્ષીય બાળક પડી ગયા બાદ મોતને ભેટ્યું હતું. ગત અઠવાડિયે થયેલી ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. સ્ટ્રોમ લાઈનમાં ગેરકાયદે ડ્રેનેજ જોડાણો હોવાનો ભાંડો ફૂટ્યો હતો. તે સાથે જ શહેરના અનેક વિસ્તારોમાં ડ્રેનેજના ગેરકાયદે જોડાણોની બુમરાણ, ફરિયાદો ઉઠી હતી. આ સ્થિતિમાં ઘટનાની ગંભીરતા અને પછી શાસકોની કડકાઈ બાદ પાલિકાનું વહીવટી તંત્ર દોડતું થયું છે. જેને પગલે પાછલા ત્રણ દિવસથી ચાલી રહેલું 'ગટરના ઢાંકણા ચકાસો, મરામત કરો' અભિયાન જોરમાં હોય એમ ગુરુવારે એક જ દિવસમાં ત્રણ ઝોનના ૧૬ ગેરકાયદે ડ્રેનેજ જોડાણો કાપી નાંખવામાં આવ્યા હતા.

પાલિકામાં સ્થાયી સમિતિના ચેરમેન રાજન પટેલે લાલ આંખ કરતા શહેરભરમાં તૂટેલા ગટરના ઢાંકણા રિપેર કરવાની કામગીરીનો આદેશ કરી ૭ દિવસમાં રિપોર્ટ માંગ્યો છે. આ સિવાય ડ્રેનેજ કમિટી ચેરમેન કેયૂર ચપટવાલા પણ આકરા પાણીએ હોય એમ રોજેરોજની અપડેટ માંગી રહ્યા છે. એવામાં ત્રણ દિવસથી ચાલી રહેલી કામગીરીનો સિલસિલો ગુરુવારે પણ અકબંધ રહ્યો હતો. દરમિયાન લિંબાયત ઝોનમાં ૧૪ મશીન હોલ ચેમ્બર મરામત, ૫ ઈનલેટ ચેમ્બર મરામત સાથે ૧ ગેરકાયદે ડ્રેનેજ જોડાણ કાંપી નાંખવામાં આવ્યું હતું. ઉધના ઝોનમાં ૧૪ મશીન હોલ ચેમ્બર મરામત, ૧૪ ઈનલેટ ચેમ્બર મરામત સાથે ૪ ગેરકાયદે ડ્રેનેજ જોડાણ બંધ કરી દેવાયા હતા. જ્યારે રાંદેર ઝોનમાં ૨ મશીન હોલ ચેમ્બર મરામત, ૫ ઈનલેટ ચેમ્બર મરામત સાથે ૧૧ ગેરકાયદે ડ્રેનેજ જોડાણ કાંપી નાંખવામાં આવ્યા છે. રાંદેર ઝોનમાં ઉગત ભેંસાણ રોડ પર આવેલા શાંતિનગરમાં તબેલાઓના જોડાણ કાંપી નાંખવામાં આવ્યા હતા.

### રાંદેર ઝોનના ચારેયના જવાબ તૈયાર, હવે રિપોર્ટ પર મદાર

વરિયાવની ઘટનામાં રાંદેર ઝોનના કાર્યપાલક ઇજનેર, ડેપ્યુટી ઇજનેર, જુનિયર ઇજનેર, સુપરવાઇઝરને શો-કોઝ નોટિસ ફટકારવામાં આવી હતી. તે પૈકી ડેપ્યુટી ઇજનેર નીતિન ચૌધરી અને જુનિયર ઇજનેર રાકેશ પટેલે હમણાં કામગીરી સોંપાઇ હોવાનો, વિસ્તાર મોટો હોવાના ખુલાસા સાથે જવાબ રજૂ કર્યો હતો. જ્યારે સુપરવાઇઝર ચેતન રાણાએ પણ બંધ કવરમાં જવાબ રજૂ કરી દીધો છે. જ્યારે કાર્યપાલક ઇજનેર તેજસ પટેલને સાત દિવસનો સમય આપવામાં આવ્યો હોય ગુરુવારે સવારે બંધ કવરમાં જવાબ રજૂ કરી દેવાયો હતો. હવે શો-કોઝ નોટિસ આપી છે એ તમામ કર્મચારીઓનો જવાબ રજૂ થઇ ગયો હોય ઝોનલ ચીફ ધર્મેશ મિસ્ત્રી જવાબોને આધારે રિપોર્ટ તૈયાર કરશે. કર્મચારીઓના જવાબને આધારે વધુ માહિતી, તપાસની આવશ્યકતા હોય તો તેનો પણ ઉલ્લેખ થશે. ઝોનલ ચીફ પાલિકા કમિશનર સમક્ષ રિપોર્ટ રજૂ કરશે અને તેને આધારે આગળની કાર્યવાહી ચાલશે. બીજી બાજુ પોલીસ તંત્ર દ્વારા દાખલ કરવામાં આવેલા સાપરાધ મનુષ્યવધના ગુનાને આધીન પાલિકા તંત્ર પાસે માહિતી માંગવામાં આવી છે. પોલીસે માહિતી રજૂ કરવા બીજી વખતનું રિમાઇન્ડર આપી દીધું છે. એવામાં હવે ટૂંકમાં પોલીસને પણ માહિતી રજૂ કરી દેવાની શક્યતા નકારી શકાઇ નહીં.

કરિયાણાના ૧૧ વેપારીઓને ચૂનો ચોપડ્યો હતો

# રૂ. ૫૦ લાખની ઠગાઈમાં અંબિકા ટ્રેડર્સની મહિલા સંચાલિકાની અટક

| સુરત |

કરિયાણાના ૧૧ વેપારીઓ પાસેથી ૪૯.૭૭ લાખ રૂપિયાનો માલ લઈ છેતરપિંડીના ગુનામાં અમરોલીની અંબિકા ટ્રેડર્સની મહિલા સંચાલિકાની ધરપકડ કરાઈ હતી.

રાંદેર પંચવટી સોસાયટીમાં રહેતાં વિરેન પ્રવીણ મોરબીયા દિલ્હીગેટ ડાંગી શેરીમાં આર.કે. એજન્સીના નામે કરિયાણાની એજન્સી ધરાવે છે. તેમના સેલ્સમેન જિતેન્દ્ર મોદી ઘણા સમયથી અમરોલી માન સરોવર સર્કલ પાસે સહયોગ પાર્કમાં અંબિકા ટ્રેડર્સના નામે વેપાર કરતાં પ્રતાપરામ રણછોડરામ પટેલ અને તેના પુત્ર ગોવિંદરામ પ્રતાપરામ પટેલ તથા તેમની પત્ની ભંવરીબેન પટેલ (ત્રણેય રહે. સંસ્કાર રેસી., ન્યૂ કોસાડ રોડ, અમરોલી)ને ઘણા સમયથી ઓળખતા હોઈ તેમની સાથે વેપાર ચાલુ કર્યો હતો.

ફેબ્રુઆરીમાં અંબિકા ટ્રેડર્સે ઉઠામણું કર્યાની બૂમ ઉઠી હતી. આ વેપારીએ તેમાં ૭.૫૨ લાખથી વધુનો માલ ગુમાવ્યો હતો. તપાસ કરતાં નાના વરાછા, સારોલી, વરાછા સહિતના વિસ્તારોમાંથી બીજા ૧૦ વેપારીઓએ પણ આ ત્રિપુટીને ૪૨.૨૪ લાખનો માલ આપ્યાનું બહાર આવતાં આ વેપારીઓ ક્રાઈમ બ્રાન્ચમાં પહોંચ્યા હતા.

પોલીસે ગુનો નોંધવાની સાથે આર્થિક ગુના નિવારણ શાખાને તપાસ સોંપી હતી. દરમિયાન આ ગુનામાં ભંવરી પ્રતાપરામ રણછોડરામ પટેલ (ઉ.વ. ૪૫, રહે. દુર્ગાનગર, લાલચોક, અસારાનગર, મહારાષ્ટ્ર- મૂળ બાલોતરા, રાજસ્થાન) આગોતરા જામીન લઈ હાજર થતા ઈકો સેલે ધરપકડની કાર્યવાહી કરી હતી.

રવિ પટેલે કુટુંબી ભાભી સાથે મળી વીલમાંથી બહેનનું નામ કઢાવ્યું

# સીમાડાની જમીન હડપ કરવા મામલે બહેને સગા ભાઈ સામે ગુનો નોંધાવ્યો

## મામલતદારે ઈશ્યૂ કરેલી ૧૩૫-ડીની નોટિસો પણ બારોબાર મેળવી લીધી

| સુરત |

સીમાડાની કિંમતી જમીન હડપ કરવા મામલે બહેને સગા ભાઈ સાથે ક્રાઈમ બ્રાંચમાં ગુનો નોંધાવ્યો છે. ભાઈ એ કુટુંબી ભાભી સાથે મળી બહેનનું નામ કમી કરાવવા ખેલ કરવા સાથે બારોબાર ૧૩૫-ડીની નોટિસો પણ મેળવી લીધી હતી.

મળતી વિગતો પ્રમાણે નાના વરાછામાં રાજારામનગર સોસાયટીમાં શિવશક્તિ બંગ્લોઝમાં રહેતા દક્ષાબેન સંજયભાઈ પટેલ (ઉ.વ. ૪૬) ઘરકામ કરે છે. તેમણે ક્રાઈમ બ્રાંચમાં સગા ભાઈ રવિ અશોક પટેલ અને કુટુંબી ભાભી જીગીશા પટેલ સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે પુણાના મોજે ગામ સીમાડાના ખાતા નં. ૧૨૪, બ્લોક નં. ૫૪ વાળી જૂની શરતની ખેતીવાળી જમીન માતા ચંદ્રિકાબેન અશોકભાઈ પટેલે સંયુક્ત રીતે રજિસ્ટ્રાર વેચાણ દસ્તાવેજથી રાખી હતી. ત્યારબાદ સામાયિકપણામાં દક્ષાબેન, ભાઈ રવિ પટેલ અને અન્ય બહેનોના નામે દાખલ કરવામાં આવ્યા હતા. આ રીતે આ જમીનના સહ માલિક મુખત્યાર અને કબજેદાર તરીકે દક્ષાબેન ચાલી આવ્યા છે.

આ ઉપરાંત, સીમાડાના ખાતા નં. ૧૨૪, બ્લોક નં. ૫૫વાળી જૂની શરતની જમીન દાદાના નામે ચાલી આવી હતી. જમીનમાં ઉત્તરોત્તર વારસાઈના આધારે ફેરફારો થતા માતા ચંદ્રિકાબેન, દક્ષાબેન, ભાઈ રવિ અને અન્ય બહેનોના નામ દાખલ કરવામાં આવ્યા હતા. વડીલોપાર્જિત તમામ મિલકતનો વહીવટ પિતાના અવસાન બાદ ભાઈ રવિ પટેલ કરતો હતો. ત્યારબાદ માતા ચંદ્રિકાબેનનું તા.૨૨-૯-૨૨ના રોજ અવસાન થતા ભાઈ રવિ જ જમીનોનો વહીવટ કરતો હતો. વિશ્વાસ રાખી રવિ જે કાગળ પર કહેતો તે કાગળ પર તેઓ સહી કરી દેતા હતા. ત્યારબાદ રવિએ માતા ચંદ્રિકાબેન દ્વારા તા. ૧૧-૭-૧૯ના રોજનું તેઓની જાણ બહાર વીલ બનાવ્યું હતું. જે વીલ તા.૪-૪-૨૩ના રોજ રજિસ્ટર્ડ કરાવ્યું હતું. જે વસિયતના આધારે બંને જૂની શરતની ખેતીકામવાળી જમીનમાં વસિયતનામાની નોંધ પડાવી દક્ષાબેનનું નામ કમી કરાવી પોતાનું નામ દાખલ કરાવી દીધું હતું.

### બહેન વિદેશ રહેતા હોવાનું ટપાલી સમક્ષ જુઠ્ઠાણું ચલાવ્યું

૧૩૫-ડીની નોટિસ મામલતદાર કચેરીમાંથી કાઢવામાં આવી છે કે કેમ તે બાબતે તપાસ કરવા નાના વરાછા પોસ્ટ ઓફિસ દક્ષાબેન ગયા હતા. જ્યાં એવું જાણવા મળ્યું કે, રવિ પટેલે કુટુંબી ભાભી જિગીશા પટેલ સાથે મળી પોસ્ટ ઓફિસ જઇ દક્ષાબેન વિદેશ રહેતા હોવાનું અને દક્ષાબેને બધો પાવર રવિને આપ્યો હોવાનું જુઠ્ઠાણું પોસ્ટમેન દીપક વાઘેલા સમક્ષ ચલાવ્યું હતું. જિગીશા પટેલે દક્ષાબેન વતી સહીઓ કરી ૧૩૫-ડીની નોટિસ મેળવી લઇ દક્ષાબેનને આ સમગ્ર ખેલની ગંધ સુદ્ધાં આવવા દીધી ન હતી. પોસ્ટમેન દીપક વાઘેલાની પૂછપરછ કરતા આ હકીકત જાણવા મળી હતી. આમ, સગા ભાઇ રવિ અને કુટુંબી ભાભીએ મિલીભગત રચી કિંમતી જમીન હડપ કરવા કારસો રચવા સાથે ૧૩૫-ડીની નોટિસો મેળવવા ટપાલીને પણ ગેરમાર્ગે દોર્યો હતો. દક્ષાબેનની ફરિયાદના આધારે ક્રાઇમ બ્રાંચે રવિ અશોક પટેલ અને જિગીશા જિગ્નેશ પટેલ (બંને રહે. મનસુખનગર, નાના વરાછા) સામે છેતરપિંડીનો ગુનો નોંધ્યો હતો. ઇકો સેલના પીઆઇ જાડેજા આ મામલે તપાસ કરી રહ્યા છે.

મેન્ટેનન્સ માટે ૨.૧૨ કરોડ રૂપિયાનો ખર્ચ કરાશે

# એક્વેરિયમથી પાલિકાને પાંચ વર્ષમાં રૂ. ૬.૭૮ કરોડની આવક

| સુરત |

શહેરના પાલ વિસ્તારમાં આવેલા એક્વેરિયમના મેન્ટેનન્સ માટેની દરખાસ્તને સ્ટેન્ડિંગ કમિટીમાં પાલિકાએ મંજૂરી આપી હતી. પાલિકા બે વર્ષના ઓપરેશન અને મેન્ટેનન્સ માટે ૨.૧૨ કરોડ રૂપિયા ખર્ચશે. જો આવકની વાત કરીએ તો પાલિકાને છેલ્લા પાંચ વર્ષમાં એક્વેરિયમથી ૬.૭૮ કરોડ રૂપિયાની આવક થઈ છે. પાલ સ્થિત એક્વેરિયમ વિવિધ પ્રજાતિની માછલીઓ અને દરિયાઈ જીવો મૂકવામાં આવ્યા છે, જેમાં કેટલીક દુર્લભ પ્રજાતિની માછલીઓ અને જળચર પણ છે. પાલિકા દ્વારા તેના મેન્ટેનન્સ માટેનો કોન્ટ્રાક્ટ પ્રાઈવેટ પાર્ટીને આપવામાં આવ્યો છે. જેની મુદત સમાપ્ત થવાની હોય પાલિકા દ્વારા સ્થાયી સમિતિ સમક્ષ બે વર્ષના મેન્ટેનન્સ અને મોનિટરિંગ માટે ૨.૧૨ કરોડ રૂપિયાની દરખાસ્ત મૂકવામાં આવી હતી. જેને મંજૂરી આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે સુરતીઓને હરવા-ફરવા માટે વધુ એક સ્થળ મળી રહે તેવા આશયથી બનાવવામાં આવેલા એક્વેરિયમમાં છેલ્લા પાંચ વર્ષમાં અત્યાર સુધી ૮,૭૫,૯૫૧ લોકોએ વિઝિટ કરી છે જેથી પાલિકાને ૬.૭૮ કરોડ રૂપિયાની આવક થઈ છે.

### વર્ષ ૨૦૨૨-૨૩માં સૌથી વધુ ૨.૫૫ કરોડની આવક

ઉલ્લેખનીય છે કે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં કોરોનાની મહામારીને લીધે એક્વેરિયમને પણ અમુક દિવસો માટે બંધ રાખવામાં આવ્યો હતો, જેની અસર તેની આવક પર પણ પડી હતી. સમગ્ર વર્ષ દરમિયાન ૩૨૪૬ લોકોએ એક્વેરિયમની મુલાકાત લીધી હતી અને તેના થકી પાલિકાને ૨,૮૫,૦૪૦ રુપિયાની આવક થઇ હતી. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન સૌથી ઓછી આવક નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં થઇ હતી, જ્યારે સૌથી વધુ આવક નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૨,૫૫,૯૦,૨૬૦ રુપિયાની થઇ હતી. આ સમય દરમિયાન ૩,૩૧,૬૦૨ મુલાકાતાઓએ એક્વેરિયમની મુલાકાત લીધી હતી.

### છેલ્લાં પાંચ વર્ષમાં પાલિકાની આવક

| વર્ષ | વિઝિટર | આવક |
|---|---|---|
| ૨૦૨૧ | ૩,૨૪૬ | ૨,૮૫,૦૪૦ |
| ૨૦૨૨ | ૬૫,૩૬૫ | ૫૩,૪૬,૨૨૦ |
| ૨૦૨૩ | ૩,૩૧,૬૦૨ | ૨,૫૫,૯૦,૨૬૦ |
| ૨૦૨૪ | ૨,૮૯,૧૮૭ | ૨,૨૨,૦૮,૧૪૦ |
| ૨૦૨૫ | ૧,૮૬,૫૫૧ | ૧,૪૪,૪૮,૯૪૦ |

ચૂંટણી જાહેર થયા બાદ ૮૭ ફોર્મ ઉપડી ગયાં

# ચેમ્બર ઓફ કોમર્સની મેનેજિંગ કમિટીની ચૂંટણી માટે ૩૩ ઉમેદવારોએ ફોર્મ ભર્યાં

## ૨૬મી ફેબ્રુઆરી ઉમેદવારીપત્ર ભરવાનો છેલ્લો દિવસ હોવાથી દોડધામ

| સુરત |

આગામી ૩૦મી માર્ચે ચેમ્બર ઓફ કોમર્સની મેનેજિંગ કમિટીની વિવિધ કેટેગરી માટે ચૂંટણી યોજાનાર છે. મેનેજિંગ કમિટીના પ્રીમિયમ, પ્લેટીનમ અને ગોલ્ડ વિભાગમાં ૪-૪, ચીફ પેટ્રનમાં ૧૨, પેટ્રનમાં ૬, આજીવનમાં ૪૬ અને રિજિયોનલ વિભાગની ૨ સહિતની કેટેગરીમાં ચૂંટણી માટે તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. ૨૬મી ફેબ્રુઆરી ઉમેદવારી પત્ર ભરવાની અંતિમ તારીખ હોય અત્યાર સુધીમાં વિવિધ કેટેગરીમાં ૩૩ જેટલા ઉમેદવારી ફોર્મ ભરાઈ ચૂક્યા છે. જ્યારે વિવિધ કેટેગરીમાં દાવેદારી કરવા ઈચ્છુક ૮૭ જેટલા સભ્યો ઉમેદવારી ફોર્મ લઈ ગયા છે.

મેનેજિંગ કમિટીની ચૂંટણીને લઈ ધીરે-ધીરે માહોલ બનતો દેખાઈ રહ્યો છે. ગત તા. ૧લી ફેબ્રુઆરીએ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં ઉમેદવારીપત્ર ભરવાથી લઈ ચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવી છે. ચૂંટણીની તારીખ જાહેર થયા બાદ ચેમ્બરના રાજકારણમાં ઝંપલાવવા ઈચ્છુક સભ્યોએ કમર કસી છે. અત્યાર સુધીમાં પ્રીમિયમ વિભાગમાં ૨, ચીફ પેટ્રન વિભાગમાં ૯, પેટ્રન વિભાગમાં ૪, આજીવન વિભાગમાં ૭૧ અને રિજિયોનલ વિભાગમાં ૧ મળી કુલ ૮૭ જેટલા ફોર્મ ઉમેદવારી નોંધાવવા માટે લેવામાં આવ્યા છે. જોકે, ગુરુવાર સુધીમાં ફક્ત ૩૩ ઉમેદવારોએ જ ફોર્મ ભર્યા છે. જેમાં ચીફ પેટ્રન વિભાગમાં ૪, પેટ્રન વિભાગમાં ૧ અને આજીવન વિભાગમાં ૨૮ ફોર્મનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, ચેમ્બરના આગેવાનો દ્વારા ચૂંટણી નહીં યોજાય અને ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવે તે માટે પ્રયાસ કરવામાં આવે છે. ગત વર્ષે પણ તે દિશામાં પ્રયાસ કરાયા હતા. જેને લીધે આજીવન સિવાયના તમામ વિભાગમાં ચૂંટણી યોજાઈ નહોતી. પરંતુ આજીવન વિભાગમાં ૪૪ બેઠક સામે ૪૫ સભ્યોએ ઉમેદવારી નોંધાવી હતી. જેને પગલે આજીવન વિભાગમાં ચૂંટણી યોજાઈ હતી. ત્યારે વર્ષે ચૂંટણી યોજાશે કે પછી ઉમેદવારોને બિનહરીફ ચૂંટી લાવવામાં આગેવાનો સફળ થશે, તેને લઈ ચર્ચાનો દોર શરૂ થયો છે.

### કયા વિભાગમાં કેટલા ફોર્મ ગયા અને ભરાયા

| વિભાગ | ફોર્મ લેવાયા | ફોર્મ ભરાયા |
|---|---|---|
| પ્રીમિયમ | ૨ | ૦ |
| પ્લેટીનમ | ૦ | ૦ |
| ગોલ્ડ | ૦ | ૦ |
| ચીફ પેટ્રન | ૯ | ૪ |
| પેટ્રન | ૪ | ૧ |
| આજીવન | ૭૧ | ૨૮ |
| રિજિયોનલ | ૧ | ૦ |

# સમય રૈના, અલ્હાબાદિયા સામે સુરત સાયબરમાં ફરિયાદ

| સુરત |

કોમેડીના નામે અશ્લીલતા પીરસનારા સમય રૈના, રણવીર અલ્હાબાદિયા સહિતના યૂ-ટ્યૂબર્સ સામે ચોમેરથી વિરોધનો વંટોળ ઉઠ્યો છે, ત્યારે સુરતના નાગરિકે આવા વિકૃતો સામે ગુનો નોંધી પગલાં ભરવાની માંગ સાથે સાઈબર સેલમાં ફરિયાદ કરી છે.

ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ શોની આડમાં અશ્લીલતા પીરસનારા રણવીર અલ્હાબાદિયા, સમય રૈના સહિતના યૂ-ટ્યૂબર્સ પર માછલા ધોવાઈ રહ્યા છે. સ્ટેન્ડઅપ કોમેડિયનો ચર્ચામાં કહો કે ફેમસ થવા માટે ઈરાદાપૂર્વક બેફામ વાણીવિલાસ કરી વિવાદ વકરાવી રહ્યા છે. મુંબઈ અને ગુવાહાટીમાં ફરિયાદ નોંધાયા બાદ દેશભરમાં વિરોધનો સૂર ઉઠી રહ્યો છે. વિવાદનું કેન્દ્ર બનેલા આ કોમેડિયન્સના સુરત સહિત ગુજરાતભરના શો પણ રદ કરાયા હતા. હવે સુરતના રાંદેર વિસ્તારના રહેવાસી અને રાષ્ટ્રસેનાના અધ્યક્ષ વિનોદ જૈને સાઈબર સેલમાં રણવીર અલ્હાબાદિયા, આશિષ ચંચલાની, અપૂર્વ મખીજા, સમય રૈના, જસપ્રિત સિંગ સામે અરજી કરી છે. અરજીમાં તમામ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૯, ૧૯૬, ૨૯૬, ૨૯૯, ૩ (૫), ૫૪ તથા આઈટી એક્ટની કલમો અંતર્ગત ગુનો નોંધી આકરા પગલાં ભરવાની માંગ કરી છે.

ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે આ કોમેડિન્સ પોતાના શોમાં અશ્લીલતા પીરસી રહ્યા છે. વારંવાર મહિલાઓ સંબંધિત બીભત્સ ટિપ્પણી કરવા સાથે ધાર્મિક લાગણી દુભાવવાનું પણ કૃત્ય કરી રહ્યા છે.

# ઉઠમણું કરનાર સુનિલ શાહ વિરુદ્ધ વધુ એક ગુનો

| સુરત |

હીરા ખરીદી પેમેન્ટ નહિ આપનાર બોરીવલીના સુનિલ શાહનો ભોગ બનેલા મહિધરપુરા અને મુંબઈના વેપારીઓ સાથે મહિધરપુરાનો વધુ એક દલાલ સામે આવ્યો હતો. દલાલ મારફત વેપારી પાસેથી ૮.૧૫ લાખની કિંમતના નેચરલ હીરા ખરીદી પેમેન્ટ નહિ આપતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. વેસુ જોલી રેસી.,માં રહેતા પરેશભાઈ શાહ હીરાબજારમાં વર્ષોથી હીરા દલાલી કરે છે. મુંબઈના બોરીવલીમાં રહેતા હીરા વેપારી સુનિલ કીર્તિલાલ શાહ (અજબાણી) કેટલાક વખતથી પરિચયમાં હતા. ગત જુલાઈ મહિનામાં સુનિલભાઈ નેચરલ હીરા ખરીદવા માંગતા હોવાનું જણાવ્યું હતું. આ હીરાદલાલ મહિધરપુરા હીરાબજાર, પીપળાશેરીમાં રીમ્મી જેમ્સના નામે હીરાનો ધંધો કરતાં રાજેશ બાબુ ભાદાણીને ત્યાં લઈ ગયા હતા. તેમની પાસેથી બે તબક્કામાં પોતાની જવાબદારી પર ૮.૧૫ લાખના નેચરલ હીરા અપાવ્યા હતા. ઘણા વખત સુધી પેમેન્ટ નહિ આપવાની સાથે ફોન પણ બંધ કરી દેતાં પરેશભાઈ બોરીવલી સ્થિત સુનિલભાઈના ઘરે પહોંચતાં તેઓ ત્યાંથી પલાયન થઈ ગયા હોવાનું બહાર આવ્યું હતું. એટલું જ નહિ સુનિલ અજબાણી વિરુદ્ધ મુંબઈના બી.કે.સી. પોલીસ મથક અને સુરતના મહિધરપુરા પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદો થયાનું જાણવા મળતાં તેઓ સુરત આવ્યા હતા.

**यूनियन बैंक / Union Bank of India**
રીઝનલ ઓફિસ : દુકાન નં. 432-439, ચોથો માળ, પ્રાઈમ શોપર્સ, ઉધના મગદલ્લા રોડ, વેસુ, સુરત - 395007. ફોન નં. (0261) - 2991886.

યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, પ્રાદેશિક કાર્યાલય, સુરત પ્રાદેશિક કચેરી, CCTV સિસ્ટમ, ફાયર એલાર્મ સિસ્ટમ, ઈલેક્ટ્રોનિક એલાર્મ સિસ્ટમ, ટાઈમ લોક, બાયોમેટ્રિક એક્સેસ કંટ્રોલ સિસ્ટમ અને અગ્નિશામક યંત્ર બરોડા હેઠળની શાખાઓ/પ્રાદેશિક કચેરીઓ/ATM માટે સ્થાપિત વિક્રેતાઓ પાસેથી બે બિડ સિસ્ટમમાં સીલબંધ ટેન્ડરો મંગાવે છે. જેનું વિગતવાર વર્ણન RFPમાં આપવામાં આવ્યું છે. ફોર્મ, પાત્રતા માપદંડો અને અન્ય માહિતી ડાઉનલોડ કરવા માટે, અમારી વેબસાઈટ www.unionbankofindia.co.in અથવા કેન્દ્ર સરકારના પોર્ટલ www.eprocure.gov.in ની મુલાકાત લો. ટેન્ડર મેળવવાની છેલ્લી તારીખ 07.03.2025 બપોરે 02:00 સુધી છે. બેંક કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ અથવા તમામ ટેન્ડરોને સ્વીકારવાનો/નકારવાનો અધિકાર અનામત રાખે છે.
(પ્રાદેશિક હેડ)

**National Dairy Development Board**
PB No. 40, Anand, Gujarat - 388001, Tel: 02692-260148/149/160 Fax: 02692-260159
Website : http://www.nddb.coop, Email : purchase@nddb.coop
INVITATION FOR BIDS (IFB) / LOCAL COMPETITIVE BIDDING (LCB)
Bids are invited on behalf of Service Recipients/ NDDB from eligible bidders for the works listed below:

| Sl. No. | Description of works/ Bid Reference | Estd. Cost (₹) incl GST/Duration | Event Start/ Close Date | Bid submission / opening date & time |
|---|---|---|---|---|
| A | Design, Supply, Installation, Testing and Commissioning of the following: (I, II & III) | | | |
| I | Upgradation of 11KV/433V Electrical Sub-station with DG Set & allied works at CCSNIAH, Baghpat, UP NDDB/HO/Purchase/103/24-25/ET/103 [SUBS-BAGHPAT] | 456 Lakh / 08 months | 14.02.25 07.03.25 | 07.03.25 15:00 hrs. 07.03.25 15:30 hrs. |
| II | HVAC, Modular Partition, Electrical and allied works at CCSNIAH, Baghpat, UP NDDB/HO/Purchase/104/24-25/ET/104 [HVAC-BAGHPAT] | 7100 Lakh / 10 months | 19.02.25 12.03.25 | 12.03.25 15:00 hrs. 12.03.25 15:30 hrs. |
| III | Water treatment and Clean Utility including allied works at CCSNIAH, Baghpat, UP NDDB/HO/Purchase/105/24-25/ET/105 [UTI.-BAGHPAT] | 380 Lakh / 06 months | 17.02.25 10.03.25 | 10.03.25 15:00 hrs. 10.03.25 15:30 hrs. |
| B | Civil, Structural, Road work, Internal Electrification and other miscellaneous Works for BANAS-SUZUKI COMPRESSED BIOGAS PLANT at Vinchiwadi, Banaskantha, Gujarat NDDB/HO/Purchase/106/24-25/ET/106 [CIVIL-VINCHIWADI] | 1900 Lakh/ 11 Months | 14.02.25 07.03.25 | 07.03.25 15:00 hrs. 07.03.25 15:30 hrs. |
| C | Construction of Car Parking Shed & Miscellaneous Civil Repairing works at NDDB Residential Complex, Noida, UP NDDB/HO/Purchase/107/24-25/ET/107 [CIVIL-NOIDA] | 96 Lakh / 5 Months | 14.02.25 07.03.25 | 07.03.25 15:00 hrs. 07.03.25 15:30 hrs. |

For further details pertaining to IFB and for downloading the bid document, please visit these websites: www.nddb.coop, and www.mstcecommerce.com/eprocn For any clarification please contact Group Head (Purchase), NDDB, Anand-388001
NB: Any corrigendum/modification etc. will be posted only on these websites.

**જાહેર નોટીસ**
આથી તમામને જણાવવાનું કે નીચે જણાવેલા વર્ણન અને વિગતની મિલકતના માલીક દર્શનાબેન અરવિંદભાઈ મહેતા છે અને તેઓએ સદરહુ મિલકત મીનાબેન નરેશભાઈ શાહ ને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. સદરહુ મિલકત ઉપર કોઈ બોજો હોય તથા કોઈના હકકો હોય તથા વેચાણ આપવા સામે જો કોઈને કોઈપણ જાતનો વાંધો, વિરોધ હોય તો પુરાવા સહીત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખિતમાં અમોને જણાવવું. જો તેવા કોઈ વાંધા કે વિરોધ આવશે નહી તો અમારા અસીલ આગળની કાર્યવાહી કરશે અને અમારા અસીલ તેઓની તરફેણમાં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ તેની સામે કોઈના કોઈપણ જાતના વાંધા કે વિરોધ ચાલશે નહીં તેની આથી તમામે નોંધ લેવી.
પરિશિષ્ટ -મીલકતની વિગત
સુરત ડિસ્ટ્રિકટ, સબ-ડિસ્ટ્રિકટ સુરત સીટી શહેર સુરતના નવસારી બજારથી મજૂરાગેટ તરફ જવાના રોડ ઉપર, સગરામપુરા વોર્ડ નં. ૨ ના સીટી સર્વે નોંધ નં. ૧૯૫૬/અ પૈકી વાળી જમીન ઉપર "પાર્શ્વનગર કોમ્પલેક્ષ" માં શ્રી નીલમણી એપાર્ટમેન્ટ કો. ઓ. હા. સો. લી. દ્વારા બાંધવામાં આવેલ "સરીતા એપાર્ટમેન્ટ" નામની ઈમારતના બીજા માળ ઉપર આવેલ ફ્લેટ નં.૨૦૪ જેનું સુપર બિલ્ડઅપ એરીયાનું ક્ષેત્રફળ ૭૦૪ ચો.ફૂટ યાને ૬૫.૪૩ ચો.મી. તથા કારપેટ એરીયાનું ક્ષેત્રફળ ૪૯.૪૬ ચો.મી. તથા બિલ્ડઅપ એરીયાનું ક્ષેત્રફળ ૫૯.૩૫૨ ચો.મી. છે તે ફ્લેટ તથા સદરહુ ફ્લેટની તળની જમીનમાં આવેલ વણ-વહેંચાયેલ હિસ્સા સહીતની મિલકત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો સહિતની મિલકત દરોબસ્ત.
**બ્રિનલ એ. બંગડીવાલા**
તે ખરીદનાર મીનાબેન નરેશભાઈ શાહ
સરનામુ : ૧/સી, પ્રથમ માળ, પેરેડાઈઝ એપાર્ટમેન્ટ, ટ્રાઈ સ્ટાર હોસ્પીટલની સામે, અઠવાગેટ, સુરત મો.નં.9974040172-27

**જાહેર નોટીસ**
જત હમારા અસીલ ચંદ્રિકાબેન મહેન્દ્રભાઈ પટેલ, રહે. : બી/૬૦૨, શ્રૃંગલ હીલ્સ, ભીમરાડ, સુરત નાઓની સુચના અને ફરમાઈશ અન્વયે જાહેર જનતાને જણાવવાનું કે, હમારા અસીલ ચંદ્રિકાબેન મહેન્દ્રભાઈ પટેલ, શ્રૃંગલ હિલ્સ કો-ઓપરેટિવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લી., ભીમરાડ, સુરત સીટી, સુરત. (નોંધણી ક્રમાંક : એસઆરટી/સા(હા)-૯૫૬૬ સને ૨૦૧૫, તા.૧૫/૧૦/૨૦૧૫) ના સભ્ય છે, અને સદરહું સોસાયટીનું બિલ્ડર (ઓર્ગેનાઈઝર) દ્વારા પઝેશન સોંપવામાં આવેલ તે સમયે સોસાયટીના સભ્યોની કમિટી બનાવીને સદરહું સોસાયટીના પ્રમુખ તરીકે ચંદ્રિકાબેન મહેન્દ્રભાઈ પટેલને સર્વે સંમતીથી પ્રમુખ બનાવેલ અને ત્યારબાદ સર્વે સંમતીથી સદરહું સોસાયટીનો તા.૩૧/૦૩/૨૦૧૭ સુધી સારીરીતે પ્રમાણીકતાથી સર્વે સંમતીથી વહીવટ ચંદ્રિકાબેન મહેન્દ્રભાઈ પટેલ નાઓએ કરેલ છે, અને ત્યારબાદ તા.૦૧/૦૪/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૨૨ સુધીના સમય માટે સોસાયટીના નવીન પ્રમુખ તરીકે અમૃતભાઈ રામભાઈ પટેલ(ફ્લેટ નં.બી/૯૦૩) ને સર્વે સંમતીથી વર્ણી થયેલ અને સદરહું સોસાયટી વહીવટ, ચાર્જ સંભાળેલ, અને ત્યારબાદ તા.૦૧/૦૧/૨૦૨૩ થી સોસાયટીના નવીન પ્રમુખ તરીકે દીપકભાઈ ઉમેદભાઈ પટેલ (ફ્લેટ નં.એ/૮૦૩) ને સર્વે સંમતીથી વર્ણી થયેલ અને વહીવટ, ચાર્જ સંભાળેલ છે, અને ત્યારબાદ તા.૦૭/૦૪/૨૦૨૪ થી દીપકભાઈ ઉમેદભાઈ પટેલ નાઓએ સોસાયટી વોટસએપ ગ્રુપમાં મેસેજ લખીને પોતે સદરહું સોસાયટીના પ્રમુખ તરીકે છુટા થયેલ છે તેમ જાહેર કરેલ, અને ત્યારબાદથી સોસાયટીના દરેક બિલ્ડીંગના સભ્યો પોતપોતાની બિલ્ડીંગનો વહીવટ અલગ-અલગ કરતા આવેલ છે, આમ મારા અસીલ બાદના પ્રમુખશ્રીએ સોસાયટીનો તમામ હીસાબ સમજી વીચારી જોઈ-તપાસી ખાતરી કરી સ્વીકારી લીધેલ છે અને હાલમાં અગાઉ થયેલ ઠરાવોની નકલ મળી આવે તેમ ન હોવાથી, તેમજ સદરહું સોસાયટીના પ્રમુખ તરીકે તા.૩૧/૦૩/૨૦૧૭ થી છુટા થયા પછીના સોસાયટીના વહીવટી કાર્યો કે અન્ય તમામ બાબતે મારા અસીલને કઈ લેવા-દેવા નથી, કે સોસાયટી સાથે જે વ્યવહારો કરેલ હોઈ કે કરશે તેની ટેકનીકલ કે કાયદાકીય પ્રકરણો ઉદભવે તો તેની કોઈ જવાબદારી મારા અસીલની રહેશે નહી, જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.
અસીલની સુચના અને ફરમાયશ અન્વયે
ઓફિસ : એમ/૧૯, ન્યુ આશીર્વાદ સ્કવેર, સોસીયો સર્કલ પાસે, ઉ.મ. રોડ, સુરત. (મો. નં. :- ૯૯૭૯૭૮૩૮૪૦)
**જગદીશ કે. પટેલ**
એડવોકેટ

**જાહેર નોટીસ**
આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, નવસારી ડીસ્ટ્રીકટ, તા. જલાલપોર, મોજે વિજલપોરના રે.સ.નં. ૧૭૪/૧/૧, ૧૭૪/૨, ૧૭૯, ૧૮૦, ૧૮૧, ૧૮૨ અને ૧૮૨/૩, ના વોર્ડ નં. ૫ ના ન્યુ મ્યુની. ઘર નં. ૧૮૪૨ અને જુનો નં. ૧૧૪૨૮ વાળી જમીનમાં આવેલ પ્લોટ નં. ૬૦ વાળી મિલકત, કે જેનું ક્ષેત્રફળ ૫૫૦ ચો.ફુટ યાને ૫૧.૧૧ ચો.મી. અને ૩૭૫ ચો.ફુટ યાને ૩૪.૮૨ ચો.મી. વાળી મિલકતના માલીક કલ્પનાબેન ગુલાબભાઈ બચ્છવ એ અગાઉના અસલ રજી. વેચાણ દસ્તાવેજ નંબર : ૧૨૪૨, તા. ૨૪.૦૫.૧૯૯૫ તથા તેની અસલ રજીસ્ટ્રેશન ફી રસીદ ગમ યાને ગેરવલ્લે થયેલ હોવાનું જણાવેલ છે. જેથી મજકુર મિલકતમાં કોઈનો કોઈપણ લાગભાગ, હકક, હીત, હીસ્સો, સંબંધ, દરદાવો હોય તો તેણે આ નોટીસ મળ્યે દિન : ૭માં હમારા નીચે જણાવેલા સરનામે પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. તેમ ન થતા સદરહુ મિલકતમાં તેવો કોઈનો કોઈપણ લાગભાગ, હકક, હીત, હીસ્સો, સંબંધ, દરદાવો નથી અને હોય તો જતો કર્યો છે તે જાણી આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી તેની નોંધ લેશો.
ઓફીસ નંબર: ૩૩૦, ત્રીજો માળે, ઝેનોન, યુનિટી હોસ્પિટલની સામે, કિરણ મોટર્સની પાસે, ન્યુ સીવીલ રોડ, સુરત. મો.નં. ૯૫૭૪૬૧૮૪૧૦
**નેહા એસ. પટેલ**
એડવોકેટ

**યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ કંપની લિમિટેડ**
(ભારત સરકાર એન્ટરપ્રાઈઝ - એસ્ટેટ વિભાગ)
રીજનલ ઓફિસ, સુરજ પ્લાઝા-૨, પાંચમો માળ, સયાજીગંજ, વડોદરા - ૩૯૦૦૨૦. ફોન નંબર : ૦૨૬૫-૨૩૬૧૨૫૭, ૨૩૬૧૦૧૪, ૨૩૬૩૨૧૫
"યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની", ભારત સરકારની એન્ટરપ્રાઈઝ, ૧૩૫૦ ચો. ફુટ વાળી અમારી નવી જગ્યા જે સુરત બીઓ-૨, ૧૩૭, ફોર્ચ્યુન હાઈટ્સ, પાલ રોડ, સુરત ખાતે ઈન્ટીરીયર ફર્નિશીંગ વર્કસ, ઈલેકટ્રીકલ વર્કસ, ડેટા કેબલીંગ વર્કસ અને એર કંડીશનીંગ વર્કસ વગેરે માટે ઓપન ટેન્ડર આમંત્રિત કરે છે. રસ ધરાવતો પક્ષો અમારી કંપની ની વેબસાઈટ : www.uiic.co.in પર ટેન્ડર "Tender / RFP" પર થી ટેન્ડર દસ્તાવેજો ડાઉનલોડ કરી શકે છે. પૂર્ણ થયેલ બિડ તા. ૨૪.૦૨.૨૦૨૫ ના રોજ બપોરે ૩.૦૦ વાગ્યા સુધી અથવા તે પહેલા ઉલ્લેખિત સરનામાં પર મોકલવી.
તારીખ : ૧૩.૦૨.૨૦૨૫ ચીફ રીજનલ મેનેજર
IRDAI REGN. NO. 545 CIN: U93090TN1938GOI000108

**મોજે: સોનારી ગામના સર્વે નં.૪૫, નવો સર્વે નં.૪૧, જેનું ક્ષેત્રફળ સુમારે ૨-૨૧-૦૦ ચો.મી. છે, જેને ટી.પી.સ્કીમ નં.૬૭ (જીઆવ-સોનારી-ગભેણી) લાગુ પડતાં, એફ.પી. નં.૩૫૩/એ, ક્ષેત્રફળ ૧૬૧૧ ચો.મી. તથા એફ.પી. નં.૩૫૩/બી, ક્ષેત્રફળ ૧૧,૬૪૯ ચો.મી. છે તે બીનખેતી ની જમીન, જેનો સીટી સર્વે વોર્ડ સોનારી(બીનખેતી)માં સમાવેશ થતાં સિટી સર્વે નં.NA૪૧/૨, જેનું ક્ષેત્રફળ ૧૧,૬૪૯ ચો.મી. છે તે પૈકી ઓનર્સ પ્લોટ નં.૨ વાળી સુમારે ૩,૬૯૨ ચો.મી. બીનખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ**
આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ તાલુકા સુરત સીટીના મોજે ગામ સોનારીના સર્વે નં.૪૫, નવો સર્વે નં.૪૧, જેનું ક્ષેત્રફળ સુમારે ૨-૨૧-૦૦ ચો.મી. છે, જેને ટી.પી.સ્કીમ નં.૬૭ (જીઆવ-સોનારી-ગભેણી) લાગુ પડતાં, એફ.પી. નં.૩૫૩/એ, ક્ષેત્રફળ ૧૬૧૧ ચો.મી. તથા એફ.પી. નં.૩૫૩/બી, ક્ષેત્રફળ ૧૧,૬૪૯ ચો.મી. છે તે બીનખેતીની જમીન પૈકી એફ.પી. નં.૩૫૩/બી વાળી જમીન, સીટી સર્વે વોર્ડ : સોનારી(બીનખેતી), સીટી સર્વે નં. NA૪૧/૨, જેનું ક્ષેત્રફળ ૧૧,૬૪૯ ચો.મી. છે તે પૈકી ઓનર્સ પ્લોટ નં.૨ વાળી સુમારે ૩,૬૯૨ ચો.મી. બીનખેતીની જમીનના માલિક, મુખત્યાર અને કબજેદાર ડોલી રજનીભાઈ દેસાઈ, ઠે.૨૦૨, દર્શક કોમ્પલેક્ષ, શ્રેય હોસ્પિટલની સામે, નવરંગપુરા, અમદાવાદ નાઓ ચાલી આવેલા છે અને સદરહુ જમીન કલીયર માર્કેટેબલ ટાઈટલ્સ તથા કોઈપણ પ્રકારના દાવાઓ તથા બોજાઓ વગરની હોવાનું જણાવી મજકુર જમીન માલિકે અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારા અસીલ સદરહુ જમીન ખરીદ કરવા ઈરાદો ધરાવે છે. સદરહુ જમીનમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે બેંક કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત-હિસ્સો, અલાખો, અધિકાર, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી-પોષાકી, જામીનગીરી, ચાર્જ-બોજો, દાવો-ફરીયાદ, ગીરો, બાનાખત, વારસાઈ વિગેરે હોઈ તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૧૦ માં અમોને પુરાવા સહિત લેખિતમાં નીચે જણાવેલ સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદરહુ જમીનમાં કોઈપણ વ્યક્તિ, પેઢી કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત-હિસ્સો, અલાખો, અધિકાર, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી-પોષાકી, જામીનગીરી, ચાર્જ-બોજો, દાવો- ફરીયાદ, ગીરો, બાનાખત, વારસાઈ વિગેરે નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે એમ માની મારા અસીલ સદરહુ જમીનના માલિક પાસેથી કાયદેસરના લખાણો/દસ્તાવેજ કરાવી લેશે ભવિષ્યમાં તે અંગે કોઈની કોઈપણ પ્રકારે તર-તકરાર, દાવો, ફરિયાદ ચાલશે નહીં જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.
તા. ૧૨.૦૨.૨૦૨૫
704-707, બી વિંગ, રિવર પેલેસ બિલ્ડીંગ, બહુમાળી બિલ્ડીંગની પાસે, નાવડી ઓવારાની બાજુમાં, નાનપુરા,સુરત - 395001. મો.નં. 78786 20405
Email : najmuddin@meghaniadvocate.com
**નજમુદ્દીન મેઘાણી**
તે ખરીદનારના એડવોકેટ

**મોજે : તરસાડી, તા. મહુવા, જી. સુરતની નીચે પરિશિષ્ટમાં જણાવેલ જમીનોના વેચાણ અંગેની જાહેર નોટીસ**
આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ સુરત, સબ- ડીસ્ટ્રીકટ મહુવાના મોજે ગામ તરસાડીની નીચે પરિશિષ્ટમાં જણાવેલ ખેતીની જમીનો નીચે પરિશિષ્ટમાં જણાવેલ તેના માલીકની સ્વતંત્ર માલીકી કબજા, ભોગવટા હેઠળની તથા ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવેલ છે અને તે મુજબ સદરહુ જમીનો તેઓએ હમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કર્યુ છે. તેથી સદરહુ જમીનોમાં કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારે હકક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર હોઈ કે કોઈનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હકક કે ગણોત હકક હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭(સાત) માં અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે, સદરહુ જમીનોમાં કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારે લાગભાગ, હકક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર નથી કે કોઈનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હકક કે ગણોત હકક નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે. તેમ માની લેવામાં આવશે અને હમારા અસીલ નાણાંકીય વ્યવહાર કરી પાકા દસ્તાવેજો કરાવી લેશે. ત્યારબાદ, ભવિષ્યમાં કોઈની કોઈપણ તકરાર કે હકક દાવો ચાલશે નહી, જેની નોંધ લેવી.
-:: પરિશિષ્ટ ::-
-:: જમીનોની વિગત ::-

| ક્રમ | માલિકનું નામ | સર્વે નંબર | બ્લોક/સર્વે નંબર | ક્ષેત્રફળ હે.આરે.ચો.મી | આકાર રૂા.પૈસા | ખાતા નંબર |
|---|---|---|---|---|---|---|
| ૧. | ગીરાબેન હીરાચંદ શાહ તે વિજયકુમાર શાંતિલાલ શાહના પત્ની | ૩૧૧ | ૩૦૨ | ૦-૭૭-૩૦ | ૭.૫૦ | ૧૩૨૪ |
| ૨. | ગીરાબેન હીરાચંદ શાહ તે વિજયકુમાર શાંતિલાલ શાહના પત્ની | ૩૦૭ | ૩૧૭ | ૧-૧૮-૯૨ | ૧૧.૯૪ | ૧૩૨૪ |
| ૩. | ગીરાબેન હીરાચંદ શાહ તે વિજયકુમાર શાંતિલાલ શાહના પત્ની | ૩૦૮ | ૩૧૮ | ૦-૫૧-૧૩ | ૫.૦૦ | ૧૩૨૧ |
| ૪. | ગીરાબેન હીરાચંદ શાહ તે વિજયકુમાર શાંતિલાલ શાહના પત્ની | ૩૩૨ | ૩૨૪/બ | ૦-૮૨-૧૫ | ૯.૨૦ | ૧૩૨૩ |
| ૫. | ગૌરવ વિજય શાહ | ૩૩૦ + ૩૩૩ + ૩૩૪ + ૩૩૫ | ૩૨૩/બ | ૨-૪૦-૮૫ | ૨૬.૧૧ | ૧૪૬૬ |

ઓફિસ : એફ-૯-૧૦, સુધન કોમ્પલેક્ષ, ધનપાલ ફ્લેટસની સામે, અલથાણ રોડ, સુરત. મો. ૯૭૨૬૮ ૮૮૧૮૮
**હિતેશ જે. પટેલ** (એડવોકેટ & નોટરી) **અમર બી. જરીવાલા** (એડવોકેટ)
તે ખરીદનારના એડવોકેટ્સ

## ૧૬૦ ગીતકારોનો ૧૫ કલાક નોનસ્ટોપ ગાવાનો વિક્રમ



જીવનભારતીના રોટલી હોલમાં સતત છેલ્લા ૩૦વર્ષથી વર્ષથી યોજાતા ધ સુપર સ્પીકર એન્ડ કલચરલ કોન્ટેસ્ટનું વિરમતીબેન શાહ ચેરીટેબલ ટ્રસ્ટ અને ભદ્રેશ શાહ દ્વારા ગત રવિવારે આયોજન કરવામાં આવ્યું હતું. કોન્ટેસ્ટની શરૂઆત છેલ્લા પાંચ વર્ષોથી ૩૬-૨૪ કે ૧૨ કલાક સતત ગીત ગાવાની સ્પર્ધા 'સૂરચક'થી થાય છે. જેમાં ૧૬૦ કલાકારોથી વધુઓએ ભાગ લઈને, રાજકપૂર, મોહમ્મદ રફી અને દેશભક્તિ પર સતત ચૌદ કલાકથી વધુ ગીતો ગાયા હતા. સ્પર્ધામાં પલ્લવીબેન વ્યાસ,અર્ચનાબેન દીક્ષિત અને ગીતાબેન ચોક્સીનું એવોર્ડ આપીને ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

## પોલીસકર્મીઓની પત્નીઓનો જરી જરદોશીની તાલીમનો પ્રારંભ



રાજ્યમાં પ્રથમવાર સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતના ધર્મપત્ની સંધ્યાબેન ગહલૌત તથા નાયબ પોલીસ કમિશનર ભક્તિબા ડાભીના માર્ગદર્શન હેઠળ પોલીસ કર્મચારીઓની ધર્મપત્નીઓને આત્મનિર્ભર કરવા માટે જરી જરદોશીની તાલીમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. પ્રથમ તબક્કામાં ૩૦ બહેનો તાલીમ મેળવી આત્મનિર્ભર બનશે. કોમ્યુનિટી હોલ પાસેના પોલીસ તાલીમ કેન્દ્ર ખાતેથી તાલીમનો પ્રારંભ કરાવતા સંધ્યાબેન ગહલૌતે જણાવ્યું હતું કે, અમી હેન્ડીક્રાફ્ટ પ્રોડયુસર કંપનીના માધ્યમથી કેન્દ્ર સરકારના વસ્ત્ર મંત્રાલયની યોજના હેઠળ પોલીસ પરિવારની બહેનોને ૩૦ દિવસની જરદોશી તાલીમ અને બાદ ૧૫ દિવસની વિશેષ બેઝિક તાલીમ એમ મળી કુલ ૪૫ દિવસની તાલીમ આપવામાં આવશે.

## ફેમિલી એસોસિયેશનની વાર્ષિક કોન્ફરન્સ યોજાઇ



ફેમિલી એસોસિએશન સુરત દ્વારા ગત રવિવારના રોજ અવધ ઉટોપીયા ખાતે વાર્ષિક કોન્ફરન્સ FPCON-૨૫ યોજાઈ હતી. જે સંસ્થા દ્વારા સિલ્વર જયુબીલી તરીકે મનાવવામાં આવી. જેમાં દક્ષિણ ગુજરાતના વિવિધ શહેરના મળી કુલ ૩૫૦ જેટલા એલોપેથિક ડૉક્ટર્સ હાજર રહ્યા હતા. જેમાં વિવિધ વિષયોના એક્ષપર્ટ તબીબો જે જેઓ અમદાવાદ, મુંબઇ, સુરતથી આવ્યા હતા. તેઓએ હડકવા રોગ તથા તેની રસી, કેન્સર સર્જરી, પ્રોસ્ટેટ કેન્સર તથા હાડકાના કેન્સરની અદ્યતન માહિતી, લિવર ટ્રાન્સપ્લાન્ટ વિષે તથા ઈવોલ્યુશન ઑફ સર્જીકલ ઓન્કોલોજી વિશે, હીપેટો-પાનક્રીએટીક બીલયરી સર્જરી તેમજ પર્સનલાઈઝડ યુરોલોજી કેર સહિતના વિવિધ વિષયોને લગતી અદ્યતન જાણકારી તજજ્ઞ તબીબો દ્વારા આપવામાં આવી હતી.

## સ્વરસંગ્યા ટ્રસ્ટ દ્વારા નવજાત શિશુ શ્રવણ ચકાસણી



સ્વરસંગ્યા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નવજાત શિશુઓમાં શ્રવણ નુકસાન અટકાવવા માટે વિનામૂલ્યે નવજાત શ્રવણ ચકાસણી કાર્યક્રમ શરૂ કર્યો છે. આ પહેલ નવજાત શિશુઓ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. કારણ કે જન્મ પછીના ૨૪ થી ૪૮ કલાકની અંદર શ્રવણ પરીક્ષણ થવાથી અજાણ્યા શ્રવણ નુકસાનનો જોખમ ઘટે છે. નવજાત શ્રવણ ચકાસણી બાળકે સમયસર સાંભળવાની ક્ષમતા વિકસાવી શકે તે માટે આવશ્યક છે. આ દ્વારા પ્રારંભિક શોષ અને તત્કાળ સારવાર શક્ય બને છે, જે બાળકના ભાષા અને સંચાર વિકાસમાં વિલંબ અટકાવવામાં મદદરૂપ થાય છે.

## બેંક ઓફ ઈન્ડિયા ૩૦ લાખના અકસ્માત વીમાની ચુકવણી

બેંક ઓફ ઇન્ડિયા સુરત ઝોનના ઝોનલ મેનેજર રાજેશકુમાર અને રામકૃષ્ણ એક્સ્પોર્ટ્સ પ્રા. લી. (SRK) ગ્રૂપના ટોપ મેનેજમેન્ટના પ્રતિનિધિ કાન્તિભાઈ નારોલા અને ધ્રુવલભાઈ ધોળકીયાએ કંપનીના અવસાન પામેલા કર્મચારીના લાભાર્થીને પગાર ખાતેદાર અનુસંધાને રૂપિયા ૩૦ લાખનાઆ અકસ્માત વીમા દાવાની રકમ હસ્તાંતર કરી. આ અવસરે કંપનીના ડિરેક્ટરે બેંક ઓફ ઈન્ડિયાની નવીન પગાર ખાતા યોજનાઓ અને દાવાની ઝડપી ચુકવણી માટે આભાર વ્યક્ત કર્યો. સાથે જ, તેમણે વધુમાં જણાવ્યું કે બેંક ઓફ ઇન્ડિયાની પગાર, બચત અને કરંટ ખાતાઓ સાથે જોડાયેલી અકસ્માત વીમા યોજનાનો લાભ વધુ લોકોને મળે તે માટે જાગૃતિ લાવવી જરૂરી છે. ઝોનલ મેનેજર રાજેશકુમારે જણાવ્યું કે બેંક ઓફ ઈન્ડિયા, જે દેશની અગ્રણી પબ્લિક સેક્ટર બેંકોમાંની એક છે, તે પોતાના બચત, પગાર અને કરંટ ખાતાધારકો માટે વિશિષ્ટ લાભો પ્રદાન કરે છે. સરેરાશ ત્રિમાસિક બેલેન્સના આધારે પગાર ખાતામાં અકસ્માત વીમાની રકમ ૧૫૦ લાખ સુધી, બચત ખાતામાં ૧૦૦ લાખ અને કરંટ ખાતામાં ૧૦૦ લાખ સુધી જઈ શકે છે. પ્રિયજનના અણધારી ગુમાવાનો કોઈ વિકલ્પ નથી, પરંતુ આર્થિક સહાય તેમના પરિવારને માનભેર અને સુરક્ષિત જીવન જીવવામાં મદદરૂપ થઈ શકે છે.

## જહાંગીરપુરા લોકસેવા ટ્રસ્ટની રકતદાન શિબિર



જહાંગીરપુરા લોક્સેવા ચેરીટબેલ ટ્રસ્ટ અને અંબાજીમાતા સેવા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે જહાંગીરાબાદના અંબાજીમાતા મંદિરે રક્તદાનએ મહાદાનના વિચાર સાથે ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના ઉપપ્રમુખ ડૉ.નૈલેષ પટેલે જણાવ્યું કે, રકતદાન શિબિરમાં ૧૦૩ રક્ત બોટલ એકત્ર કરવામાં આવી હતી.

## JEE મેઇનમાં વસિષ્ઠ સ્કૂલનાં વિદ્યાર્થીઓનો ડંકો



જેઇઇ મેઇન ૨૦૨૫ સેશન-૧ની પરીક્ષાનું પરિણામ જાહેર થતા વસિષ્ઠ ગ્રૂપ ઓફ સ્કૂલનાં વિદ્યાર્થીએ સુરત શહેર અને જિલ્લાને ગૌરવ અપાવ્યું છે. સ્કૂલના ૭૬ વિદ્યાર્થીઓ માંથી ૧૧ વિદ્યાર્થીઓએ ૯૯થી વધુ PR. પ્રાપ્ત કર્યા છે. આ ઉપરાંત ૨૧ વિદ્યાર્થીઓને ૯૮થી વધુ PR., ૩૫ વિદ્યાર્થીઓને ૯૭થી વધુ PR. પ્રાપ્ત થયા છે. જેમાં ૯૯.૭૨ PR. પ્રાપ્ત કરીને કાતરિયા હર્ષિલે સમગ્ર સુરત શહેર અને જિલ્લાને ગૌરવ અપાવ્યું છે. ઉપરાંત સાંકડાસરિયા ક્રિશને ૯૯.૬૧ PR., પટેલ ક્રિશને ૯૯.૫૬ PR., માણીયા મનને ૯૯.૪૧ PR., મિસ્ત્રી શૈવીનર ૯૯.૨૬ PR., જૈન નિશ્ચલને ૯૯.૨૩ PR., અગ્રવાલ ગર્વિતને ૯૯.૧૬ PR., પટેલ ઋત્વિજને ૯૯.૧૩ PR., સાકરિયા મૈત્રીને ૯૯.૧૨ PR., મુલાણી મનને ૯૯.૦૭ PR. તેમજ પટેલ હર્ષદને ૯૯.૦૬ PR. પ્રાપ્ત થયા હતાં. આ બધા જ વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કરીને ડંકો વગાડ્યો છે. (૧૧)

## આદર્શ સ્કૂલમાં બોર્ડના વિદ્યાર્થીનો વિદાય સમારંભ



લંબે હનુમાન રોડ સ્થિત આદર્શ વિદ્યાલયમાં ધોરણ-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા વિદાય તથા સન્માન સમારોહનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં રિટાયર્ડ આઇઆરએસ રાવાલા, હરિઓમ એજ્યુકેશન ટ્રસ્ટ તથા શાળા પરિવાર દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓ તથા હરિઓમ એજ્યુકેશન ટ્રસ્ટના મંત્રી મનુભાઈ ચાવડા અખિલ ભારતીય કોળી સમાજના કાર્યકારી અધ્યક્ષ પર નિયુક્ત થતાં સન્માનિત કરી બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ મેળવી સફળતા પ્રાપ્ત કરે તે બદલ શુભેચ્છા પાઠવી હતી.

### આજનું પંચાંગ - ભૂપેન્દ્ર ધોળકિયા

| સૂર્યોદયાદિ | સૂર્યોદય | નવકારશી | સૂર્યાસ્ત |
|---|---|---|---|
| સુરત : | ૭-૧૧ | ૭-૫૯ | ૧૮-૩૫ |

| દિવસનાં ચોઘડિયાં | રાત્રિનાં ચોઘડિયાં |
|---|---|
| ૧. ચલ, ૨. લાભ, ૩. અમૃત, ૪. કાળ, ૫. શુભ, ૬. રોગ, ૭. ઉદ્વેગ, ૮. ચલ. | ૧. રોગ, ૨. કાળ, ૩. લાભ, ૪. ઉદ્વેગ, ૫. શુભ, ૬. અમૃત, ૭. ચલ, ૮. રોગ. |

**મુ. શબ્બે બારાત. ચંદ્ર ગુરુનો કેન્દ્રયોગ**

વિક્રમ સંવત : ૨૦૮૧. મહા વદ બીજ. શુક્રવાર, તા.૧૪-૦૨-૨૦૨૫. વીર (જૈન) સંવત : ૨૫૫૧ શાલિવાહન શક : ૧૯૪૬ યુગાબ્દ (કલિ) : ૫૧૨૬ ભારતીય દિનાંક : ૨૫ માઘ. પારસી માસ : મેહેર રોજ : ૪ શેહરેવર. મુસ્લિમ માસ : શાબાન રોજ : ૧૫ દૈનિક તિથિ : વદ બીજ ક. ૨૧-૫૩ સુધી. ચંદ્ર નક્ષત્ર : પૂર્વા ફાલ્ગુની ક. ૨૩-૦૯ સુધી. પછી : ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર રાશિ : સિંહ ક.૨૯-૪૩ સુધી. (શનિવારે પરોઢે ૫-૪૩ સુધી). જન્મ નામાક્ષર : સિંહ (મ.ટ.) કરણ : તૈતિલ/ગર/વણિજ. યોગ : અતિગંડ ક. ૦૭-૧૯ સુધી. પછી : સુકર્મા. વિશેષ પર્વ : રાજયોગ સૂર્યોદયથી ૨૩-૦૯ સુધી. મું. શબ્બે બારાત. * જૈન લીલોતરી ત્યાગ. * વેલેન્ટાઈન દિવસ. * ચંદ્ર ગુરુનો કેન્દ્રયોગ. * ચંદ્ર શનિનું ઓપોઝિશન. * મહુવા બી.એ.પી.એસ. મંદિરનો પાટોત્સવ. * મહેસાણા સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ. * કૃષિ જ્યોતિષ: પશુઓની લેવડદેવડ માટે શુભ. હવામાન તથા ગંજબજારનો અભ્યાસ કરી માલ વેચાણ માટે અનુકૂળ. વહેલી સવારે હવામાનમાં ઠંડક જણાય. દિવસે ગરમીનો અનુભવ થાય. બાળકોનું આરોગ્ય સાચવવું. શુક્રવાર રાહુકાલ : દિવસે ક. ૧૦-૩૦થી ૧૨-૦૦.

### આજની રાશિ - મહેશ રાવલ

- **મેષ** (અ.લ.ઈ.) આપના પ્રયત્નો એળે ન જાય તે જોજો. ધીરજના ફળ મીઠા મળતાં લાગે, સંતાન સુખ મળે.
- **વૃષભ** (બ.વ.ઉ.) વાદ-વિવાદ ટાળજો, આપની મૂંઝવણ વધતી લાગે, સફળતા આખરે જરૂર મળતી જણાય.
- **મિથુન** (ક.છ.ઘ.) નાણાકીય પ્રશ્નોથી ચિંતા રહે, ધાર્યું ન થતાં ચિંતા, નિરાશા જણાય, કૌટુંબિક કામ સફળ થાય.
- **કર્ક** (ડ.હ.) કૌટુંબિક કામકાજમાં સફળતા મળે. પ્રવાસથી આનંદ મળે, અગત્યના કામમાં આગળ વધી શકશો.
- **સિંહ** (મ.ટ.) અંગત પ્રશ્નોથી ચિંતા રહે, ખર્ચ-ખરીદી જણાય, મહત્ત્વના કામ સફળ વધતા લાગે.
- **કન્યા** (પ.ઠ.ણ.) આપના વ્યવસાયિક તેમજ અન્ય મહત્ત્વના પ્રશ્નો ઉકેલવાની તક મળે, મિલન-મુલાકાતથી આનંદ મળે.
- **તુલા** (ર.ત.) લાભની આશા ઠગારી નીવડે, કૌટુંબિક કામ સફળ થાય, પ્રવાસ અંગે ખર્ચ-વ્યય રહે.
- **વૃશ્ચિક** (ન.ય.) મનની મુરાદ મનમાં રહે, વાદ-વિવાદ ટાળજો, કૌટુંબિક પ્રશ્નોથી મૂંઝવણ રહે.
- **ધન** (ભ.ફ.ઢ.ધ.) પ્રતિકૂળતામાંથી માર્ગ મેળવી શકશો, નિરાશા દૂર થાય, અગત્યનું કામ બનતું જણાય.
- **મકર** (ખ.જ.) લાભની તક મળે તે ઝડપી લેજો, આરોગ્ય અંગે તકેદારી લેજો, ગૃહવિવાદનો ઉકેલ મળે.
- **કુંભ** (ગ.શ.સ.) આર્થિક પ્રશ્નોથી ચિંતા રહે, સંપત્તિના કામ અંગે પ્રતિકૂળતા રહે, મિલન-મુલાકાતથી લાભ મળે.
- **મીન** (દ.ચ.ઝ.થ.) ધાર્યા કાર્ય અંગે અડચણ રહે, મહત્ત્વની મુલાકાતથી આનંદ, સ્નેહી સ્વજનનો સહકાર રહે.

### વર્ડ વિઝડમ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | | ૬ |
| ૭ | | ■ | ૮ | ૯ | | | ■ | |
| | ■ | ૧૦ | | | | ■ | ૧૧ | |
| ■ | ૧૨ | ■ | ૧૩ | | ■ | ૧૪ | | ■ |
| ૧૫ | | ૧૬ | ■ | ■ | ૧૭ | | | ૧૮ |
| ૧૯ | | | ■ | ૨૦ | | | ■ | |
| ■ | ■ | ૨૧ | | | ■ | ૨૨ | ૨૩ | |
| ૨૪ | ૨૫ | | ■ | ૨૬ | ૨૭ | ■ | | ■ |
| ૨૮ | | ■ | ■ | ૨૯ | | | | ■ |

અહીં આપેલા શબ્દો, જોડકણાં દ્વારા ઉપરોક્ત ખાના ભરીને તમારું શબ્દ ભંડોળ વધારો. તમારી વિચારશૈલી વધારો.

[illegible]

* લેફ્ટ ટુ રાઈટ
(૧) વાદળાની ગર્જના અને વીજળી (૪)
(૪) નરક (૪)
(૭) ત્યારે (૨)
(૮) એક ફળ (૪)
(૧૦) સાચવી રાખવા સોંપેલું (૪)
(૧૧) પાણી ભરવાનું વાસણ (૨)
(૧૩) લાડકવાયો છોકરો (૨)
(૧૪) હારી ગયેલું (૨)
(૧૫) દુઃખ, મુશ્કેલી (અ) (૩)
(૧૭) આમિરખાન, જૂહીની એક ફિલ્મ (૪)
(૧૯) એક ઝાડ (૩)
(૨૦) પતિ, ધણી (૩)
(૨૧) શોભા, તેજ (૩)
(૨૨) જોડકું (૩)
(૨૪) શકુંતલાની માતા (૩)
(૨૬) લેખ, દસ્તાવેજ (૨)
(૨૮) ફેણવાળો સાપ (૨)
(૨૯) ઓછું વત્તું નહીં સરખેસરખું (૪)

* ટોપ ટુ બોટમ
(૧)શરીરના અવયવ, સાંધા (૩)
(૨) જે વખતે (૨)
(૩) જપ કરવાની માળા-બેરખો (૩)
(૪) સંભાળ, સાચવણી (આ-અ) (૩)
(૫) હાસ્ય, હસવું તે (૨)
(૬) સુંવાળું, મુલાયમ (૩)
(૯) સ્ત્રીઓનું કાનનું એક ઘરેણું (૩)
(૧૧) શોક, રડાકૂટ (૩)
(૧૨) ભોંય ટીપવાનું લાકડું (૩)
(૧૪) માયાથી ભરેલું (૪)
(૧૫) કોઈ સમયે, કદાચ (અ) (૨)
(૧૬) ગુજરાન કે તેનું સાધન (૪)
(૧૭) બળ, જોર (૨)
(૧૮) ચપલ, અસ્થિર (૩)
(૨૦) અફીણનો છોડવો (૪)
(૨૩) આધાર, ભરોસો (૩)
(૨૪) હિમાલયની પત્ની (૨)
(૨૫) સાતની સંજ્ઞા (૨)
(૨૭) ઘેરાયેલું, તૃપ્ત (૨)

### સુડોકુ 5777

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | | ૧ | | | | ૯ | |
| | ૭ | | | ૪ | ૨ | ૮ | ૩ | |
| | ૫ | ૧ | | ૬ | ૩ | | | |
| | | ૭ | | | | ૯ | ૮ | ૫ |
| ૫ | | ૮ | | | | ૬ | | ૩ |
| ૧ | ૩ | ૬ | | | | ૭ | | |
| | | | ૪ | ૧ | | ૩ | ૫ | |
| | ૧ | ૪ | ૭ | ૫ | | | ૬ | |
| | ૬ | | | | ૮ | | ૭ | ૪ |

### સુડોકુ 5776નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬ | ૪ | ૮ | ૫ | ૯ | ૩ | ૨ | ૭ |
| ૮ | ૯ | ૭ | ૨ | ૪ | ૩ | ૧ | ૬ | ૫ |
| ૫ | ૨ | ૩ | ૬ | ૭ | ૧ | ૪ | ૮ | ૯ |
| ૬ | ૧ | ૯ | ૪ | ૮ | ૫ | ૨ | ૭ | ૩ |
| ૨ | ૪ | ૮ | ૯ | ૩ | ૭ | ૬ | ૫ | ૧ |
| ૭ | ૩ | ૫ | ૧ | ૨ | ૬ | ૯ | ૪ | ૮ |
| ૩ | ૭ | ૨ | ૫ | ૯ | ૪ | ૮ | ૧ | ૬ |
| ૯ | ૮ | ૧ | ૭ | ૬ | ૨ | ૫ | ૩ | ૪ |
| ૪ | ૫ | ૬ | ૩ | ૧ | ૮ | ૭ | ૯ | ૨ |

આપેલા ચોરસ સમૂહમાં એવી રીતે ખૂટતા અંક ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને ૩X૩ના બોક્સમાં ૧થી ૯ સુધીના આંકડા આવે. ચોરસ સમૂહમાં આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહીં. તમારે એ સિવાયના ખૂટતા અંકો મેળવવાના છે. તો કરો મગજમારી...!

## ધાર્મિક-સામાજિક અને સંસ્થાકીય ગતિવિધિઓ

### સ્કોલર ઈંગ્લિશ એકેડેમીનું ગૌરવ



ઉત્તરાખંડ ખાતે ૩૮મી નેશનલ ગેમ્સ ટેકવોન્ડોમાં ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી જેના રાજાને U-૫૩ કિલોગ્રામ વજનગ્રૂપમાં શાનદાર પ્રદર્શન કરતા ડિફેન્ડિંગ ચેમ્પિયનને હરાવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. આ ઉપરાંત શાળાના ટ્રસ્ટી રાજેશ મહેશ્વરીજી, પ્રિન્સિપલ મહેન્દ્ર તાયડે સર, વ્યાયામ શિક્ષક અશ્વિન સારંગે ગોલ્ડ મેડાલિસ્ટને શુભેચ્છા પાઠવી હતી.

### સમિતિની શાળાના વિદ્યાર્થીઓ નેચલર પાર્કની મુલાકાતે



પરવટ પાટિયા સ્થિત પરે ગોવર્ધનનાથજી પ્રાથમિક શાળા ક્રમાંક ૩૦૨માં બાલવાટિકાથી ધોરણ-૫માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ સરથાણા પ્રાણી સંગ્રહાલયની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓ શાળાથી બસ દ્વારા પર્યટનના સ્થળ સુધી પોહોંચ્યા હતા. વિદ્યાર્થીઓએ પ્રાણી સંગ્રહાલયમાં વિવિધ પ્રાણીઓ જેવા કે જળબિલાડી, બતક, વાઘ, હરણ, શિયાળ, સફેદ વાઘ, હિપોપોટેમસ, શાહમૃગ, સાબર, પોપટ, મોર વગેરેનું પ્રત્યક્ષ નિદર્શન કર્યું હતું.

### અડાજણમાં પંચમ ગ્રૂપ દ્વારા સંગીત સ્પર્ધા



'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત સુરત મોઢ વણીક અડાજણ રાંદેર સિનિયર સિટીઝન કલબના ઉપક્રમે પંચમ ગ્રૂપ દ્વારા ૩૦૪મો ફિલ્મી ગીતોનો કાર્યક્રમ અડાજણ મનપા હોલમાં ૧૧મી ફેબ્રુઆરીએ યોજાયો હતો. સંગીતા જૈન, મહેશ જેઠવા, ધનસુખ શાહ, આશિષ દારૂવાલા કેયૂરી છાયા અને રિદ્ધિશકુમારે ફિલ્મી ગીતો રજૂ કર્યા હતા. કાર્યક્રમના અંતમાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. નરેશભાઈ મંકોડીવાલા, વસંતભાઈ પાનવાળા અને કિશોરભાઈ તમાકુવાલાએ કલાકારોનું પુષ્પગુચ્છથી અભિવાદન કર્યું હતું.

### ડિંડોલીની કિશોરીને બોડી બિલ્ડિંગમાં ગોલ્ડ



દક્ષિણ ગુજરાત બોડી બિલ્ડિંગ ચેમ્પિયન્સશિપ ૨૦૨૫માં ડિંડોલી વિસ્તારમાં રહેતી ડિમ્પલ પાટિલે ભાગ લીધો હતો. જેમાં તેણીએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરીને શાળા સહિત પરિવારનું નામ રોશન કર્યું છે.


જાહેરખબરના દર (સુરત આવૃત્તિ): લગ્નવિષયક (ઓલ ગુજરાત) Rs. 30/- પ્રતિ શબ્દ (ફક્ત રવિવારે) | 5% GST અલગથી લાગશે | ક્લાસીફાઇડ ડિસ્પ્લે Rs. 150/- પ્રતિ સ્ક્વે.સેમી. 3 Paid 1 Free, 7 Paid 3 Free, 13 Paid 7 Free | પ્રોપર્ટી સ્પેશ્યલ એડ Size 3 X 3 Sq.Cm Rs. 650/-, Size 3 X 4 Sq.Cm Rs. 850/- | જ્યોતિષ વિષયક Rs. 25/- પ્રતિ શબ્દ | અન્ય Rs. 20/- પ્રતિ શબ્દ

# સંદેશ ક્લાસિફાઇડ
નોકરી વિષયક । ધંધાકીય । શૈક્ષણિક । ઔષધ ઉપચાર । પ્રોપર્ટી । અન્ય


મેરેજ બ્યુરો

**જોઇએ યુવતીઓ/ યુવકો** કોળી, કડવા, લેઉવા પટેલ, વૈષ્ણવ, બ્રાહ્મણ, વાણીયા, સર્વ જ્ઞાતિના ફોર્મ ભરાશે. 9227940661, 6354732194 0040498131


પ્રોપર્ટી

**ઓલપાડ-માસમા**
**વેચવાનું છે.**
**જમીન વેચવાની છે. સુરતના** નરથાણ- દાંડી રોડ પર- રોડ ટચ એન. એ. થયેલી જમીન કોર્ટ મેટરવાળી વ્યાજબી ભાવે વેચવાની છે. 9825703700, 9925077130 0040498031

**સચીન-ભેસ્તાન-ઉન**
**હોજીવાલા પ્લોટ લેવા/ વેચવા** માટે મળો, સિદ્ધાર્થ શાહ 9998227450, સતીશ શાહ 9825127450, 9898027450 0040497775

**લિંબાયત-ડીંડોલી**
**ભાડે આપવાનું છે**
**ભાડે આપવાનું છે.** 3 વિંઘા N.A. ટાઇટલ કલીયર 5000 ફૂટ થી 75000 ફૂટ સુધી ખુલ્લી જગ્યા ગોડાઉન તથા અન્ય ઉપયોગ માટે ભાડેથી આપવાની છે ૨૪ કલાક પાણીની સગવડ સાથે. ડિંડોલી-ચલથાણ કેનાલ રોડ, મોહિણી તળાવની સામે, સુરત. 98253 54819 99249 04101

**અડાજણ-પાલ-રાંદેર**
**53 લાખમાં 3 BHK ફ્લેટ** 1545 Sq. Ft.નો વેચવાનો છે. ગાર્ડન સાઈડ, બે રોડ કોર્નર. નવો બાંધકામમાં. પાલ, ગૌરવપથ રોડ ઉપર. 7698768968 0040497827

**તાત્કાલિક દુકાન વેચવાની** અભીક્રમ કોમ્પલેક્ષમાં ભુલકા ભવન સ્કુલની સામે. 9776356000 0040498041

**ઘોડદોડ રોડ-પાર્લેપોઈન્ટ**
**રાજહંસ ઓરનેટ** પાર્લે પોઈટ પ્રાઇમ લોકેશન, 460. Sq-Feet (2) ઓફિસ પાકા દસ્તાવેજવાળી વેચવાની છે. 9409516871


નોકરી ખાલી છે

**વિવિધ**
**જોઈએ. 12 પાસ/ તેના** કરતા વધુ અભ્યાસ કરેલા કોમ્પ્યુટરના જાણકાર બેહનો/ ભાઈઓ, પાર્ટ ટાઈમ/ ફુલ ટાઈમ, તમારો બાયોડેટા Whatsapp કરો. 9879997966. એડ્રેસ: AK રોડ, વરાછા, સુરત. 0040498015

**Bromine Derivatives** બનાવવા માટે અનુભવી માણસની જરૂર છે. સાયખા GIDC. Ph-9099626000 0040497991

**અનુભવી મેલ અને ફિમેલ** ટેલીકોલરની જરૂર છે. સિવિલ ચાર રસ્તા રિંગ રોડ. મો. નં.- 9879382048 0040498022

**જોઇએ છે રેડીમેઇડ** શોરૂમ માટે અનુભવી સેલ્સમેન, સેલ્સ ગર્લ્સ. વરાછા. 9909245757. 0040498014

**મેડીકલ**
**જોઇએ છે છોકરી ડેન્ટલ** ક્લિનિકમાં કામ માટે સીટીલાઈટ કોન્ટેક્ટ 7878048139 0040498019

**ડોક્ટર જોઇએ છે રનિંગ** ગાયનેક હોસ્પિટલ માટે. ગાયનેકોલોજિસ્ટ ડૉક્ટર. કતારગામ, મેઈન રોડ. 9825130781 0040498159

**Physiotherapist** required for Clinic, Hospitals & Sports Club. Location- Vadodara. Contact- 7046239240 0040497830

**શૈક્ષણિક**
**મહિલા શિક્ષક જોઈએ છે** સિટીલાઈટ ટાઉન વધુ વિગતો માટે સંપર્ક 9327647694 0040498013

**ઈજનેર**
**REQUIRED** VALUATION FIRM REQUIRES CIVIL ENGINEER B E/ D. CE Experience/ Freshers CONTACT:- 9824322149 0040497892

**પટાવાળા**
**કતારગામ સ્થિત શાળામાં પટાવાળા** બહેનો જોઈએ છે. રણછોડજી પાર્ક, કંતારેશ્વર મહાદેવ મંદિરની પૂર્વમાં, કતારગામ, સુરત. મોબાઈલ 6351649929 0040497805

**અન્ય**
**Gujarati પેન્સિલ** પેકિંગ, ઘરથી મહિલા, પુરુષ 95000/- કમાઓ. Whatsapp. 8006302150. 0040498107

**Silver પેન્સિલ પેકિંગ** મહિલા પુરુષ 95000 કમાઓ. NOC 2000/-. 7618121192 0040498105

**Honey International** રજીસ્ટર કંપનીથી જોડાઈને છોકરાઓ રોજના 10000- 15000 કમાવો પાર્ટ- ફુલ ટાઈમ (100% ગેરેન્ટેડ) 9082730907. 0040498155

**એરપોર્ટ હેતુ પાક્કી નોકરી,** તરત જોયનિંગ, (અનપઢ- ગ્રેજ્યુએટ) (47000- 85000) સુપરવાઈઝર, લોડર, ડ્રાઈવર, ચેકર, રહેવાનું, જમવાનું. 7065917079 0040498096

**પૂજા કંપની કામ કરી** રોજના 8000 કમાઓ ફક્ત છોકરાઓ. 7046283840 0040498114


વ્યવસાયલક્ષી

**ફાયનાન્સ**
**બાલાજી ફાયનાન્સ, આધાર** લોન 30,000-99,00,000, 2% વ્યાજ, 50% છૂટ, સિવિલ ખરાબ લોન મેળવો. 8302201034 0040498092

**શું તમે તમારી જુની કાર** લોન પર 200 ટકા સુધી ટોપ અપ કરાવવા માંગો છો. તો અમારો સંપર્ક કરો. 9904270814 0040498098

દુકાન ભાડે આપવાની છે. અલથાણ ભિમરાડ રોડ, ગ્રાઉન્ડ ફલોર,
૪૨ લાખમાં 3 BHK ફ્લેટ વેચવાનો છે કેનાલ રોડ, પાલનપુર.
સફેદ રણ (ટેન્ટમાં), ભૂજ, આશાપુરા, કોટેશ્વર, મોગલધામ, અંજાર, માંડવી
ઘરબેઠા તાત્કાલિક L E D રીપેરીંગ. ઇલેક્ટ્રોનિક્સ, મોબાઇલ, રીમોટ.
હિંચકાના કડા ૭૫૦ જોડીના, અમેરીકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ
પાણીની ટાંકીની સફાઇ વૈજ્ઞાનિક પધ્ધતિથી સંપુર્ણ બેક્ટરીયા નાબુદી.
PEST CONTROL 35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ
લગ્ન વિષયક, ૬૪ વર્ષ USA સીટીઝન ગુજરાતી હેન્ડસમએકલા રહેતા યુવક, હાઈટ 5'9" B. Com, LLB, Government, Job સારી ઈન્કમ, પોતાનું હાઉસ, ડિવોર્સી, નિસંતાન માટે યુવતી આવકાર્ય, જ્ઞાતીબાધ નથી.

હવે સંદેશ માં ટચુકડી આપવી તદ્દન સરળ:
- નીચે આપેલ નંબર ઉપર તમારુ મેટર whatsapp કરો.
- whatsapp ઉપર estimate મેળવો.
- નીચે આપેલ QR Code scan કરીને પેમેન્ટ કરો.
- ઘર બેઠા તમારી ટચુકડી કોઇ પણ એડીશન માં છપાવો.

WHATSAPP HERE TO SEND YOUR CONTENT
99099 85623
: સમય :
સોમ થી શનિ 10:30 થી સાંજે 6
રવિવારે ૧૨:૩૦ થી સાંજે ૫:૦૦
SCAN HERE TO PAY

સંદેશ નામ ટચુકડી કામ કરી આપે મોટું

**ટ્રાવેલ એન્ડ ટુર**
**મહાકુંભ સ્લીપર બસ દ્વારા,** (15- 21- ફેબ્રુઆરી) દર શનિવારે જલેબી હનુમાન, (શુભ પ્રસંગોમાં ઈનોવા, ટેમ્પો ટ્રાવેલર, બસ, ભાડે મળશે) 9825967888 0040497981

**ડાયરેક મહાકુંભ સ્નાન,** સ્લીપર બસમાં, 14/ 20, સ્વસ્તિક ટ્રાવેલ્સ, 9925801472 0040497603

**કશ્મી ટુરીઝમ પીપલોદ** કુંભસ્નાન ઉજ્જૈન સ્લીપર 7500/- અને 8500/- 9327387344 0040497949

**દર રવિવારે દમણ 1 અને** 8, રાત્રે ગોળીગઢ, દમણ. 9484448329 0040498037

**અંબે ટેક્સી સુરત મુંબઇ એરપોર્ટ** ડેઈલી સર્વિસ અર્ટીકા, ઈનોવા- 8866002136 0040497905

**18/ 2/, 24/ 2- પ્રયાગરાજ,** મહાકુંભ સાથે ઉજ્જૈન સ્લીપિંગ કોચમાં 7016813658 0040497914

**18/ 2 કુંભ સ્નાન** સાથે ઉજ્જૈન 8500માં 9898379868 0040497889

**રિપેરીંગ સર્વિસ**
**ઘરબેઠા તાત્કાલિક L E D** રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184 0040497823

**બ્યુટી પાર્લર**
**Love મસાજ હાઇપ્રોફાઇલ** મોડલથી એન્જોય 15000 કમાઓ 9519889514, 8920395078, 9871987458. 0040498123

**પેસ્ટ કંટ્રોલ**
**SAINATH PEST** CONTROL, GUMASTA LICENCE, ઉધઈ, માંકડ, વાંદા, RITESHBHAI- 9825859642 0040496466

**CM PEST CONTROL** લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017 0040497898

સંદેશ ક્લાસીફાઇડ રોજેરોજ પ્રસિદ્ધ કરવામાં આવે છે.


જ્યોતિષ

**સુપ્રસિધ્ધ જ્યોતિષ. 21** કલાકમાં નિકાલ, Love Problem, સગાઈમાં રૂકાવટ, છૂટાછેડા, વશીકરણ, 7575008517. 0040496340


ઔષધ ઉપચાર

**મોટી ઉંમરે સેક્સ નિસંતાન,** ડાયાબીટીસ, દારૂ છોડાવો. 9712079799 જીગરભાઈ (આયુર્વેદાચાર્ય) 0040498071


ધંધાદારી

**હિંચકાના કડાંવાલા તોડફોડ** કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ. 9099663638 0040498030

**વુલન સ્વેટરો, રેઇન કોટ,** ઈનર થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે ખોલવડવાલા, ડબગરવાડ, સુરત. 0040496008

**કબૂતર જાળી, મચ્છર જાળી** માટે સંપર્ક સગુનભાઈ. 6306267162, 9558067162 0040497808


વિવિધ

**RCC પાઈપો NP3** કલાસના S & S જોઈન્ટના 300 MM To 800 MM ડાયાના જે છે તે સ્થિતિમાં એકજ લોટમાં વેચવાના છે. સંપર્ક- સી. એચ. પટેલ એન્ડ કું, માર્કેટ યાર્ડ પાછળ, બોડેલી- ૩૯૧૧૩૫, છોટાઉદેપુર- 9879185600 0040497976

**અગત્યનું સૂચન**
વિજ્ઞાપનદાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતા પહેલા, વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. અમો વિજ્ઞાપનદાતાની ઉંમર, આવક, દરજ્જો કે અન્ય કોઇપણ વિગત, સાચી અથવા ખોટી હોવા અંગે બાંહેધરી લેતા નથી. - જા.ખ. મેનેજર

### આગામી પખવાડિયામાં બજેટ રજૂ થવાની શક્યતા, લક્ષ્યાંક પાર પાડવા પાલિકા તંત્ર ટોપ ગિયરમાં



# બજેટની હિલચાલ : ૨૪-૨૫નું સરવૈયું તૈયાર ૨૦૨૫-૨૦૨૬ના આયોજન માટેની મથામણ

## હમણાં સુધીમાં ૨૨૦૦ કરોડનો કેપિટલ ખર્ચ થયો, જ્યારે મિલકત વેરાપેટે ૧૪૦૦ કરોડની આવક

। સુરત ।

સુરત મહાનગરમાં શહેરીજનો માટે પ્રાથમિક-માળખાગત સુવિધાઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટો સહિતનાં આયાજનો અને કામો માટે મહાનગરપાલિકામાં છેલ્લા ચાર દિવસથી રીતસરની લેફ્ટરાઈટ ચાલી રહી છે. ચાલુ નાણાકીય વર્ષના લક્ષ્યાંકો પાર પાડવા માટે પાલિકાતંત્ર એડીચોટીનું જોર લગાવી રહ્યું છે. જે અંતર્ગત બજેટની ભાગદોડ વચ્ચે ૨૦૨૪-૨૫નું સરવૈયું તૈયાર કરી દેવાયું છે. જ્યારે ૨૦૨૫-૨૬ના આયોજન માટે મથામણ ચાલી રહી છે. શુક્રવારે પાલિકા કમિશનર શાલિની અગ્રવાલ વિવિધ વિભાગ, ઝોનના વડા સાથે પરામર્શ કરી શહેરને નવી ઊંચાઈઓ પર લઈ જવા અને નવા પ્રોજેક્ટોને સમાવી લેવા આયોજન કરશે.

પાલિકાના વોર્ડ નંબર-૧૮માં પેટાચૂંટણી હોય બજેટને આચારસંહિતાનું ગ્રહણ નડ્યું છે. દર વર્ષે જાન્યુઆરીના અંત સુધીમાં પાલિકા કમિશનર ડ્રાફ્ટ બજેટ રજૂ કરે છે. તે સામે હાલમાં ૧૬મીએ મતદાન, ૧૮મીએ ચૂંટણી પરિણામ છે. ત્યારબાદ ગણતરીના દિવસોમાં જ પાલિકા કમિશનર દ્વારા ડ્રાફ્ટ બજેટની જાહેરાત થઈ શકે એમ છે. તે પૂર્વે હાલમાં બજેટની તૈયારી અને વિવિધ કામો, લક્ષ્યાંકો પાર પાડવા માટે રોકેટગતિએ કામગીરી ચાલી રહી છે. પાલિકા સૂત્રોના જણાવ્યા મુજબ, ચાલુ અઠવાડિયામાં પ્રથમ દિવસે જ પાલિકા કમિશનરે એકાઉન્ટ વિભાગ, વિભાગીય વડા, ઝોનના વડા સાથે અંદાજે ૨.૩૦ કલાકની રિવ્યૂ બેઠક કરી હતી. કમિશનરની સૂચનાને પગલે બુધવાર અને ગુરુવારે બે દિવસ ૨૦૨૪-૨૫ના ચાલુ નાણાકીય વર્ષમાં રજૂ થયેલા કામો, પ્રોજેક્ટોનું સરવૈયું તૈયાર કરવા મથામણ થઈ છે. ખાસ કરીને બેરેજ, વહીવટી ભવન, ગાંધી સ્મૃતિ ભવન, ડુમસ સી ફેસ, તાપી પાળા યોજના જેવા મોટા પ્રોજેક્ટોની કામગીરી પર મદાર રાખીને કેપિટલ ખર્ચનો અંદાજ કાઢી દેવાયો છે. આ સિવાય ડ્રેનેજ, હાઈડ્રોલિક સહિતના વિભાગો દ્વારા પણ પોતાના નિર્ધારિત કામો, ખર્ચનો લક્ષ્યાંક પાર પાડવા માટે પૂરતી તૈયારી દર્શાવવામાં આવી છે. હવે શુક્રવારે પાલિકા કમિશનર ૨૦૨૫-૨૬ના ડ્રાફ્ટ બજેટમાં કયા પ્રોજેક્ટો, મોટા કામો સમાવી શકાય તેના માટે વિચારમંથન કરશે.

### ૨૦૨૪-૨૫ના ડ્રાફ્ટ બજેટ પર નજર

| | |
|---|---|
| અંદાજિત બજેટ | : ૮૭૧૮ કરોડ |
| કેપિટલ બજેટ | : ૪૧૨૧ કરોડ |
| કેપિટલ આવક | : ૩૩૦૯ કરોડ |
| રેવન્યૂ આવક | : ૫૦૨૫ કરોડ |
| રેવન્યૂ ખર્ચ | : ૪૫૯૭ કરોડ |

### કર-દર માટે પણ ૨૦મી સુધીમાં શાસકોની મંજૂરી લેવી ફરજિયાત

ચૂંટણી આચારસંહિતા વચ્ચે હાલમાં પ્રથમ તબક્કામાં પાલિકા તંત્ર દ્વારા કર-દરની દરખાસ્ત તૈયાર કરી સરકારમાં રજૂ કરવામાં આવશે. જોકે, તે માટે ૨૦ ફેબ્રુઆરી સુધીમાં શાસકોની મંજૂરી લેવી ફરજિયાત છે. ૨૦મીએ વિવિધ કામો માટે સામાન્ય સભા બોલાવવામાં આવી છે. આ સિવાય નિયમ પ્રમાણે ૨૦મી પહેલા સ્થાયી સમિતિમાં સામાન્ય સભાની મંજૂરીની અપેક્ષાએ પણ કર-દરની દરખાસ્ત મૂકી શાસકોની મંજૂરી બાદ સરકારમાં રજૂ કરી શકાય એમ છે. આ સ્થિતિમાં હવે આગામી સોમવારથી ગુરુવાર સુધીમાં કર-દરની દરખાસ્તની શાસકો પાસેથી મંજૂરી લઇ લેવાશે. તેમાં પાલિકા ચૂંટણીનું વર્ષ હોય કર-દરમાં વધારાની દરખાસ્ત રજૂ કરવામાં આવે તો પણ સ્થાયી સમિતિ દ્વારા રદ્ કરી દેવાઇ એવી પૂરેપૂરી શક્યતા છે.

### તંત્ર માટે અનેક પડકાર : ગત વર્ષ કરતાં કેપિટલ ખર્ચ ૨૫૦ કરોડ ઓછો

પાલિકા સૂત્રોના જણાવ્યા મુજબ, ગત વર્ષે ફેબ્રુઆરીમાં પ્રથમ પખવાડિયાના અંત સુધીમાં ૨૫૦૦ કરોડનો કેપિટલ ખર્ચ થયો હતો. તે પૈકી ચાલુ વર્ષે હમણાં સુધીમાં કેપિટલ ખર્ચ ૨૨૦૦ કરોડને પાર થયો છે. એટલે કે ગત વર્ષની સરખામણીએ હજુ પણ કેપિટલ ખર્ચમાં ૨૫૦ કરોડનો તફાવત છે. આ સિવાય ચાલુ વર્ષે મિલકતવેરા પેટે ૨૩૦૦ કરોડની આવકના અંદાજ સામે હમણાં સુધી ૧૪૦૦ કરોડની આવક થઇ છે. ગત વર્ષે રિવાઇઝ્ડ બજેટમાં ૩૨૦૩ કરોડના કેપિટલ ખર્ચની જોગવાઇ કરાઇ હતી. ચાલુ વર્ષે તે આંકડો ૩૪૦૦ કરોડને પાર કરવાનો લક્ષ્યાંક હોય તંત્ર માટે અનેક પડકારો ઊભા થઇ શકે એમ છે. તેમ છતાં વિવિધ વિભાગોએ રોકેટ ગતિએ કામગીરીની ખાતરી આપી હોય હવે બજેટની જાહેરાત પણ મીટ માંડવામાં આવી રહી છે.

### પોલીસે મોડી રાતે ગુનો નોંધી વિદ્યાર્થીઓના વાલીઓને પણ બોલાવ્યા

# ગોડાદરા વિસ્તારની સ્કૂલના વિદ્યાર્થીઓનો લક્ઝરિયસ કારમાં સ્ટંટનો વીડિયો વાયરલ

#### ફાઉન્ટેન હેડ સ્કૂલની ઘટના બાદ ગોડાદરાની સ્કૂલના વિદ્યાર્થીઓનું પરાક્રમ

। સુરત ।

શહેરના સીમાડે કુંકણી ગામ સ્થિત ફાઉન્ટેન હેડ સ્કૂલના ધો. ૧૨ના વિદ્યાર્થીઓએ ફેરવેલ પાર્ટી દરમિયાન લક્ઝુરિયસ ગાડીઓમાં રોડ પર કરેલા સીન-સપાટાનો વિવાદ હજુ શમ્યો નથી થયો ત્યાં ગોડાદરા વિસ્તારની અન્ય એક સ્કૂલના ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓનો પણ લક્ઝુરિયસ કારમાં સીનસપાટા અને સ્ટંટ કરતો હોવાનો વીડિયો વાયરલ થયો હતો. પોલીસે મોડી રાતે ગુનો નોંધી વિદ્યાર્થીઓના વાલીઓને બોલાવ્યા હતા.





પોલીસ સૂત્રો પાસેથી જાણવા મળેલી માહિતી મુજબ ગુરુવારે ગોડાદરા વિસ્તારની સ્કૂલનો વીડિયો વાયરલ થયો હતો. જેમાં સ્કૂલનાં બાળકો ચાર લક્ઝુરિયસ કાર લઈને રોડ પર સ્ટંટ કરી સીનસપાટા કરી રહ્યા હતા. એક મિનિટના વીડિયોમાં વિદ્યાર્થીઓ તેમની કાર સ્કૂલની આસપાસના વિસ્તારમાં દોડાવી રહ્યા હતા. ગોડાદરા પોલીસને જાણ થતા પોલીસે તપાસ કરી મોડી રાતે ગુનો નોંધી ઘટના અંગેની તપાસ શરૂ કરી હતી. વધુમાં ગત ૧૧ તારીખે ગોડાદરા વિસ્તારની અરિહંત એકેડેમી સ્કૂલમાં ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ માટે ફેરવેલ રાખવામાં આવ્યો હતો. જે દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓ લક્ઝુરિયસ કાર લઈને આવ્યા હતા અને કાર્યક્રમ બાદ તેઓ કાર લઈને રીલ્સ બનાવવા માટે મેઈન રોડ પર જોખમી સ્ટંટ કરી સીનસપાટા કર્યા હતા. પોલીસે મોડી રાતે ચાર કારચાલકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# માનદરવાજા ટેનામેન્ટના ટેન્ડર માટે બીજી વખત મુદત વધારવામાં આવી

#### બિલ્ડરો હવે ૨૨ ફેબ્રુઆરી સુધી ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લઈ શકશે

। સુરત ।

માનદરવાજા ટેનામેન્ટ રિડેવલપમેન્ટ માટેના ટેન્ડરની મુદત વધુ એક વાર લંબાવવામાં આવી છે. હવે બિલ્ડર્સ ૨૨મી ફેબ્રુઆરી સુધી ટેન્ડર ભરી શકશે.

મનપાનાં સૂત્રો પાસેથી જાણવા મળેલી માહિતી મુજબ માનદરવાજા ટેનામેન્ટ જર્જરિત થઈ જતા પાલિકા દ્વારા તેનું ડિમોલિશન કરવામાં આવ્યું છે. હવે તેના રિડેવલપમેન્ટ માટે પાલિકા દ્વારા પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યા છે, પરંતુ કોઈક કારણોસર બિલ્ડર્સ તેમાં રસ દાખવી રહ્યા નથી. જેથી તેમાં વિલંબ થઈ રહ્યો છે. હાલમાં પાલિકા દ્વારા બહાર પાડવામાં આવેલા ટેન્ડરમાં નેગેટિવ પ્રીમિયમ આવતા પાલિકાએ ફરીથી ટેન્ડર બહાર પાડ્યું હતું. જેમાં ટેન્ડર ભરવાની અંતિમ મુદત ૧૩ જાન્યુઆરીથી ૧૯ જાન્યુઆરી નિયત કરવામાં આવી હતી. જોકે ત્યારબાદ સમય મર્યાદા વધારી ૧૨ ફેબ્રુઆરી સુધીની અંતિમ તારીખ નક્કી કરવામાં આવી હતી. પરંતુ તેમ છતાંય રિસ્પોન્સ સારો નહીં મળતા પાલિકાએ વધુ એક વાર ટેન્ડરની મુદત લંબાવી ૨૨ ફેબ્રુઆરી સુધી કરતા બિલ્ડર્સને વધુ ૧૦ દિવસ મળી રહેશે. ઉલ્લેખનીય છે કે એક અથવા બીજા કારણોથી માનદરવાજા ટેનામેન્ટ રિડેવલપમેન્ટના ટેન્ડરમાં વિલંબ થતા ૧૩૦૦થી વધુ પરિવારોને આવાસ મળવામાં વિલંબ થતા તેઓ પરેશાન થઈ ગયા છે.

### પ્રજ્ઞાનગરના આવાસોના બિલ્ડિંગની સ્ક્રેપ વેલ્યૂ ૫૫.૩૯ લાખ નક્કી કરાઇ

અઠવા વિસ્તારમાં ફાઇનલ ટીપી સ્કીમ-૪ (ઉમરા-સાઉથ)ના ફાઇનલ પ્લોટ ૧૩૪ ખાતે આવેલા પ્રજ્ઞાનગર આવાસ જર્જરિત થઇ જતા પાલિકા દ્વારા તેને તોડી પાડવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે. અહીં ભોંયતળિયાની સાથે ત્રણ માળના કુલ ૪૪ બિલ્ડિંગ છે. જેને ઉતારી પાડવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેની કાટમાળની સ્ક્રેપ વેલ્યૂ ૫૫.૩૯ લાખ નક્કી કરવામાં આવી છે. જેની મંજૂરી માટે સ્ટેન્ડિંગ કમિટીમાં દરખાસ્તને મંજૂર કરવામાં આવી હતી.

### દોરડા બાંધી જેસીબીની મદદથી ટાંકી ઉતારાતી વખતે પવનને લીધે દુર્ઘટના

# ૪૦ ફૂટ ઊંચી પાણીની ટાંકી ઉતારતી વખતે ઊંધી દિશામાં મંડળીના મકાન પર ધરાશાયી

#### મુળદ ગામે ૯૦ હજાર લિટરની ટાંકી હલતી હતી જેની ફરિયાદ લોકોએ પંચાયતમાં કરી હતી

। કીમ ।

કીમ નજીક મુળદ ગામમાં ગુરુવારે ૪૦ ફૂટ ઊંચી અંદાજીત ૯૦ હજારથી વધુ લીટર પાણીની ઓવરહેડ જર્જરિત ટાંકીને દોરડાથી ખેંચી ઉતારતી વેળા ભારે પવનમાં વિરૂદ્ધ દિશામાં મુળદની સેવાસહકારી મંડળીના મકાન પર પત્તાનાં મહેલની જેમ ધરાશાયી થતાં નાસભાગ મચી ગઈ હતી. મંડળીના મકાનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.



કીમ નજીક આવેલા મુળદ ગામે ૯૦ હજાર લિટર પીવાનાં પાણીની ક્ષમતા ધરાવતી અને અંદાજીત ૪૦ ફૂટ ઊંચી ઓવરહેડ પાણીની બીન ઉપયોગી ટાંકી વર્ષો જૂની અને જર્જરિત અવસ્થામાં હતી. આ ટાંકી હાલી રહી હતી. સ્થાનિક પંચાયતે ટેન્ડરીંગ પ્રક્રીયા થકી ટાંકી તોડવાની નોટિસ પણ જારી કરી હતી તેમજ એસવીએઆઈટીનાં રિપોર્ટ મુજબ ટાંકી તોડવાની જાણ કરવામાં આવી હતી. ટાંકી તોડવા માટે કોઈ એજન્સી આગળ આવી ન હતી. આ ટાંકી છેલ્લા બે દિવસથી પવનમાં હલી રહી હતી જેથી નજીકના વિસ્તારમાં કાટમાળ ઉતારી રહેલા લોકોને આ ટાંકીને ઉતારી લેવા માટે વિનંતી કરવામાં આવી હતી. જોકે જેસીબીનાં માધ્યમથી ઓવરહેડ ૪૦ ફૂટ ઊંચી ટાંકીને દોરડાઓ બાંધી તોડી પાડવાનાં પ્રયાસ ચાલુ હતા. ત્યારે અચાનક ભારે પવનમાં આ ટાંકી વિરૂદ્ધ દિશામાં પત્તાનાં મહેલની જેમ ધરાશાયી થઈને મુળદ સહકારી મંડળીનાં મકાન ઉપર પડી હતી. આ સમયે મંડળીમાં કામ કરતા કર્મચારીઓને બહાર કાઢી લેવામાં આવ્યા હતા. તેમજ બનાવનાં સ્થળ નજીક એક શાળા આવેલી હોય સદનસીબે ઘટનાનાં દિવસે શાળાનાં બાળકો શૈક્ષક્ષિક પ્રવાસે ગયા હોવાથી મોટી હોનારત થતાં ટળી ગઈ હતી. ઘટનાનાં પગલે સ્થાનિક સરપંચ સહિતનાં આગેવાનો બનાવનાં સ્થળે દોડી ગયા હતા. ટાંકી મંડળીનાં મકાનને લાખો રૂપિયાનાં નુકસાન થયું છે.

# કાપોદ્રાની રત્નકલાકાર યુવતીએ ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી

। સુરત ।

કાપોદ્રામાં રહેતી ૨૧ વર્ષીય રત્નકલાકાર યુવતીએ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. કાપોદ્રા પોલીસે મોતનું કારણ જાણવા માટેની તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ઉત્તરપ્રદેશ જોનપુરના વતની અને હાલ કાપોદ્રા વિસ્તારમાં આવેલા દીનદયાળ નગરમાં રહેતા અવધેશસિંગ ઠાકોર ધાગા કટિંગનું કામ કરીને પત્ની, પુત્ર તેમજ એક પુત્રીનું ગુજરાન ચલાવે છે. સંતાનો પૈકી પુત્રી ૨૧ વર્ષીય પ્રિન્સીસિંગ રત્નકલાકાર તરીકે નોકરી કરીને પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતી હતી. ગુરુવારે સવારે પ્રિન્સીસિંગે પોતાના ઘરમાં લોખંડના પાઈપ સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવને લઈને પરિવારને જાણ થતા પોલીસને જાણ કરાય હતી. પોલીસ તપાસમાં પ્રિન્સીસિંગે કયા કારણોસર આપઘાતનું પગલું ભર્યું છે તે અંગે રહસ્ય સર્જાયું છે. કાપોદ્રા પોલીસે મૃતકના આપઘાત પાછળનું કારણ જાણવા માટેની તજવીજ હાથ ધરી છે.

### શેર માર્કેટમાં વધુ નાણાં કમાવાની લાલચમાં ફસાયા

# એન્જિનિયરે રૂપિયા ૧૬.૬૮ લાખમાં નાહી નાખ્યું

#### સેફ્ટી એન્જિનિયરને ઠગબાજોએ ફેસબુક પર લિંક મોકલી છેતરપિંડી કરી

। નવસારી ।

નવસારી છાપરા રોડની શક્તિનગર સોસાયટીમાં રહેતા સેફ્ટી એન્જીનિયરને શેર માર્કેટમાં રોકાણથી વધુ વળતર મળશે તેવી લોભામણી સ્કિમ આપી ઠગ ટોળકીએ ટૂકડે ટૂકડે ઓનલાઈન જુદા જુદા બેન્ક એકાઉન્ટમાં રૂા. ૧૬.૬૮ લાખ ટ્રાન્સફર કરાવ્યા બાદ પરત નહીં કરી છેતરપીંડી કર્યાની ફરીયાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

પોલીસ સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ વિનયભાઈ રમણભાઈ પટેલ (ઉ.વ. ૪૨, રહે. ૧૫૧, શક્તિનગર સોસાયટી, છાપરા રોડ, નવસારી)સેફ્ટી એન્જિનિયર તરીકે ઓમાનની કંપનીમાં નોકરી કરે છે. તેઓ ગત ૨૦૨૪ ના ઓગષ્ટ મહિનામાં ઘરે હતા ત્યારે ફેસબુક ઉપર રીલ્સ જોતા હતા તે વખતે શેર માર્કેટમાં ઈન્વેસ્ટ કરવાની ટીપ્સ આપતી જાહેરાત જોઈ હતી. જેમાં તેમણે ફીન મેક્સ ૮૦૦ ઈન્વેસ્ટમેન્ટ પ્લાન્ટની લિંક ઉપર ક્લીક કરતા તેઓ ગ્રુપમાં જોડાઈ ગયા હતાં. ત્યાર બાદ તેમને આ કંપનીના ઠગબાજોએ રજીસ્ટર કરવાના બહાને આધારકાર્ડ, પાનકાર્ડ સહિતના ડોક્યુમેન્ટ મંગાવી તેમનું વેબસાઈડ પર બેન્ક એકાઉન્ટ ખોલાવ્યું હતું. ત્યાર બાદ કંપનીમાંથી એક મહિલાએ ફોન કરી શેર માર્કેટમાં રોકાણના નામે જુદી જુદી બેન્કોમાં રૂા. ૧૬.૬૮ લાખ ટ્રાન્સફર કરાવ્યા હતાં. બાદમાં આ ઠગ ટોળકીએ તેમના રોકાણ કરેલ રૂપિયા વિથ્ડ્રોલ નહીં કરવા દઈ તેમની સાથે છેતરપિંડી કરી હતી. આ અંગે વિનયભાઈ પટેલે નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ઈસમો સામે સાયબર એક્ટ મુજબનો ગુનો દાખલ કરી વધુ તપાસ પી.આઈ. પી.બી. પટેલીયા કરી રહ્યા છે.




### પોલીસની વરદીમાં એક શખ્સ સહિત ૮ ઈસમો ૩ કારમાં આવી વેપારીને ચૂનો ચોપડી ફરાર

# સુરતના વેપારીએ સોનાની બિસ્કિટ સસ્તામાં ખરીદવાના ચક્કરમાં રૂ. ૯.૮૦ લાખ ગુમાવ્યા

#### ચીટરોએ વેપારીને ડુંગરી બોલાવી પોતાની ગાડીમાં બેસાડી રોલા લઈ જઈ રૂપિયા પડાવી લીધા

। વલસાડ ।

સુરતના વરાછા ખાતે એલ.એચ. રોડ પર આવેલ વર્ષા સોસાયટીમાં મકાન નં. ૩૯૮માં રહેતા અને આ ઠેકાણે મહાવીર ફેશન અને ઓમ સાંઈ ક્રિયેશનના નામથી ટેક્ષટાઈલનો વેપાર કરતા જયેશકુમાર જીલુભાઈ ગોહિલ (ઉ.વ.૨૮ઃએ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું છે કે, ગત તા. ૦૪-૦૨-૨૫એ તેના મોબાઈલ ફોનમાં ફેસબુક પર એક અજાણી આઈ.ડી. પરથી ૧૦૦ ગ્રામ સોનાની બિસ્કીટ રૂા. ૬.૫૦ લાખમાં વેંચવા અંગેની જાહેરાત વાંચીને તેમાં આપેલા નંબર પર ફોન કરતા સામેથી અંકિત નામના ઈસમ સાથે સોનાની કિંમતમાં ડિસ્કાઉન્ટ આપવા કહેતા પહેલા તો તેણે ફોન કટ કરી દીધો પછી રાત્રે સામેથી ફોન કરીને ૧૦૦ ગ્રામની બિસ્કીટ રૂા. ૬ લાખમાં આપવાનું કહ્યું હતું. જેથી લાલચમાં આવેલા વેપારીએ ૧૦૦ ગ્રામની બે બિસ્કીટ ખરીદવાની તૈયારી બતાવતા તા. ૦૫-૦૨-૨૫એ વેપારી તેના મિત્ર ક્રિશ નીતિનભાઈ વઘાસીયા અને કાનભાઈ ભુવા સાથે તેમની કાર નં. જીજે.૦૫. આરએક્સ.૩૨૩૬માં બેસી ઠગભગતો સાથે વાત થયાં મુજબ વલસાડના ડુંગરી હાઈવે પર આવેલ દિપ્તીબેન ઉબાડીયાની દુકાન પાસે પહોંચ્યા હતાં. અહીં કાર પાર્ક કરી રસ્તાની બીજી બાજુ ચીટરોની નંબર વગરની વેન્યુ કાર પાસે પહોંચ્યા હતાં. જેમાં ૩ ચીટરો હાજર હતાં. તેઓ વેપારીને પોતાની કારમાં બેસાડીને રોલા હાઈવેની બાજુમાં આવેલ એમ્પાયર હોટલના પાર્કિંગમાં લઈ ગયો હતા. જ્યાં એક ચીટરે કોઈકને ફોન કરતા એ ઠેકાણે આવેલા પેટ્રોલપંપ પાસે ઉભેલી સ્વીફ્ટ કાર નં. જીજે.૧૨.ડીએમ.૧૧૬૫માં બેઠેલા ચાર પૈકી એક ઈસમ સોનાની બે બિસ્કીટ લઈ વેન્યુ કાર પાસે આવ્યો હતો. બિસ્કીટ ઓરીજીનલ હોવાથી વેપારી તે ખરીદવા તૈયાર થઈ ગયો હતો. વેપારીએ તેની પાસે હાલ ૯.૮૦ લાખ પડ્યા છે તેમ કહેતા ઠગભગતોએ આટલા રૂપિયા આપી દો બાકીને આંગળીયા કરી દેજો તેમ કહેતા વેપારી અને તેના મિત્રો પરત સુરત જઈને રૂા. ૯.૮૦ લાખ બેગમાં ભરી રાત્રે ડુંગરી હાઈવે પર દિપ્તી ઉબાડીયાની દુકાન પાસે પહોંચ્યા હતાં. ત્યાં ગાડી પાર્ક કરી રસ્તાના સામા છેડે ઉભેલી નંબર વગરની વેન્યુ કાર પાસે પહોંચતા તેઓને કારમાં બેસાડીને ઠગભગતો રોલા ગામે એમ્પાયર હોટલના પાર્કિંગમાં લઈ ગયાં હતાં. અહીં એક ઠગને રૂપિયા ભરેલી બેગ આપતા તે બેગ લઈને નજીકમાં ઉભેલી સ્વીફ્ટ કારમાં બેઠેલ ઈસમને આપી દઈ તેમની પાસેથી એક પેકેટ લઈ વેન્યુ કારના ચાલકને આપી ચેક કરીને વસ્તુ આપી દેજે તેમ કહીં ત્યાંથી નીકળી ગયો હતો.

જે બાદ વેન્યુ કારનો ચાલક કારને એમ્પાયર હોટલની સામેથી સર્વિસ રોડ પર રોંગ સાઈડે લઈ જતો હતો તે વખતે આવી પહોંચેલી એક નંબર વગરની ક્રેટા કારમાંથી પોલીસની ખાખી વર્દી પહેરીને ઉતરેલો એક ઈસમ સહિત કુલ બે ચીટરોએ વેન્યુ કારના ચાલકને અમે પોલીસ છીએ, તારા ગાડીની નંબરપ્લેટ ક્યાં છે ? તેમ પૂછીને કારમાં બેસી ગયાં હતા અને કારને અંદરના રસ્તે હંકારી મૂકી હતી તો ક્રેટા કારને સુરત તરફ ઠગો હંકારીને ભાગી છુટ્યા હતાં.

### ચીટર ગેંગ ઝડપાઈ ગયાની માહિતી ફરતી થઈ

તા. ૧૦-૦૨-૨૫એ વેપારીને ફરી અંકિત નામના ઇસમે વોટ્સ એપ પર મારો માણસ માલ લઇને આવે છે તેની પાસે તમારૂં ૨૦૦ ગ્રામ સોનાનું પાર્સલ છે તે મુજબનો મેસેજ કરતા વેપારીએ પોતાના ઘરમાં આ બાબતે વાત કરી હતી. જે બાદ પોતાના મિત્રો સાથે વલસાડના ડુંગરી પોલીસમથકમાં પહોંચેલા વેપારીએ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે અંકિત નામના ઇસમ સહિત કુલ ૦૮ અજાણ્યા ઇસમો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વલસાડ એલ.સી.બી. પોલીસે આરોપીઓને ઝડપી પાડ્યા હોવાનું કહેવાય છે. પરંતુ પોલીસે આ બાબતે સત્તાવાર રીતે ફોડ પાડ્યો નથી.





**CITY PLUS** ફ્રી પાર્કીંગ MULTIPLEX
ડુમસ રોડ, મગદલ્લા સર્કલ, સુરત.

| | |
|---|---|
| છાવા વિકી કૌશલ - રશ્મિકા મંદાના - અક્ષય ખન્ના | ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૫૫, ૨.૫૫, ૫.૦૦, ૫.૫૫, રાત્રે : ૮.૫૫, ૧૦.૩૫, ૧૧.૫૯ |
| કૈપ્ટન અમેરિકા | ૧૨.૫૫, ૩.૦૫, ૫.૧૫, ૭.૨૫, રાત્રે : ૯.૪૦ |
| સનમ તેરી કસમ | સવારે : ૧૧.૧૫ |
| દેવા | ૨.૦૫ |
| ઉંમરો | ગુજરાતી : રાત્રે : ૮.૦૦ |

**CINEZZA** Multiplex
ડીમાર્ટની બાજુમાં, જહાંગીરપુરા, સુરત.

| | |
|---|---|
| છાવા વિકી કૌશલ - રશ્મિકા મંદાના - અક્ષય ખન્ના | ૯.૦૦, ૯.૪૫, ૧૨.૦૦, ૧૨.૪૫, ૩.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૭.૦૦, રાત્રે : ૯.૦૦, ૧૦.૦૦ |
| કૈપ્ટન અમેરિકા (હિન્દી) એક્શન થ્રીલર | ૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૫.૦૦, ૭.૩૦, રાત્રે : ૧૦.૦૦ |
| ઉંમરો | ગુજરાતી : ૯.૧૫, ૩.૩૦, રાત્રે : ૯.૩૦ |
| ફાટીને ? | ગુજરાતી : ૧૨.૩૦ |
| સનમ તેરી કસમ | ૬.૩૦ |

WORLD CLASS 6 SCREEN MULTIPLEX IN SURAT
**RAJ IMPERIAL** DOLBY ATMOS INOX
For Booking Movie Tickets @ Raj Imperial Inox Call On 02612577777

| | |
|---|---|
| છાવા વિકી કૌશલ રશ્મિકા મંદાના - અક્ષય ખન્ના | ATMOS : ૮.૦૦, ૯.૦૦, ૧૧.૧૫, ૧૨.૧૫, ૨.૩૦, ૩.૩૦, ૫.૪૫, ૬.૪૫, રાત્રે : ૯.૦૦, ૧૦.૦૦; રેગ્યુલર : ૧૦.૦૦, ૧.૧૫, ૪.૩૦, ૭.૪૦, રાત્રે : ૧૦.૫૫ |
| કૈપ્ટન અમેરિકા | (હિન્દી) ૯.૦૦, ૧૧.૩૫, ૨.૧૦, ૪.૪૫ |
| સનમ તેરી કસમ | ૯.૩૦, ૧૨.૩૫, ૬.૨૫ |
| ઉંમરો | ગુજરાતી : ૧૨.૩૦, ૩.૪૦, ૬.૩૦ |
| દેવા | સવારે : ૯.૨૦ |
| ઈલુ ઈલુ | ગુજરાતી રાત્રે : ૯.૩૦ |
| ફાટીને ? | ગુજરાતી : ૩.૧૫, રાત્રે : ૯.૧૫ |

**RAJHANS** MULTIPLEX
એ.આર.મોલ, મોટા વરાછા, સુરત.

| | |
|---|---|
| છાવા વિકી કૌશલ - રશ્મિકા મંદાના - અક્ષય ખન્ના | ૯.૦૦, ૯.૪૦, ૧૦.૧૫, ૧.૧૫, ૩.૦૦, ૩.૪૦, ૪.૧૫, ૫.૪૦, ૬.૦૦, ૭.૧૫, રાત્રે : ૯.૦૦, ૯.૪૦, ૧૦.૧૦ |
| કૈપ્ટન અમેરિકા | ૯.૪૫, ૧૨.૦૦, ૨.૧૫, ૫.૧૫, ૭.૩૦, રાત્રે : ૯.૪૫ |
| ઉંમરો | ગુજરાતી : ૧૦.૩૦, ૧.૧૫, ૬.૪૫, રાત્રે : ૯.૩૦ |
| ફાટીને ? | ૧૨.૦૦ |
| ઈલુ ઈલુ | ૪.૦૦ |
| સનમ તેરી કસમ | ૧૨.૪૦ |

**Valentine** Multiplex DOLBY ATMOS

| | |
|---|---|
| છાવા વિકી કૌશલ - રશ્મિકા મંદાના - અક્ષય ખન્ના | ૯.૨૦, ૧૦.૦૦, ૧૧.૫૫, ૧.૦૦, ૨.૫૦, ૪.૦૫, ૬.૧૦, ૭.૧૫, રાત્રે : ૯.૧૫, ૧૦.૨૦ |
| કૈપ્ટન અમેરિકા (હિન્દી) એક્શન થ્રીલર | ૯.૩૫, ૨.૫૫, ૭.૫૫, રાત્રે : ૧૦.૧૦ |
| ઉંમરો | ગુજરાતી : ૫.૧૫ |
| સ્કાયફોર્સ | ૧૨.૨૫ |

**CINEZZA** Multiplex
મહારાજા ફાર્મ, ડી માર્ટ પાસે, મોટા વરાછા, સુરત

| | |
|---|---|
| છાવા વિકી કૌશલ - રશ્મિકા મંદાના - અક્ષય ખન્ના | ૯.૦૦, ૧૦.૩૦, ૧૨.૦૦, ૧.૩૦, ૩.૦૦, ૩.૪૫, ૪.૩૦, ૬.૦૦, ૭.૩૦, રાત્રે : ૯.૦૦, ૯.૪૫, ૧૦.૩૦ |
| કૈપ્ટન અમેરિકા (હિન્દી) એક્શન થ્રીલર | ૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૫.૦૦, ૭.૩૦, રાત્રે : ૧૦.૦૦ |
| ઉંમરો | ગુજરાતી ચિત્ર : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે : ૯.૩૦ |
| સનમ તેરી કસમ | ૯.૪૫, ૧૨.૪૫, ૬.૪૫ |






સૌરાષ્ટ્રની ૩૦ નગરપાલિકાની ચૂંટણીના મતદાનનું કાઉન્ટડાઉન શરૂ

# કાલે સાંજે ચૂંટણી પ્રચાર બંધ : મતદાર ચાર મત આપશે

**રાજકોટ** શનિવારે બપોરના બે વાગ્યા સુધીમાં ચૂંટણી સ્ટાફ મતદાન મથકનો હવાલો સંભાળી લેવાશે

રાજકોટ જિલ્લાની પાંચ સહિત સૌરાષ્ટ્રની ૩૦ નગરપાલિકાની ચૂંટણીમાં મતદાનનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે.૨૦૫૧ ઉમેદવારો દ્વારા શહેરી વિસ્તારમાં જોરશોરથી પ્રચાર કરી મતદારોને લોભાવી રહ્યા છે. ત્યારે મતદાનના ૪૮ કલાક પહેલા એટલે કે આવતીકાલે શુક્રવારે સાંજના ૬ વાગ્યા બાદ જાહેર પ્રચારના પડઘમ શાંત થશે. ચૂંટણી પ્રચારમાં બહારથી આવેલા રાજકીય લોકોએ પાલિકા વિસ્તાર છોડવાની સૂચના ઉમેદવારોને આપી દેવામાં આવી છે.

ચૂંટણી તંત્ર દ્વારા મતદાનને તમામ તૈયારીઓ આટોપી લેવામાં આવી છે.

શનિવારે સવારથી જ ચૂંટણી સ્ટાફ દ્વારા ઝોનલ રૂટ પ્રમાણે ચૂંટણી સાહિત્ય સાથે રવાના થશે અને બપોરના બે વાગ્યા સુધીમાં મતદાન મથકનો કબજો સંભાળી લેશે.રવિવારે મતદાન દરમિયાન બૂથમાં માત્ર પ્રિસાઈડિંગ ઓફિસર સિવાય કોઈને પણ મોબાઈલ લઈ જવાની મનાઈ ફરમાવવામાં આવી છે.આમ છતા જો કોઈ મતદારો મોબાઈલ લઈ આવશે તેનો મોબાઈલ બહાર રાખી મતદાન મથકમાં પ્રવેશ અપાશે.

નગરપાલિકામાં પણ એક વોર્ડમાં ચાર ઉમેદવારો હોય એક મતદારને ચાર વોટ આપવાના રહેશે. ચાર વખત ઈવીએમનું વાદળી બટન દબાવ્યા બાદ આખરે પીળા રંગનું બટન દબાવી મત કન્ફર્મ કરવાનો રહેશે. મતદારો નોટાને નોટાનો પણ વિકલ્પ આપવામાં આવ્યો છે. કોઈ ઉમેદવાર પસંદ નહી હોય તેઓ નોટાને મત આપી શકશે.એમ-૪ પ્રકારના ઈવીએમનો ઉપયોગ કરવામાં આવ્યો છે. રાજકોટ જિલ્લાની પાંચ પાલિકાની ચૂંટણીમાં ૪૧૧૦ ચૂંટણી સ્ટાફની બે તાલીમ પૂર્ણ કરી લેવામાં આવી છે.સંવેદનશીલ મતદાન મથકની જિલ્લા કલેક્ટરે મુલાકાત કરી હતી. બાદમાં સ્ટ્રોંગરૂમની ચકાસણી કરવામાં આવી હતી. ચૂંટણીને લઈને પોલીસનો સઘન બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

**■ રાજકોટની પાંચ પાલિકાની ચૂંટણી ચિત્ર**

| પાલિકા | બેઠક | બીનહરીફ | હરીફ ઉમેદવારો | મતદારો | BU | CU |
|---|---|---|---|---|---|---|
| ભાયાવદર | ૨૪ | ૦૦ | ૬૮ | ૩૭,૮૪૦ | ૬૦ | ૩૦ |
| ધોરાજી | ૩૬ | ૦૦ | ૧૧૦ | ૧,૦૪,૫૫૯ | ૨૦૦ | ૧૦૦ |
| જસદણ | ૨૮ | ૦૨ | ૬૪ | ૬૮,૩૫૫ | ૧૧૦ | ૫૬ |
| જેતપુર | ૪૪ | ૦૦ | ૧૪૦ | ૧૫,૨૫૫ | ૧૮૮ | ૧૩૬ |
| ઉપલેટા | ૩૬ | ૦૫ | ૮૭ | ૫૧,૫૫૭ | ૭૪ | ૬૫ |



# ખાણ ખનીજ વિભાગે ગેરકાયદે ખનન કરતા ૪.૫ કરોડનાં વાહનો જપ્ત કર્યાં

**પાટણ** નકશો તૈયાર કરીને ખનીજ ચોરીના દંડની રકમ નક્કી કરાશે

પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના ઉંદરા ગામની સીમમાંથી પસાર થતી બનાસ નદીના પટમાં અવારનવાર ખનીજ માફિયાઓ બેફામ ખનીજ ચોરી કરતા રહે છે આવી જ ખનીજ ચોરી ચાલી રહી હોવાની પાટણ જિલ્લા ખાણ ખનીજ વિભાગના અધિકારીઓને માહિતી મળતા અધિકારીઓએ રેડ કરી હતી જ્યાં ખરેખર ખનીજ ચોરીનું કામ ચાલી રહ્યું હતું જેથી ખનન કરી રહેલા ૧૦ ડમ્પર અને એક હિટાચી મશીન સહિત ૪.૫ કરોડ રૂપિયાના વાહનો ખનીજ વિભાગે જપ્ત કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

સરસ્વતી તાલુકાના ઉંદરા ગામની સીમમાંથી ખરેખર કોઈપણ પ્રકારની લીઝની મંજૂરી વગર ગેરકાયદેસર રીતે ખનીજ ચોરી થઈ રહી હતી. જેથી અધિકારીઓએ ખનીજ ચોરી કરી રહેલા ૧૦ ડમ્પર અને એક હિટાચી મશીનને યથાવત સ્થિતિમાં પકડી લઈને તેમણે સીઝ કરી લીધા હતા.

વિદ્યાર્થીઓ પરેશાની વિના સ્વસ્થ ચિત્તે પરીક્ષા આપી શકે તે માટે બોર્ડ સક્રિય

# ધો-૧૦ અને ધો-૧૨ની બોર્ડની પરીક્ષામાં ગેરરીતિ બદલ જેલની સજાની જોગવાઈ

**ભાવનગર** પ્રશ્નપત્ર, જવાબવહી અને અન્ય સાહિત્યને ગોપનીય શ્રેણીમાં મુકાયું

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષામાં ગુજરાત જાહેર પરીક્ષામા ગેરરીતિઓ રોકવા કાયદો-૨૦૨૩ અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ કાયદો-૧૯૭૨ની કલમ-૪૩ લાગુ પડવા તાકીદ કરાઈ છે.ધો-૧૦ અને ધો-૧૨ની બોર્ડની પરીક્ષામા ગેરરીતિ બદલ જેલની સજાની જોગવાઈ પણ કરાઈ છે.

આ અંગે સાંપડતી માહિતી અનુસાર, ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની જાહેર પરીક્ષાઓ તા.૨૮થી આરંભ થશે.આ પરીક્ષાઓ પારદર્શક રીતે યોજાય તથા વિદ્યાર્થીઓ કોઈપણ પ્રકારની પરેશાની વિના સ્વસ્થ ચિતે પરીક્ષા આપી શકે તે માટે બોર્ડ દ્વારા દર વર્ષે તમામ પ્રયત્નો કરવામાં આવે છે.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ કાયદો, ૧૯૭૨ની કલમ-૪૩ હેઠળ બોર્ડના પ્રશ્નપત્ર, જવાબવહી અને અન્ય સાહિત્યને ગોપનીય ગણવામાં આવેલ છે, આવા સાહિત્યને અનધિકૃત રીતે પોતાની પાસે રાખવા, બીજાને પહોચાડવુ કે ઉપયોગમાં લેવુ તે ગુન્હો છે, જેના માટે જેલ અને દંડની જોગવાઈ છે.

કાયદાની જોગવાઈઓને ભંગ કરતો ગુન્હો જો પરીક્ષાર્થીઓ દ્વારા આચરવામાં આવે તો કાયદાની કલમ-૪(૨) ની જોગવાઈ અનુસાર આખરી નિર્ણય કરવાની સત્તા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની છે, માટેપરીક્ષા દરમિયાન ગેરરીતિની કોઈ ઘટના બને અને કાયદાનો ભંગ થતો જણાય તો રોજકામમાં આ અંગે સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવે તે માટેસ્થળ સંચાલક અને સુપરવાઈઝરને જરૂરી સૂચના આપવાની રહેશે.

**શિક્ષક મદદ કરે તો ગુનો નોંધાશે**

પ્રશ્નપેપર સોલ્વ કરવા માટે કોઈ શિક્ષક કે ખાનગી ટ્યૂશન કલાસીસ સંચાલક કે અન્ય કોઈ પણ વ્યક્તિ મદદ કરે તો આ કૃત્ય કાયદાની કલમ-૨k(i)(c) અનુસાર ગુન્હો છે, અને કસુરવારો સામે કલમ-૧૨(૩) મુજબની શિક્ષાની જોગવાઈ હોવાથી તે અનુસાર કાર્યવાહી કરવાની રહેશે. તેમ શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ હતું.

**સુરેન્દ્રનગર। સાયબર ક્રાઈમનો ભોગ બન્યા**

# ૨૦ લાખની લોનની લાલચમાં આચાર્યે ૯૯,૭૨૦ ગુમાવ્યા

વઢવાણના ગણપતી ફાટસર વિસ્તારમાં રહેતા અને વઢવાણ ધોળીપોળ પાસે આવેલ શાળા નં. ૧ના આચાર્ય સાયબર ક્રાઈમનો શીકાર બન્યા છે. ફેસબુક પર એડ જોઈને રૂપીયા ૨૦ લાખની લોન લેવા માટે તેઓએ પ્રોસેસીંગ ફી, ઈન્સ્યોરન્સ, ટીડીએસ, જીએસટી માટે રૂપીયા ૯૯,૭૨૦ ભર્યા હતા. જે પરત ન આવતા વઢવાણ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

વઢવાણમાં રહેતા ૫૧ વર્ષીય વિનોદભાઈ જેઠાભાઈ ડાભી વઢવાણના ધોળીપોળ પાસે આવેલ પ્રાથમીક શાળા નં. ૧માં આચાર્ય તરીકે ફરજ બજાવે છે. તા. ૬-૧ના રોજ રાત્રે તેઓ ઘરે મોબાઈલમાં ફેસબુક જોતા હતા. આ સમયે રીલાયન્સ ફાઈનાન્સ લીમીટેડના નામે લોન માટેની જાહેરાત આવી હતી. જેમાં તેઓએ એપ્લાય કરતા તા. ૭ના રોજ ધર્મેન્દ્રસીંગ નામના હિન્દી ભાષી વ્યકતીએ ફોન કર્યો હતો. અને કોઈપણ આવકના પ્રુફ વગર માત્ર આધારકાર્ડ, પાનકાર્ડ અને બેંક પાસબુકના આધારે વિનોદભાઈ પાસે પ્રોસેસીંગ ફીના રૂપીયા ૬,૫૦૦, ઈન્સ્યોરન્સના રૂપીયા ૧૭,૨૧૦, ટીડીએસના ૩૩,૩૨૦, જીએસટીના ૪૨,૬૯૦ ભરવાનું કહેતા કયુઆર કોડ થકી નાણા મોકલ્યા હતા.

**રાજકોટ। ગ્રીવન્સીસ સેલ સમક્ષ થયેલી લેખિત અરજી**

# PM-JAYમાં ચાર હોસ્પિટલો વિરુદ્ધ દર્દીઓ દ્વારા કરવામાં આવી ફરિયાદ

પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY) સાથે સંલગ્ન હોવા છતા સેવા નહિ આપનારી અને દર્દી પાસેથી પૈસા પડાવનારી હોસ્પિટલો સામે સરકારે તપાસ માટે આરોગ્ય વિભાગને સત્તાઓ સોંપી છે. રાજકોટમાં છેલ્લા દોઢેક માસમાં ચાર હોસ્પિટલો વોકહાર્ટ, ગોકુલ, ઓલમ્પસ અને શાંતિ સામે પી.એમ.જે.એ.વાય..યોજનાના કાર્ડ હોવા છતા દર્દી પાસેથી નાણાં માગ્યાની તેમજ કાર્ડ હેઠળ સેવાઓ આપવાના ઈન્કાર કર્યાની ફરિયાદ મહાપાલિકાના આરોગ્ય વિભાગ સમક્ષ નોંધાવાઈ છે.આ ચારે હોસ્પિટલ સામે ફરિયાદ નોંધાવાતા તપાસ શરૂ કરાઈ છે. રાજકોટ શહેરની હોસ્પિટલોમાં પ્રધાન મંત્રી જન આરોગ સેવાઓ હેઠળ નોંધાયેલી છે અને તેમાં આયુષ્યમાન કાર્ડ હેઠળ સર્જરી સહિતની સેવાઓ આપવાની હોય છે. આ સેવાઓ નહિ આપતી હોસ્પિટલો સામે મહાપાલિકાના આરોગ્ય વિભાગમાં ગ્રીવેન્સીસ સેલ બનાવાયું છે જયાં લેખિતમાં ફરિયદા નોંધાવી શકાય છે. આ ફરિયાદ મળતા આરોગ્ય વિભાગ દ્વારા તપાસ કરીને પગલા લેવા માટે સરકારમાં રિપોર્ટ કરવામાં આવે છે. રાજકોટની ચાર હોસ્પિટલો દ્વારા અલગ અલગ પ્રકારની સેવાઓ આપવાનો ઈન્કાર કરાયો હતો.

રાજકોટના મેયરનો ઘટસ્ફોટ: સંગઠન ઉપર પણ આકરા પ્રહારો

# મહાપાલિકામાં ભ્રષ્ટાચાર, ભાજપના જ નેતાઓ મને દબાવવા માંગે છે : મેયર

**રાજકોટ** ગેમઝોનનો વિરોધ કરેલો : હું 'કવર'લઉ છું એવો પ્રચાર કરાય છે

રાજકોટમાં સરકારી ગાડીમાં મહાકુંભની યાત્રાએ ગયેલા મેયર નયનાબેન પેઢડિયાએ રાજકોટ પરત આવીને પક્ષના જ નેતાઓની ધોલાઈ કરતા જે આક્ષેપો કર્યા છે તે બેહદ ગંભીર છે. મહાપાલિકામાં અંદરખાને શું ચાલે છે તેનો ચિતાર આપતા તેમણે કહયું હતુ કે હું કવર(લાંચના રૂપિયા) લઉ છું એવો અપપ્રચાર એક જૂથ દ્વારા થાય છે. હું ભ્રષ્ટાચારમાં સામેલ નથી થતી એટલે મને દબાવાય છે પરંતુ હું કોઈથી ડરતી નથી.

રાજકોટમાં તાજેતરમાં ૧૧૦૦ કરોડના ટીપરવાન ટેન્ડરે ભારે ચર્ચા સર્જી હતી અગ્નિકાંડ બાદ ભ્રષ્ટાચારના આક્ષેપો વચ્ચે મહાપાલિકામા પદાધિકારીઓને 'કવર 'મળતા હોવાની પરંપરાનો પણ મેયરના વિધાનોથી પર્દાફાશ થાય છે.ભાજપમા શહેર પ્રમુખની પસંદગી વખતે બે જૂથો સામસામે આવી ગયા તેમ મહાપાલિકામા પણ જયમીન ઠાકર અને તેની સામેના જૂથ હવે એકબીજા સામે લડાયક મૂડમા છે. ૯૯થી હું રાજકારણમા છુ પરંતુ આવી સ્થિતિ મેં ક્યારે'ય જોઈ નથી. રાજકોટમાં ઓવરબ્રીજ નીચેના વિવાદસ્પદ ગેમઝોન વિષે જબ્બર હોબાળો થયો તેની અંદરની વાત જણાવતા તેમણે કહયુ કે ગેમઝોનનો હું પહેલેથી જ વિરોધ કરતી હતી. નયનાબેનના વિધાનના સૂચિતાર્થ એ છે કે મહાપાલિકામાં મેયરને રબરસ્ટેમ્પ બનાવી કામો થઈ ગયા છે. તેમણે કહયું કે એક જૂથની નીતિ રીતીની સામે હોબાળાના કારણે તેને દબાવાય છે પરંતુ ભલેને જે કરવું હોય તે કરે... આ માટે તેમણે સંગઠનને પણ જવાબદાર ઠેરવ્યું હતું.

**સ્ટેન્ડિંગ ચેરમેન સુપર મેયરની ભૂમિકામાં હોવાની ચર્ચા**

મહાપાલિકામા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરની ભૂમિકા વિષે ભાજપના જ અંતરંગ વર્તુળોમાં ચાલતી ચર્ચાઓ મુજબ તે મહાપાલિકામાં અગ્રીમ પંક્તિમાં નિર્ણય લે છે.ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ અને સ્ટેન્ડિંગ ચેરમન મેયરને ઓવરરૂલ કરી રહયા છે. જયમીન ઠાકરે આ બાબતે કશુ જ કહેવાનો ઈન્કાર કર્યો છે.

ગિરનારમાં ફરી પારો ૯ ડિગ્રી સાથે સિંગલ આંકડામાં પહોંચી ગયો

# રાજકોટ, ભુજમાં હવે ગરમીનું મોજું, તાપમાન ૩૫ ડિગ્રીને પાર થઈ ગયું

**રાજકોટ** સવારે હવામાં ભેજ પણ ઘટ્યો : રવિવારે તાપમાન નીચું જશે

સૌરાષ્ટ્ર-કચ્છમાં સવારે ઠંડી બાદ બપોરે ગરમીનું મોજૂ ફરી વળ્યું છે. આજે રાજકોટ, વેરાવળ અને ભૂજમાં ગરમીનો પારો ૩૫ ડિગ્રીને પાર થઈ ગયો છે. સમગ્ર પ્રદેશમાં સવારે હવામાં ભેજનું પ્રમાણ અચાનક ઘટી ગયું હતું. જો કે, ગિરનારમાં ૯ ડિગ્રી સાથે ફરી તાપમાન સિંગલ આંકડાએ પહોચી ગયું હતું. આગામી સોમવારથી મહતમ તાપમાન ૩૬ ડિગ્રીને પાર સાથે ઉનાળાની શરૂઆત થાય તેવા સ્પષ્ટ અણસાર મળી રહ્યા છે.

સવારે સામાન્ય ઠંડી નોંધાઈ હતી. જૂનાગઢમાં ૧૪.૦, મહુવામાં ૧૪.૧, દીવમાં ૧૪.૯, કેશોદમાં ૧૫.૦, પોરબંદરમાં ૧૫.૩, ભાવનગરમાં ૧૭.૬, સુરેન્દ્રનગરમાં ૧૭.૦, વેરાવળમાં ૧૮.૯, દ્વારકામાં ૧૯.૮, ઓખામાં ૨૧.૨ અને કચ્છના નલીયામાં ૧૩.૨, ભૂજમાં ૧૭.૮ અને કેશોદ એરપોર્ટમાં ૧૬.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.

સવારે ઠંડીનો ચમકારા બાદ બપોરે અચાનક પારો ઉંચકાઈ ગયો હતો અને સૌરાષ્ટ્ર-કચ્છના ઓખાને બાદ કરતા તમામ શહેરોનું તાપમાન ૩૨થી ૩૪ ડિગ્રીને પાર થઈ ગયું હતું. બપોરે ગરમી વધતા શહેરીજનો પરસેવે રેબઝેબ બન્યા હતા અને ગરમીથી રાહત મેળવવા એસી, પંખા ચાલુ કર્યા હતા. જ્યારે રાજ્યમાં સૌથી વધુ ૩૫.૬ ડિગ્રી સાથે વેરાવળ શહેર ગરમ શહેર બન્યું છે. ભૂજમાં પણ મહતમ તાપમાન ૩૫.૪ ડિગ્રી નોંધાયું છે.

રાજકોટ શહેરમાં સવારે હવામાં ભેજનું પ્રમાણ ઘટી ગયું હતું લઘુતમ તાપમાન ૧૫.૪ ડિગ્રી સાથે ૬ કિ.મી.ની ઝડપે પવન ફુકાતા ઠંડકનો અહેસાસ થયો હતો છતાં પણ ધૂમ્મસનું આવરણ છવાયું હતું. બપોરે તાપમાનની સાથે પવનની ઝડપ વધી ૧૧ કિ.મી સુધી થઈ ગઈ હતી અને મહતમ તાપમાન ૩૫.૦ ડિગ્રીએ પારો સ્થિર થયો હતો.આગામી બે દિવસ સુધી તાપમાન યથાસ્થિતિમાં રહ્યા બાદ રવિવારે પારો બે-ત્રણ ડિગ્રી ઘટે તેવા અણસાર મળી રહ્યા છે.

આમ છેલ્લા કેટલાંક દિવસોથી રાત્રે તાપમાન નીચું જતા ઠંડક પ્રસરે છે તેમજ દિવસે ગરમીનું પ્રમાણ વધી રહી છે. બેવડી ઋતુના કારણે માંદગીનું પ્રમાણ પણ વધ્યું છે.

**ફોટો ગેલેરી**

**ગુરુકુલમાં ત્રિદિવસીય સદવિદ્યા મહોત્સવ**



ગુરુકુલના સંસ્થાપક ધર્મજીવનદાસજી સ્વામીની ૩૭મી પુણ્યતિથિ નિમિતે ત્રિદિવસીય મહોત્સવ યોજાવાનો છે. જેમાં મહાવદ બીજના દેશ વિદેશમાં ૪૦,૦૦૦ વિદ્યાર્થીઓ તથા સંતો, હરિભક્તો ઉપવાસ કરશે. ફેબ્રુઆરીની ૧૩ તારીખથી ત્રણ દિવસના આયોજનમાં ગુરુકુલના બાળકો ગુરુકુલ સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ કાર્યક્રમો યોજશે. ગુરુવારે સમૂહ આરાધના નૃત્ય કરીને સંતોએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓને ઈનામ અર્પી પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યું હતું.

**કંથારિયા હનુમાન મંદિરમાં હનુમાન કથા પ્રારંભ**



વેડરોડ વિસ્તારમાં આવેલ કંથારિયા હનુમાન મંદિરમાં ત્રણ દિવસીય હનુમાન કથાનો ગુરુવારથી પ્રારંભ થયો હતો. કથાનો રસપાન મહામંડલેશ્વર બાપજી દ્વારા કરાવવામાં આવી રહ્યો છે. મોટી સંખ્યમાં હનુમાન ભક્તોએ કથાનું રસપાન કર્યું હતું.

ભાજપ-કોંગ્રેસ પક્ષ દ્વારા મેનીફેસ્ટો જાહેર : ફરી વાયદાઓ કરાયા

# ભાજપે ફરી હથેળીમાં ચાંદ બતાવ્યા, તો કોંગ્રેસે પ્રાથમિક સુવિધાના આપ્યા વચન

**જૂનાગઢ** આજે સાંજે ચૂંટણી પ્રચાર-પ્રસાર શાંત થશે, કાર્યકરોનો ડોર ટુ ડોર પ્રચાર

જૂનાગઢ મહાપાલિકાની ચુંટણી આગામી તા.૧૬ ફેબ્રુઆરીના રોજ યોજાનાર છે, તે પૂર્વે મનપામાં સત્તા હાંસલ કરવા માટે મુખ્ય બે રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસે મેનીફેસ્ટો જાહેર કરીને શહેરની જનતાને આકર્ષવા માટે અઢળક વચનોનો ભરમાર લગાવી છે, ભાજપે ૨૦૧૯ ની ચુંટણીમાં આપેલા વાયદાઓ પૈકીના મોટા ભાગના કામોની યાદી ૨૦૨૫ ની ચુંટણીના સંકલ્પપત્રમાં રીપીટ કરી છે, તો કોંગ્રેસે પણ શહેરની જનતાના તમામ પાયાની સુવિધાઓ આપવાનું વચન આપ્યું છે.

જૂનાગઢ મહાપાલિકાની ચુંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, આવતીકાલ સાંજે ૫ કલાકે ચુંટણી પ્રચાર-પ્રસારના પડઘમ પણ શાંત થઈ જશે, ત્યારે કાલ સાંજથી ઉમેદવારો પ્રચાર માટે મતદારોને રીઝવવા માટે ડોર ટુ ડોર પ્રચાર કરશે, ગઈકાલે કોંગ્રેસ દ્વારા કાળવા ચોકમાં જંગી જાહેર સભાનું આયોજન કર્યુ હતું, તો ભાજપે આજે શહેરમાં અનેક સેવાભાવી સંસ્થાઓના સ્થળે યોજાયેલા કાર્યક્રમોમાં જોડાયા હતા, તો સાંજે એક વિશાળ બાઈક રેલીનું આયોજન કર્યું હતું. આવતીકાલ સાંજથી સભા, સરઘસ સહિતના આયોજન બંધ થશે.

ત્યારે છેલ્લી ઘડીએ મતદારોને મનાવવા અને આકર્ષવા માટે જૂનાગઢમાં ભાજપ અને કોંગ્રેસે એડી ચોટીનું જોર લગાવ્યું છે, આ વખતે મનપાની ૬૦ બેઠક પૈકી ૮ બેઠક તો ચુંટણી પૂર્વે જ ભાજપને બિનહરીફ મળી ગયેલ છે, જેથી માત્ર ૫૨ બેઠક માટે મતદાન થશે, જેના માટે ભાજપના ૫૧, કોંગ્રેસના ૪૯, આમ આદમી પાર્ટીના ૩૦ સહિતના અપક્ષ ઉમેદવારો મેદાનમાં છે, ત્યારે જેમ બને તેમ મતદાન થાય અને મતદારોને રીઝવવા માટે ભાજપ અને કોંગ્રેસ દ્વારા મેનીફેસ્ટો જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ભાજપે જાહેર કરેલા સંકલ્પપત્રમાં મોટા ભાગના કામો તો વર્ષ ૨૦૧૯ ની ચુંટણીના સમયે જાહેર કરેલા સંકલ્પપત્રમાં દર્શાવવામાં આવ્યા છે, જેથી ફરીથી ભાજપે હથેલીમાં ચાંદ બતાવતા હોય તેવો સંકલ્પપત્ર દેખાઈ રહ્યો છે, તો કોંગ્રેસે આ વખતે શહેરના પાયાના પ્રાથમિક પ્રશ્નોને હલ કરવાની ખાતરી આપીને અનેક વચનો આપ્યા છે. જોઈએ તો, જૂનાગઢ મનપાની ચુંટણી આ વખતે રસાકસી ભરી રહેશે, કારણ કે, ભ્રષ્ટાચારના આક્ષેપો, રોડ-રસ્તાની બિસ્માર સ્થિતિથી પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે, તો બીજી તરફ અનેક વિકાસના કામોને આગળ ધરીને ભાજપે પણ મતદારોને રીઝવવા પ્રયાસ કર્યો છે.

# શિક્ષણ એ કેળવણીનો ભાગ છે, જે જ્ઞાન અને કૌશલ્ય આપે છે : થર્સ-ડે થોટ

**સુરત** શિક્ષણ સાથે સંસ્કાર ભળે ત્યારે ખરી કેળવણી શરૂ થાય છે : ભાલાળા

જીવન ઘડતરની ખરી દિશા આપવા સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી દર ગુરુવારે વિચારોનું વાવેતર કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. ગુરુવારે વરાછા બેંક ઓડિટોરિયમ ખાતે યોજાયેલા ૯૮મા વિચારોનું વાવેતર કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું કે, શિક્ષણથી વ્યક્તિ તજજ્ઞ અને નિષ્ણાત બને, પરંતુ કેળવણીથી વ્યક્તિ માણસ બને છે. શિક્ષણ અને કેળવણીને જુદા પાડવા મુશ્કેલ છે. શાળા-કોલેજમાંથી મળે તે શિક્ષણ છે અને પરિવાર અને પરંપરામાંથી મળે તે સંસ્કાર છે. પરંતુ શિક્ષણ અને સંસ્કાર સાથે મળે ત્યારે કેળવણી શરૂ થાય છે. કેળવણી એટલે જીવન કેમ જીવવું તેનું શિક્ષણ છે. એટલે કે શિક્ષણ એ કેળવણીનો ભાગ છે જે જ્ઞાન અને કૌશલ્ય આપે છે. સ્વામી વિવેકાનંદજીનો એક વિચાર છે કે માણસનું મન એ શિક્ષક છે. માણસને તેનું મન જ ઘડે છે. વ્યક્તિ જન્મે પછી ઘડતર કોણ કરે છે ? તે અંગે વિચારવું જોઈએ. કપડા, ખોરાક, ભાષા, ધર્મ, સંબંધો, માન્યતા અને વિચારોની સમજણ પરિવારમાંથી આવે છે. જીવનમાં સંકળાયેલા તમામ વ્યક્તિઓ પાસેથી શીખવાનું મળતું હોય છે.




આ વસ્તુ શાળામાંથી મળતી નથી. શાળામાંથી જ્ઞાન અને કૌશલ્ય મળે છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, શિક્ષણ સાથે સંસ્કાર ભળે ત્યારે ખરી કેળવણી શરૂ થાય છે. સુખી થવાની પ્રકૃતિ કેળવવી તે જ જીવન જીવવાની કળા છે. શાળા-કોલેજનું શિક્ષણ પણ જરૂરી છે. અને સાથે જીવનમૂલ્યોનું ઘડતર જરૂરી છે. માનવમૂલ્યો અને જીવન ઉત્કર્ષ માટે શિક્ષણ સાથેનું ઘડતર વધુ મહત્ત્વનું છે. કાર્યક્રમનું સંકલન હાર્દિક ચાંચડ અને વરાછા બેંક ટીમે સંભાળી હતી.

# રાજકોટ ઝોનની ફી નિયમન સમિતિના ચેરમેને એકાએક રાજીનામું ધરી દીધું

રાજકોટ : રાજ્ય સરકાર દ્વારા આ રાજીનામુ મંજુર કરી દેવામાં આવ્યુ હોવાનું પણ જાણવા મળ્યુ છે. જેથી હવે જ્યાં સુધી ફી નક્કી નહીં થાય ત્યાં સુધી ખાનગી શાળાઓ પોતે ઈચ્છે તે ફી વસુલ કરી વાલીઓને લુંટશે. રાજકોટ ઉપરાંત સૌરાષ્ટ્રના મોરબી, જામનગર, જુનાગઢ, પોરબંદર, અમરેલી, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, ભાવનગર, બોટાદ અને સુરેન્દ્રનગર જિલ્લાની ૫૫૦૦થી વધુ ખાનગી શાળાઓની ત્રણ વર્ષ માટેની ફી સૌરાષ્ટ્ર ઝોનની FRC નક્કી કરે છે. જે સ્કૂલો ફીમાં કોઈ વધારો કરવા માંગતા નથી તેવી ૪૬૦૦ જેટલી શાળાઓએ સોગંદનામુ કર્યુ હતું. તો ફી વધારવા માટે ૪૦૦ જેટલી શાળાઓની દરખાસ્ત આવેલી છે. જેમાંથી મોટાભાગની શાળાઓના હિયરિંગ બાકી હોય ત્યારે ચેરમેને જ રાજીનામુ આપી દેતા કામગીરી અટકી ગઈ છે. નવા ચેરમેનની નિમણુંક આચાર સંહિતા બાદ થશે.



અમે સાંસદ છીએ.
અમને વારંવાર
ધમકાવવામાં આવે છે.

- મલ્લિકાર્જુન ખડગે

# એડિટોરિયલ





ખડગેજી, જો તમે
ગુસ્સે થશો તો હું પણ
દુ:ખી થઈશ, સાહેબ.

- જગદીપ ધનખડ

## તંત્રીની કલમે

### યે દોસ્તી હમ નહીં તોડેંગે

## મોદીનો અમેરિકા પ્રવાસ મોદી અને ટ્રમ્પની મુલાકાત

ભારતનાં પીએમ મોદી યુએસ પ્રમુખ ટ્રમ્પના આમંત્રણથી આજકાલ અમેરિકાના પ્રવાસે ગયા છે. તેઓ ૧૪મીએ ત્યાંથી ભારત આવવા રવાના થશે. તે પહેલા બંને મિત્રો વચ્ચે કેટલીક ઔપચારિક અને કેટલીક અનૌપચારિક વાતચીત થશે. મોદીની ટ્રમ્પ સાથેની દ્વિપક્ષીય મંત્રણામાં બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર, સંરક્ષણ ક્ષેત્રે સહયોગ વધુ મજબૂત બનાવવો, ગ્રીન એનર્જી અને ટેરિફ તેમજ H-1B વિઝા જેવા મુદ્દા મહત્ત્વના છે. મોદી અને ટ્રમ્પના સંબંધો ગાઢ મિત્રો જેવા છે. બંને વિશ્વનાં શક્તિશાળી દેશના નેતાઓ છે. બંનેની વિચારસરણી લગભગ મળતી આવે છે. બંને વિશ્વનું કલ્યાણ કરવા અને વિશ્વમાં શાંતિ સ્થાપવા માટે પ્રતિબદ્ધ છે. રશિયા અને યૂક્રેન વચ્ચેનું યુદ્ધ બંધ કરાવવા મોદી ત્રણ વર્ષમાં અનેક વખત પુતિન અને ઝેલેન્સ્કીને કહી ચૂક્યા છે. ટ્રમ્પે હવે પુતિન અને ઝેલેન્સ્કી પર યુદ્ધ બંધ કરવા તેમની ભાષામાં દબાણ વધાર્યું છે. ટ્રમ્પ આ દિશામાં કામ કરવા જરા વધારે પડતા આક્રમક છે. મોદી સો ગળણે ગળીને પાણી પી રહ્યા છે. આમ છતાં બંનેનો ગોલ તો સરખો જ છે. બંને નેતાઓ ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોને વધારે મજબૂત અને ગાઢ બનાવવાના હિમાયતી છે અને કટિબદ્ધ છે. મિડલ ઈસ્ટમાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચેનું યુદ્ધ હાલ થોડું શાંત છે પણ ત્યાં ભારેલો અગ્નિ છે. ગમે ત્યારે કોઈને વાંકુ પડે એટલે ફરી યુદ્ધની ચિનગારી ભડકી શકે છે. વિશ્વના અનેક દેશો વચ્ચે સંબંધોના સમીકરણો બદલાઈ રહ્યા છે. આવા સંજોગોમાં મોદી અને ટ્રમ્પ બંને એક મિશન પકડીને કામ કરી રહ્યા છે. ભલે તેમનો કામનો પ્રકાર જુદો હોય પણ લક્ષ્ય તો એક જ છે. મોદી ટ્રમ્પ સાથેની વાટાઘાટોમાં ખાસ કરીને દ્વિપક્ષીય વેપાર, ટ્રેડ અને ટેરિફ તેમજ એનર્જી સેક્ટર, ઈન્વેસ્ટમેન્ટ અને ઈમિગ્રેશન પર વાતચીત કરે તેવી સંભાવના છે. મોદીનું મેક ઈન ઈન્ડિયા મિશન મોદીનાં શાસનમાં સફળતાની સિદ્ધિઓ હાંસલ કરી રહ્યું છે. મોદીનાં મેક ઈન ઈન્ડિયાની જેમ જ ટ્રમ્પે મેક ઈન અમેરિકાનું મિશન શરૂ કર્યું છે. ભારતે વિદેશ વેપાર મુદ્દે છેલ્લા કેટલાક વર્ષથી કડક વલણ અપનાવ્યું છે. ભારતમાં જુદીજુદી ચીજોનું ઉત્પાદન વધારવા અને અનેક મોરચે સ્વાવલંબન સાધવા ભારત મેક ઈન ઈન્ડિયાની નીતિ હેઠળ કરાર કરવાનો આગ્રહ રાખે છે. ૨૦૨૩-૨૪માં ભારત અને અમેરિકા વચ્ચેનો વેપાર ૧૧૮ અબજ ડૉલર પર પહોંચી ગયો છે જેમાં સરપ્લસ વેપાર સાથે ભારત વીન વીન પોઝિશનમાં છે ટ્રમ્પને ભારતનું પલડું ઊંચું રહે તે પસંદ નથી અને તેથી જ આ વખતે તેઓ અનેક ચીજો પર ટેરિફ ઘટાડવા ભારત પર દબાણ કરશે તે નક્કી છે. મોદી અને ટ્રમ્પની મુલાકાતમાં આખી દુનિયાની નજર આ બંને મહાનુભાવો વચ્ચેની 'ગીવ એન્ડ ટેક'ની રમત પર છે. હાલ તો આ બંને નેતાઓ 'યે દોસ્તી હમ નહીં તોડેંગે'ની વાત કરી રહ્યા છે.

## મેનેજમેન્ટ ટિપ્સ

### પરિવર્તનની સંભાવના હોય તેવો ઉકેલ શોધવો જોઈએ

લોકો જ્યારે યુનિટને પુનઃગઠિત કરવાની કે નવી સિસ્ટમ વિકસાવવા જેવા પરિવર્તન કરવાનું કામ કરી રહ્યા હોય છે, ત્યારે તેઓ એવા સમાધાનો શોધી રહ્યા હોય છે કે જે મહત્તમ લાંબા સમય સુધી ચાલે. તેઓ સમસ્યાનું સ્થાયી સમાધાન ઈચ્છતા હોય છે. પરંતુ હંમેશાં તે વાતનું ધ્યાન રાખો કે કોઈપણ બાબત હંમેશાં કાયમી નથી હોતી. બની શકે કે સ્થાયી સમાધાન શોધવું સંભવ ના હોય. એવું પણ બની શકે તેવું સમાધાન શોધવું મૂર્ખતા પૂર્ણ પણ સાબિત થઈ શકે. તેથી ભવિષ્યમાં તમને કોઈક મોટા પરિવર્તનની જરૂરનો અહેસાસ થાય તો સ્થાયીને બદલે અસ્થાયી સમાધાન શોધો. હકીકતે મોટાભાગની નીતિઓ નિશ્ચિત સમય માટે જ ઉપયોગી હોય છે. જ્યારે તે મુદત પૂરી થઈ જાય ત્યારે તમારે સમસ્યાનો સામનો કરવા માટે કોઈક નવી અસ્થાયી પદ્ધતિની જરૂર પડે છે, એવી અસ્થાયી પદ્ધતિ કે જેમાં પરિવર્તનની સંભાવના હોય.

(હાર્વર્ડ બિઝનેસ રિવ્યૂ)

## ટુડે ઈન હિસ્ટ્રી

### મધુબાલાનો જન્મદિવસ

મુમતાઝ જહાન બેગમ ડેહલાવી કે જેઓ તેમના સ્ટેજના નામ મધુબાલાથી વધારે પ્રખ્યાત છે. તેમનું ૧૪ ફેબ્રુઆરી, ૧૯૩૩ના રોજ થયો હતો. તેઓ હિન્દી ચલચિત્રના જાણીતા અભિનેત્રી હતાં. તેમણે ૧૯૫૦ના દાયકા અને ૧૯૬૦ના દાયકાના પ્રારંભમાં વિવિધ સફળ ચલચિત્રોમાં અભિનેત્રી તરીકે અભિનય આપ્યો હતો, જેમાંની અસંખ્ય ફિલ્મોએ ઉત્તમ દરજ્જો પ્રાપ્ત કર્યો છે. તેમની જ પેઢીના નરગિસ અને મીના કુમારી સાથે બહોળા પ્રમાણમાં હિન્દી ફિલ્મોની સૌથી પ્રતિભાશાળી અભિનેત્રીઓમાંની એક તરીકે તેમની ગણના થાય છે. તેઓ મુસ્લિમ દંપતીના અગિયાર બાળકોમાં પાંચમું બાળક હતા. મધુબાલાના પિતા આતાઉલ્લાહે પેશાવરમાં ઈમ્પિરિઅલ ટોબેકો કંપનીમાં રોજગારી ગુમાવી દેતા પિતાએ તેમના પરિવારને મુંબઈ ખાતે પુન:સ્થાપિત કર્યો હતો. યુવાન મુમતાઝે નવ વર્ષની ઉંમરે ચલચિત્ર ઉદ્યોગમાં પ્રવેશ કર્યો હતો. એક સમયે મધુબાલા અને દિલીપકુમાર વચ્ચે ફુલબહારમાં પ્રેમ ચાલતો હતો. મુઘલે આઝમ ફિલ્મનું શૂટિંગ પણ તે દરમિયાન થતું હતું. પરંતુ બંનેના લગ્ન થઈ શક્યા નહોતા. પ્રસિદ્ધ ગાયક કિશોરકુમાર સાથે મધુબાલાના લગ્ન થયા હતા, પરંતુ માત્ર ૩૩ વર્ષની વયે મધુબાલાનું હૃદયરોગની બીમારીથી અવસાન થયું હતું.



## બહુ કરી ભાઈ...! Yom




**પ્રાસંગિક : નવધનિકો માની બેઠા છે કે તેઓ સક્ષમ છે. આ ક્ષમતાનો નશો નવધનિકોને ચડ્યો છે**

# યૌવન, સંપત્તિ, પ્રભુત્વ અને અવિવેક અનેક અનર્થ સર્જે



**સમુદ્રમંથન**

બેફામ લખો-બોલો, બેખૌફ ખાઓ-પીઓ, બિનધાસ્ત વર્તો, બેલગામ દોડો

વિદ્યુત જોષી

સંસ્કૃતમાં એક સુભાષિત છે "**यौवनं धन संपत्ति, प्रभुत्वम अविवेकीता, एकेकेम अपि आनरथाय कीमु यत चतुष्टयम**।" આ દરેક અનર્થ સર્જી શકે છે તો ચારેય મળે તો શું થાય?

ભારતની યુવા વસ્તી ૨૦૨૪માં જોઈએ તો કુલ વસ્તીના ૫૦% લોકો ૨૫ વર્ષથી નીચેની વય ધરાવે છે. ૬૫% વસ્તી ૩૫થી નીચેની વય ધરાવે છે. આમ તો યુવા વસ્તી હોય એટલે કામ કરનાર વધે અને અર્થકારણને ફાયદો થાય. યુવાન હોવું એટલે ઊર્જાનો ભંડાર હોવું. મેઘાણીએ લખ્યું છે, "ઘટમાં ઘોડા થનગને આતમ વીંઝે પાંખ, અણદીઠેલી ભોંય પર યૌવન માંડે આંખ." સતત કૈંક કરવાને અને પોતાની જાતને જાહેર કરવા માટે યુવાનો થનગનાટ કરતા રહેતા હોય છે. જો કોઈ સારો શિક્ષક મળી જાય તો તે સારો વિદ્વાન બને, જો કોઈ રાજકીય નેતા મળી જાય ને તો તે નેતા બને, જો કોઈ ધર્મપુરુષ મળી જાય તો તે ધાર્મિક બને. તેને તો કૈંક બનવું છે. પરંતુ જો ઊડતા પંખી પાડનાર મળી જાય તો તે તે દારૂ, માંસ, ડ્રગ, દાદાગીરી વગેરેના રવાડે ચડી જાય. એક વખત યુવાન વિદ્યાર્થીઓ તોફાને ચડ્યા. કુલપતિ ઉમાશંકર જોશીને પત્રકારે પૂછ્યું, "આ યુવાનોને થયું છે શું?" ઉમાશંકરે જવાબ આપ્યો, "યુવાનોને યુવાની ચડી છે." અત્યારે ભારતની ૫૦% વસતીને આવી બેલગામ યુવાની ચડી છે અને તેમને કૈંક કરવું છે. વળી આ ત્યારે બને છે જયારે ભારતનો સમાજ ખુલ્લો બનતો ચાલ્યો છે. પહેલા યુવાનો પર સામાજિક નિયંત્રણ હતું. હવે મુક્તિનો શ્વાસ યુવાનો શ્વસે છે. હવે તેમના ઉપર માબાપની કે સમાજની બેડી નથી. ખુલ્લો બનતો સમાજ નબળી બાજુ સહેલાઈથી આકર્ષાઈ જાય છે.

ભારતમાં યુવાનોની વસ્તી એ વસ્તીશાસ્ત્રીય નફો (demographic dividend) છે. રાષ્ટ્રને પ્રાપ્ય ઊર્જા છે. પરંતુ તે ઊર્જાનો સદુપયોગ કરવા માટે આપણે કેટલા તૈયાર છીએ તે પણ જોવું ઘટે. જો યુવાશક્તિને માર્ગીકૃત કરવા માટેની સમાજ સ્વીકૃત માર્ગ યુવાનને ન મળે તો તે અસામાજિક માર્ગે ચડીને પણ પોતાની ઊર્જાને માર્ગીકૃત કરશે. આ યુવાશક્તિને માર્ગીકૃત કરવા માટે ભારત સરકારે યુવાનીતિ તો ૨૦૨૧માં બનાવી છે. પરંતુ ૯૧ કરોડ યુવાનોની ઊર્જાને માર્ગીકૃત કરી શકે એટલી ક્ષમતા હજી આપણા તંત્રોએ વિકસાવી નથી.

તો નવ ઉદારવાદ એટલે કે ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વીકરણ આવતા ભારતની આર્થિક વૃદ્ધિ ઝડપી બની છે. પહેલા હિન્દુ ગ્રોથ રેટ કહેતા ૩ થી ૩.૫ % વિકાસ હતો. હવે તે વિકાસ ૭ થી ૮ % પાર પહોંચ્યો છે. હવે ભારતની વસતીમાં ૭.૫ કરોડ જેટલા ઉચ્ચ વર્ગના ધનવાન લોકો છે. તો ૩૦ કરોડ મધ્યમ વર્ગના લોકો છે. આ ૩૭થી ૪૦ કરોડ લોકો પાસે વૈભવ પ્રાપ્ત કરવાનું ધન છે. આથી વિશ્વની કંપનીઓ પોતાના ઉત્પાદનો માટે ભારતને એક સક્ષમ બજાર તરીકે જુએ છે.

તેમનો માલ અહીં ઠલવાતો જાય છે અને આ ૪૦ કરોડ લોકો તે ખરીદતા જાય છે. હવે આ ૪૦ કરોડમાંથી ૨૦ કરોડ લોકો નવધનિકો છે. તેમના ૭-૮ કરોડ પુત્ર-પુત્રીઓ નવયુવાન છે. સમસ્યાની જડ અહીં છે. આ એવા લોકો છે જેમની પાસે ૨૦૧૦ પહેલા વૈભવ માટે ધન નહોતું. ધનવૈભવવાળી આ પહેલી પેઢી છે, તેને નવધાનિક કહી શકાય. તેમાં પણ ૭-૮ કરોડ યુવાનો એવા છે જેમના માબાપ પાસે હવે વૈભવી જીવન માટે પૈસા છે. મારા એક મિત્રનો પુત્ર નવધનિક બન્યો. તેણે તેના દીકરાને કહ્યું, "બહુ ભણવાથી શું ફાયદો? હું તો કોલેજમાં ગયા વિના ચાર બંગલાનો માલિક બની ગયો છું. આ કયું મૂલ્ય ઊભું થાય છે? મારા સીએ પાસે હું ઈન્કમટેક્સ રિટર્ન ભરાવવા માટે ગયો ત્યારે એક યુવાન બેઠા હતા. ટેક્સની વાત આવતા સીએએ યુવાનને કહ્યું કે તમારે ૮૦ લાખ જેટલી ટેક્સ આવશે. તેણે વિના વિલંબે બેગમાંથી ૮૦ લાખ કાઢીને સીએના ટેબલ પર ઢગલો કર્યો અને કહ્યું, "સાહેબ, બીજા જોઈએ તો કહેજો." આ એકાએક ધનિક બની ગયેલ લોકો પોતાની જૂની જાતને યાદ કરીને કહે છે, "સાલા મેં તો સાબ બન ગયા. સાબ બનકે કૈસા તન ગયા." હવે આ લોકો પાસે પૈસા આવ્યા છે એટલે તેઓ પોતાની જાતને બીજા કરતાં વધુ સક્ષમ માનવા લાગ્યા છે.

નવધનિકો માની બેઠા છે કે તેઓ સક્ષમ છે. આ ક્ષમતાનો નશો નવધનિકોને ચડ્યો છે. તેઓ લગ્નમાં કે અન્ય પ્રસંગોમાં કે પ્રસંગ શોધીને મોટી મોટી પાર્ટીઓ કરે છે. તેમની પાસે ઉડાવવા માટે ધન છે. તેને અમસ્તા રસ્તા પર પોતાની ગાડીનો વટ પાડવા માટે ઝડપથી ગાડી ચલાવવાનું મન થાય છે. અમસ્તું જ ઘેર ધાર્મિક પ્રસંગ ગોઠવીને લોકોને બોલાવી પોતાનો વટ પાડવાનું મન થાય છે.

તમે યુવાન હો એટલે દેખાવડા પણ હો. વળી તમારી પાસે પૈસા પણ હોય. આ બધું જોઈને મફતમાં તમારી ચા પીવા માટે લોકો તમારી આજુબાજુ એકત્ર થઈ જાય. તમે મફતમાં ચા પીવડાવો, પીઝા ખવડાવો એટલે લોકો તમારા વખાણ કરવા લાગે. પહેલા કહેતા કે શેઠ બહુ ધાર્મિક અને દયાળુ છે. હવે કહે છે કે વાહ, બાપુ, શું વટ પડે છે ! આ વાત એટલે કે પ્રભાવ અથવા વર્ચસ્વ (hegemony) તેમને સાતમા આસમાને ચડાવી નડે છે. આ પ્રભુત્વ વિવિધ વર્તનમાં વ્યક્ત થાય છે, તેમને લાઈનમાં ઊભા રહેવું નથી ગમતું. તેમને અન્ય સામાન્ય લોકો સાથે સરેરાશ રેસ્ટોરાંમાં ભોજન લેવું નથી ગમતું. તેમને સામાન્ય ગાડી નથી ગમતી, તેની પાસે બુદ્ધિવૈભવ કે ચારિત્ર્યવૈભવ નથી. તે માત્ર વૈભવી ગાડીથી જ વૈભવ દેખાડી શકે છે. તેઓ હવે સામાન્ય એપાર્ટમેન્ટમાં નહિ, વૈભવી બંગલામાં રહે છે. અલબત્ત, એપાર્ટમેન્ટ તો રાખ્યું જ છે. ખાનગી મિટિંગો કરવા માટે કામ લાગે છે.

યુવાન હોય, વળી નવધનિક હોય અને તેમાં પણ પાસે પ્રભુત્વ હોય એટલે અવિવેક આવે આવે ને આવે જ. રસ્તામાં પોલીસ ગાડી રોકે તો કહે, "તને ખબર છે હું કોણ છું?" "એ બુઢ્ઢુ બાજુ ખસ". "આ શહેર કદી સુધરવાનું નથી".

'કેવા ગંદા લોકો છે!" "સાલાઓને ફટકારવા જોઈએ, તો જ સીધા થાય." આવા સંવાદો તમે આવા લોકોના મુખે સ્વાભાવિક રીતે જ સાંભળી શકો. પહેલા જે લોકો શિક્ષકોને ગુરુ કહી પગે લાગતા તેમના સંતાનો હવે શિક્ષકને 'માસ્તર' કહે છે.

જો વેપારી કોઈ વાતની ના પાડે તો કહેશે, "તારી ઔકાતમાં રહેજે." અથવા તો મને કહેવાની તારી ઔકાત શું છે?" આ નવી અવિવેકતાનો નવો શબ્દકોશ બનાવવા જેવો છે. હજી આનું સાહિત્યસ્વરૂપ નથી ઉદભવ્યું. "યા ", "ઈન્ટ્રો ", "છી" "ગેટ લોસ્ટ" "ઓહ શીટ" "એટિટ્યુડ બતાવે છે". "પડીકી" જેવા શબ્દો આ લોકોની બોલીમાં ઘૂસી ગયા છે જે સામાન્ય ગુજરાતી બોલચાલમાં નથી આવ્યા.

યૌવન, ધનસંપત્તિ, પ્રભુત્વ અને અવિવેક આ ચારેય લક્ષણો જ્યારે એક સાથે એક વ્યક્તિમાં દેખાય છે ત્યારે અનેક અનર્થો સર્જાય છે. કેટલાક અનર્થો જોઈએ.

૧. સાઈબર ક્રાઈમ. આ પેઢી ગેરકાનૂની રસ્તે ધન કમાઈ લેવા માગે છે. તે નવી ટેકનોલોજી જાણે છે. તેઓ ગેંગ રચી શકે છે. વળી સાઈબર ક્રાઈમમાં સપડાનાર લોકો મોટે ભાગે વૃદ્ધ લોકો હોય છે જ્યારે તે કરનાર યુવાન વયના લોકો વધુ હોય છે તે તમે માર્ક કર્યું છે? વળી મુક્ત સમાજ ઊભો થતા મોઢામોઢના સંબંધો ઘટ્યા છે અને આભાસી (virtual) સંબંધો વધ્યા છે. જ્યાં આભાસી સંબંધો હોય ત્યાં છેતરપિંડી થવાની શક્યતા વધુ રહેતી હોય છે. આથી જ સાઈબર ક્રાઈમ વધી ગયા છે. સામાન્ય રીતે ભોગ બનેલાની વિગતો છાપામાં આવતી હોય છે, પરંતુ ગુનો આચરનારની વિગતો બહુ ઓછી બહાર આવે છે.

૨. આ ચાર લક્ષણો એકત્ર થાય એટલે કુટેવોને સાહસ માનવામાં આવે છે. દારૂ પીવો, નોનવેજ ખાવું, ડ્રગ (નશીલી દવાઓ) લેવી, જુગાર રમવો, સટ્ટા બેટિંગ, વગેરે બાબતો સાહસ માનવામાં આવે છે. તેને આ પેઢી ખરાબ નથી ગણતી. જે સમાજ ખુલ્લો બને તેમાં આવી બાબતો ખાસ દેખાય છે. હજી તો આમ દાદાગીરી (માફિયાગીરી)ઉમેરવાની બાકી છે. અમેરિકાનો સમાજ આર્થિક સંપત્તિ સાથે ખુલ્લો બનતો જતો હતો ત્યારે અમેરિકામાં માફિયારાજ આવ્યું હતું. આ જાણવામાં રસ પડે તેમને મારિઓ પુઝોની ગોડફાધર નવલકથા વાંચી લેવી. વળી ડ્રગ દૂષણ વિષે જાણવા માંગતા લોકોએ બિટલ પેઢી વિષે જાણી લેવું. એક સમય હતો કે યુરોપના નવધનિક લોકોના યુવાન પુત્રો-પુત્રીઓ ગોવા કાંઠા પર આવી નશીલી દવા લઈને આખી રાત ગિટાર પર સંગીત વગાડ્યા કરતા હતા. આપણે ત્યાં જ ઉડતા પંજાબ સિનેમા આ ચિત્રને સ્પષ્ટ રીતે બતાવે છે. હવે લોકો ઉડતા ગુજરાત ચલચિત્ર બનાવવું જોઈએ તેમ કહેવા લાગ્યા છે.

૩. લગ્ન પૂર્વેના સંબંધોનું પ્રમાણ આ શ્રેણીમાં ખાસ વધ્યું છે. દારૂ પાર્ટીમાં છોકરીઓ હોય તે હવે નવાઈ નથી રહી. છેલ્લે છેલ્લે જે ગેરકાયદે દારૂ પીનાર પકડાયા તેના જે નામો આવ્યા તેમાં છોકરીઓના નામો પણ હતા. હવે આ દારૂ સાથે પૂર્વ લગ્નમૈથુન સંબંધો પણ સંકળાયેલ છે. હવે છોકરીઓ માબાપને કહે છે કે આજે સ્લીપોવર પાર્ટી છે અને "હું મારી મિત્રને ત્યાં રોકાવાની છું."

૪. આ શ્રેણીના નવયુવાનોને જે સામાજિક માધ્યમ જૂથો ચલાવે છે તેની મુકલાકાત ક્યારેક લઈ જોજો. તમને અશ્લીલ ભાષાની ભરમાર જોવા મળશે. જાતીય અંગો માટેના નવા શબ્દો જોવા મળશે. હમણાં જ એક યુવાન ફટાફટ રમૂજ કરનાર (stand up comedian) સામાજિક માધ્યમ પર ગલીચ ભાષાના ઉપયોગ માટે બદનામ થયો છે.

૫. જાહેરમાં પોતાનો પ્રભાવ પાડવા માટે ટ્રાફિક કાયદાનો ભંગ અનિવાર્ય છે. ઝડપથી ગાડી ચલાવવી, પરવાના વિના ૧૬-૧૭ વર્ષના છોકરા દ્વારા ગાડી ચલાવવી, સિગ્નલ પર ઊભા ન રહેવું, પોલીસ રોકાવાનું કહે તો પોલીસ પર ગાડી ચડાવી દેવી, એકમાર્ગી રસ્તા પર ખોટી રીતે જવું વગેરે બાબતો ટ્રાફિકના ભંગ સમાન છે. જો પોલીસ પકડે તો કોઈ પોલીસ અધિકારી કે રાજકીય નેતા સાથે વાત કરાવી છૂટી જવાય છે તેની આ યુવાનોને ખબર હોય છે. વળી આ તમામ કિસ્સાઓમાં ગાડી વૈભવી હોય છે. સમાજ ઝડપથી બદલાઈ રહ્યો છે. બંધ સમાજ ખુલ્લો થઈ રહ્યો છે. સામાજિક નિયંત્રણો ઓછા થઈ રહ્યા છે. જીવનશૈલી ઝડપથી બદલાઈ રહી છે. આવો બદલાવો આવે ત્યારે એક નેનો વર્ગ એવો ઊભો થાય જેને એમ લાગે કે તે પોતે મહાન છે. બસ, આ અનર્થ સર્જનાર છે.

નવધનિક યુવાન મિત્રો, સમાજમાં તમારી સિવાય જાતજાતના લોકો વસે છે. તેઓ તમારા વર્તનથી પરેશાન થાય છે. તેમને મદદરૂપ ન બનો તો કંઈ નહિ, આડખીલરૂપ તો ન બનો.

drvidyutjoshi.blogspot.com

**વારસો : કવિ કહે છે કે રાજિયા, આગ, વેરી અને રોગને તો ઊગતા જ ડામવા જોઈએ**

# રાજસ્થાન જ નહીં સૌરાષ્ટ્રમાં પણ સુપ્રસિદ્ધ છે : રાજિયાના સોરઠા



**સંસ્કૃતિ**

રાજિયાના મારવાડી સોરઠા ગુજરાતી ભાષાના વાઘા પહેરીને ગુજરાત સૌરાષ્ટ્રના લોકજીવનમાં ખૂબ જાણીતા બન્યા છે

જોરાવરસિંહ જાદવ

લોક સાહિત્ય સંશોધન યાત્રા દરમિયાન મને લોકકંઠે રમતો એક 'સોરઠો' (દુહો) સાંપડ્યો :

મતલબની મનવાર, જગત જમાડે ચુરમા,
વણમતલબની મનવાર, રાબેય ન પીરસે રાજિયા.

અર્થાત્ : આ જગતની માલીપા કામ કઢાવવા માટે લોકો વાઢીએ ઘી પીરસી ને લચપચતું ચુરમુ મનવાર કરીને જમાડે છે, પણ માણસને મતલબ ન હોય તો ભાણામાં રાબ રેડવાની મનવારેય કોઈ કરતું નથી એમ લોકકવિ 'રાજિયો' આ સોરઠામાં સમજાવે છે.

લોકસાહિત્યનું ખેતર ખેડતા ખેડતા ગદ્યની સાથે પદ્યમાં દુહા, છંદ, છપ્પા, સવૈયા, ચોપાઈ, બેત, પદ, ભજન, સાખી, કવિત, જોડકણાં, હાલરડાં, ઉખાણાં, ખાયણાં, હડૂલા, રામવળા, કૃષ્ણવળા, સલુકા અને અસંખ્ય સોરઠાઓ સાંપડ્યા છે. જેના નામચરણવાળા સોરઠા ગુજરાત અને રાજસ્થાનના લોકજીવનમાં આજેય રસપૂર્વક ગવાય છે એવા ચીંથરેવીંટ્યા રતન જેવા રાજસ્થાનના લોકકવિ રાજિયાની અને એના રચેલા સોરઠાની વાચકોને વાત કરવી છે, એ પહેલાં જરા સમજી લઈએ કે લોકસાહિત્યમાં અનોખું સ્થાન ધરાવતો 'સોરઠો' એટલે શું ?

સોરઠો (પુ) (પીંગળ) એક જાતનો અર્ધ સમજાતિ માત્રામેળ છંદ, દોહરાને ઉલટાવવાથી સોરઠો બને છે, એટલે કે તેના વિષમ પદમાં અગિયાર અને સમપદમાં તેર માત્રા હોય છે. પહેલી અને ત્રીજી તુકમાં છેલ્લા અક્ષરો સરખા આવે છે. આમ સોરઠાના પ્રાસાનુપાસ વચમાં આવે છે. સોરઠાનું ખરું નામ સોરઠિયો દુહો છે. લોકસાહિત્યમાં આજે કવિ સોરઠિયાના, કસનિયાના, શામળાના, કવિ ગંગના, કરણિયાના, આલાચારણના,મોતિયાના નાથિયાના, ભેરિયાના અને રાજિયાના સોરઠા ભરપટે સાંપડે છે. લોકકવિ રાજિયો રાજસ્થાનના મારવાડ પંથકનો એના મારવાડી સોરઠા ગુજરાતી ભાષાના વાઘા પહેરીને ગુજરાત સૌરાષ્ટ્રના લોકજીવનમાં ખૂબ જાણીતા બન્યા છે. મારવાડ ચારણોનું પિયર ગણાય છે. તેમના કંઠે ફરતા તરતા અને રમતા સોરઠા તેમની અવરજવરને કારણે આપણે ત્યાં આવ્યા હોવાનું માની શકાય. પણ મારે વાત કરવી છે જેના નામ સાથે ૫૦૦ ઉપરાંત સોરઠા સંકળાયેલા છે એવા કવિ રાજિયાની.

વિ.સ. ૧૮૨૫ (ઈ.સ. ૧૭૬૯)ની આસપાસ મારવાડ રાજ્યના કુચામણ પ્રદેશના જુસરી ગામમાં, રાવણા જાતિમાં લોકકવિ રાજિયાનો જન્મ થયો હતો. આ જુસરી ગામ રાજસ્થાના મકરાણ રેલવે સ્ટેશનની પૂર્વમાં બે માઈલના અંતરે આવેલું છે. સોરઠા-'રાજિયા'ના નામચરણથી જાણીતા છે. પણ એનું નામ તો રાજારામ છે. સોરઠા ઉપર સંશોધન કરનાર જગદીશસિંહ ગેહલોત નોંધે છે કે અખિલ ભારતીય રાવણા રાજપૂત મહાસભા-અજમેરનો મત છે કે 'રાજિયાના સોરઠા' રાજારામના રચેલા છે. પરંતુ ચારણોનું કહેવું એવું છે કે એ સોરઠા રાજિયાના નથી પણ શેખાવટી (જયપુર)ના ઢાણી ગામના ખીડિયા ચારણ કૃપારામ નામના કવિના રચેલા છે.

આ ચારણ કૃપારામને ત્યાં રાજિયા નામનો રાવણો નોકરી કરતો. સંવત ૧૮૫૨માં કૃપારામ સખત બીમાર પડ્યા. એમના બૈરાં છોકરાઓએ એની માંદગી તરફ કંઈ ધ્યાન આપ્યું નહીં ત્યારે રાજિયાએ જીવ રેડીને સગા બાપની જેમ સાચા દિલથી કૃપારામની ચાકરી કરી. આથી વયોવૃદ્ધ કૃપારામ એના પર પ્રસન્ન થયા. કર્મસંજોગે કૃપારામ માંદગીના બિછાનેથી બેઠા થયા અને ચાકર રાજિયાને કહ્યું : રાજિયા ! તેં મને મોતના મોંમાંથી ઉગાર્યો છે. તને આપવા માટે આ ગરીબ ચારણ પાસે નકદ નાણું કોઈ બચ્યું નથી પણ તારી આ સેવાના બદલામાં હું તને જગતચોકમાં મૂકી, તારું નામ અમર કરી દઈશ, સૂરજ, ચંદ્ર તપશે ત્યાં સુધી તું લોકજીભે ફરતો, ભક્તોને રમતો રહીશ.' આ બસ આ કારણે જ આભારવશ એવા કૃપારામે રાજિયાના નામે સેંકડો સોરઠાઓ રચીને લોકસાગરમાં વહેતા મૂક્યા. આજે સંશોધકોને કૃપારામના રચેલા ૫૦૦ જેટલા સોરઠા પ્રાપ્ત થયા છે.

આ બધા સોરઠા રાજારામના રચેલા હોય કે કૃપારામના, ગમે તેના હો પરંતુ તે રાજારામ (રાજિયા)ની કીર્તિને અમર કરી ગયા છે. કૃપારામનું તો આજે કોઈ નામ સુદ્ધાં જાણતું નથી. અત્યારે તો તે 'રાજિયાના સોરઠા' તરીકે પ્રચાર પ્રસાર પામ્યા છે.

અહીં આપણે મૂળ મારવાડી સોરઠા ગુજરાતીમાં ઊતરી આવ્યા છે તેના પર ઊડતી નજર કરી લઈએ:

પહલી કિયા ઉપાંવ, દમ દુસમણ આમય દટે,
પ્રચંડ હુઆ વસ બાવ, રોભા ઘાલે રાજિયા.

અર્થાત્ : કવિ કહે છે કે રાજિયા, આગ, વેરી અને રોગને તો ઊગતા જ ડામવા જોઈએ. એ પ્રચંડરૂપે વધી જાય પછી કાબૂમાં રહેતા નથી. એનો આ રહ્યો ગુજરાતી સોરઠો :

રોગ અગ્નિ ને રાડ (વેર) જાણી અલ્પ કીજે જતન,

* * *

સુખમેં પ્રીત સવાઈ, દુ:ખ મેં મુખ ટાલો દિયે,
જો કે કહસી જાય, રામ કચેડી રાજિયા (૨)

માનવી આર્થિક રીતે સુખી અને સંપન્ન હોય ત્યારે લોકો સવાયો પ્રેમ કીને એની પાસે જાય છે, ઈનો ઈ માનવી આર્થિક મુશ્કેલીઓમાં ઘેરાય ત્યારે લોકો એનાથી મોં સંતાડવા ફરે છે, હે રાજિયા, આવા લોકો પાસે કોણ જાય?

સુખમાં પ્રીતિ સવાઈ, દુ:ખમાં મોં ટાળી દિયે,
તે પાસે કોણ જાય, રામકચેરી રાજિયા.
ઉપજાવે અનુરાગ, કોયલ મન હરખત કરે,
કડવો લાગે કાગ, રસના રા ગુણ રાજિયા (૩)

અર્થાત્ : કોયલના મીઠો ટહૂકો માનવીના અંતરમાં આનંદની લાગણી પ્રગટાવે છે. એને સાંભળીને માનવીનું હૈયું હરખાય છે. પણ કાગડો એની કર્કશવાણીથી લોકોને અળખામણો લાગે છે. રાજિયા ! એમ થવાનું કારણ ફક્ત વાણીનો ભેદ જ છે. એ સોરઠો ગુજરાતીમાં અવતર્યો :

ઉપજાવે અનુરાગ. કોયલ મન હર્ષિત કરે,
કડવો લાગે કાગ, રસનાના ગુણ રાજિયા
એવો જ 'સોરઠિયા'નો સોરઠો : જુઓ:
કોયલડી ને કાગ, વાને વરતાયે નહીં,
જીભલડીમાં જવાબ, સાચુ સોરઠિયો ભણે.

* * *

ઊંચે ગિરિવર આગ, જલતી સહ દેખે જગત
પર જલતી નિજ પાગ રતિના દીસે રાજિયા (૪)

અર્થાત્ હે રાજિયા ! ઊંચા પહાડ માથે પ્રગટેલી આગ જગત આખું જુએ છે પણ પોતાના માથા પર સળગતી પાઘડી પ્રતિ કોઈ જોતું નથી. માણસ ગામ આખાની પંચાત કરવા જાય છે પણ પોતાના કુટુંબમાં થતાં ઝઘડા ઓલવવા તરફ ધ્યાન આપતો નથી. આ વાસ્તવિક સત્ય છે.

ડુંગર બળતી લાય, દેખે સારી જગત તે,
પરજળતી નીજ પાય, રતિ ન સૂઝે રાજિયા (૫)

* * *

વધુ રસપ્રદ સોરઠા આવતા અંકે
ક્રમશ :

**દિલ્હી ચૂંટણીના પરિણામોના સંકેતો : અરવિંદ કેજરીવાલના રાજકીય ભવિષ્ય સામે પ્રશ્નાર્થ સર્જાયા**

# રાજનીતિમાં જૂઠ્ઠાણું, ગદ્દારી, છેતરપિંડીની સજા ચોક્કસ મળે છે

**સમયસર**

આપ પાર્ટીનો ઉદય થોડા વર્ષમાં થયો છે, તેમ છતાં આપ પાર્ટીને જે સફળતા મળી હતી તે કોઈ પણ રાજકીય પાર્ટી માટે પડકારજનક હતી. જોકે આ સફળતાને કારણે કેજરીવાલ છકી ગયા હતા

- મયૂર પાઠક

બહુચર્ચિત દિલ્હી વિધાનસભાની ચૂંટણી ભાજપે જીતી લીધા બાદ રાજકારણમાં નવી ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. છેલ્લાં દસ વર્ષથી દિલ્હી પર રાજ કરનાર આપ પાર્ટીનું કરુણ રકાસ કેમ થયો તે અંગે રાજનીતિજ્ઞો પોતપોતાની રીતે સૂચિતાર્થો કાઢી રહ્યાં છે. દુનિયાનો નિયમ છે કે, વિજેતાના વખાણ થાય છે અને પરાજિતોની આલોચના થાય છે. દિલ્હીની ચૂંટણી પછી ભાજપના ચારેકોર વખાણ થઈ રહ્યાં છે. જ્યારે આપના અવગુણો શોધી શોધીને બહાર પડાઈ રહ્યાં છે. જોકે રાજકારણમાં કોઈનો વિજય કાયમી હોતો નથી તેવી જ રીતે કોઈનો પરાજય પણ કાયમી રહેતો નથી. સાચો રાજનીતિજ્ઞ એ છે કે, વિજય પછી અભિમાની બની જતાં નથી અને હારથી નિરાશ થતો નથી. દિલ્હીમાં ભૂંડી હાર પછી હવે આપના નેતા અરવિંદ કેજરીવાલના ભવિષ્ય પર પ્રશ્નાર્થ સર્જાયો છે.

અરવિંદ કેજરીવાલ માટે દિલ્હીની હાર એક મોટો સેટ બેક બની રહેશે. તેમાં કોઈ મિનમેખ નથી. કારણ એ છે કે, અરવિંદ કેજરીવાલમાં દિલ્હીના સતત બે વિજય, પંજાબના વિજય બાદ અભિમાન અને અહંકાર ભરાઈ ગયો હતો. ભારતની રાજનીતિમાં આપ પાર્ટીનો ઉદય થોડા વર્ષમાં થયો છે. તેમ છતાં આપ પાર્ટીને જે સફળતા મળી હતી તે કોઈ પણ રાજકીય પાર્ટી માટે પડકારજનક હતી. જોકે આ સફળતાને કારણે આપ પાર્ટીના સુપ્રીમો કેજરીવાલ છકી ગયા હતા. તેઓ જાહેર ભાષણમાં કહેતા હતા કે મને હરાવવા મોદીને બીજો જન્મ લેવો પડશે. તેઓ દેશમાં સૌથી વધુ ઈમાનદાર રાજકારણી તરીકે પોતાની ઓળખ આપતા હતા. તેઓ બીજા બધા રાજકારણીઓ ભ્રષ્ટાચારી છે અને આપ પાર્ટી જ ચોખ્ખી ચણાક છે તેવી વાતો કહેતા અચકાતા ન હતા. મતદારોને ખોટા વચનો આપવામાં પણ કેજરીવાલ અચકાયા નહીં. દિલ્હીના મતદારોને કેજરીવાલે કહ્યું હતું કે, મને ફરી દિલ્હીની સત્તા આપશો તો હું યમુના નદીને ચોખ્ખી કરી દઈશ. દિલ્હીની સકલ બદલી નાખીશની વાત વખતોવખત કેજરીવાલ કરતા હતા.

ભારતના મતદારો ભલે અભણ હોય, પરંતુ સમજદાર ખૂબ છે. મતદારોને કોઈ એક વાર મૂર્ખ બનાવી શકે છે, કાયમ મૂર્ખ બનાવી શકાતા નથી. રાજનીતિમાં જૂઠ્ઠાણું, ગદ્દારી, દગાબાજી, છેતરપિંડી બહુ લાંબી ચાલી શકતી નથી. મતદારો બધુ જાણતા હોય છે. ચૂંટણી ટાણે હરામખોર રાજકારણીઓને સજા જરૂર આપતા હોય છે. મહારાષ્ટ્રનું ઉદાહરણ તાજું છે. મહારાષ્ટ્રની રાજનીતિમાં મતદારો સાથે ગદ્દારી કરીને શિવસેનાના ઉદ્ધવ ઠાકરે એ પિતા બાળ ઠાકરેની વિચારધારાનું અચ્યુતમ્ કરી નાખ્યું હતું. મુખ્યમંત્રીની ખુરશી માટે પોતાના મતદારો સાથે દ્રોહ કરીને ઉદ્ધવ ઠાકરે એ કોંગ્રેસ સાથે હાથ મિલાવ્યા. જેની સજા મતદારોએ ચૂંટણી ટાણે ઉદ્ધવ ઠાકરેને આપી દીધી હતી. ઉદ્ધવ ઠાકરેની શિવસેનાને વાળીઝૂડીને મતદારોએ ફેંકી દીધી. શિવસેનાની વિચારધારા સાથેની ગદ્દારીની સજા ઉદ્ધવ ઠાકરે અત્યારે ભોગવી રહ્યાં છે. આપના અરવિંદ કેજરીવાલની હાલત પણ અત્યારે આવી જ છે. દિલ્હીના લોકોના વિશ્વાસ સાથે કેજરીવાલે છેતરપિંડી કરી હતી. યમુના નદીનું શુદ્ધિકરણથી લઈને વિકાસના સપના દેખાડીને મતદારો સાથે કેજરીવાલે દગો કર્યો. ભ્રષ્ટાચારના વિરોધમાં કોંગ્રેસની સરકાર ઊથલાવીને કેજરીવાલે મતદારોને સુશાસન આપવાનો વાયદો કર્યો હતો. એ કેજરીવાલ કથિત શરાબ કૌભાંડમાં ફસાયા. પરિણામે કેજરીવાલ સહિત તેમના મંત્રીઓને જેલભેગા થવું પડ્યું. જેલમાં રહીને સરકાર ચલાવવાની જીદ કેજરીવાલને ભારે પડી. જેલમાંથી છૂટીને જોયું કે જનતામાં ખોટા મેસેજ ગયા છે એટલે સહાનુભૂતિ મેળવવા મુખ્યમંત્રી તરીકે રાજીનામું આપ્યું. પરંતુ મુખ્યમંત્રી તરીકે બેસાડેલા તેમની જ પાર્ટીના નેતા આતિશિની હાલત તેમને કઠપૂતળી જેવી બનાવીને રાખી. કેજરીવાલ જાહેરમાં કહેતા હતા કે, ચૂંટણીમાં જીતીશ તો હું મુખ્યમંત્રી બનીશ. આ વાત તેમને ભારે પડી. અરવિંદ કેજરીવાલની પાર્ટી તો હારી, તેઓ ખુદ પણ હારી ગયા. આપ પાર્ટીના સર્વોચ્ચ નેતા બનીને ફરતા અરવિંદ કેજરીવાલની હાર રાજકારણમાં એક સંકેત છે કે, તમે ગમે તેટલા મોટા નેતા બનો પરંતુ જનતાથી મોટું કોઈ નથી. અરવિંદ કેજરીવાલમાં એટલું અભિમાન હતું કે દિલ્હી તેમના ખિસ્સામાં હોય તેવી રીતે વર્તતા હતા. ઈન્ડિયા ગઠબંધનમાં પણ પોતાનો કક્કો ખરો કરવા મહારાષ્ટ્રની ચૂંટણી બાદ વિદ્રોહનો ઝંડો ઊંચો કર્યો હતો. આજે એ હાલત છે કે ઈન્ડિયા ગઠબંધનમાં કેજરીવાલનો એકડો નીકળી જાય તેવી હાલત છે. કારણ એ છે કે, પોતાને જરૂર પડે ત્યારે કોંગ્રેસ અને વિપક્ષ સાથે ગઠબંધન કરવામાં આગળ આવતા કેજરીવાલને દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કોઈને ભાગ આપવો ના પડે તે માટે કોંગ્રેસ સાથે જોડાણની સાફ ના પાડી દીધી હતી. પરિણામ એ આવ્યું કે, કોંગ્રેસના ઉમેદવારોને કારણે જ ૧૧ જેટલી બેઠકો પર આપ પાર્ટીના ઉમેદવારોને હારનો સ્વાદ ચાખવો પડ્યો હતો. ખુદ કેજરીવાલ તેમની સામેના કોંગ્રેસના ઉમેદવાર શિલા દીક્ષિતના પુત્ર સંદિપ દીક્ષિતના કારણે હારી ગયા. કોંગ્રેસને ભલે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં સમ ખાવાની એકપણ બેઠક ના મળી. પરંતુ કોંગ્રેસ એ વાતે ખુશ છે કે તેમના કારણે અહંકારી અરવિંદ કેજરીવાલનું શાસન દિલ્હીમાંથી નાબૂદ થયું. હવે અરવિંદ કેજરીવાલના રાજકીય ભવિષ્ય માટે પ્રશ્નાર્થ સર્જાયા છે. ભાજપની એ ચોક્કસ રણનીતિ રહેશે કે, ૨૭ વર્ષ પછી દિલ્હીમાં મળેલું શાસન એ કોઈપણ સંજોગોમાં જલદી ગુમાવવું ના પડે તેની તકેદારી રાખશે. સાથે સાથે પંજાબમાંથી પણ આપનો એકડો નીકળી જાય તે માટેની જમીન તૈયાર કરશે. એટલે હવે કેજરીવાલના રાજકીય ભવિષ્ય શું તે એક મોટો પ્રશ્ન બનીને રહેવાનો છે.

આપ પાર્ટીની દિલ્હીમાં હાર એ વાતનો સંકેત છે કે, રાજનીતિમાં કોઈનો અહંકાર લાંબો ચાલતો નથી. તમારે મતદારોનો મિજાજ પારખવો પડતો હોય છે. મતદાર તમારા ગુલામ નથી. મતદાર ભલે અભણ હોય પરંતુ તમારી લુચ્ચાઈને તે જરૂર ઓળખી શકે છે, તમારા જૂઠ્ઠાણા એ ચલાવી લેતા નથી.

ડિફેન્ડિંગ ચેમ્પિયન RCB અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે આજે ઓપનિંગ મુકાબલો

# આજથી વિમેન્સ પ્રીમિયર લીગની ત્રીજી સિઝનનો પ્રારંભ, પાંચ ટીમો વચ્ચે ૨૨ મુકાબલા રમાશે

વડોદરા, બેંગ્લુરુ, લખનઉ અને મુંબઈ ખાતે મુકાબલા રમાશે, ૧૫મી માર્ચે ફાઈનલ



। વડોદરા ।

વિમેન્સ પ્રીમિયર લીગ ટી૨૦નો ૧૪મી ફેબ્રુઆરીથી પ્રારંભ થઈ રહ્યો છે. ટૂર્નામેન્ટમાં પાંચ ટીમો વચ્ચે કુલ ૨૨ મુકાબલા રમાશે. આ સિઝનની પ્રથમ મેચ ૨૦૨૪ની ચેમ્પિયન ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે રમાશે. અત્યાર સુધી વિમેન્સ પ્રીમિયર લીગની બે સિઝન રમાઈ છે. પ્રથમ સિઝનમાં હરમનપ્રીત કૌરના નેતૃત્વમાં મુંબઈ ઈન્ડિયન્સે તથા બીજી સિઝનમાં સ્મૃતિ મંધાનાની કેપ્ટનશિપ હેઠળ આરસીબીએ ટ્રોફી જીતી હતી. ૨૦૨૫ની સિઝનમાં કુલ પાંચ ટીમોએ અને રાઉન્ડ રોબિન લીગ સહિત ફાઈનલ સુધીમાં કુલ ૨૨ મેચ રમાશે. ૧૩મી માર્ચે મુંબઈ ખાતે એલિમિનેટર મુકાબલો રમાશે. ત્યારબાદ ૧૫મી માર્ચ મુંબઈમાં જ ફાઈનલ રમાશે.

૨૦૨૪ની સિઝનમાં એલિસા હિલીએ હાઈએસ્ટ રન નોંધાવ્યા હતા. એલિસાને ઓરેન્જ કેપ મળી હતી. તેણે લીગમાં કુલ ૩૪૭ રન બનાવ્યા હતા. શ્રેયંકા પાટિલે સર્વાધિક ૧૩ વિકેટ ઝડપી હતી. ૨૦૨૪ની ફાઈનલ દિલ્હી કેપિટલ્સ અને આરસીબી વચ્ચે રમાઈ હતી જેમાં આરસીબીએ આઠ વિકેટે વિજય મેળવ્યો હતો. ટૂર્નામેન્ટમાં દિલ્હીએ બે વિકેટે ૨૨૩ રનનો હાઈએસ્ટ સ્કોર નોંધાવ્યો છે. મુંબઈની ટીમે ગુજરાત જાયન્ટ્સ સામે ૧૪૩ રનના હાઈએસ્ટ માર્જિનથી વિજય મેળવ્યો હતો.

### લેનિંગ અને એલિસા પેરીના ૬૦૦ પ્લસ રન

દિલ્હીની મેગ લેનિંગે પ્રથમ બે સિઝનમાં છ અડધી સદી સાથે ૪૨.૨૫ની એવરેજથી તથા ૭૨ના હાઇએસ્ટ સ્કોર સાથે ૬૭૬ રન બનાવ્યા હતા. આ યાદીમાં ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર એલિસ પેરીએ બે સિઝનની ૧૭ મેચમાં અણનમ ૬૭ રનના સર્વાધિક સ્કોર સાથે ૬૦૦ રન બનાવ્યા હતા. બોલિંગમાં યુપી વોરિયર્સે કુલ ૧૭ મેચમાં ૧૬.૩૭ની એવરેજથી ૨૭ તથા મુંબઇ ઇન્ડિયન્સની સાઇમા ઇશાકે ૧૮.૦૪ની એવરેજથી ૨૪ વિકેટ પોતાના નામે કરી હતી.

## બે સિઝનમાં એક પણ સદી નોંધાઈ નથી



વિમેન્સ પ્રીમિયર લીગની બે સિઝનમાં હજુ સુધી એક પણ સદી નોંધાઇ નથી. ચાર ખેલાડીઓ ૯૦નો આંકડો પાર કર્યા બાદ પણ સદી પૂરી કરી શકી નથી. આરસીબીની સોફી ડિવાઈન ગુજરાત જાયન્ટ્સ સામે ૩૬ બોલમાં ૯૯ રન બનાવીને આઉટ થઈ હતી જે લીગનો બેસ્ટ સ્કોર પણ રહ્યો છે. એલિસા હિલી ૯૬, હરમનપ્રીત કૌર ૯૫ તથા તાહલિયા મેકગ્રા ૯૦ રન બનાવીને અણનમ રહી હતી. ચાર ખેલાડીઓ ૮૦ પ્લસનો સ્કોર નોંધાવી શકી છે. એલિસ પેરીએ મુંબઈ ઈન્ડિયન્સ સામે ૧૫ રનમાં છ વિકેટનું બેસ્ટ પ્રદર્શન કર્યું છે.

કોચ કોમેન્ટ : ચેમ્પિયન્સ ટ્રોફીમાં રિષભ પંતને બેન્ચ ઉપર બેસી રહેવું પડશે, યશસ્વી જયસ્વાલનું ભાવિ ઊજળું છે

# ચેમ્પિયન્સ ટ્રોફીમાં જસપ્રીત બુમરાહની ગેરહાજરીમાં અર્શદીપ અને હર્ષિત રાણાને ગોલ્ડન તક : કોચ ગંભીર

અર્શદીપ અને હર્ષિતે શમીનો બોજ હળવો કરવો પડશે, મિડલ ઓવર્સમાં વિકેટ ઝડપે તેવા એક્સ્ટ્રા બોલરની જરૂર છે

। અમદાવાદ ।

ભારતના હેડ કોચ ગૌતમ ગંભીરનું માનવું છે કે આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાં સિનિયર પેસ બોલર જસપ્રીત બુમરાહની ગેરહાજરીમાં ટીમની ભાવિ પેસ જોડીને ગોલ્ડન તક મળી શકે છે. ભારતે ઈંગ્લેન્ડ સામે પોતાના ઘરઆંગણે રમાયેલી વન-ડે શ્રેણીને ૩-૦થી જીત્યા બાદ ગંભીરે જણાવ્યું હતું કે ચેમ્પિયન્સ ટ્રોફીમાં બુમરાહની ગેરહાજરીમાં પેસ બોલર હર્ષિત રાણા અને અર્શદીપ સિંહ પાસે પોતાને સ્થાપિત કરવાની શાનદાર તક મળી છે. હર્ષિતે કેટલાક સકારાત્મક સંકેત આપ્યા છે. અર્શદીપે પણ સારા સ્પેલ નાખ્યા છે. ટીમને બુમરાહની ખોટ પડશે તે ચોક્કસ છે પરંતુ અન્ય અનુભવી બોલર મોહમ્મદ શમીનું પોતાના બેસ્ટ ફિટનેસ તથા સકારાત્મક માઈન્ડ સેટ સાથે પુનરાગમન કરવું તેપણ સારી બાબત છે.

બુમરાહ પીઠની સમસ્યાના કારણે ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થઈ ગયો છે અને ઈંગ્લેન્ડ સામે વન-ડેમાં પદાર્પણ કરનાર હર્ષિતને મૂળ સ્વરૂપે વન-ડે શ્રેણીમાં રિઝર્વ બોલર તરીકે સામેલ કરવામાં આવ્યો હતો. તેણે પોતાની ત્રણ મેચમાં છ વિકેટ ઝડપી હતી. અર્શદીપને ત્રીજી વન-ડેમાં રમાડવામાં આવ્યો હતો અને તેણે નવા બોલથી તમામને પ્રભાવિત કર્યા હતા. ગંભીરના મતે અર્શદીપ અને હર્ષિતની જોડી વન-ડે ફોર્મેટમાં વધારે અનુભવ ધરાવતી નથી પરંતુ ચેમ્પિયન્સ ટ્રોફી દરમિયાન તેઓ બંને શમી માટે સહાયક બોલરની ભૂમિકા અદા કરી શકે છે. ગંભીરે જણાવ્યું હતું કે હર્ષિત અથવા અર્શદીપ જેવા કોઈ ખેલાડીએ ચેમ્પિયન્સ ટ્રોફીમાં શમીનો બોજ હળવો કરવો પડશે. ક્રિકેટની રમત રમાતી રહેશે અને આશા છે કે આ યુવા ખેલાડીઓનો પોતાની ક્ષમતા કરતાં પણ વધારે સારો દેખાવ કરવામાં સફળ રહેશે.



### લોકેશ રાહુલ પ્રથમ પસંદગીનો વિકેટકીપર રહેશે

ગૌતમ ગંભીરે જણાવ્યું હતું કે લોકેશ રાહુલ હજુ પણ અમારો નંબર-૧ વિકેટકીપર છે. રિષભ પંતને તક મળશે પરંતુ હાલમાં લોકેશ સતત સારો દેખાવ કરી રહ્યો છે. અમે બે વિકેટકીપર બેટ્સમેન સાથે રમતા નથી. પાંચમા ક્રમ માટે અમે કોઈ વ્યક્તિના બદલે ટીમના હિતને વધારે પ્રાધાન્ય આપીએ છીએ. અમે સરેરાશ કે આંકડાને વધારે મહત્ત્વ આપતા નથી. કયો ખેલાડી સારો દેખાવ કરી શકે છે તેની ઉપર અમે ધ્યાન આપીએ છીએ. પંતને હાલમાં રમાડવાનો અમે વિચાર કરી શકતા નથી. ઓપનર યશસ્વી જયસ્વાલનું ભાવિ ઊજળું છે અને અમે માત્ર ૧૫ ખેલાડીઓની જ પસંદગી કરી શકીએ છીએ. પંત અને જયસ્વાલને હજુ ઘણી તક મળે છે. તેઓ યુવા છે અને અનુભવના આધારે વધારે પરિપક્વ બનશે.

### સ્પિનર વરુણને ગંભીરે એક્સ ફેક્ટર તરીકે વર્ણવ્યો

ચેમ્પિયન્સ ટ્રોફી માટે રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ અને વોશિંગ્ટન સુંદર અગાઉથી ટીમમાં છે પરંતુ વરુણ ચક્રવર્તીને ટીમમાં પાંચમા સ્પિનર તરીકે સામેલ કરવામાં આવતા પસંદગી સમિતિ અને ટીમ મેનેજમેન્ટની રણનીતિ અંગે પ્રશ્નાર્થ થયા છે. હેડ કોચ ગંભીરે જણાવ્યું હતું કે મિડલ ઓવર્સમાં વિકેટો ઝડપી શકે તેવા એક વધારાના બોલરની અમારે જરૂર છે. વરુણ શું કરી શકે છે તેની ક્ષમતાથી તમામ પરિચિત છે. તે હરીફ ટીમો માટે ખતરનાક સાબિત થઈ શકે છે. મોટા ભાગની ટીમો વરુણ સામે હજુ સુધી રમી નથી. તે એક્સ ફેક્ટર સાબિત થઈ શકે છે. જોકે ગંભીરે વરુણને પ્લેઇંગ ઇલેવનનો હિસ્સો બનાવવામાં આવશે કે નહીં તે અંગે કોઈ પોઝિટિવ સંકેત આપ્યો નથી.

## ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં ભારત દુબઈમાં એકપણ પ્રેક્ટિસ મેચ રમશે નહીં

। નવી દિલ્હી ।

ઈંગ્લેન્ડ સામે તાજેતરમાં પૂરી થયેલી વન-ડે શ્રેણીમાં ૩-૦થી વિજય મેળવનાર ભારતીય ટીમ આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં દુબઈમાં એક પણ પ્રેક્ટિસ મેચ રમશે નહીં. હાઈબ્રિડ મોડલ મુજબ ભારતે તેની તમામ મેચો દુબઈમાં રમવાની છે અને બાકીની મેચો યજમાન પાકિસ્તાનમાં રમાશે. ભારતીય ટીમ ૧૫મીએ દુબઈ પહોંચશે. પાકિસ્તાને તેની એ-ટીમની જાહેરાત કરી છે જે બાંગ્લાદેશ, સાઉથ આફ્રિકા અને અફઘાનિસ્તાન સામે પ્રેક્ટિસ મેચ રમશે. આ ત્રણેય મેચ ૧૪મીથી ૧૭મી ફેબ્રુઆરીની વચ્ચે રમાશે. સાઉથ આફ્રિકા અને ન્યૂઝીલેન્ડની ટીમ હાલમાં પાકિસ્તાનની યજમાનીમાં ત્રિકોણીય વન-ડે શ્રેણીમાં રમી રહી છે. તમામ વોર્મ-અપ મેચો ડે-નાઈટ રહેશે. ન્યૂઝીલેન્ડ અને અફઘાનિસ્તાનની વોર્મ-અપ મેચ ૧૯મીએ રમાશે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત પોતાની પ્રથમ લીગ મેચ ૨૦મીએ બાંગ્લાદેશ સામે રમશે. ત્યારબાદ ૨૩મી ફેબ્રુઆરીએ પોતાની પરંપરાગત હરીફ પાકિસ્તાન સામે રમશે. આ મેચ બાદ ભારતીય ટીમને સાત દિવસનો આરામ મળશે. બીજી માર્ચે ન્યૂઝીલેન્ડ સામે રમશે. ભારત છેલ્લે ૨૦૧૩માં ચેમ્પિયન્સ ટ્રોફી જીત્યું હતું અને તે સમયે ધોની કેપ્ટન હતો.

## BCCIનો આદેશ, ટીમની સાથે પરિવાર દુબઇ જશે નહીં

નવી દિલ્હી : ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ખેલાડીઓ પોતાના પરિવાર સાથે જશે નહીં. બીસીસીઆઈની નવી ટ્રાવેલિંગ પોલિસી પ્રથમ વખત આ ટૂર્નામેન્ટથી લાગુ કરવામાં આવી રહી છે. ભારત ૨૦મી ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામે દુબઈમાં ચેમ્પિયન્સ ટ્રોફીનો પ્રથમ મુકાબલો રમશે. ફાઈનલ મુકાબલો નવમી માર્ચે રમાવાનો છે જેના કારણે આ પ્રવાસ ત્રણ સપ્તાહથી ઓછા સમયનો રહેશે જેમાં બોર્ડ ખેલાડીઓને પરિવાર સાથે જવાની મંજૂરી આપશે નહીં. નવી નીતિ મુજબ ૪૫ દિવસ



અથવા તેનાથી લાંબા પ્રવાસ માટે જ પરિવારને ખેલાડીઓ સાથે વધારેમાં વધારે બે સપ્તાહ સુધી રહેવાની મંજૂરી આપવામાં આવી છે. બોર્ડના એક અધિકારીએ જણાવ્યું હતું કે નિયમમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો વાત અલગ છે પરંતુ હાલ તો ખેલાડીઓની સાથે તેમનો પરિવાર દુબઈ જશે નહીં તે નિશ્ચિત છે. ટીમના એક સિનિયર ખેલાડીએ પણ આ બાબતને સમર્થન આપીને જણાવ્યું હતું કે નવી નીતિનું પાલન કરવામાં આવશે. નોંધનીય છે કે ૪૫ કરતાં વધારે લાંબા દિવસના પ્રવાસમાં ખેલાડીઓ પરિવાર સાથે રહેશે પરંતુ તેનાથી વધારેના સમય માટે કોચ, સુકાની અને મેનેજમેન્ટની મંજૂરી લેવી પડશે અને વધારાનો ખર્ચ બોર્ડ નહીં પરંતુ ખેલાડીએ ભોગવવાનો રહેશે.

## નોસકોવાને હરાવી ઈગા સ્વિયાતેકે ટાઈટલ તરફ આગેકૂચ જારી રાખી



દોહા (કતાર) । ટાઈટલ માટેની ફેવરિટ ઈગા સ્વિયાતેક પોતાના દબદબાને જાળવી રાખીને કતાર ઓપન વિમેન્સ ટેનિસ ટૂર્નામેન્ટમાં પોતાના અભિયાનને આગળ વધાર્યું હતું. સ્વિયાતેકે ચેક રિપબ્લિકની લિન્ડા નોસકોવાને ભારે સંઘર્ષ કર્યા બાદ ૬-૭ (૧-૭), ૬-૪, ૬-૪થી હરાવી હતી. આ સાથે તેણે ટૂર્નામેન્ટમાં સતત ૧૪મો વિજય મેળવ્યો હતો અને તે ઓવરઓલ ૧૯મી ટૂર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. બીજી તરફ ઈલેના રિબાકિનાએ સ્લોવાકિયાની રિબેક્કા સર્મકોવાને ૭-૬ (૭-૧), ૬-૨થી હરાવીને સ્વિયાતેક સામેનો મુકાબલો નિશ્ચિત કર્યો હતો.

## IPLમાં માત્ર ૨૭ મેચ રમેલા રજત પાટીદારને RCBએ સુકાની બનાવ્યો

। બેંગ્લુરુ ।

રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ આઈપીએલ ૨૦૨૫ માટે પોતાના સુકાનીની જાહેરાત કરી દીધી છે અને રજત પાટીદારની સુકાની તરીકે વરણી કરી છે. ૨૦૨૧માં આરસીબી તરફથી આઈપીએલમાં ડેબ્યૂ કરનાર પાટીદારે અત્યાર સુધીમાં માત્ર ૨૭ મેચ રમી છે અને તેણે ૩૪.૭૪ની એવરેજથી ૭૯૯ રન બનાવ્યા છે. તે ડોમેસ્ટિક ક્રિકેટમાં મધ્ય પ્રદેશની ટીમનું નેતૃત્વ કરી રહ્યો છે. આઈપીએલની ૧૮મી સિઝન આગામી મહિને થશે. છેલ્લી ત્રણ સિઝનથી સાઉથ આફ્રિકાનો ભૂતપૂર્વ ક્રિકેટર ફાફ ડુ પ્લેસિસ આરસીબીની કેપ્ટનશિપ કરતો હતો પરંતુ તેને મેગા હરાજી પહેલાં ફ્રેન્ચાઈઝીએ રિલીઝ કરી દીધો છે. ટીમના બે ખેલાડી વિરાટ કોહલી અને કૃણાલ પંડ્યાને આઈપીએલ ટીમનું નેતૃત્વ કરવાનો અનુભવ છે. કોચ એન્ડી ફ્લાવરે જણાવ્યું હતું કે આઈ પીએલમાં શાંત અને સાદગીની જરૂર હોય છે જે પાટીદાર માટે ફાયદાકારક રહેશે. તે શાંત છે પરંતુ પોતાની આસપાસના લોકોની ફિકર કરે છે. તેને સાથી ખેલાડીઓ તરફથી આદર મળશે તે ચોક્કસ છે. તેનામાં દૃઢતા અને પ્રતિબદ્ધતા છે જે તેને સફળતા તરફ દોરી જશે. કોહલીએ પણ નવા સુકાની પાટીદારને અભિનંદન પાઠવ્યા હતા.

## ICCએ પાક. પ્લેયર શાહિન, કામરાન અને સઉદને દંડ ફટકાર્યો, ડિમેરિટ અંક આપ્યો

શાહિન જાણીજોઈને રનિંગ કરી રહેલા આફ્રિકન પ્લેયર જોડે અથડાયો હતો



દુબઈ : પાકિસ્તાનના શાહિન શાહ આફ્રિદી, સઉદ શકીલ તથા કામરાન ગુલામને કરાચી ખાતે સાઉથ આફ્રિકા સામેની ત્રિકોણીય શ્રેણીની મેચમાં આઈસીસી આચારસંહિતાના લેવલ-૧નું ઉલ્લંઘન કરવા બદલ દંડ ફટકારવામાં આવ્યો છે. શાહિનને મેચ ફીના ૨૫ ટકા તથા સઉદ અને કામરાનને મેચ ફીના ૧૦ ટકાની રકમનો દંડ કરાયો છે. આઈસીસીની આચારસંહિતાના નિયમ ૨.૧૨ ના ઉલ્લંઘન હેઠળ તમામ ખેલાડીઓ દોષિત જાહેર થયા છે. સાઉથ આફ્રિકાની ઈનિંગની ૨૮મી ઓવરમાં શાહિન જાણીજોઈને બેટ્સમેન મેથ્યૂ બ્રિટ્ઝકેને રનિંગ વખતે અથડાયો હતો. બંને વચ્ચે અયોગ્ય રીતે શારીરિક સંપર્ક થયો હતો અને બંને બોલાચાલીમાં ઉતર્યા હતા. આ ત્રણેય પાકિસ્તાની ખેલાડીઓને દંડ ફટકારવા ઉપરાંત તેમના ખાતામાં એક ડિમેરિટ પોઈન્ટ પણ ઉમેરવામાં આવ્યો છે. ત્રણેય ખેલાડીઓએ પોતાનો ગુનો કબૂલી લીધો હતો જેના કારણે કોઈ સત્તાવાર સુનાવણીની જરૂર પડી નહોતી. ફિલ્ડ અમ્પાયર આસિફ યાકુબ તથા માઈકલ ગોફ, થર્ડ અમ્પાયર રિચાર્ડ ઈલિંગવર્થ અને ફોર્થ અમ્પાયર ફેઝલ આફ્રિદીએ મેચરેફરી સામે આ ઘટનાની ફરિયાદ કરીને રિપોર્ટ સુપરત કર્યો હતો. ત્રણેય ખેલાડીઓ આગામી ૨૪ મહિનામાં વધુ એક વખત ડિમેરિટ પોઈન્ટનો સામનો કરશે તો તેઓ એક મેચ માટે સસ્પેન્ડ થઈ શકે છે.

## ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થયેલો જયસ્વાલ મુંબઈ માટે રણજીમાં રમશે



મુંબઈ : ઓપનર યશસ્વી જયસ્વાલને ચેમ્પિયન્સ ટ્રોફી માટેની ભારતીય ટીમમાં સ્થાન નહીં મળ્યા બાદ તેણે મોટો નિર્ણય લીધો છે. તે મુંબઈ માટે વિદર્ભ સામે રમાનારી રણજી ટ્રોફીની સેમિફાઈનલમાં રમવા માટે તૈયાર થઈ ગયો છે. જયસ્વાલ હરિયાણા સામેની મેચમાં મુંબઈ માટે રમી શક્યો નહોતો. ચેમ્પિયન્સ ટ્રોફી માટે તેને ટીમમાં સ્થાન મળશે તેવી અટકળના કારણે તે સેમિફાઈનલમાં પણ રમવાનો નહોતો પરંતુ ટીમમાં ફેરફાર થતાં જયસ્વાલને ટૂરિંગ ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો છે. તે હવે મુંબઈની ટીમ સાથે નાગપુર જશે. મુંબઈ ક્રિકેટ એસોસિયેશને પણ આ બાબતને સમર્થન આપ્યું છે. ૨૩ વર્ષીય જયસ્વાલ ગયા વર્ષે શાનદાર ફોર્મમાં હતો અને તેણે ૫૪.૭૪ની એવરેજથી ૧૪૭૮ રન બનાવ્યા હતા.

## જર્મન ખેલાડી ઝેવરેવ અંતિમ-૮મા, ભારતના સુમિત નાગલનો પરાજય



। બ્યૂનસ એર્સ ।

જર્મનીનો બીજો ક્રમાંકિત એલેકઝાન્ડર ઝેવરેવ આર્જેન્ટિના ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાં સર્બિયાના ડુસાન લાજોવિચને ૬-૪, ૬-૪થી હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ્યો હતો. એક કલાક ૩૭ મિનિટ સુધી રમાયેલી મેચમાં ઝેવરેવેએ પોતાની પ્રથમ સર્વિસમાં ૮૦ ટકા પોઈન્ટ હાંસલ કર્યા હતા. તેનો આગામી મુકાબલો આર્જેન્ટિનાના ફ્રાન્સિસ્કો કેરુન્ડોલો સામે થશે જેણે પોતાના ભાઈ જુઆન મેન્યુઅલ કેરુન્ડોલોને ૬-૨, ૬-૩થી હરાવીને પોતાનું અભિયાન આગળ વધાર્યું હતું.

ટૂર્નામેન્ટના અન્ય મુકાબલામાં કોરિન્ટેન માયુટેટેએ ભારતના સુમિત નાગલને ૭-૫,૬-૨થી, ડિએગો શ્વાર્ટઝમાને ચિલીના નિકોલસ જેરીને ૭-૬ (૧૨-૧૦), ૪-૬, ૬-૩થી, સર્બિયાના લાસ્લો જેરેએ ચિલીના એલેજાન્ડ્રો તાબિલોને ૨-૬, ૬-૧, ૭-૬ (૭-૨)થી હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

## બાયર્ન મ્યૂનિચે સેલ્ટિકને ૨-૧થી હરાવી પ્લેઓફના પ્રથમ તબક્કાનો મુકાબલો જીત્યો

ચેમ્પિયન્સ લીગ : બેનફિકા, ક્લબ બ્રૂગે તથા ફેયેનૂર્ડે પણ વિજય મેળવ્યા



। ગ્લાસગો (સ્કોટલેન્ડ) ।

માઈકલ ઓલિસના ધમાકેદાર ગોલ તથા હેરી કેનના શાનદાર પ્રદર્શનની મદદથી બાયર્ન મ્યૂનિચે ચેમ્પિયન્સ લીગના પ્લેઓફ મુકાબલાના પ્રથમ લેગમાં સેલ્ટિક સામે ૨-૧થી રોમાંચક વિજય મેળવ્યો હતો. અન્ય મેચોમાં બેનફિકા, ફેયેનૂર્ડ તથા ક્લબ બ્રૂગેનો પણ વિજય થયો હતો. બુંદેશ લીગા ફૂટબોલ લીગમાં ટોચના ક્રમે રહેલી મ્યૂનિચની ટીમ અંતિમ-૧૬ રાઉન્ડમાં પહોંચવા માટેની પ્રબળ દાવેદાર છે. બંને ટીમ વચ્ચે હવે ૧૮મી ફેબ્રુઆરી રિટર્ન લેગનો બીજો મુકાબલો રમાશે. સેલ્ટિક લીગમાં મ્યૂનિચ કરતાં માત્ર ત્રણ પોઈન્ટ પાછળ હોવા છતાં બંને ક્લબોના યુરોપિયન રેન્કિંગમાં મોટો ફરક છે. મેચના પ્રથમ હાફમાં માઈકલ ઓલિસે ૪૫મી મિનિટે ગોલ કર્યો હતો. હેરી કેને ૪૯મી મિનિટે બીજો ગોલ કરીને બાયર્નને ૨-૦થી આગળ કરી દીધું હતું. બીજો હાફ વધારે આક્રમક રમતવાળો બન્યો હતો. ડિઝેન માઈડાએ ૭૯મી મિનિટે ગોલ કરીને સ્કોરલાઈન ૨-૧ની કરી હતી. મેચમાં બંને ટીમને સાત-સાત કોર્નર મળ્યા હતા જેમાંના મોટા ભાગના વેડફાઈ ગયા હતા.

લીગની અન્ય મેચમાં બેનફિકાએ વાંગેલિસ પાવિલિડિસે ૪૮મી મિનિટે નોંધાવેલા ગોલ વડે મોનાકોને ૧-૦થી, ક્લબ બ્રૂગેએ એટલાન્ટાને ૨-૧થી, ફેયેનૂર્ડે મિલાનને ૧-૦થી તથા જુવેન્ટસે પીએસવીને ૨-૧થી પરાજય આપ્યો હતો.

## ચેમ્પિયન્સ ટ્રોફીમાં ફેવરિટ ટીમોની ગણતરી બગાડીશું, બાંગ્લા.ના સુકાની શાન્તોની ચેતવણી

। દુબઇ ।

બાંગ્લાદેશના સુકાની નજમુલ હુસૈન શાન્તોએ જણાવ્યું હતું કે અમારી ટીમ ચેમ્પિયન્સ ટ્રોફી જીતવા માટેની ક્ષમતા ધરાવે છે અને આઈસીસી ઈવેન્ટ દરમિયાન અમે કેટલીક ફેવરિટ ટીમોની ગણતરી બગાડી શકીએ છીએ. શાન્તોએ અન્ય ટીમોને ચેતવણીનો સંકેત આપ્યો હતો કે આઠ ટીમોની ટૂર્નામેન્ટમાં બાંગ્લાદેશની ટીમ કેટલાક સનસનાટીભર્યા પરિણામ આપી શકે છે.

શાન્તોએ જણાવ્યું હતું કે અમે ચેમ્પિયન્સ ટ્રોફીમાં ચેમ્પિયન બનવા માટે જઈ રહ્યા છીએ. આ ટૂર્નામેન્ટમાં તમામ આઠ ટીમો ટાઈટલ જીતવા માટેની હકદાર છે. મારા મતે અન્ય ટીમોની જેમ અમારી ટીમમાં પણ ક્ષમતા છે. પ્રત્યેક ખેલાડી ચેમ્પિયન બનવા માગે છે અને



તેઓ પોતાની ક્ષમતા ઉપર વિશ્વાસ કરે છે. અમે આકરી મહેનત કરીને સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવા માગીશું અને મને ભરોસો છે કે અમે અમારો ટાર્ગેટ હાંસલ કરવામાં સફળ પણ રહીશું. ટીમનો પ્રત્યેક ખેલાડી પોતાની ક્ષમતાના આધારે વિજય અપાવી શકે છે. અમારી પાસે પેસ અને સ્પિન બોલર્સનું શાનદાર કોમ્બિનેશન છે. અમારી પાસે બેલેન્સ ટીમ છે અને જો પ્રત્યેક પોતાની ક્ષમતા મુજબનો દેખાવ કરશે તો મને ખાતરી છે કે અમે કોઈ પણ ટીમને હરાવી શકીએ છીએ.

એક જ મહિલા ડેટિંગ એપ પર અલગ અલગ પુરુષો સાથે સંપર્ક બનાવે. ડેટ પર આવેલી મહિલા ખાસ વિસ્તારમાં કેફે કે પબમાં જવાનું સૂચન કરે અને ખાણી પીણી ઓર્ડર કરે. મહિલા ઈમરજન્સી હોવાનું બહાનું કરીને પબ છોડીને જતી રહે. પેલા પુરુષે ના છૂટકે હજારો રૂપિયાનું બિલ ભરવું પડે.

### મોટા ભાગની ડેટિંગ એપ્સ યૂઝર્સનો ડેટા એડવર્ટાઈઝિંગ એજન્સીઓ અને કંપનીઓને પૈસા માટે વેચી દે છે

# ડેટિંગ એપ લૂંટનો અડ્ડો બની રહી છે

૧૪ ફેબ્રુઆરી એટલે વેલેન્ટાઈન ડે. યુવક યુવતીઓ પ્રેમથી વંચિત હોય તો ડેટિંગ એપ પર જઈને પાત્ર શોધી રહ્યા છે. અત્યારે ઓનલાઈનનો જમાનો છે. તમે કપડાં, કરિયાણું કે ઈલેક્ટ્રોનિક્સ સામાન સહિતની તમામ વસ્તુઓ ઘેર બેઠાં મંગાવી શકો છો. એવી જ રીતે વર કે કન્યા શોધવા મેટ્રિમોની સાઈટ્સ અને પ્રેમી કે પ્રેમિકા શોધવા ડેટિંગ એપનો મોટા પાયે ઉપયોગ થાય છે. પહેલાંનાં જમાનામાં શાળા કોલેજ કે ઓફિસમાં સહકર્મી સાથે પ્રેમ થતો અને પછી લગ્ન કરવામાં આવતા. હવે પ્રેમીઓને ઓનલાઈન શોધવા પડે છે અને એટલે જ ડેટિંગ વેબસાઈટ કે એપનું ચલણ વધ્યું છે.




ડેટિંગ એપ્સ એવું પ્લેટફોર્મ છે, જ્યાં યુવક યુવતીઓ કે સ્ત્રી -પુરુષો એકબીજા સાથે જોડાઈ શકે છે. ખાસ કરીને નવા સંબંધો બનાવવા અથવા તો ફ્લર્ટિંગ માટે તેનો ઉપયોગ થાય છે. આવા એપ્સ લોકોને ઉંમર, લોકેશન, પ્રેફરન્સ, ચોઈસનાં હિસાબે જોડીના ઓપ્શન આપે છે. મોટાં ભાગનાં ડેટિંગ એપ્સ ફ્રી હોય છે પણ પ્રિમિયમ સેકશનમાં સબસ્ક્રિપ્શન ભરવું પડે છે.

ડેટિંગ એપ લૂંટનો અડ્ડો બની ગઈ છે. ભારતમાં ટિન્ડર, બંબલ, હિન્જ, હેપન, બડો, કોફી મીટ્સ બેગલ, આઈસલે, ઓકે ક્યુપિડ, ક્વિક-ક્વિક, ફ્લિપ જેવી એપ જાણીતી છે. મેટ્રો શહેરોમાં નોકરી કરતા અને એકલા રહેતા યુવક યુવતીઓને ઈમોશનલ અને ફિઝિકલ સપોર્ટની જરૂર હોય છે. એક એવા સાથીની શોધ હોય છે જેને તેઓ મનની વાત કહી શકે. પણ ઘણી વાર તેઓ છેતરપિંડીનો ભોગ બની જાય છે. ડેટિંગ એપ્સનો ઉપયોગ કરતી વખતે સાવધાની રાખવી ખૂબ જરૂરી છે. જો ખોટાં પાત્રની પસંદગી થઈ જાય તો તે જોખમી બની જાય છે.

છેલ્લાં કેટલાંક સમયથી ડેટિંગ એપ પર પુરુષોને ફસાવીને તેમને લૂંટવાના અનેક કિસ્સા સામે આવ્યા છે. દિલ્હી-એનસીઆર, મુંબઈ, બેંગલુરુ અને હૈદરાબાદમાં આવા કૌભાંડ થઈ ચૂક્યા છે. એક જ મહિલા ડેટિંગ એપ પર અલગ અલગ પુરુષો સાથે સંપર્ક બનાવે. મહિલા ખાસ વિસ્તારમાં કેફે કે પબમાં જવાનું સૂચન કરે અને ખાણી પીણી ઓર્ડર કરે. પોતાની ડેટને યાદગાર બનાવવા પુરુષ ખર્ચો કરવાની તૈયારી બતાવે છે, જેનું બિલ રૂ. ૨૦,૦૦૦થી ૪૦,૦૦૦ સુધી જઈ શકે છે. આવા કેસમાં મોટાં ભાગનાં પુરુષો પોલિસ ફરિયાદ નથી કરતા કારણ કે તપાસ દરમિયાન પરિવારને ખબર પડી જાય કે તે ડેટિંગ એપથી મહિલાઓને મળે છે. કેટલાંક કેસમાં તો મહિલા ઈમરજન્સી હોવાનું બહાનું કરીને પબ છોડીને જતી રહી છે. પેલા પુરુષે ના છૂટકે હજારો રૂપિયાનું બિલ ભરવું પડે.

ડેટિંગ એપ્સથી થયેલી મુલાકાત ક્યારેક હિંસામાં પણ પરિણમે છે. ૧૮ મે, ૨૦૨૨નાં રોજ દિલ્હીમાં આફતાબ પુનાવાલાએ પોતાની લિવ-ઈન પાર્ટનર શ્રધ્ધાની હત્યા કરી હતી. બંનેની મુલાકાત ૨૦૧૯માં ડેટિંગ એપ પર થઈ હતી. ગાઝિયાબાદમાં એક વ્યક્તિએ ડેટિંગ એપ પર સમલૈંગિક પાર્ટનર શોધી અને થોડાં દિવસો બાદ તેની હત્યા કરી નાખી. આ બંને કેસ બતાવે છે કે ડેટિંગ એપ્સ યુવાનોમાં વિકૃત્તિ ફેલાવી રહ્યા છે. આવી એપમાં વય મર્યાદા નક્કી હોય છે પણ ટીનએજર્સ વધુ ઉંમર બતાવીને મેમ્બર બની જાય છે. ડેટિંગ એપ્સની મેનેજમેન્ટ કમિટીનાં ડેટા પ્રમાણે આ એપ્સ પર ૧૮થી ૪૦ વર્ષ સુધીનાં યુવાનો હોય છે. કોરોના દરમિયાન આ એપ્સની યૂઝર્સની સંખ્યામાં ૬૦ ટકાનો વધારો થયો હતો. ડેટિંગ એપ્સનું એક જોખમ એ પણ છે કે મોટા ભાગની ડેટિંગ એપ્સ યૂઝર્સનો ડેટા એડવર્ટાઈઝિંગ એજન્સીઓ અને કંપનીઓને વેચી દે છે. તેનાં બદલામાં તેમને મોટી રકમ મળે છે. મોજિલા ફાઉન્ડેશનનાં એક અહેવાલ પ્રમાણે ૨૫માંથી ૨૨ ડેટિંગ એપ્સ પોતાની પ્રાઈવસી પોલિસીનો ભંગ કરે છે. તેઓ પોતાનાં યૂઝર્સનાં અંગત ડેટાનો સોદો કરે છે અને એજન્સીઓને વેચે છે. આ એપ્સ યૂઝર્સનાં વર્તમાન લોકેશનનો એક્સેસ મેળવી લે છે અને લોકેશનનું એક્સેસ ન આપો તો એપ કામ નથી કરતી તમે એપનો ઉપયોગ ન કરતા હોય ત્યારે પણ તેઓ તમારા લોકેશનને ટ્રેક કરે છે. ડેટિંગ કલ્ચર હવે માત્ર મેટ્રો શહેરો પૂરતું મર્યાદિત નથી રહ્યું. ઝારખંડ, બિહારનાં નાના શહેરોથી માંડીને જયપુર, ભોપાલ, ઈન્દોર જેવા શહેરોનાં યુવાનો પણ તેનો મોટા પાયે ઉપયોગ કરે છે. આવા ટિયર ટુ શહેરોનાં લગભગ ૯૦ ટકા યુવાનો ડેટિંગ એપ્સનો ઉપયોગ કરે છે. ઓનલાઈન ડેટિંગ એપનાં માર્કેટની વાત કરીએ તો, ભારતમાં તેનું ટર્નઓવર ૫૩.૬ કરોડ ડોલર છે અને તેમાં વાર્ષિક ૧૭ ટકાનાં દરે વૃધ્ધિ થઈ રહી છે.

ભારત વિશ્વમાં પાંચમું મોટું ડેટિંગ એપ માર્કેટ છે. પાંચ વર્ષ પહેલાં ભારતમાં બે કરોડ લોકો ડેટિંગ એપનો ઉપયોગ કરતા હતા, હવે આ આંકડો ૩૦૦ ટકા વધીને આઠ કરોડ થઈ ગયો છે, જેમાં ૬૭ ટકા યૂઝર્સ પુરુષ અને ૩૩ ટકા યૂઝર્સ મહિલાઓ છે. આ યૂઝર્સમાં મોટાં ભાગના યુવક યુવતીઓ એવા છે જેમનો જન્મ વર્ષ ૨૦૦૦ પછી થયો છે.

સ્ટેટિસ્ટા ડિજિટલ માર્કેટિંગ ઈનસાઈટ્સનાં અહેવાલ પ્રમાણે અમેરિકામાં ૨૨ ટકા, યુકેમાં ૧૯ ટકા, ફ્રાન્સમાં ૧૩ ટકા, ચીનમાં ૯ ટકા અને જાપાનમાં ૯.૫ ટકા લોકો અ




જર્મનીમાં ૧૨ ટકા લોકો ઓનલાઈન ડેટિંગ પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે. ઓસ્ટ્રેલિયામાં ૪૯ ટકા પુખ્તોએ ઓછામાં ઓછી એક ડેટિંગ એપ કે વેબસાઈટનો ઉપયોગ કર્યો હોવાનું કબલ્યું છે. વિશ્વભરમાં લગભગ ૩૫ કરોડ લોકો ડેટિંગ એપનો ઉપયોગ કરે છે અને ડેટિંગ એપ કંપનીઓ પાંચ અબજ અમેરિકન ડોલરથી વધુ કમાણી કરે છે. ડેટિંગ એપ્સનો ઉપયોગ કરવાથી માનસિક આરોગ્ય પર અસર પડે છે. એ વાત સાચી કે ડેટિંગ એપ્સે અનેક લોકોને પોતાની પસંદગીનો પાર્ટનર શોધવામાં મદદ કરી છે, પણ તેનાં સતત ઉપયોગથી માનસિક તણાવ અને નિરાશા પણ થઈ શકે છે. ઘણી વાર મેચ મેકિંગનાં વધુ વિકલ્પો હોવાથી મુશ્કેલી થાય છે અને હીન ભાવના પણ ઉત્પન્ન થાય છે. તાજેતરમાં વૈશ્વિક સ્તરે થયેલા એક સર્વેમાં જાણવા મળ્યું કે, ડેટિંગ એપ્સથી માનસિક આરોગ્ય પર નબળી અસર પડી શકે છે. આ રિસર્ચમાં મોટા ભાગે અમેરિકા, બ્રિટન અને ઓસ્ટ્રેલિયા સહિતનાં પશ્ચિમી દેશો હતા. ૪૫ રિસર્ચમાંથી ૨૯ રિસર્ચમાં જાણવા મળ્યું કે, ડેટિંગ એપ્સની અસર માનસિક આરોગ્ય પર પડે છે, જ્યારે ૨૨માં બોડી ઈમેજ પર અસર થતી હોવાનું જાણવા મળ્યું. રિસર્ચમાં ડેટિંગ એપ્સનાં યૂઝર્સ અને નોન-યૂઝર્સ વચ્ચે અંતરને જાણવામાં આવ્યું. ડેટિંગ એપ્સનાં વધુ પડતા ઉપયોગથી શરીર પ્રત્યેની અસંતુષ્ટિ, ખાણીપીણીની ખોટી આદતો, ડિપ્રેશન અને આત્મસન્માનનો અભાવ જેવી સમસ્યા જોવા મળી. જો તમને તમારી પસંદગીનું પાત્ર ન મળે અથવા તો સામેનું પાત્ર રિજેક્ટ કરે તો તમે ડિપ્રેશનમાં સરી પડો છો.

ઓસ્ટ્રેલિયાની સરકારે તો ઓનલાઈન ડેટિંગ પ્લેટફોર્મ પર ભેદભાવ અને દુર્વ્યવહાર ઓછો કરવા આચારસંહિતા અમલી બનાવી છે.

મોટાં ભાગનાં સોશિયલ મીડિયાની જેમ ડેટિંગ એપ્સ પણ ઈમેજ કેન્દ્રિત છે, જેનો અર્થ એ છે કે તેમાં ફોટોગ્રાફ્સ અને વીડિયો પર વધુ ભાર મૂકવામાં આવે છે. ડેટિંગ એપમાં યૂઝર્સ બ્રાઉઝ કરતી વખતે સૌ પ્રથમ ફોટાઓ જ જૂએ છે. હવે તો ડેટિંગ એપ નહીં પણ ઈન્સ્ટાગ્રામ પર પાર્ટનર શોધવાનો ટ્રેન્ડ જોવા મળે છે. જો જોનસ અને સોફી ટર્નર તથા દુઆ લિપી અને અનવર હદીદ જેવાં પ્રસિધ્ધ સેલિબ્રિટીઝ કપલ ઈન્સ્ટાગ્રામ દ્વારા જ મળ્યા છે. ૨૦૨૨માં લોંચ થયેલ એઆઈ ડેટિંગ આસિસ્ટન્ટ રિઝ ડેટિંગ કોચની જેમ કામ કરે છે.

### ઓનલાઇન ડેટિંગ સ્કેમથી બચવાની ટિપ્સ

» ઓનલાઇન ડેટિંગમાં સામેનું પાત્ર તમને ખૂબ ગંભીરતાથી લે છે, તમારી પ્રશંસા કરીને તમને ખાતરી કરાવે છે કે તમે તેનાં માટે ખાસ છો.

» ડેટિંગ સ્કેમમાં ઠગોની પ્રોફાઇલ કોઈ મોડલ જેવી હોય છે. સામેની વ્યક્તિ ફોટો જોઇને લલચાઈ જાય છે અને ડેટ પર જવા તૈયાર થઈ જાય છે. આવા ઠગો ક્યારેય વિડીયો કોલ પર વાત નહીં કરે.

» છેતરપિંડી કરનારા ઘણી વાર પૈસાની માંગ કરે છે અને અલગ અલગ ગંભીર બહાના કરે છે.

» એપમાં કોઈની પ્રોફાઇલમાં ઓછી જાણકારી હોય તો સાવધાન રહો. પ્રોફાઇલ ફોટો અત્યંત આકર્ષક લાગે તોપણ સતર્ક રહો.

» અજાણી વ્યક્તિઓને તમારા ઘરનું સરનામું, ઇ-મેલ આઇડી કે નાણાકીય માહિતી શેર ન કરો.

» તમારા સોશિયલ એકાઉન્ટ પરથી ડેટિંગ એપ્સનું લોગિન ન કરો.

» તમે ડેટિંગ એપ દ્વારા કોઇને મળવા જઈ રહ્યા હોવ તો પહેલાં તેનું બેકગ્રાઉન્ડ સારી રીતે ચકાસી લો.

---

### શારજાહથી આવેલા પેસેન્જરે ૩૯૯.૪૬૦ ગ્રામ સોનું સંતાડ્યું હતું

## યુપીનો પેસેન્જર ટ્રોલીના હાથામાં ૩૫ લાખનું સોનું છુપાવી લાવતાં ઝડપાયો

### અમદાવાદ એરપોર્ટ પરથી ચાલુ વર્ષે ૪.૭૧ કરોડની સોનાની દાણચોરી પકડાઈ

। અમદાવાદ ।

અમદાવાદ એરપોર્ટ પરના ટર્મિનલ-૨ ઉપરથી એક મુસાફર ૩૫.૩૬ લાખના સોના સાથે ઝડપાયો હતો. જે ગુરૂવારે સવારે ૪:૨૫ કલાકે શારજાહથી અમદાવાદ આવતી એર અરેબિયાની G૯-૪૧૮ નંબરની ફ્લાઈટમાંથી ઉતર્યો હતો. તેની પાસેની હેન્ડ ટ્રેલીના હાથામાં તેણે ૨૪ કેરેટનું ૩૯૯.૪૬૦ ગ્રામ સોનું સંતાડી રાખ્યું હતું. કસ્ટમ વિભાગના અધિકારીએ ચકાસણી દરમિયાન તેને ઝડપી પાડ્યું હતું. મુસાફર ઉત્તરપ્રદેશના સહારનપુરનો વતની હોવાનું જાણવા મળે છે. અમદાવાદ એરપોર્ટ પર ચાલુ વર્ષે અત્યાર સુધીમાં સોનાની દાણચોરીના ૮ કેસ સામે આવ્યા છે. જેમાં કસ્ટમ વિભાગે કુલ ૪.૭૧ કરોડનું સોનું ઝડપી પાડ્યું છે. દુબઈ, શારજાહ, અબુધાબીથી અમદાવાદ આવતી ફ્લાઈટોના મુસાફરો પાસેથી આ દાણચોરીનું સોનું ઝડપી પડાયું છે. કસ્મટની આંખોમાં ધૂળ નાંખવા માટે દાણચોરો નવા-નવા નૂસખાઓ અજમાવી રહ્યા છે. શરીરમાં સોનું સંતાડી દેવું, બુટમાં, ટ્રોલી બેગમાં, મિક્ષરમાં, કેપ્સૂલમાં, પેસ્ટના સ્વરૂપમાં સોનું લાવવામાં આવી રહ્યું છે. જોકે કસ્મટ વિભાગ દાણચોરોને ટ્રેક કરીને તેમને ઝડપી પાડવામાં સફળ રહ્યા છે.



**ચાલુ વર્ષે કેટલું સોનું ઝડપાયું ?**

| તારીખ | સોનાની કિંમત |
|---|---|
| ૧ જાન્યુઆરી | ૨૫,૫૧,૭૦૦ |
| ૧૫ જાન્યુઆરી | ૫૩,૨૬,૬૬૭ |
| ૭ ફેબ્રુઆરી | ૯૮,૯૬,૫૪૦ |
| ૮ ફેબ્રુઆરી | ૮૩,૨૯,૪૧૭ |
| ૮ ફેબ્રુઆરી | ૮૨,૧૮,૪૨૦ |
| ૯ ફેબ્રુઆરી | ૪૬,૧૬,૩૫૨ |
| ૯ ફેબ્રુઆરી | ૪૭,૬૯,૭૯૨ |
| ૧૩ ફેબ્રુઆરી | ૩૫,૩૬,૦૨૦ |
| કુલ | ૪,૭૧,૪૪,૯૦૮ |

---

### પાલનપુરથી ૩૪ કિ.મી. દૂર ડેરી ગામે એપી સેન્ટર

## બનાસકાઠામાં સાંજે ૫:૨૮ કલાકે ૩:૮ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

। પાલનપુર ।

બનાસકાંઠા જિલ્લા તા.૧૩ ફેબ્રુઆરીએ સાંજના ૫:૨૮ કલાકે ૩:૮ની તીવ્રતાનો આંચકો પાલનપુરથી ૩૪ કિ.મિ.દુર ડેરી ગામમાં અનુભવાયો હતો.આચંકાની અસર આસપાસના વિસ્તારમાં અનુભવાઈ હતી.જો કે ભુંકપના કારણે કોઈ નુકસાન થયુ હોવાના સમાચાર પ્રાપ્ત થયેલ નથી.

બનાસકાંઠા જિલ્લાની ધરતી ફરી એકવાર ભૂકંપના આંચકાથી ધણધણી ઉઠી હતી.દાંતીવાડાના ડેરી ગામ નજીક ૩.૮ની તીવ્રતાનો આંચકો સમી સાંજના સુમારે આવતા ગામમાં લોકોમાં દોડધામ મચી હતી.અને એકબીજાને ફોન દ્વારા સમાચાર લઈ રહ્યા હતા. પાલનપુરથી ૩૪કિ.મી. દુર આવેલા ડેરી ગામ એપીસેન્ટર નોંધાયુ હતુ.ભકંપનો આંચકો આવતા ડિઝાસ્ટર વિભાગ દ્વારા દાંતીવાડા મામલતદાર પાસેથી ભૂકંપ અંગે નુકસાન સંદર્ભે વિગતો મંગાવી હતી. પરંતુ કોઈ નુકસાન થયાના સમાચાર મળેલ ન હતા.આમ ભુકંપનો આંચકો ૩.૮ની તીવ્રતાનો હોવાના કારણે ધરતી ધણધણી ઉઠતા મકાનોમાં બારી બારણા અને દિવાલો ધ્રુજવાના કારણે ગેબી અવાજથી લોકોમાં ભય વ્યાપી ગયો હતો.અને લોકોના પલ્સ વધી જતા છાતીમાં ધખધખ ધબકારા બોલી ગયા હતા.પરંતુ પાંચેક સેકંડમાં જ ભૂકંપ સમી જતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.આંચકાની અસર આસપાસના તાલુકાઓમાં પણ આંચકાની અસર થઈ હતી.

---

### ઓઢવમાં ઠંડા પીણામાં ઝેરી દવા પીવડાવી: બે પુત્રીઓ સારવારમાં

## માતાનો સંતાનો સાથે આપઘાતનો પ્રયાસ, માતા-બે વર્ષનાં પુત્રનું મોત

### પોલીસે મૃતક માતા સામે હત્યાનો અને હત્યાના પ્રયાસનો ગુનો નોંધાયો

। અમદાવાદ ।

ઓઢવમાં માતૃવાત્સલ્યને હચમચાવી મુકનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં ત્રણ બાળકોની માતાએ જીવનથી કંટાળીને ઠંડાપીણાંમાં ઝેરી દવા ભેળવીને બાળકો અને માતાએ સામૂહિક આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેમાં માતા અને બે વર્ષના પુત્રનું મોત નિપજ્યુ હતુ. જ્યારે ૭ અને ૪ વર્ષની બે પુત્રીઓનો બચાવ થયો હતો અને સારવાર હેઠળ છે. આ અંગે ઓઢવ પોલીસે મૃતક માતા સામે હત્યા અને હત્યાના પ્રયાસનો ગુનો નોધીને વધુ તપાસ શરૂ કરી છે.

ઓઢવમાં રહેતા ચિરાગભાઈ પંચાલ પત્ની કૃપા અને બે પુત્રીઓ અને એક પુત્ર સાથે રહે છે અને એર કોમ્પ્રેસર સર્વિસનું કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. જેમાં તેમના લગ્ન નવ વર્ષ પહેલા છાપીના કૃપાબેન સાથે થયા હતા. જે બાદ તેઓ ૩૭ વર્ષીય પત્ની કૃપા, ૪ વર્ષીય પુત્રી દિવ્યા, ૭ વર્ષીય પુત્રી મેશ્વા અને ૨ વર્ષના પુત્ર વ્રજ સાથે ઓઢવમાં અંબિકાનગર સોસાયટીમાં રહે છે. જેમાં ચિરાગભાઈ બુધવારે સવારે તેઓ કામધંધા પર નીકળ્યા હતા. ત્યારબાદ કૃપાબેને ઠંડાપીણુ મંગાવીને તેમાં ઝેરી દવા ભેળવીને પોતે અને બાળકોને પીવડાવી હતી. જેથી તેમને અને બાળકોને ઉલટીઓ થતા બહાર દોડી આવતા પાડોશીને જાણ થઈ હતી. જેથી પાડોશીએ તેમને ફોન કરીને જણાવ્યુ કે તેમની પત્ની કૃપાએ દવા પીધી છે અને બાળકોને પણ પીવડાવી છે. જેથી ચિરાગભાઈ તાત્કાલિક ઘરે આવ્યા હતા. અને તમામને સારવારઅર્થે હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં માતા અને બે વર્ષના પુત્રનું મોત નિપજ્યુ છે. તેમજ બે બાળકીઓ સારવાર હેઠળ છે.



**'એના હાથે મને સિંદૂર ન પુરાવતા'**

મમ્મી પપ્પા હું બહુ જ થાકી ગઇ છું. મારે અને મારા છોકરાને નથી જીવુ હું જઉ છું અને મારા ગયા પછી તમે રડતા નહિ હું જઉ ને મને મારા છોકરાને અગ્નિ તમે આપજો, તમારી દિકરી તરીકે મને વિદાય આપજો મને વહુ બનીને વિદાય ન આપતા અને હા એના હાથે મને સિંદુર પણ ના પુરાવતા, મારે તમારા ઘરે કે પાછું નથી આવું. હું કોઇના એટલે કોઇના પર બોઝ બનવા નથી માંગતી કે મારા છોકરાઓને નથી બનાવવા માંગતી એટલે હું હવે આ પગલું ભરૂ છું અને હા આ ઘરમાં મારૂ કે મારા છોકરાઓનું હવે કઇ જ નામ નિશાન ના રેવું જોઇએ. આમેય હું અને મારા છોકરા હોય કે ના હોય કશું જ ફરક પડતો નથી. બસ હવે હું જઉં. પપ્પા-મમ્મી, ભાઇ તમે લોકો બહુ રડતા નહીં અને અમને લોકોને યાદ કરીને રડતા નહીં. હંમેશા તમે લોકો ખુશ રહો.

---

### સાડા ચાર વર્ષમાં માત્ર ૮,૫૫૪ મધ્યમ કદના ઉદ્યોગો નોંધાયા !

## ગુજરાતમાં નવા MSME રજિસ્ટ્રેશનમાં ડાઉનફોલ, દેશભરમાં મહારાષ્ટ્ર મોખરે

### ૨૦૨૫ના આરંભે એક જ મહિનામાં ગુજરાત પાંચમાંથી છઠ્ઠા ક્રમે પટકાયું !

। ગાંધીનગર ।

ભારતમાં સુક્ષ્મ, લધુ અને મધ્યમ કદ- MSMEના ઔદ્યોગિક એકમો ક્ષેત્રે એક સમયે મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશની સાથે સ્પર્ધા કરનારૂ ગુજરાત હવે આ સેક્ટરમાં સતત પાછળ પડી રહ્યુ છે. લોકસભામાં ગુરૂવારે જાહેર માહિતી મુજબ ૧લી જુલાઈ- ૨૦૨૦થી લઈ ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધીના સમયકાળમાં ગુજરાતમાં નવા MSMEની નોંધણીમાં ડાઉનફોલ આવ્યાનું ચિત્ર ઉપસ્યુ છે. ગુજરાત પાંચમેથી છઠ્ઠા નંબરે પટકાયુ છે. જ્યારે વિતેલા એક દાયકાથી અવલ્લ રહેલુ મહારાષ્ટ્ર અણનમ રીતે પ્રથમ રહ્યુ છે.

રાજ્ય સરકારે ગુજરાતની કરોડરજ્જુ ગણાતા આ સેક્ટરમાં નવા ઔદ્યોગિક એકમોની નોંધણીમાં દર વર્ષે ૨૫થી ૩૦ ટકાનો વૃધ્ધીદર હોવાનો દાવો કર્યો હતો. જોકે, ગુરૂવારે લોકસભામાં રજૂ થયેલા એક સવાલના જવાબમાં છેલ્લા સાડા ચાર વર્ષમાં ગુજરાતમાં MSME ક્ષેત્રમાં માત્ર ૩૩,૯૪,૦૬૯ જ નવા એકમો નોંધાયાનું કહેવાયુ છે. નવા એકમોની નોંધણીમાં ગુજરાત છઠ્ઠા ક્રમે છે. તેમાંય નવા મધ્યમ કદના એકમો તો માત્ર ૮,૫૫૪ જ નોંધાયા છે.

**જુલાઇ- ૨૦૨૦થી જાન્યુઆરી- ૨૦૨૫ સુધીનું રજિસ્ટ્રેશન**

| ટોપ-૧૦ રાજ્ય | નવા નોંધાયેલા MSME |
|---|---|
| મહારાષ્ટ્ર | ૭૭,૪૨,૫૨૨ |
| ઉત્તરપ્રદેશ | ૬૩,૦૨,૫૩૫ |
| તમિલનાડુ | ૪૮,૧૧,૯૬૨ |
| પશ્ચિમ બંગાળ | ૪૨,૨૮,૭૭૫ |
| કર્ણાટક | ૩૯,૪૫,૯૭૦ |
| ગુજરાત | ૩૩,૯૪,૯૭૦ |
| રાજસ્થાન | ૩૩,૬૭,૬૩૩ |
| બિહાર | ૩૨,૧૩,૭૭૦ |
| આંધ્રપ્રદેશ | ૨૯,૭૫,૩૨૦ |
| ઓડિસા | ૧૮,૬૭,૮૩૮ |

---

### કોલેજોમાં ઓનલાઈન મોડથી ઈન્સ્પેક્શન થશે

## આંધ્રની યુનિવર્સિટીમાં ભ્રષ્ટાચાર બાદ હાઈબ્રિડ મોડથી નેકનું ઈન્સ્પેક્શન થશે

। અમદાવાદ ।

નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રિડિટેશન કાઉન્સિલ (NAAC) ઈન્સપેક્શન વખતે આંધ્રપ્રદેશની એક યુનિવર્સિટીમાં ભ્રષ્ટાચાર થયાની ઘટનાથી NAACની વિશ્વનિયતા પર સવાલો ઉઠવા લાગ્યાં હતા. એ પછી નિમાયેલી કમિટીની સુચનો મુજબ NAAC ઈન્સપેક્શનમાં જ મોટો ફેરફાર કરી દેવાયો છે. નવા ફેરફાર મુજબ યુનિવર્સિટીઓમાથી હાઈબ્રીડ મોડ અને કોલેજોમાં ઓનલાઈન મોડથી નેક ઈન્સપેક્શન કરવાનો નિર્ણય લેવાયો છે. એક સાયકલ પૂર્ણ થઈ હોય એવી યુનિવર્સિટીઓને ઓનલાઈન અને ઓફલાઈનનો વિકલ્પ આપવામાં આવશે.

પહેલી સાયકલ એટલે કે કોઈ યુનિવર્સિટી પહેલી વખત નેક ઈન્સ્પેક્શન કરાવતી હોય તો તેને બેઝીક ચોઈસ એટલે કે એક્રેડીટેશન અથવા તો નોન એક્રેડિટેશન માત્ર એવો વિકલ્પ આપવામાં આવશે. બન્ને પૈકી સંસ્થા કોઈ પણ એકની પસંદગી કરી શકશે. એક સાયકલ પુરી થઈ ચુકી હોય તેમને હાઈબ્રીડ મોડ એટલે કે ઓનલાઈન ઈન્સ્પેક્શન કે ઓફલાઈન ઈન્સ્પેક્શન એવો વિકલ્પ આપવામાં આવશે. જો કોઈ સંસ્થાએ જૂની પધ્ધતિમાં જવા માટે ફી ભરી દીધી હોય અને તેને નવી પધ્ધતિમાં જવું હોય તો ફી સરભર કરી આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, NAAC ઈન્સ્પેક્શનમાં તાજેતરમાં આંધ્રપ્રદેશમાં એક યુનિવર્સિટીના ઈન્સ્પેક્શન દરમિયાન ટીમે એ ડબલ પ્લસ ગ્રેડ માટે મોટાપાયે કરપ્શન કર્યુ હોવાનું સામે આવ્યા બાદ હવેપછી NAAC ઈન્સ્પેક્શનની પેટર્નમાં ફેરફાર કરવાની જાહેરાત કરી દેવામાં આવી છે.

---

### HIV પોઝિટિવ હોવાથી CRPFમાં બઢતી નહીં : મહિલાએ HCમાં દાદ માગી

## સ્વાસ્થ્ય સમસ્યાઓના કારણે ઉચ્ચ પદ પર બઢતી નકારી ન શકાય : HC

### હાઈકોર્ટે કેન્દ્ર સરકાર અને CRPF સત્તાવાળાઓનો જવાબ મંગાવ્યો

। અમદાવાદ ।

સીઆરપીએફમાં ઉચ્ચ પદ પરની બઢતીમાં જરૂરી લાયકાત અને તમામ માપદંડો પરિપૂર્ણ કરવા છતાં એચઆઈવી એઈડ્સના કારણે બઢતી આપવામાં અન્યાય થઈ રહ્યો હોવાનો આક્ષેપ કરતી એક મહિલા જવાને ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રિટ અરજી દાખલ કરી છે. જેની સુનાવણીમાં ચીફ જસ્ટિસની ખંડપીઠે કેન્દ્ર અને સીઆરપીએફ સત્તાવાળાઓનો જવાબ માંગ્યો છે.

અરજદાર મહિલા સીઆરપીએફ જવાન તરફથી કરાયેલી રિટ અરજીની સુનાવણી દરમ્યાન હાઈકોર્ટે મૌખિક ટકોર કરી હતી કે, સ્વાસ્થ્ય સમસ્યાઓના કારણે ઉચ્ચ પદ પર બઢતી નકારી શકાય નહી. જો કોઈ વ્યકિત નોકરી માટે યોગ્ય અને લાયકાત ધરાવતી હોય તો તેને બઢતી નકારી શકાય નહી.

અરજદાર મહિલા તરફથી દલીલ રજૂ કરાઈ હતી કે, તેણીને યોગ્યતાના તેમ જ અન્ય તમામ પાસાઓ પર પ્રમોશન માટે યોગ્ય અને લાયકાત ધરાવતી હોવાછતાં તેને સતત ઉચ્ચ પદ પર પ્રમોશન આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો. હાઈકોર્ટે કેન્દ્રના વકીલને વેધક સવાલ કર્યા હતા કે, અન્ય લોકો પણ હૃદયરોગ, ડાયાબિટીસ, ગંભીર ડાયાબિટીસ કે અન્ય રોગથી પીડાઈ શકે છે તો શું તેમને પણ તમે આ જ શ્રેણીમાં રાખશો...?? આવા ભેદભાવને કયાં તર્ક છે..?? કેન્દ્રના વકીલ તરફથી બચાવ કરાયો કે, ભૂતકાળમાં અરજદારને પ્રમોશન અપાયેલું જ છે એવું નથી કે તેની સાથે ભેદભાવ થઈ રહ્યો છે, તેથી હાઈકોર્ટે નારાજગી વ્યકત કરતાં જણાવ્યું કે, તો પછી હવે તમે કયા આધાર પર અરજદારને વધુ એક પ્રમોશનથી રોકી રહ્યા છો...??

---

## ગીર રક્ષિત વિસ્તારમાં મહત્ત્વપૂર્ણ ૨૧ લાયન કોરિડોર્સની સરકારે ઓળખ કરી

। અમદાવાદ ।

ગીર રક્ષિત વિસ્તાર માટેના મેનેજમેન્ટ પ્લાન અનુસાર સરકારે કુલ ૨૧ મહત્ત્વપૂર્ણ કોરિડોર્સની ઓળખ કરી છે. ગીરમાં લાયન કોરિડોર્સ સંબંધે રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા પ્રશ્નનો ઉત્તર આપતી વેળાએ વન, પર્યાવરણના રાજ્યકક્ષાના મંત્રી કીર્તિ વર્ધન સિંઘે રાજ્યસભામાં આજે માહિતી આપી હતી.તેમના નિવેદન અનુસાર, ગુજરાતમાં ગીર વિસ્તારમાં પ્રોજેક્ટ લાયનનો અમલ કરાઈ રહ્યો છે. આ પ્રોજેક્ટ હેઠળ સંવર્ધન અને ઈકો-ડેવલપમેન્ટને એકીકૃત કરીને ગુજરાતમાં એશિયાટિક સિંહોના લેન્ડસ્કેપ ઈકોલોજી-આધારિત સંવર્ધન પર ભાર મૂકાઈ રહ્યો છે. પ્રોજેક્ટ લાયન ડોક્યુમેન્ટ લાયન @ ૪૭: વિઝન ફોર અમૃતકાળ નીચેના ઉદ્દેશો સાથે તૈયાર કરાયુ છે. સિંહોની વધતી વસતિના વ્યવસ્થાપન માટે સિંહોની વસાહતોને પુન:સ્થાપિત કરવી અને તેને સુરક્ષિત કરવી; સ્થાનિક સમુદાયોની આજીવિકાનું ઉપાર્જન તેમજ સ્થાનિક સમુદાયોની સહભાગીતાને વધારવી; સિંહોમાં રોગોના નિદાન અને ઈલાજ માટે ગ્લોબલ હબ ઓફ નોલેજ બનવું; અને પ્રોજેક્ટ લાયન પહેલ દ્વારા સર્વસમાવેશી બાયોડાયવર્સિટી સંવર્ધન હાથ ધરાઈ રહ્યુ છે. મંત્રાલય પાસે ઉપલબ્ધ માહિતી અનુસાર, ગુજરાત સરકારે રેડિયો કોલરિંગ અને જીઆઈએસ મેપિંગ જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને લાયન કોરિડોર્સ અંગે સર્વગ્રાહી અભ્યાસો હાથ ધર્યા છે. આ પ્રક્રિયા દરમિયાન, સંલગ્ન સંસ્થાઓને પણ જોડી છે સિંહોના વસાહતોના સંકોચન તેમજ માનવ-વન્યજીવ ઘર્ષણને ટાળવા વિવિધ પહેલો હાથ ધરાઈ છે. આમાં વસાહતોના પ્રસ્થાપનના પ્રયાસો, સામુદાયિક સહભાગીપણાના કાર્યક્રમો તેમજ સંવર્ધનના લાંબાગાળાના પ્રયાસોને સુનિશ્ચિત કરવા વૈજ્ઞાનિક સંશોધનોનો સમાવેશ થાય છે.

## હેલ્થ અપડેટ

### ડાયાબિટીસના દર્દીઓએ ખાંડ ખાવી જોઈએ કે ગોળ?

ડાયાબિટીસમાં શુગર ક્રેવિંગ થતી હોય તો તેને શાંત કરવા માટે ખાંડ ખાવી કે પછી ગોળ ખાવો સારો ? આવો પ્રશ્ન તમને પણ થતો હોય તો આજે તેનો જવાબ તમને જણાવી દઈએ.ખાંડ અને ગોળ બંને શેરડીમાંથી બને છે પરંતુ ગોળ પ્રાકૃતિક રીતે બને છે. ખાંડની સરખામણીમાં ગોળ બનાવવામાં ઓછી પ્રોસેસ કરવામાં આવી હોય છે. તેથી એવું માનવામાં આવે છે કે ડાયાબિટીસમાં પણ ગોળ ખાઈ શકાય છે. ખાંડ અને ગોળના પોષક તત્વોમાં પણ જમીન આસમાનનો અંતર હોય છે. ખાંડ અને ગોળને બનાવવાની પદ્ધતિ અલગ અલગ હોય છે. ખાંડ બનાવવા માટે બ્લિચિંગ અને વિવિધ કેમિકલનો ઉપયોગ કરવામાં આવે છે. જ્યારે ગોળ સંપૂર્ણ રીતે પ્રાકૃતિક પદ્ધતિથી બને છે. જોકે માર્કેટમાં કેટલાક પ્રકારના ગોળ મળે છે જેમાં કેમિકલનો ઉપયોગ થયો હોય છે તેથી હંમેશા ગોળને ચકાસીને લેવો.

#### ખાંડ કરતાં ગોળ સારો શા માટે ?

ખાંડમાં જીઆઈ લેવલ હાઈ હોય છે. જેના કારણે હાઈ બ્લડ સુગર, સ્થૂળતા જેવી સમસ્યા થઈ શકે છે. જ્યારે ગોળમાં આયરન, પોટેશિયમ, મેગ્નેશિયમ, કેલ્શિયમ, ઝિંક અને સેલેનિયમ જેવા પોષક તત્વો હોય છે. ગોળ એનીમિયા માટે પણ ફાયદાકારક છે. શરીરમાં ગોળ ધીરે ધીરે પચે છે તેના કારણે બ્લડ શુગર લેવલ કંટ્રોલમાં રહે છે. જ્યારે ખાંડ જલ્દી અવશોષિત થઈ જાય છે અને બ્લડ સુગરનું લેવલ વધારી દે છે. જોકે તેનો મતલબ એવો પણ નથી કે ડાયાબિટીસના દર્દીઓ વધારે માત્રામાં ગોળ ખાઈ શકે છે. ડાયાબિટીસના દર્દીઓ માટે ખાંડ જેટલો જ હાનિકારક ગોળ પણ હોય છે. પરંતુ જો સુગર ક્રેવીંગ થતી હોય તો તેને શાંત કરવા માટે થોડો ગોળ ખાઈ શકાય છે.

## આજની જોક



ભિખારી: સાહેબ હું મારા પરિવારથી વિખૂટો પડી ગયો છું, તેમની પાસે જવા માટે મને ૧૫૦ રૂપિયા આપો
વ્યક્તિ: તારો પરિવાર ક્યા છે?
ભિખારી: સામે મલ્ટિપ્લેક્સમાં ફિલ્મ જોવા ગયો છે!

---

છોકરાવાળા: અમારા છોકરામાં એમ તો કોઇ ખામી નથી પરંતુ હસતી વખતે તેના દાંત ખરાબ દેખાય છે.
છોકરીવાળા: કોઇ વાત નહીં, લગ્ન પછી અમારી છોકરીએ એને હસવા જ નહીં દે!

---

ટિનિયો: તું સ્કૂલે કેમ નથી જતો?
મનિયો: અરે જઉં છું પણ તેઓ મને મારીને ભગાડી દે છે!
ટિનિયો: કેમ ભગાડી દે છે?
મનિયો: કહે છે, ભાગ અહીંથી ગર્લ્સ સ્કૂલમાં તારું શું કામ છે!

# પ્રયાગરાજમાં મહાકુંભનું રાત્રિના સમયનું મનોહર દૃશ્ય





# મહાકુંભથી કલ્પવાસીઓની વિદાય, પરત ફરવાનો વાયદો

## એક લાખ જેટલા કલ્પવાસીઓએ વિશિષ્ટ મહાકુંભને જોતા શૈયાદાન કર્યું



એક મહિનો સાથે રહેનારા કલ્પવાસીઓની વિદાયની વેળા સામે આવી ત્યારે તેઓ ભાવુક થઈ ગયા હતા. એક-બીજાને ગળે મળ્યા ત્યારે તેમની આંખોમાં અશ્રુ આવી ગયા હતા. એકબીજાના મોબાઇલ નંબરોનું આદાન-પ્રદાન કરીને સુખ-દુ:ખમાં સાથ નિભાવવા અને આવતા વર્ષે ફરીવાર મળવાનો વાયદો પણ કર્યો હતો.

| પ્રયાગરાજ |

મહાકુંભનું પાંચમું પ્રમુખ સ્નાન માઘ પૂર્ણિમા પર સમાપ્ત થયું હતું. આ પુણ્ય ઘડીએ જ પુરાતન પરંપરા અને જીવન મૂલ્ય સમાન કલ્પવાસનો પણ અંત આવ્યો હતો. એક મહિનાનો કલ્પવાસ પૂર્ણ કરીને કલ્પવાસીઓ હવે પોત-પોતાના ઘર તરફ રવાના થવા લાગ્યા છે.માઘ પૂર્ણિમાએ કલ્પવાસીઓએ બ્રહ્મમુહૂર્તમાં ડૂબકી લગાવ્યા બાદ પૂર્વજનોને નમન કર્યું હતું અને ક્ષૌર કર્મ સાથે તીર્થ પુરોહિતોના સાનિધ્યમાં હવન-પૂજન કરીને યથાશક્તિ દાન-પુણ્ય કર્યું હતું. જોકે,મેળા ક્ષેત્રમાં પરિવહનના સાધનો ઉપલબ્ધ નહીં હોવાને કારણે કેટલાક કલ્પવાસીઓ હજુ પણ એકાદ બે દિવસ શિબિરોમાં રોકાશે. આ વર્ષે મહાકુંભમાં અદ્ભુત યોગ હોવાને કારણે લગભગ એક લાખ કલ્પવાસીઓએ સંકલ્પ અવધિની વચ્ચે જ પોતાનું શૈયા દાન કર્યું હતું. આ વિશેષ દાનથી કલ્પવાસીઓના જીવનમાં પરિવર્તનની અનુભૂતિ અને મૃત્યુ ઉપરાંત એક સારા પારલૌકિક જીવનની કામના પણ તેમણે કરી હતી. કલ્પવાસીઓ પોતાની સાથે ભગવાન શાલિગ્રામ, આસન અને તુલસીનો છોડ ઈશ્વરના પ્રસાદ તરીકે લઈને ગયા છે. કલ્પવાસના પ્રારંભે તેમણે પોતાના કેમ્પની બહાર જે જવારા વાવ્યા હતા, તેના કેટલાક અંશને ગંગામાં સમર્પિત કરીને તેમણે ધન-ધાન્યમાં વૃદ્ધિની કામના કરી હતી.

# બે કરોડ શ્રદ્ધાળુઓ ૬૦૦ ટ્રક રાશન આરોગી ગયા!



**બનારસ** । મકરસંક્રાંતિ બાદથી મહાકુંભમાં સ્નાન કરીને દર્શનાર્થીઓ કાશી વિશ્વનાથના દર્શન કરવા માટે પણ ઊમટી રહ્યા છે. શહેરની હોટલો, રેસ્ટોરાં અને ઢાબાઓ સહિત હોમ સ્ટે ફૂલ છે. ઢાબાઓ પર આજ અને રાશનનો સ્ટોક જ સમાપ્ત થઈ ગયો છે. વિશ્વેશ્વરગંજના વેપારીઓના અનુસાર ૨૫ જાન્યુઆરીથી ૧૨ ફેબ્રુઆરી સુધીમાં બે કરોડ જેટલા શ્રદ્ધાળુઓ વચ્ચે ૬૦૦ ટ્રક રાશનનો વપરાશ થયો છે. સરેરાશ ૧૭૦થી ૧૮૦ ટ્રક માલ માર્કેટમાં ઉતરતો હતો પરંતુ મહાકુંભની શરૂઆત થઈ ત્યારથી રોજ ૨૦ ટ્રક માલ વધી ગયો છે. વેપારી મંડળના અનુસાર ખાંડ, લોટ, દાળ, ચોખા, તેલ, મેંદો, સોજી, મરી-મસાલા, ડ્રાયફ્રૂટ સહિત ૧૫૦ પ્રકારની ખાદ્ય સામગ્રીની માગ અને સપ્લાયમાં વધારો થયો છે. વિશ્વેશ્વરગંજ મંડીમાં પહેલા તેલના ૧૫ ટેન્કર આવતા હતા. ૧૦ દિવસ પહેલા સુધી ૨૦ ટેન્કર આવતા હતા. મેદાગિન સ્થિત એક હોટલમાં પહેલા ૩૦ દિવસનો માલ પહોંચતો હતો, તેટલો માલ હવે અઠવાડિયામાં જ વપરાઈ રહ્યો છે.

**મહાકુંભ :** ગિનિસ બુક રેકોર્ડ ટીમ પ્રયાગરાજ પહોંચી

# આજથી ચાર દિવસમાં ચાર વિશ્વ વિક્રમ સર્જાશે

## ૧૫ હજાર સફાઈ કર્મચારીઓ ૧૦ કિ.મી.માં સફાઈ કરશે, ૧૦ હજાર લોકોની હેન્ડ પ્રિન્ટ લેવાશે

પ્રયાગરાજ

મહાકુંભમાં માઘ પૂર્ણિમા સ્નાન સાથોસાથ હવે વિશ્વ રેકોર્ડ બનાવવાની તૈયારી શરૂ થઈ ચૂકી છે. ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ ટીમ પ્રયાગરાજ પહોંચી છે. મેળા વહીવટીતંત્ર પણ તેના માટે કમર કસીને તૈયાર છે. મેળા વહીવટી તંત્રે પહેલેથી નક્કી કર્યા મુજબ ચાર વિશ્વ રેકોર્ડ બનાવવાની યોજના પર કામ કરવાનું શરૂ કરી દીધું છે. પ્રથમ દિવસે ૧૪ ફેબ્રુઆરીએ સંગમ સ્થાને ૧૫ હજાર સફાઈ કર્મચારીઓ એક સાથે મળીને ગંગા તટે ૧૦ કિ.મી. વિસ્તારમાં સફાઈ કરશે. કુંભ-૨૦૧૯માં ૧૦ હજાર સફાઈ કર્મચારીએ એક સાથે ઝાડું લગાવીને વિક્રમ સ્થાપ્યો હતો. પોતાનો આ રેકોર્ડ તોડીને સફાઈકર્મી નવો રેકોર્ડ બનાવશે. તે પછીના દિવસે ૧૫ ફેબ્રુઆરીએ ૩૦૦ સફાઈ કર્યમારી નદીમાં ઉતરીને સફાઈ અભિયાનને વેગ આપશે. ૧૬ ફેબ્રુઆરીએ ત્રિવેણી માર્ગ પર ૧,૦૦૦ ઈ-રિક્ષા ચાલવાનો રેકોર્ડ પણ બનશે. અગાઉ પ્રયાગમાં ૨૦૧૯ના કુંભમાં ત્રણ રેકોર્ડ બન્યા છે. ત્રણેયને ગિનિસ બુક વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું હતું. તે સમયે ૫૦૦થી વધુ શટલ બસો દોડાવીને સૌથી મોટી પરિવહન વ્યવસ્થા સંચાલનનો રેકોર્ડ નોંધાવવામાં આવ્યો હતો. ૧૦ હજાર સફાઈકર્મીએ સફાઈ કરીને બીજો રેકોર્ડ બનાવ્યો હતો. ૭,૫૦૦ લોકોની હેન્ડ પ્રિન્ટ લઈને ત્રીજો વિક્રમ સ્થાપવામાં આવ્યો હતો.

## રશિયા યૂક્રેન યુદ્ધ રોકવા માટે ડોનાલ્ડ ટ્રમ્પ અને વ્લાદિમીર પુટિન સાઉદી અરેબિયામાં મુલાકાત કરવાના છે. બધું જ નક્કી થઈ ગયું છે!

# ટ્રમ્પ-પુટિન વચ્ચે યુદ્ધ રોકવા સિક્રેટ ડીલ થઈ ગઈ છે?

ત્રણ વર્ષથી ચાલતું રશિયા અને યૂક્રેનનું યુદ્ધ આખરે પૂરું થાય એવું લાગી રહ્યું છે. અમેરિકાના પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયાના પ્રેસિડેન્ટ વ્લાદીમિર પુટિને ફોન પર લાંબી વાત કરી અને સાથે મળીને રસ્તો કાઢવાનું નક્કી કર્યું. ટ્રમ્પ અને પુટિન સાઉદી અરેબિયામાં મળશે એવી વાતો બહાર આવી છે. બંને નેતાઓએ મુલાકાત માટે રશિયા કે અમેરિકા સિવાય કોઈ ત્રીજું જ સ્થળ પસંદ કરવું પડે એમ હતું. રશિયાના પ્રેસિડેન્ટ વ્લાદીમિર પુટિન સામે ઈન્ટરનેશનલ કોર્ટે એરેસ્ટ વોરંટ ઈશ્યૂ કરેલું છે. એના કારણે પુટિન અમેરિકા જઈ શકે એમ નથી. ડોનાલ્ડ ટ્રમ્પ રશિયા જાય તો તેમની ઈમેજને ધક્કો પહોંચે. એટલે જ સાઉદી અરેબિયા નક્કી કરાયું છે. ટ્રમ્પ અને પુટિનની મુલાકાત દરમિયાન સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન પણ હાજર રહે એવી શક્યતાઓ છે. અમેરિકા અને રશિયા વચ્ચે અનેક મુદ્દે સાઉદી અરેબિયાએ મધ્યસ્થી કરી છે. રશિયા અને અમેરિકા વચ્ચે કેદીઓની અદલાબદલી કરવામાં આવી હતી, તેમાં પણ સાઉદી અરેબિયાની ભૂમિકા મહત્ત્વની રહી હતી. ટ્રમ્પ સાઉદી અરેબિયાને ઈમ્પોર્ટન્સ આપીને તેને પણ નજીક રાખવા ઈચ્છે છે. એનું કારણ એ છે કે, ગાઝામાં કબજા માટે અમેરિકાને સાઉદી અરેબિયાના સહકારની આવશ્યકતા છે. ઈઝરાયેલ અને હમાસના યુદ્ધ તથા ગાઝા પર અમેરિકાના કબજાના કારણે આરબ વર્લ્ડ અમેરિકાથી નારાજ છે. મુસ્લિમ દેશો પર સાઉદી અરેબિયાનું સારું એવું પ્રભુત્વ છે. અમેરિકા સાઉદી અરેબિયાને એટલે જ આગળ ધરી રહ્યું છે.

> યૂક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીને એ વાતનો ડર છે કે, અમારી વાત સાંભળ્યા વગર જ ડોનાલ્ડ ટ્રમ્પ પુટિન સાથે સમજૂતી કરી લેશે. જો એવું થશે તો પણ ઝેલેન્સ્કી કંઈ કરી શકવાના નથી. એ ખેલ જોવા સિવાય કંઈ કરી શકે એમ જ નથી!

### ઝેલેન્સ્કીને સાઇડ લાઇન કરીને યુદ્ધના અંતનો નિર્ણય કરી લેવાશે?

સૌથી મોટો સવાલ એ છે કે, ટ્રમ્પ અને પુટિનની મુલાકાતમાં ઝેલેન્સ્કી હશે કે નહીં? ઝેલેન્સ્કીએ એવું કહ્યું છે કે, અમારી હાજરી હોવી જોઈએ. જોકે, ટ્રમ્પ ઝેલેન્સ્કી ઈચ્છે એવું નહીં પણ પોતે ધારે એવું જ કરવાના છે. ટ્રમ્પ અને પુટિન જે કરે એ ઝેલેન્સ્કીએ માનવું જ પડશે. આમ પણ તે કંઈ કરી શકે એમ નથી. યૂક્રેન અમેરિકાના જોરે જ કૂદી રહ્યું છે. રશિયા સામે લડવામાં ખભો યૂક્રેનનો છે, બંદૂક તો અમેરિકાની જ છે. ઝેલેન્સ્કી સામે સૌથી મોટો પડકાર યૂક્રેનને પાછું બેઠું કરવાનો છે. રશિયાના હુમલામાં યૂક્રેન ખેદાનમેદાન થઈ ગયું છે. યૂક્રેન પાછું હતું એવું થશે કે કેમ એ પણ મોટો સવાલ છે. અમેરિકાની મદદ વગર યૂક્રેન કંઈ કરી શકવાનું નથી એટલે ઝેલેન્સ્કી માટે ટ્રમ્પની વાત માનવા સિવાય કોઈ છૂટકો જ નથી!

### યુદ્ધ રોકવાની ડીલ આખરે કેવી હશે?

ટ્રમ્પ અને પુટિનની મુલાકાત વિશે એક વાત તો એવી પણ થાય છે કે, બંને



વચ્ચે સિક્રેટ ડીલ થઈ ગઈ છે. હવે માત્ર સહીસિક્કા જ બાકી છે. રશિયાએ યુદ્ધ છેડ્યું હતું તેનું સૌથી મોટું કારણ યૂક્રેનની નાટોમાં જોડાવવાની જીદ હતી. ડોનાલ્ડ ટ્રમ્પે કહી દીધું છે કે, યૂક્રેનને નાટોમાં સામેલ નહીં કરાય! અલબત્ત, વાત આટલાથી પૂરી નથી થઈ જતી. રશિયાએ યુદ્ધ છેડ્યું એ પછી અમેરિકાએ તેના પર આકરા પ્રતિબંધો લાદ્યા છે. અમેરિકા એ પ્રતિબંધો હટાવી દેશે? યૂક્રેનના અનેક વિસ્તારો પર રશિયાએ કબજો જમાવી રાખ્યો છે. રશિયા એ આસાનીથી છોડવાનું નથી. રશિયાને પોતાના કબજાના વિસ્તારો કાયમ માટે જોઈએ છે. યૂક્રેન આ મુદ્દે સંમત થઈ જશે? દુનિયાના કેટલાક નિષ્ણાતોનું માનવું એવું છે કે, ટ્રમ્પ અને પુટિન ભલે મળે, પણ સમજૂતી એટલી આસાન નહીં હોય.

**એક્સ્ટ્રા કોમેન્ટ**
**• કૃષ્ણકાંત ઉનડકટ**

રશિયા અને યૂક્રેન બંને યુદ્ધથી થાક્યા છે, બંનેને યુદ્ધ ખતમ કરવું છે, પણ ત્રણ વર્ષના યુદ્ધ દરમિયાન એટલા બધા પ્રશ્નો ઊભા થયા છે જેના જવાબો આસાનીથી મળે એમ નથી.

### યુદ્ધ લડીને રશિયા અને યૂક્રેને શું મેળવી લીધું?

યુદ્ધ વિશે પહેલેથી એવું કહેવાતું રહ્યું છે કે, યુદ્ધમાં એક પક્ષ જીતે છે અને એક પક્ષ હારે છે, પણ ખુવાર તો બંને થાય છે. હવેનાં યુદ્ધો તો એવાં છે કે, તેમાં ખરેખર કોણ હાર્યું અને કોણ જીત્યું એ નક્કી કરવું પણ મુશ્કેલ પડે છે. તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ રશિયાએ હુમલો કરીને યુદ્ધનો આરંભ કર્યો ત્યારે એવું મનાતું હતું કે, એક અઠવાડિયામાં તો રશિયા આખા યૂક્રેન પર કબજો કરી લેશે. જોકે, એવું થયું નહીં. યૂક્રેને જબરજસ્ત ટક્કર આપી અને રશિયાની સેનાએ પાછા ખસવું પડ્યું. યૂક્રેનના લોકો હથિયારો લઈને મેદાનમાં આવી ગયા હતા. પ્રારંભમાં તો વોલોદીમિર ઝેલેન્સ્કી વોર હીરો જાહેર થઈ ગયા હતા. કોમેડિયનમાંથી રાજકારણી બનેલા ઝેલેન્સ્કીએ નો ડાઉટ હિંમતભેર સામનો કર્યો છે, પણ અલ્ટિમેટલી મળી શું ગયું? રશિયા પાસે હથિયારો ખૂટી ગયાં છે. સૈનિકો નથી. નોર્થ કોરિયાના સૈનિકોથી રશિયા યુદ્ધ લડી રહ્યું છે. બંને પક્ષે લાખો લોકો માર્યા ગયા છે. યૂક્રેનના લાખો લોકો પડોશી દેશોમાં હિજરત કરી ગયા છે. એ લોકો પાછા ઘરે આવવાની રાહ જોઈને બેઠા છે.

રશિયા અને યૂક્રેન યુદ્ધને ઈતિહાસ કેવી રીતે યાદ રાખશે એની ખૂબ ચર્ચાઓ થઈ રહી છે. પુટિનની જીદે પતન નોતર્યું છે. ટ્રમ્પ જે નક્કી કરશે એ ઝેલેન્સ્કીએ નીચી મૂંડી કરીને માનવું પડશે. અમેરિકન લાલો પણ લાભ વગર લૂંટાવાનો નથી. ટ્રમ્પની નજર યૂક્રેનના પેટાળમાં રહેલી કીમતી ખનિજ પર છે. અમેરિકા યૂક્રેનને બેઠું કરવામાં મદદ કરશે તો પણ એની કિંમત વસૂલવાનું છે. રશિયા ચીન અને નોર્થ કોરિયાની નજીક છે. અમેરિકાના તમામ દુશ્મનો રશિયાની નજીક છે. રશિયાએ પણ દોસ્તો અને દુશ્મનો સાથે બેલેન્સ રાખવું પડશે. યુદ્ધ ખતમ કરવાનો યશ ભલે ડોનાલ્ડ ટ્રમ્પ ખાટી જવાના હોય, પણ અમેરિકાએ તેના મિત્ર દેશોને જવાબ આપવો પડશે. અમેરિકાના કહેવાથી સાથી દેશોએ પણ યૂક્રેનને તમામ પ્રકારની મદદ કરી છે. બાકી તો જે થાય તે પણ યુદ્ધ રોકાય એ સૌથી મહત્ત્વનું છે. જે થવાનું હતું એ થઈ ગયું. જે થયું એને કોઈ બદલી શકવાનું નથી. યુદ્ધના કારણે આખી દુનિયાએ નાનાં-મોટાં પરિણામો ભોગવ્યાં છે. દુનિયાને હવે શાંતિ જોઈએ છે. જોવાનું એ જ છે કે, શાંતિ ક્યા, કોના અને કેટલા ભોગે મળે છે!

krishnkant.unadkat@sandesh.com

### મોદી અને ટ્રમ્પની મુલાકાત પર આખી દુનિયાની નજર



જબરદસ્ત વૈશ્વિક ચડાવ ઉતાર વચ્ચે આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત યોજાઈ. બંને નેતાઓએ આ મુલાકાત વિશે પહેલેથી જ ખુશી જાહેર કરી હતી. મોદી અને ટ્રમ્પની મુલાકાત પર આખી દુનિયાની નજર હતી. ભારત અને અમેરિકાના સંબંધો સારા રહ્યા છે. થોડાક ઈશ્યૂઝ છે, જે બંને દેશ સાથે મળીને ઉકેલશે. ટ્રમ્પની પહેલી ટર્મ દરમિયાન અમેરિકા અને ભારત વધુ નજીક આવ્યા હતા. મોદી અને ટ્રમ્પે અમેરિકા અને ભારતમાં કાર્યક્રમોમાં સાથે હાજરી આપી હતી. આ વખતે પ્રેસિડેન્ટ બન્યા એ પછી ટ્રમ્પ ભલે જાતજાતની વાતો કરતા હોય, પણ તેમને ખબર છે કે ભારત વગર ચાલવાનું નથી. બંને દેશ સાથે મળીને જ કામ કરવાના છે. ટ્રમ્પની બીજી ટર્મની હજુ તો શરૂઆત છે. આગામી સમયમાં ભારત અને અમેરિકાના સંબંધો સહિત અનેક મામલે દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જવાનું છે.

## ન્યૂઝ બ્રીફ

### કોંગ્રેસ સાંસદ ગૌરવ ગોગોઈની પત્નીને ISI સાથે સંબંધ હોવાનો ભાજપનો આરોપ

**નવી દિલ્હી ।** ભાજપે કોંગ્રેસ સાંસદ ગૌરવ ગોગોઈની પત્ની પાકિસ્તાન અને તેની જાસૂસ સંસ્થા આઈએસઆઈ સાથે જોડાયેલી હોવાનો આરોપ મુક્યો છે. ભાજપના પ્રવક્તા ગૌરવ ભાટિયાએ જણાવ્યું હતું કે ગોગોઈની પત્ની એલિઝાબેથ કોલબર્ન આઈએસઆઈ સાથે સંબંધ ધરાવે છે. તેણી પાકિસ્તાનના યોજના આયોગના ભૂતપુર્વ સલાહકાર અલી તૌકિર શેખની સાથે કામ કરી રહી હતી. તેણી ઈસ્લામાબાદમાં ક્લાઈમેટ અને જ્ઞાન વિકાસ નેટવર્ક(CDKN)ની સાથે જોડાયેલી હતી. તેમણે ઉમેર્યું હતું કે આ એક ગંભીર મુદ્દો છે કે જે દેશની રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો પેદા કરે છે. તેથી અમે રાહુલ ગાંધી, મલ્લિકાર્જૂન ખડગેને પુછવા માંગીએ છીએ કે ગૌરવ ગોગોઈએ આગળ આવીને એલિઝાબેથના પાકિસ્તાન સાથેના સંબંધો પર સ્પષ્ટ વિવરણ આપવાની જરૂર છે.

### IBની ચેતવણી બાદ દલાઈ લામા, સંબિત પાત્રાને ઝેડ કેટેગરીની સુરક્ષા પ્રાપ્ત

**નવી દિલ્હી ।** બૌદ્ધ ધર્મગુરુ દલાઈ લામાને હવે ઝેડ કેટેગરીની સુરક્ષા મળશે. ગૃહ મંત્રાલયે ઇન્ટેલિજન્સ બ્યૂરો (આઈબી)ના રિપોર્ટ બાદ આ નિર્ણય કર્યો છે. લગભગ ૩૦ સીઆરપીએફ કમાન્ડોની એક ટીમ દલાઈ લામાને સુરક્ષા પ્રદાન કરશે. આ ઉપરાંત પુરીથી ચૂંટાયેલાં સાંસદ સંબિત પાત્રાને પણ મણિપુરમાં ઝેડ કેટેગરીની સુરક્ષા આપવામાં આવી છે. નોંધનીય છે કે પાત્રા મણિપુરમાં ભાજપના પ્રભારી છે. કેન્દ્રીય ગૃહમંત્રાલયે કેન્દ્રીય રિઝર્વ પોલીસ ફોર્સની વીઆઈપી સુરક્ષા શાખાને ૮૯ વર્ષના ધર્મગુરુ દલાઈ લામાની સુરક્ષાની જવાબદારી સંભાળવાનો નિર્દેશ આપ્યો છે. દલાઈ લામાને હવે દેશના તમામ હિસ્સામાં આ સુરક્ષા વ્યવસ્થા પૂરી પાડવામાં આવશે.

### અરુણાચલના તવાંગમાં ભારે હિમવર્ષા, બરફની ચાદર પથરાઈ




**તવાંગ ।** અરુણાચલ પ્રદેશના તવાંગમાં ગુરુવારે ભારે હિમવર્ષા થઈ હતી. શિયાળાની સીઝન હવે વિદાય લેવાની નજીક છે ત્યારે તવાંગમાં થયેલી હિમવર્ષાથી શહેર અને આસપાસના વિસ્તારોમાં બરફની ચાદર પથરાઈ હતી અને પારો ગગડ્યો હતો. તવાંગ ફરવા આવેલા પર્યટકોએ હિમવર્ષા અને બરફની ભરપૂર મજા માણી હતી.

### દિલ્હી એરપોર્ટ પર ૨૫ કરોડના કોકેન સાથે બે બ્રાઝિલિયન મહિલાની ધરપકડ

**નવી દિલ્હી ।** કસ્ટમ્સ ડિપાર્ટમેન્ટના અધિકારીઓએ દિલ્હીના ઇન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી અલગ અલગ ઘટનામાં ૨૫.૯૧ કરોડની કિંમતના કોકેનના જથ્થા સાથે બે બ્રાઝિલિયન મહિલાઓની ધરપકડ કરી હતી. આરોપી મહિલાઓ દક્ષિણ અમેરિકાથી યુરોપના માર્ગ પર ભારતમાં માદક પદાર્થ લઈ જવા સમયે શરીરના અંદરના ભાગમાં ૧.૭૨ કિલોગ્રામ કોકેન છુપાવીને જઈ રહી હતી. પ્રથમ ઘટનામાં સાઉ પાઉલોથી વાયા પેરિસ જઈ રહેલી મહિલા યાત્રીને દિલ્હી એરપોર્ટ પર રોકવામાં આવી હતી. અધિકારીઓને સ્કેનરમાં દેખાયું હતું કે આ મહિલાએ કોકેનથી ભરેલી ૯૩ કેપ્સ્યૂલ ગળી હતી. એરપોર્ટના ટોઈલેટમાં ૩૮ અને બાકીની ૫૫ કેપ્સ્યૂલ્સને હોસ્પિટલમાં બહાર કાઢવામાં આવી હતી.

### રેલવેએ ત્રણ મહિનામાં । પાણી વેચીને જ રૂ.૯૬.૩૫ કરોડની કમાણી કરી લીધી

**નવી દિલ્હી ।** ભારતીય રેલવે માટે ટિકિટ્સથી લઈને કેટરિંગ સુધીની તમામ સુવિધા ઉપલબ્ધ કરાવનારી કંપની આઈઆરસીટીસીએ નાણાકીય વર્ષ ૨૦૨૫ના ડિસેમ્બર ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. ડિસેમ્બર ક્વાર્ટર દરમિયાન કંપનીની આવકની વૃદ્ધિ મજબૂત રહી હતી અને નફામાં પણ સુધારો જોવા મળ્યો છે. પરિણામોના આંકડા અનુસાર આઈઆરસીટીસીએ ડિસેમ્બર ક્વાર્ટર દરમિયાન પોતાની નીર બ્રાન્ડની પાણીની બોટલ્સનું વેચાણ કરીને જ કરોડોની કમાણી કરી છે. આ ત્રણ મહિના દરમિયાન કંપનીને રેલ નીર મારફત ૯૬.૩૫ કરોડ રૂપિયાની કમાણી થઈ હતી. તેની સરખામણીએ પાછલા નાણાકીય વર્ષના સમાન ગાળા માટે કંપનીએ ૮૪.૭૬ કરોડ રૂપિયાની કમાણી કરી હતી.

વડાપ્રધાનને આવકારવા માટે વરસાદી વાતાવરણ વચ્ચે પણ ભારતીય સમુદાયના લોકો હાજર રહ્યા

# અમેરિકા પ્રવાસે PM મોદી : નવા ઈન્ટેલિજન્સ ડાઈરેક્ટર તુલસી ગેબાર્ડે સાથે મુલાકાત કરી

### વડાપ્રધાન મોદીએ અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર માઈકલ વાલ્ટ્ઝ સાથે મુલાકાત કરી હતી

। વોશિંગ્ટન ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે પોતાના બે દિવસના અમેરિકા પ્રવાસનો પ્રારંભ કર્યો હતો. તેઓ જોઈન્ટ એન્ડ્રૂઝ એર બેઝ પર ઉતર્યા હતા, વિષમ વાતાવરણ વચ્ચે ભારતીય સમુદાયના સભ્યોએ તેમનું ઉમળકાભેર સ્વાહત કર્યુ હતું. પીએમ મોદી સાથે વિદેશ પ્રધાન એસ.જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ પણ હાજર છે. અમેરિકાના નવા ઈન્ટેલિજન્સ ચીફ તુલસી ગેબાર્ડે વડાપ્રધાન મોદીનું સ્વાગત કર્યુ હતું. ઠંડાગાર પવનો અને વરસાદી ઝાપટા વચ્ચે પીએમ મોદીની એક ઝલક મેળવવા માટે લોકો એરબેઝ બહાર



હાજર રહ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વ્હાઈટ હાઉસ પાસે આવેલા બ્લેયર હાઉસમાં રોકાણ અપાયું છે. બ્લેયર હાઉસને તિરંગાથી સજાવાયું છે. બ્લેયર અમેરિકાના રાષ્ટ્રપતિનું સત્તાવાર ગેસ્ટહાઉસ છે. વડાપ્રધાને અમેરિકાના નવા ઈન્ટેલિજન્સ પ્રમુખ તુલસી ગેબાર્ડ સાથે મુલાકાત કરી હતી. બંને નેતાઓ વચ્ચે વિભિન્ન મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી.અમેરિકન સેનેટ દ્વારા ગેબાર્ડની નિમણૂકને મંજૂરી આપી દેવાઈ તે બાદ આ મુલાકાત થઈ હતી. પીએમ મોદીએ તુલસી ગેબાર્ડ સાથેની મુલાકાત બાદ એક્સ પર લખ્યુ હતું કે, યુએસએના નેશનલ ઈન્ટેલિજન્સ વિભાગના વડા તુલસી ગેબાર્ડ સાથે મુલાકાત કરી છે. તેમની નિમણૂકને મંજૂરી મળવા બદલ તેમને અભિનંદન આપ્યા હતા. અને ભારત અને અમેરિકા વચ્ચેની મિત્રતાના વિવિધ પાસાઓ પર ચર્ચા કરી હતી જેના તેઓ હંમેશાથી પ્રબળ સમર્થક રહ્યા છે.

#### એલન મસ્ક સાથે પણ મુલાકાત

વડાપ્રધાન મોદીએ અબજોપતિ બિઝનેસમેન એલન મસ્ક સાથે પણ મુલાકાત કરી હતી. અહેવાલો અનુસાર બેઠકમાં મસ્કની ઇન્ટરનેટ સેવા સ્ટારલિંકના ભારતીય બજારમાં પ્રવેશ મુદ્દે ચર્ચા થઇ હતી. અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પે ઘણા દેશો પર ટેરિફ લાદવાની ધમકી આપી છે, મસ્ક સાથેની બેઠકમાં આ મુદ્દો પણ ચર્ચાયો હતો.

# રશિયન પ્રેસિડેન્ટ પુતિન ૨૦૩૦ સુધીમાં મહાયુદ્ધ શરૂ કરવાના મૂડમાં

### યૂક્રેનનું ૨૦૧૪ની પહેલાની પોતાની સરહદો પર પરત જવાનું સપનું એક ભ્રામક લક્ષ્ય

। વોશિંગ્ટન ।

નિષ્ણાતોએ ચેતવણી ઉચ્ચારી છે કે યૂક્રેનને એકબાજુ કરવાનું ડોનાલ્ડ ટ્રમ્પનું વલણ વ્લાદિમીર પુતિનની ચાલનું પરિણામ છે અને આ સમયમાં અમેરિકન જાસૂસી તંત્રના વડાઓનું કહેવું છે કે મોસ્કો ૨૦૩૦ સુધીમાં યુરોપમાં એક મોટા યુદ્ધ માટે પોતાની સેનાને તૈયાર કરી રહ્યું છે. અમેરિકન ડિફેન્સ ચીફ પીટ હેગસેથે પોતાના યુરોપિયન સમકક્ષોને જણાવ્યું હતું કે યૂક્રેનનું ૨૦૧૪ની પહેલાની પોતાની સરહદો પર પરત જવાનું સપનું એક ભ્રામક લક્ષ્ય છે અને નાટોના સભ્યપદ માટેની કિવની ઈચ્છા વાસ્તવિક નથી. પીટના આ નિવેદનને વ્યાપક રૂપથી પુતિનના મોટા વિજય અને કિવ માટે એક નિવાશકારી આંચકાના રૂપમાં જોવામાં આવે છે. આ નિવેદનના પરિણામ સ્વરૂપે સુરક્ષાની ગેરંટીની સંભાવના વગર ક્ષેત્રના વિશાળ હિસ્સાને છોડવા માટે તેણે મજબૂર થવું પડે તેમ છે. ટ્રમ્પના ભૂતપૂર્વ રાષ્ટ્રીય સલાહકાર જોન વોલ્ટને જણાવ્યું હતું કે મોસ્કો માટે આ એક મહાન દિવસ હતો.

**તજજ્ઞો ટ્રમ્પના નિવેદનને ચેમ્બરલીન સાથે સરખાવી રહ્યા છે**

તજજ્ઞો ચેતવણી ઉચ્ચારી રહ્યા છે કે પુતિનને ખુશ કરવાનું પરિણામ ઇતિહાસનું પુનરાવર્તન કરવા બરાબર બની શકે છે. સ્વીડનના પૂર્વ પીએમએ તો ટ્રમ્પ પર યૂક્રેનને વેચી નાખવાનો આરોપ મૂક્યો છે. તેણે ઉમેર્યું હતું કે ૧૯૩૮માં ચેમ્બરલીન પણ આટલા નીચા ગયાં ન હતાં. આમ પણ મ્યૂનિકનો અંત બૂરો હતો. તેઓ અનેક તજજ્ઞોમાના એક હતાં જેમણે ટ્રમ્પ અને હિટલર સમયના બ્રિટિશ પીએમ ચેમ્બરલેનની શાંતિ માટેની જાહેરાતો વચ્ચે તુલના કરી છે. નોંધનીય છે કે ચેમ્બરલીન શાંતિની વાત કરતાં રહ્યા હતાં અને એડોલ્ફ હિટલરે પોલેન્ડ પર આક્રમણ કરીને કેટલાક ક્ષેત્રોનો વિલય પણ કરી દીધો હતો. અને તે પછી બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું હતું. નોંધનીય છે કે યૂક્રેનના ભાગ્ય પર ચર્ચા કરવા માટે હવે શુક્રવારે જર્મન શહેરમાં એક સુરક્ષા સમ્મેલન થવાનું છે.

### તેલંગાણામાં જ્ઞાતિ વસ્તીગણતરીમાં પછાત જાતિઓની વસ્તી ઘટી

। હૈદરાબાદ ।

તેલંગાણામાં તાજેતરમાં થયેલા જ્ઞાતિ સર્વેક્ષણમાં ગેરરીતિઓ મામલે ભાજપ અને ભારત રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ) સહિત વિપક્ષો દ્વારા ભારે ટીકા વચ્ચે રાજ્યની કોંગ્રેસ સરકારે ૧૬થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન ફરી જ્ઞાતિ સર્વેક્ષણ કરાવવાનો નિર્ણય લીધો છે. આ સરવે માત્ર એવા ૩.૧ ટકા પરિવારો માટે થશે કે જેઓ અગાઉ જ્ઞાતિ સર્વેક્ષણમાં જોડાઈ શક્યા નહોતા. રાજ્યમાં જ્ઞાતિ સર્વેક્ષણના જારી કરાયેલા આંકડાઓની ચોક્સાઈ અને વિશ્વસનીયતા મુદ્દે ડિબેટ છેડાઈ છે. સૌથી મોટી ચિંતા રાજ્યની પછાત જ્ઞાતિઓની વસ્તીમાં ઘટાડા મામલે ઊઠી હતી. નાયબ મુખ્યપ્રધાન મલ્લુ ભટ્ટી વિક્રમારકાએ બુધવારે પત્રકારો સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે માર્ચમાં વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન એક બિલ રજૂ કરાશે, જેમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ૪૨ ટકા અનામતની જોગવાઈ હશે.

૨૮મીએ EPFOના સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝની બેઠક

## EPFO પીએફ પરનો વ્યાજદર ૮.૨૫% યથાવત્ રાખે તેવી વકી

### ૨૦૨૪-૨૫માં રૂ. ૨.૦૫ લાખ કરોડના ક્લેમ સેટલ કર્યા

। નવી દિલ્હી ।

એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (EPFO) પ્રોવિડન્ટ ફંડ (પીએફ) થાપણો પરનો વ્યાજદર નાણાવર્ષ ૨૦૨૫-૨૬ માટે પણ ૮ ટકાથી ઉપર રાખે અને નાણાવર્ષ ૨૦૨૪-૨૫નો ૮.૨૫ ટકાનો વ્યાજદર જાળવી રાખે તેવી શક્યતા છે. ઈપીએફઓના સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝની ૨૮ ફેબ્રુઆરીએ બેઠક મળવાની છે, જેમાં નાણાવર્ષ ૨૦૨૫-૨૬ માટે પીએફ થાપણો પરનો વ્યાજદર નક્કી થશે.

માહિતગાર સૂત્રોના કહેવા પ્રમાણે ઈપીએફઓની રોકાણ અને એકાઉન્ટ્સ કમિટી ચાલુ નાણાકીય વર્ષ માટે આવક અને ખર્ચની સમીક્ષા કરશે અને એવો દર સૂચવશે કે જે પેન્શનરોને સ્પર્ધાત્મક વળતર આપવાની સાથોસાથ અણધારી આકસ્મિક પરિસ્થિતિઓ માટે ઈપીએફઓ પાસે વધારાનું ભંડોળ પણ જાળવી રાખે. ઈપીએફઓના એક અધિકારીના જણાવ્યા મુજબ ચાલુ નાણાવર્ષમાં ઈપીએફઓએ રોકાણો પર ઊંચું વળતર મેળવ્યું છે અને ખાતાધારકો પણ વધ્યા છે તો બીજી તરફ ક્લેમ સેટલમેન્ટમાં પણ તીવ્ર વૃદ્ધિ જોવા મળી છે.

૨૦૨૪-૨૫માં ઈપીએફઓએ કુલ રૂ. ૨.૦૫ લાખ કરોડના મૂલ્યના ૫.૦૮ કરોડ ક્લેમ સેટલ કર્યા જ્યારે ૨૦૨૩-૨૪માં કુલ રૂ. ૧.૮૨ લાખ કરોડના મૂલ્યના ૪.૪૫ કરોડ ક્લેમ સેટલ કરાયા હતા. સમિતિઓ આંકડાઓનું વિશ્લેષણ કરી રહી છે અને અગાઉના વર્ષો સાથે સુસંગત દર પ્રસ્તાવિત કરે તેવી અપેક્ષા છે.

## હિંસાની નાગચૂડમાં ફસાયેલા મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન

### ગત રવિવારે સીએમ પદેથી બીરેન સિંહે રાજીનામું ધર્યુ હતું

। નવી દિલ્હી ।

મણિપુરમાં મુખ્યપ્રધાન પદેથી સીએમ બીરેન સિંહના રાજીનામા બાદ હવે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરી દેવામાં આવ્યું છે. મણિપુરમાં મૈતેઈ અને કુકી સમુદાયો વચ્ચે ચાલી રહેલી હિંસા વચ્ચે કાયદો અને વ્યવસ્થાની ગંભીર સ્થિતિ સર્જાયેલી છે. ગત રવિવારે જ બીરેન સિંહે રાજ્યપાલ અજય કુમાર ભલ્લા સાથે મુલાકાત કરીને સીએમ પદેથી રાજીનામું ધરી દીધું હતું. ત્યારબાદ નવા સીએમના નામ પર મંજૂરીની મહોર માટે ભાજપના નેતાઓ વચ્ચે બેઠકોનો દોર શરુ થયો હતો. મણિપુરના પ્રભારી સંબિત પાત્રાએ ભાજપના દિગ્ગજ નેતાઓ સાથે બેઠકો શરુ કરી હતી. જોકે, હવે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદી દેવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે બંધારણની કલમ ૧૭૪(૧) અનુસાર રાજ્ય વિધાનસભાઓએ પોતાની અંતિમ બેઠકના છ મહિનાની અંદર જ નવું સત્ર બોલાવવું ફરજિયાત હોય છે. મણિપુરમાં છેલ્લે વિધાનસભાનું સત્ર ૧૨ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ બોલાવાયું હતું. પરંતુ બુધવારે વિધાનસભા સત્ર બોલાવવા માટેની સમય મર્યાદા સમાપ્ત થઈ ગઈ હતી.

જોકે, રાજ્યપાલ અભય ભલ્લાએ રવિવારે મુખ્યપ્રધાન એન. બીરેન સિંહના રાજીનામા બાદ સોમવારથી શરુ થનારા બજેટ સત્રને સસ્પેન્ડ કરી દીધુ છે. બીરેન સિંહે પોતાની સરકારના અવિશ્વાસ પ્રસ્તાવ અને મહત્ત્વપૂર્ણ ફ્લોર ટેસ્ટનો સામનો કરવાના ઠીક એક દિવસ પહેલા જ પોતાના હોદ્દા પરથી રાજીનામું ધરી દીધુ હતું, જેના કારણે રાજકીય ઘર્ષણની સંભાવના ટળી ગઈ હતી. મે, ૨૦૨૩માં મણિપુરમાં શરુ થયેલી હિંસા હજુ સુધી યથાવત રહી છે.

આ બિલનો હેતુ નવા આવકવેરાના કાયદાને વધારે સરળ બનાવવાનો અને જૂની જોગવાઈઓને રદ કરવાનો છે

## નવા ઈન્કમટેક્સ બિલમાં કયા મહત્ત્વના ફેરફાર કરાયા



**આ બિલ મંજૂર થશે તો તે ૧૯૬૧નાં જૂના આવકવેરા કાયદાનું સ્થાન લેશે અને ૧ એપ્રિલ ૨૦૨૬થી અમલમાં આવશે**

નવી દિલ્હી । કેન્દ્રનાં નાણાપ્રધાન નિર્મલા સીતારામન દ્વારા સંસદમાં ગુરુવારે નવું ઈન્કમટેક્સ બિલ ૨૦૨૫ રજૂ કરવામાં આવ્યું હતું. આ બિલનો હેતુ નવા આવકવેરાનાં કાયદાને વધારે સરળ બનાવવાનો અને જૂની જોગવાઈઓને રદ કરવાનો તેમજ કાયદાનું પાલન વધુમાં વધુ સરળ બનાવવાનો છે. જો આ બિલ મંજૂર થશે તો તે ૧૯૬૧નાં જૂના આવકવેરા કાયદાનું સ્થાન લેશે અને ૧ એપ્રિલ ૨૦૨૬થી અમલમાં આવશે. આ બિલને વધુ અભ્યાસ અને અભિપ્રાયો મેળવવા માટે સંસદની નાણાં અંગેની સ્ટેન્ડિંગ કમિટીને મોકલવામાં આવશે. જ્યાં તેની ચર્ચા કરાશે અને જરૂરી સુધારા વધારા સૂચવાશે.

#### નવા કાયદામાં શું બદલાયું?

○ સમજવામાં સરળ ભાષા અને ટૂંકામાં ટૂંકો કાયદો : નવું બિલ જૂના કાયદા કરતા ૨૦૧ પાના ઓછા ધરાવે છે જેમાં ઓછી જોગવાઈઓ કરવામાં આવી છે અને વધુ સ્પષ્ટતાઓ કરાઈ છે. જેથી કાયદો લોકોને સમજવામાં સરળ બને. ૧૯૬૧નો સુધારેલો ઇન્કમટેક્સ કાયદો ૨૦૨૪માં ૮૨૩ પાના ધરાવતો હતો જ્યારે નવા ઇન્કમટેક્સ બિલમાં ૬૨૨ પાના છે.

○ ટેક્સ યરનો નવો અભિગમ : ગૂંચવાડો દૂર કરવા માટે આકારણી વર્ષને હવે ટેક્સ યર તરીકે ઓળખવામાં આવશે. નવા વેપાર ધંધામાં ટેક્સ યર જે તે સંસ્થા કે વેપાર શરૂ થયાની તારીખથી ગણાશે.

○ ટેક્સેશન ચેરિટી : નવા બિલમાં પ્રોફેશનલ્સ માટે કાયદાની કલમ ૪૪AD, ૪૪AE, તેમજ ૪૪ADAની ચિંતાઓને દૂર કરવામાં આવી છે લાંબી ચર્ચા પછી આ સમસ્યા દૂર કરાઈ છે. જેમાં નફાની ગણતરી માટે નવી સિસ્ટમ અને ખુલાસા કરાયા છે. અને ખરેખર જે કમાણી કરાઈ હોય કે આવક મેળવવામાં આવી હોય તેને દાવો કરવામાં આવેલો નફો ગણવામાં આવેલ છે.

#### નવા બિલમાં મહત્ત્વના ટેક્સેશન સુધારા

જેમાં ટેક્સના હેડમાં કોઈ ફેરફાર કરાયો નથી. તેની પાંચ કેટેગરીને યથાવત્ જાળવવામાં આવી છે. જેમાં પગાર કે વેતન, હાઉસ પ્રોપર્ટી, બિઝનેસ કે પ્રોફેશન, કેપિટલ ગેઈન્સ અને અન્ય સોર્સનો સમાવેશ થાય છે.

○ **પગારદાર વ્યક્તિઓ માટે ડિડક્શન્સ** : સ્ટાન્ડર્ડ ડિડક્શન : રૂ. ૫૦,૦૦૦ કે પગારની રકમ એ બંનેમાંથી જે ઓછું હોય તેને ધ્યાનમાં લેવાશે.

○ એમ્પ્લોયમેન્ટ ટેક્સ અને ગ્રેજ્યુઈટી જે ગ્રેજ્યુઈટી કાયદો ૧૯૭૨ મુજબ સંપૂર્ણપણે કપાતને પાત્ર.

○ **અન્ય ગ્રેજ્યુઈટી ડિડક્શન્સ**: જેની મર્યાદા રૂ. ૭૫,૦૦૦ નક્કી કરાઈ છે.

○ **પેન્શન અને વળતર** : સરકારી, ડિફેન્સ અને સિવિલ સર્વિસિસ પેન્શન : સંપૂર્ણ કપાતને પાત્ર છટણી અને સ્વૈચ્છિક નિવૃત્તિ લાભ જેમાં કપાતની મર્યાદા અનુક્રમે રૂ. ૫૦,૦૦૦ અને રૂ. ૫,૦૦,૦૦૦ સુધી.

#### અન્ય મહત્ત્વના ફેરફાર

○ **બિઝનેસની મહત્તમ મર્યાદા** : પ્રિઝમ્પટિવ ટેક્સ સ્કીમનાં વિકલ્પના સંદર્ભમાં ટર્ન ઓવરની મર્યાદા કલમ ૪૪ AD હેઠળ રૂ. ૨ કરોડથી વધારીને રૂ. ૩ કરોડ કરાઈ છે. વ્યવસાયીઓ માટે મહત્તમ મર્યાદા જેમણે કલમ ૪૪ DA હેઠળ વિકલ્પ સ્વીકાર્યો છે તેમના માટે રૂ. ૫૦ લાખથી વધારીને રૂ. ૭૫ લાખ કરાઈ છે.

○ વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સ (VDA) વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સ કે જેમાંમ ક્રિપ્ટોકરન્સી પણ સામેલ છે તેને હવે એસેટ્સ અન્ડર ધ ટેક્સ રિજિમ તરીકે વર્ગીકૃત કરાઈ છે. તેની પર જ્વેલરી અને શેર્સ તેમજ અન્ય પ્રોપર્ટીની જેમ ટેક્સ લેવામાં આવશે.

○ **ટેક્સ ઓડિટ** : ટેક્સ ઓડિટ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા જ કરવામાં આવશે.કંપની સેક્રેટરી અને કોસ્ટ એકાઉન્ટન્ટને ટેક્સ ઓડિટના દાયરામાં સમાવાયા નથી.

○ **LTCG અને STCG**: લોંગ ટર્મ કેપિટલ ગેઈન્સ (LTCG) અને શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન્સ (STCG) ટેક્સનાં નિયમો મોટાભાગે યથાવત્ રાખવામાં આવ્યા છે. તેમાં કોઈ મોટા ફેરફાર કરાયા નથી. બજેટમાં જે સુધારા કરાયા છે તે લાગુ પડશે.

#### નવા બિલમાં શું યથાવત્ રાખવામાં આવ્યું

નવા બિલમાં ITR ફાઇલિંગની છેલ્લી તારીખ યથાવત્ રાખવામાં આવી છે. જૂની ટેક્સ રિજિમને ચાલુ રાખવામાં આવી છે જ્યારે નવી ટેક્સ રિજિમ બાય ડિફોલ્ટ અમલમાં રહેશે. જૂની રિજિમનો વિકલ્પ સ્વીકારી શકાશે. બિલમાં તમામ મુદ્દા વધુ સ્પષ્ટ કરાયા છે જેથી તેનો અમલ સરળ બને અને કાનૂની વિવાદો નિવારી શકાય. ટેક્સની વહીવટી બાબતો આધુનિક કરાઈ છે.

ટેલીકોમ કંપનીઓ માટે TRAIના નવા નિયમ

## અનિચ્છનીય કોલના નિયમોનો ભંગ કરવા પર રૂ. ૧૦ લાખ સુધીનો દંડ

### પહેલી વાર બે લાખ, બીજી વાર પાંચ લાખ, પછીના દરેક નિયમભંગ માટે ૧૦ લાખ દંડ

। નવી દિલ્હી ।

ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI)એ અનિચ્છનીય કોલ/મેસેજ બાબતે ટેલીકોમ કંપનીઓ માટે નવા નિયમો જારી કર્યા છે, જે અંતર્ગત અનિચ્છનીય કોલ્સનો સાચો આંકડો ન જણાવવા બદલ કંપનીઓને બે લાખ રૂપિયાથી લઈને ૧૦ લાખ રૂપિયા સુધીનો દંડ થશે. વારંવાર નિયમોનું ઉલ્લંઘન કરનારી કંપનીઓને દંડ ફટકારાશે. ટ્રાઈએ તમામ ટેલીકોમ ઓપરેટર્સને સરેરાશ વધુ કોલ કરવા, કોલના ઓછા ટાઈમ અને ઈનકમિંગ-આઉટગોઈંગ કોલના રેશિયો જેવા માપદંડોના આધારે કોલ અને SMSની પેટર્નનું વિશ્લેષણ કરવા આદેશ કર્યો છે. તેનાથી રિયલ ટાઈમમાં સ્પામરની ઓળખ કરવામાં મદદ મળી શકે છે. ટ્રાઈને એવી ફરિયાદો મળી રહી હતી કે ટેલીકોમ કંપનીઓ અનિચ્છનીય કોલ/મેસેજ બાબતે સરકારને સાચી માહિતી નથી આપી રહી. તેના પગલે સરકાર તરફથી આ કાર્યવાહી કરાઈ છે. સરકાર બોગસ કોલ/મેસેજ બાબતે કડક વલણ દાખવી રહી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયથી માંડીને ટેલીકોમ વિભાગ આ મામલે સતત એક્શન મોડમાં છે.

**નવા નિયમ ૬૦ દિવસમાં સમગ્ર દેશમાં લાગુ થશે**

ટ્રાઇના નવા નિયમો ૩૦થી ૬૦ દિવસમાં લાગુ કરી દેવાશે. આ નિયમો બે તબક્કામાં લાગુ થશે. માર્ચ મહિનાના અંત સુધીમાં દેશભરમાં ટ્રાઇના નવા નિયમો લાગુ કરી દેવાશે. આ નિયમોથી બોગસ કોલ/મેસેજ આવવા પર બ્રેક લાગી શકે છે. TRAIએ કસ્ટમર્સને અનિચ્છનીય કોલ અને સ્પામર વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવાની વધુ સત્તા આપી છે. નવા નિયમો લાગુ થયા બાદ કસ્ટમર્સને અનિચ્છનીય કોલ/મેસેજ અંગે રિપોર્ટ કરવા ૭ દિવસ મળશે. હાલ ત્રણ દિવસની લિમિટ છે. યુઝર્સ ૧૪૦ અને ૧૬૦ જેવા પ્રીફિક્સવાળા નંબર પરથી આવતા કોલ્સ બાબતે ફરિયાદ કરી શકે છે. ફરિયાદ કરવા માટે Do Not Disturb લિસ્ટમાં રજિસ્ટ્રેશન જરૂરી રહેશે નહીં.

## મણિપુરમાં CRPF જવાને બે સાથીઓની હત્યા કરી પોતાની જાતને ગોળી મારી, આઠ ઘવાયા

### ગુરુવારે રાત્રે અચાનક જ આરોપી જવાને પોતાની સર્વિસ રાઈફલમાંથી આડેધડ ફાયરિંગ શરૂ કર્યુ હતું

। ઇમ્ફાલ ।

મણિપુરના ઈમ્ફાલમાં CRPFના એક જવાને પોતાના બે સાથીઓની હત્યા કરીને પોતાની જાતને ગોળી મારી લીધી હતી. આ સનસનાટીપૂર્ણ ઘટના સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના એક કેમ્પમાં ગુરુવારે રાત્રે સર્જાઈ હતી. અહેવાલો અનુસાર એક જવાને આડેધડ ગોળીબારો કરીને પહેલા પોતાના બે સાથીઓની હત્યા કરી દીધી હતી અને ત્યારબાદ તેણે પોતાની જાતને પણ ગોળી મારી લીધી હતી. આ ઘટનામાં આઠ અન્ય જવાનો ઈજાગ્રસ્ત થયા હતા. સૂત્રોના અનુસાર આ ઘટના ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લાના લામ્ફેલમાં આવેલા CRPF કેમ્પમાં રાત્રે લગભગ ૮.૨૦ વાગ્યાના સુમારે સર્જાઈ હતી.

આરોપી જવાન સંજય કુમાર CRPFની ૧૨૦મી બટાલિયનમાં હવલદારના હોદ્દા પર સેવા આપતો. તેણે પોતાની સર્વિસ રાઈફલમાંથી અચાનક જ ફાયરિંગ શરુ કરી દીધુ હતું. તેણે પહેલા એક કોન્સ્ટેબલ અને ત્યારબાદ એક સબ-ઈન્સ્પેક્ટરને નિશાન બનાવ્યા હતા, જેમાં બંનેના ઘટનાસ્થળે જ મોત થયા હતા. ત્યારબાદ આરોપીએ પોતાની જાતને ગોળી મારી લીધી હતી. આ ભીષણ હુમલામાં આઠ અન્ય જવાનો ઘવાયા છે. તમામ ઈજાગ્રસ્તોને તાકીદે ઈમ્ફાલ સ્થિત રિજનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેડિકલ સાઈન્સિસમાં દાખલ કરાવાયા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. હજુ સુધી ફાયરિંગ પાછળના વાસ્તવિક કારણોની જાણકારી પ્રાપ્ત થઈ શકી નથી.

### ચેન્નઈનું કપાલેશ્વર મંદિર વાર્ષિક ઉત્સવ પર રોશનીથી ઝળહળ્યું



તમિલનાડુના પાટનગર ચેન્નઇમાં આવેલા સુપ્રસિદ્ધ કપાલેશ્વર મંદિરને વાર્ષિક ફ્લોટ ઉત્સવ નિમિત્તે રંગબેરંગી રોશનીથી સજાવવામાં આવ્યું છે. આ ઉત્સવ દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ કપાલેશ્વર મહાદેવના દર્શન કરીને ધન્યતા અનુભવે છે.

વલસાડમાં બિલ્ડરો, આર્કિટેક્ટ્સ, વકીલો અને દલાલોને ત્યાં આઈટીના દરોડા

# વલસાડ જિલ્લાના ઈતિહાસમાં ITની સૌથી મોટી રેડ : મોડી રાત સુધી સર્ચ

**કાર્યવાહી** અનેક બિલ્ડરોના ફોન સ્વિચ ઓફ : કાર્યવાહી ચાલુ હોવાથી આઇ.ટી. અધિકારીઓએ વિગત આપવાની ના પાડી

। વલસાડ-વાપી ।

ઈન્કમટેક્ષ વિભાગની સુરતની ૧૬ જેટલી ટીમોએ આજે વહેલી સવારે વલસાડના નામી બિલ્ડર તેમજ તેમની સાથે સંકળાયેલા અન્ય બિલ્ડરો, આર્કિટેક્ટ અને એડવોકેટ ઉપરાંત જમીન દલાલોને ત્યાં મોટાપાયે દરોડા પાડ્યા હતા. જેના કારણે સમગ્ર જિલ્લામાં સનસનાટી મચી ગઈ હતી. આઈ.ટી.ની રેડની કાર્યવાહી મોડી રાત્રી સુધી ચાલુ હોવાથી અધિકારીઓએ કોઇ માહિતી આપી નહતી.

આવકવેરા વિભાગના વડા આઈ પી મીણાની આગેવાનીમાં સુરત ઈન્કમટેક્ષ વિભાગની ૧૬ જેટલી ટીમો તેમજ વલસાડ અને વાપી ઈન્કમટેક્ષ વિભાગની ટીમોએ સાથે મળીને ગુરુવારે સવારે ૬ વાગ્યે વલસાડના અનેક નામી બિલ્ડરો, આર્કિટેક્ટો, એડવોકેટ, જમીન દલાલો, ક્વોરીના સંચાલક વગેરેને ત્યાં એકાએક ધસી જઈ રેડ પાડી હોવાના સમાચાર સોશિયલ મીડિયામાં વહેતા થતાં જ સમગ્ર જિલ્લામાં ચકચાર મચી ગઈ હતી. મોડી રાત્રી સુધી રેઈડની કામગીરી ચાલુ હોવાથી આઈ.ટી. અધિકારીઓએ કંઈપણ બોલવાની ના પાડી દીધી હતી. પરંતુ શહેરમાં ચાલી રહેલી ચર્ચા મુજબ આઈ.ટી.ના અધિકારીઓની ટીમ દ્વારા વલસાડના પરમ બિલ્ડર્સના માલિક દિપેશભાઈ ગજરા (ભાનુશાલી), તેમના ભાઈ હિતેશભાઈ ભાનુશાલી, તેમની સાથે સંકળાયેલા આર્કિટેક્ટોમાં રાજેશ ભરૂચા, વાપીના મનીષ શાહ, ખ્યાતનામ એડવોકેટ વિપુલભાઈ કાપડીયા ઉપરાંત બિલ્ડરો બિપીનભાઈ પટેલ, રાકેશભાઈ જૈન વગેરેને ત્યાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યુ હોવાનું જાણવા મળે છે. આઈ.ટી.ના સૂત્રના જણાવ્યાનુસાર સર્ચની કામગીરી પૂર્ણ થયેથી કેટલું કાળું નાણું જાહેર થયું છે તેની વિગતો આપી શકાશે. ઉલ્લેખનીય છે કે, પરમ બિલ્ડર્સના માલિક દિપેશભાઈ ગજરાએ હજી થોડા સમય પહેલા જ મીડિયાના વ્યવસાયમાં ઝંપલાવ્યુ છે. તેમણે ટીવી-૧૩ નામની ચેનલ ખરીદી લીધી છે. સૂત્રના જણાવ્યાનુસાર, હાલના સમયમાં સંબંધિત બિલ્ડર, વેપારી કે ઉદ્યોગપતિ સહિતના લોકો સામે કાળું નાણું છુપાવ્યાના પુરતા અને સચોટ પુરાવાઓ હોય તો જ આઈ.ટી.ની રેઈડની મંજુરી ઉચ્ચ કચેરી તરફથી આપવામાં આવે છે. ત્યારે વલસાડના નામી બિલ્ડરને ત્યાં આટલા મોટાપાયે થયેલ રેઈડ જો પુરાવાઓને આધારે પાડવામાં આવી છે તો અંદરના કોઈક માણસે આઈ.ટી. વિભાગને સચોટ માહિતી પુરાવા સહિત આપી હોવાની ચર્ચા શહેરમાં ઉઠી રહી છે.






## કાર્પેટ એરિયાને બદલે સુપર બિલ્ડઅપ મુજબ પૈસા વસૂલી બ્લેકની કમાણી

અત્રે ઉલ્લેખનીય છે કે વાપીની આસપાસમાં પણ અનેક બિલ્ડરો દ્વારા મોટા મોટા પ્રોજેક્ટસ અને ઇન્ડસ્ટ્રીયલ પાર્કની કામગીરી શરૂ કરવામાં આવી છે. વાપીના કેટલાક બિલ્ડરો ફ્લેટ ખરીદી કરનાર પાસેથી કાર્પેટ એરિયા મુજબ પૈસા વસૂલવાને બદલે સુપર બિલ્ડઅપ મુજબ પૈસા વસૂલ કરી રહ્યા છે. દસ્તાવેજ ઓછા પૈસાનો બનાવીને બાકીના નાણાં ઉપરથી બ્લેકમાં વસુલ કરી રહ્યા હોવાનું ચર્ચા છે

## વાપીમાં જાણીતા આર્કિટેક્ટ મનીષ શાહને ત્યાં પણ આઈટીની રેડ

ગુરુવારે વલસાડના નામી બિલ્ડરો વકીલ, આર્કિટેક્ટ અને દલાલને ત્યાં સર્ચ આપેરેશન હાથ ધરવામાં આ બિલ્ડરો સાથે સંકળાયેલા કેટલાક બિલ્ડરો પણ ફોન સ્વીચઓફ કરીને ભૂગર્ભમાં ઉતરી ગયા છે. વાપીમાં પણ એક જાણીતા આર્કિટેક્ટ મનીષ શાહની વાપી સેવન જ્વેલર્સમાં આવેલી શિલ્પમ એન્જિનિયર્સ એન્ડ ડિઝાઇનર્સ નામની ઓફિસમાં પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. વલસાડ જિલ્લામાં અત્યાર સુધીમાં ઇન્કમટેક્ષ વિભાગની આ સૌથી મોટી કાર્યવાહી હોવાનું જાણવા મળી રહ્યું છે.


"ચક્ષુદાતા"

દુઃખદ અવસાન

દિલગીરી સહ જણાવવાનું કે
મારા ધર્મપત્નિ/માતૃશ્રી
**ગીતાબેન નાનુભાઈ પટેલનું**
તા. ૧૨.૦૨.૨૦૨૫ને બુધવારના
રોજ દેવલોક પામ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને
ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના.



**સ્વ. ગીતાબેન નાનુભાઈ પટેલ**
સ્વ.તા. ૧૨-૦૨-૨૦૨૫
બુધવાર

:: શોકસભા ::
તા. ૧૬.૦૨.૨૦૨૫ને રવિવારે
સવારે ૯.૩૦ કલાકે રાખેલ છે.
તા.ક. : લૌકિક રિવાજ સદંતર બંધ છે.

લિ.
નાનુભાઈ કરસનભાઈ પટેલ
નિરવભાઈ નાનુભાઈ પટેલ — અંકિતા નિરવભાઈ પટેલ
વિરલભાઈ નાનુભાઈ પટેલ — ઉર્વિશા વિરલભાઈ પટેલ
હેયાન — કિઆના
નિવાસસ્થાન : મુ.પો. જાત ભરથાણા, તા. કામરેજ, જી. સુરત.



**સ્વ. જેલીબેન જેરામભાઈ આહીર**
સ્વ.તા. ૧૨-૦૨-૨૦૨૫

દુઃખદ અવસાન બેસણું

દિલગીરી સહ જણાવવાનું કે મારા ધર્મપત્ની
જેલીબેન જેરામભાઈ આહીર નું
તા.૧૨-૨-૨૦૨૫ ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.
પ્રભુ એમના આત્માને ચિર શાંતિ અર્પે એવી પ્રાર્થના.
:: સદગતનું બેસણું ::
તા.૧૪-૨-૨૦૨૫ ને શુક્રવારે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.
(તા.ક. લૌકિક રિવાજ સદંતર બંધ રાખેલ છે.)
પુષ્પપાણી : તા.૨૪-૨-૨૦૨૫ ને સવારે ૧૦:૩૦ કલાકે રાખેલ છે.

◆ લિ. ◆
જેરામભાઈ સોમાભાઈ આહિર (પતિ)
પરેશભાઈ જેરામભાઈ આહિર (પુત્ર)-નીતાબેન પરેશભાઈ આહિર (પુત્રવધુ)
વિજયભાઈ જેરામભાઈ આહિર (પુત્ર)-મેઘનાબેન વિજયભાઈ આહિર (પુત્રવધુ)
રીયા, પ્રીત, રીયાન, સીયાન
નિવાસ સ્થાનઃ મુ.પો. ઓણચી (મોલધરા), આહિરવાસ, તા.જી. નવસારી.



**સ્વ. અમૃતભાઈ કોટાભાઈ ચૌધરી**
સ્વ.તા. ૦૫-૦૨-૨૦૨૫

અવસાન

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી
**અમૃતભાઈ કોટાભાઈ ચૌધરી**નું દુ:ખદ અવસાન
તા. ૦૫-૦૨-૨૦૨૫નાં રોજ થયેલ છે.
પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના.

◆ લિ. ◆
ગં.સ્વ. ચંપાબેન અમૃતભાઈ ચૌધરી
અનુપસિંહ એ. ચૌધરી - સંગીતાબેન એ. ચૌધરી
સરોજબેન બી. પટેલ (પુત્રી)
બિપીનભાઈ ટી. પટેલ
નિવાસસ્થાન : પરિમલ ફળિયુ, કાકડવા,
તા. ડોલવણ, જિ. તાપી


## દિલથી જીવતા રહીશું એકબીજાના સાથમાં તું મારી યાદમાં, હું તારા ધબકારામાં

આજે વેલેન્ટાઈન ડે



# આજે પ્રેમનું પર્વ : ઈઝહાર-ઈકરાર સાથે પ્રિય પાત્રને ભેટસોગાદ આપવા થનગનાટ

### અવનવા ગિફ્ટનો ટ્રેન્ડ, હોટલ-રેસ્ટોરાંમાં કેન્ડલ લાઈટ ડીનરની બોલબાલા

। સુરત ।

પ્રેમ એટલે પ્રેમ એટલે પ્રેમ. અઢી અક્ષરના આ શબ્દનો હૈયે હરખ રાખી શુક્રવારે વિશ્વભરમાં વેલેન્ટાઈન દિવસની ઉજવણી થશે. પ્રેમનું પર્વ હોય પશ્ચિમી સંસ્કૃતિના પ્રભાવ હેઠળ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં પણ ઉજવણીનો ઉમળકો, ઉન્માદ જોવા મળશે. યુવાહૈયાઓમાં પર્વની ઉજવણીને લઈને હરખની હેલી જોવા મળી રહી છે. દરમિયાન પ્રેમપત્રોથી માંડી ઈલેક્ટ્રિક ગેઝેટ ભેટમાં આપવા સહિતનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. બીજી બાજુ વેલેન્ટાઈન ડે નિમિત્તે ગારમેન્ટ્સ, જ્વેલરી સહિતના વિવિધ ક્ષેત્રમાં ડિસ્કાઉન્ટની ભરમાર રાખવામાં આવી હોય તેનો પણ ભરપૂર લાભ લેવાશે. આ સિવાય હોટલ અને રેસ્ટોરાંમાં પણ કેન્ડલ લાઈટ ડીનરની બોલબાલા જોવા મળશે. શુક્રવારે વેલેન્ટાઈન ડે નિમિત્તે પ્રિય પાત્ર, જીવનસાથી સમક્ષ પ્રેમનો એકરાર કરીને સેલિબ્રેશન કરવાનું આગોતરું આયોજન કરી દેવાયું છે. ટેડીબેર, ડાયરી, પર્ફ્યુમ, વોચ, ફોટફ્રેમ જેવી ગિફ્ટ આપવામાં આવશે. ફ્લાવર બુકેમાં ૫૦ રૂપિયાથી માંડીને મોંઘાદાટ બુકે આપવામાં આવશે. બીજી બાજુ હોટલ, રેસ્ટોરાંમાં વેલેન્ટાઈન ડે નિમિત્તે સ્ટેશિયલ લંચ, ડીનર, કેન્ડલલાઈટ ડીનર, મ્યુઝિક સાથે ડીનર સહિતના આયોજનો કરવામાં આવ્યા છે. યુવાનોમાં લાલ ટી-શર્ટ, ચોકલેટ્સ રોઝનો કોડ આપી પ્રેમનો પ્રસ્તાવ મૂકવાનો ટ્રેન્ડ પણ જોવા મળી રહ્યો છે. એવામાં વેલેન્ટાઈનને અવનવી ગિફ્ટ આપીને દિવસને યાદગાર બનાવવાનો પણ પ્રયાસ કરાશે. તેમાં સામાન્યપણે ૧૦ રૂપિયાના પ્રેમ પત્રોથી શરૂ કરીને વેલેન્ટાઈન બેન્ડ, ચોકલેટ્સ અને પછી મોબાઈલ, બ્લુટૂથ સહિતના ઈલેક્ટ્રિક ગેઝેટ આપવામાં આવશે. યુવાનો દિવસભર વિવિધ નુસખા અજમાવી પ્રેમનો ઈઝહાર-એકરાર કરશે. જ્યારે નોકરિયાતો મોડી સાંજે હોટેલ, રેસ્ટોરાંમાં સ્પેશિયલ ડીનર લઈ વેલેન્ટાઈન ડેની ઉજવણી કરશે.

### પ્રિય પાત્રને પ્રપોઝ કરવા યુવાનોમાં હટકે ફંડા

૧. સરપ્રાઇઝ લોન્ગ ડ્રાઇવ પર લઇ જઇને ફોર વ્હીલર પર બેસાડીને પ્રપોઝ કરવું.
૨. રાત્રિએ ૧૨ વાગ્યાના ટકોરે એકસાથે ૧૦થી વધારે સરપ્રાઇઝ ગિફ્ટ આપવી.
૩. દિવસ દરમિયાન દર એકથી બે કલાકે ગિફ્ટ, ગિફ્ટ કાર્ડ આપીને પ્રપોઝ કરવું.
૪. સ્પેશિયલ કેન્ડલ લાઇટ ડીનરની સાથે પોતાનું મ્યુઝિકલ સોંગ સંભળાવવું.
૫. એક સાથે પસાર કરેલી યાદગાર ક્ષણોની પ્રોફાઇલ, વીડિયો, ફોટોની ભેટ આપવી.
૬. ગુલાબ પર વેલેન્ટાઇનનું નામ લખીને આપવું. ગોલ્ડ પ્લેટેડ ગુલાબ આપવું.
૭. થિયેટર્સમાં મૂવી જોવા લઇ ગયા પછી ઇન્ટર્વલમાં બધા સામે પ્રપોઝ કરવું.
૮. યાદગાર તસવીરો અને ગુલાબ સહિતના ફૂલોથી રૂમની સજાવટ કરવી.
૯. ઓનલાઇન શોપિંગ દ્વારા ગિફ્ટ ખરી પ્રિય પાત્રને સરપ્રાઇઝ આપવું.
૧૦. ચોકલેટ હેમ્પર, ચોકલેટ કેક આપવું. ચોકલેટ બુકે પ્રિયપાત્રને આપવા.





Finance Partners: IDFC FIRST Bank ALWAYS YOU FIRST | TVS CREDIT | L&T Finance | SHRIRAM Finance | HDFC BANK | IDFC FIRST Bank ALWAYS YOU FIRST Instant discount of up to ₹5 000^ on IDFC First CC EMI

* Finance will be at the sole discretion of the financier and is valid with select financiers only. Finance plans are mutually exclusive and cannot be clubbed with each other. # Ex-showroom price of TVS XL100 HDKS variant in Gujarat. ^ Scheme valid till 28th February, 2025 on selected vehicles & models. Accessories shown may not be part of the standard fitment. Limited period offer. T&C apply.

FOR ALL INSTITUTIONAL/BULK REQUIREMENTS PLEASE MAIL corporate.customersupport@tvsmotor.com • Authorized main Dealer: Surat: • Patel TVS-Varachha: 9870261032 • Ring Road: 7358717075 • Katargam: 7358716773 • Powerwings TVS-Adajan: 9870259631 • PLK TVS-Kangaru Circle: 9870262963 • 2 Wheels Heaven TVS-Udhana Magdalla Road: 9355385220 • Mangaldeep TVS -Navsari: 7778976290 • Powerwings TVS-Vapi: 9870259614 • Roshan TVS-Silavasa: 9870259907 • Raviraj TVS - Bharuch: 9870259946 • Jadeshwar: 9870259967 • Ankleshwer: 9870259985 • Authorized Dealer: • PLK TVS-Parvat Patiya: 9081910172 • Bhavesh Auto-Rajpipla: 9879157643 • Maan TVS - Palej: 9016488493 • Mehta TVS - Sachin: 9428082228 • Ambika TVS - Udhana-Harinagar: 7041193503 • Ambika TVS - Jahagirpura: 8511935079• Vadher TVS - Pandesara: 9484510260• Shiv TVS - Bilimora: 9913088808.

dentsu/san sur/04/25